ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 18 • પ્રકરણ : 04 • સળંગ અંક : 208 26 જુલાઈ 2012 ડિજિટલ અવતાર – અઠ્ઠાવીસ

યુનાઇટેડ કિંગ્ડમ સમેતના યુરોપમાં ગુજરાતી સંસ્કૃતિની વિધવિધ અભિવ્યક્તિઓ

© વિપુલ કલ્યાણી

'જૂના જમાનામાં જીવનનો કબજો ધર્મે લીધો હતો. આજે એની જગ્યા સંસ્કૃતિને આપવામાં આવી છે. ધર્મનો હેતુ સૌથી પહેલાં જીવનશુદ્ધિનો હતો. સંસ્કૃતિનો હેતુ જીવનસમૃદ્ધિનો છે. સંસ્કૃતિનું વાયુમંડળ, એની આબોહવા તદ્દન ખુલ્લી હોય છે. સંસ્કૃતિમાં સંકુચિતતાને સ્થાન નથી હોતું. પણ જે લોકો માને છે કે સંસ્કૃતિ એટલે ગાનતાન, નાચતમાશા અને કવિઓના મુશાયરા, તેઓ એશઆરામના આશક બને છે અને પુરુષાર્થ ખોઈ બેસે છે. ધર્મમાં જે તેજ હતું તે સંસ્કૃતિમાં હજી પ્રગટ નથી થયું. જો માણસ જાતનો આપણે ઉદ્ધાર ચાહતા હોઈએ તો ધર્મનું તેજ, માનવતાની સંસ્કારિતા, ચારિત્ર્યનિષ્ઠોની વીરતા અને મહેનત મજૂરીની નિષ્પાપતા એ બધી વસ્તુઓનો આપણે સમન્વય સાધવો જોઈએ. પ્રેમ અને તેજસ્વિતા, ત્યાગ અને ઉદ્યોગિતા એ સૌથી મોટી વસ્તુઓ છે.'

– આચાર્ય કાકાસાહેબ કાલેલકર

• • •

'સાર્થ ગુજરાતી જોડણીકોશ' અનુસાર, 'સંસ્કૃતિ' એટલે સભ્યતા; સુધારો; સામાજિક પ્રગતિ; 'સિવિલિઝેશન'. આની પીઠિકાએ યુનાઇટેડ કિંગ્ડમ સમેતના યુરોપમાં ગુજરાતી સંસ્કૃતિની વિધવિધ અભિવ્યક્તિઓ તપાસવાની રાખીએ. પહેલો ગુજરાતી વિલાયતમાં ક્યારે આવ્યો હશે, તેની સ્પષ્ટ ઐતિહાસિક નોંધ મળતી નથી, પરંતુ, તેને ઓછામાં ઓછું દોઢસો વરસનો સમયગાળો થયો હોવો જ જોઈએ. આજે ગુજરાતી વિશ્વભ્રમણ કરતો થઈ ગયો છે. જગતના મોટા ભાગના દેશોમાં તેની જમાત પથરાઈ પણ છે. વિલાયતની જ વાત કરીએ તો તેની દાસ્તાં છેક ડોસાભાઈ કરાકાકૃત 'ગ્રેટ બ્રિટનની મુસાફરી' (૧૮૬૧)થી માંડીને, ૧૮૬૪માં પ્રકાશિત મહિપતરામ રૂપરામકૃત 'ઇંગ્લૅન્ડની મુસાફરીનું વર્ણન'માં અને વળી, ૧૮૮૬માં બહાર પડેલી કરસનદાસ મૂળજીની ચોપડી 'ઇંગ્લૅન્ડમાં પ્રવાસ'માં ય જોવાની સાંપડે છે. ખાન બહાદુર શેખે ૧૮૭૪માં 'ઇંગ્લૅન્ડમાં પ્રવાસ' નામે ચોપડી આપી છે, તેમ ફરામજી ડી. પિટીટની ૧૮૯૧માં પ્રગટ થયેલી 'ફરામજી દિનશાજીની મુસાફરી', હાજી સુલેમાન લિખિત 'પૃથ્વીની પ્રદક્ષિણા' (૧૮૯૫) તેમ જ આદરજી દાદાભાઈકૃત 'ઇંગ્લૅન્ડ અને આફ્રિકાનો જળપ્રવાસ' પુસ્તકોમાં ય તેની ઝાંખી પ્રાપ્ત થઈ શકે છે. જો કે ગુજરાતી વસાહતની સાદી સરળ સમજણ કેળવવા, છેલ્લા એકાદ સૈકાનો સમયગાળો ચકાસાય તે જ પર્યાપ્ત લેખાવું જોઈએ.

હિંદની સ્વતંત્રતાની લડતના આરંભના સમયગાળામાં, મોહનદાસ ગાંધી તથા વલ્લભભાઈ પટેલના વિલાયતવાસ પહેલાં, અહીં શ્યામજી કૃષ્ણવર્મા, માદામ ભિખાયજી કામા તેમ જ સરદાર સિંહ રાણાનો સૂરજ તપતો હતો. હિંદની સ્વતંત્રતા માટે એ સૌએ જે તપ કર્યું તેની સિલિસલાબંધ વાત લગીર પણ અહીં છેડવી નથી. પરંતુ એમની પ્રવૃત્તિઓને કારણે જે સાંસ્કૃતિક ચેતના જાગૃત થયેલી તેની જ વાત અહીં લેવા મનસૂબો છે. શ્યામજીએ ઉત્તર લંડનના મઝવેલ હિલ વિસ્તારમાં, ૬૫ ક્રૉમવેલ રોડ પરેના 'ઇંડિયા હાઉસ' નામક મકાનમાંથી, બડભાગી કામો આદરેલાં. તેને કારણે સાંસ્કૃતિક ચેતના ઊભી થયેલી. સન ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામની સુવર્ણ જયંતીનું વર્ષ ૧૯૦૭માં હતું. સન ૧૯૦૮માં આ 'ઇંડિયા હાઉસ'માં આ અર્ધ શતાબ્દીનો જે પ્રકારનો અવસર સમ્પન થયો હતો, તેની અસર ચોમેર જોવા મળતી રહી છે. વિષ્ણુ પંડયાએ લખ્યું છે તેમ, ભવનને ઉચિત શણગારવામાં આવેલું. સન સત્તાવનના સેનાનીઓનાં ચિત્રોથી રંગીન પરદાઓ અંકિત હતા. ઇંગ્લૅન્ડ ભરમાંથી ભારતીય વિદ્યાર્થીઓ આ અવસરે હાજર હતા. સભાખંડ ચિક્કાર હતો, આથી ઘણાને ઊભા રહેવા વારો આવેલો. આ પ્રસંગની સદારત સરદાર સિંહ રાણાએ કરી હતી. સન સત્તાવનની સ્મૃતિમાં જાણીતી રોટીનો પ્રસાદ દરેકને ટાંકણે વિતરિત કરવામાં આવેલો.

આ સમયગાળામાં ભાનુમતી કૃષ્ણવર્મા, નીતિસેન દ્વારકાદાસ, જે. એમ. પારેખ, મંચેરશા બરજોરજી ગોદરેજ, મુકુન્દ દેસાઈ વગેરે વગેરે જેવાં ગુજરાતીઓ પણ વત્તેઓછે સક્રિય રહેલાં. તે ગાળામાં કેટકેટલાંક સામયિકો પણ અહીંથી ચલાવાયેલાં. વળી, ભિખાયજી કામાએ ગુજરાતી ભાષાની અગત્યતા વિશે તત્કાલીન ગુજરાતી ભાષી વિદ્યાર્થીઓમાં ચેતના જગવેલી, એવી વાત પણ વાંચવા મળી છે.

શ્યામજી અને ભાનુમતી કૃષ્ણવર્માને પરિસ્થિતિવસાત્, પહેલાં પારિસ, અને પછી, જિનેવામાં વસવાટ કરવાનો પ્રસંગ પડેલો. સરદાર સિંહ રાણાએ પારિસમાં વરસો કાઢેલાં. તેમ ભિખાયજી કામાએ જર્મનીના સ્ટુટગાર્ટની સભાઓ ગજવેલી. સ્વરાજ પક્ષના એક અગ્રેસર બૅરિસ્ટર વિઠ્ઠલભાઈ પટેલ, એમના છેલ્લા દિવસોમાં જિનેવા હતા, તેવી નોંધો સાંપડે છે. આ દરેકની ચોપાસ સ્વાભાવિક એક આભામંડળ રહેતું અને પરિણામસ્વરૂપે એમણે કરેલી પ્રવૃત્તિઓની છાપ ચોમેરે વિસ્તરતી હતી.

નારાયણ હેમચંદ્ર અને તેમનાં કામોની નોંધ જેમ ગાંધીજીની આત્મકથામાંથી મળે છે તેમ, નરસિંહરાવ દીવેટિયાની પોથીમાંથી ય મળે છે. આ નારાયણ હેમચંદ્રએ વિલાયતવાસ વેળા જે અનુવાદનાં, લેખોનાં લખાણનાં કામો આપ્યાં છે, તે ય આપણી મંજૂષાએ પડી વિરાસત છે.

બીજી પાસ, "જન્મભૂમિ પ્રવાસી"માંના પોતાના સ્થંભમાં, સન ૧૯૯૩ના અરસામાં લખતા, તત્કાલીન મુખ્ય તંત્રી હરીન્દ્ર દવેએ લખ્યું હતું : '… પરંતુ એ (બળવંતરાય કલ્યાણરાય ઠાકોર) રાજકોટમાં ૧૯૦૯માં મળેલી ત્રીજી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના મંત્રી હતા. મંત્રી તરીકે તેમણે એક નવું અભિયાન આરંભ્યું. હિન્દની બહારની દુનિયાના પ્રદેશોમાં કાયમ કે થોડા વખત માટે વસતા ગુજરાતીઓને અને ગુજરાતી ભાષા તથા સાહિત્યના અનુરાગીઓને ખબર પહોંચાડવાના હેતુથી રંગૂન, સિંગાપોર, હોંગકોંગ, સિયામ, શેન્ગહાય, જાપાન, મન્ચુરિયા, કેનેડા, યુનાઇટેડ સ્ટેટ્સ, ઇંગ્લૅન્ડ, આફ્રિકા, મોરિશ્યસ, એડન, બગદાદ વગેરે સ્થળે એક અંગ્રેજી વિનંતીપત્ર ઠાકોરે મોકલ્યો. આ પત્ર વાંચી કોબે(જપાન)માં ગુજરાતી ભાષા બોલનારાઓની સભા ૧.૧૦.૧૯૦૯ના 'ધ ઓરિએન્ટલ ક્લબ'માં મળી અને તેના પ્રમુખ અમરજી કાનજી જોશીએ શુભેચ્છા અને અભિનંદનનો પત્ર બળવંતરાયને મોકલાવ્યો.

'લંડનમાં ૧૭મી સપ્ટેમ્બર ૧૯૦૯ના એક હિન્દુ (જેઠાલાલ મોતીલાલ પારેખ), એક પારસી (રૂસ્તમ દેસાઈ) અને એક મુસલમાન (હુસેન

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૯મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મૅલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

●

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR **[U.K.]**

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

●

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

દાઉદ મહમદ) એમ ત્રણ ગૃહસ્થોની સહીથી 'વિલાયતમાંના ગુજરાતીઓને' એક પત્ર પાઠવવામાં આવેલો, તેમ હરીન્દ્ર દવેના એ લેખમાં જોવા મળે છે. તેના પ્રતિસાદ રૂપે ૫ ઑક્ટોબર ૧૯૦૯ના રોજ, વેસ્ટમિનસ્ટર પૅલેસ હૉટેલમાં, લંડનમાંના ગુજરાતીઓની એક સભા મળી હતી. આ સભામાં સર મંચેરજી ભાવનગરી, રા. રા. મોહનલાલ કરમચંદ ગાંધી, ફતેહચંદ કપૂરચંદ લાલન, લે. કુમાર જોરાવરસિંહજી વગેરે મળીને ત્રીસેક જણા હાજર હતા. એમાં પાછળથી મહાત્મા બનેલા મોહનદાસ ક. ગાંધીએ ઠરાવ મૂકીને 'રાજકોટમાં બેસનારી પરિષદને દીન વિનંતી કરી હતી કે તેના આગેવાનોએ ભાષાના જાણકાર હિંદુ, મુસલમાન અને પારસીની એક જાથુક કમિટી નીમવી અને તે કમિટીનું કામ ગુજરાતી ભાષાના ઉપર ત્રણે કોમમાં લખાણો ઉપર દેખરેખ રાખવાનું અને સલાહ આપવાનું રાખવું. વિચારશીલ લેખકો પોતાના લેખો આ કમિટીની આગળ વગર પૈસે સુધરાવી શકે એમ પણ બનવું જોઈએ. વિલાયતમાં વસતા હિંદીને હું એટલું કહું કે વિલાયતમાં આવી બાપુકી ભાષા આપણે ભૂલવાની નથી. પણ ભાષાની ઉપર અંગ્રેજનો દાખલો લઈ આપણે વધારે પ્રીતિ રાખવાની છે.'

'ગાંધીના ઠરાવને મિ. નસરવાનજી કૂપર અને િમ. નગીનદાસ સેતલવડે ટેકો આપ્યો. આ ઠરાવમાં ગુજરાતી થેસોરસ તૈયાર કરવાનો અનુરોધ પણ કરાયો હતો. લંડનની આ સભાએ સર્વાનુમતે પસાર કરેલા અને બળવંતરાય ઠાકોરને મોકલી આપેલા ઠરાવોમાં સંસ્કૃત ભાષાના મેદની કોશ જેવા ગુજરાતી કોશની રચના કરવાનો, ગુજરાતી પુસ્તકો છાપવામાં દેવનાગરી લિપિનો ઉપયોગ કરવાનો, પુસ્તકો ઓછી કિંમતે મળે એવું ગોઠવવાનો, પારિભાષિક કોશ કરવાનો અને જૂના સાહિત્યનો ઉદ્ધાર થાય એવું કરવાનો અનુરોધ કરાયો હતો.'

હરીન્દ્ર દવેનો આ લેખ કેટલો દૂરંદેશ છે તે કહેવાની જરૂર જ નથી. દીર્ઘ દૃષ્ટિએ ઘડાયેલા આ ઠરાવ પાછળ, એક સૈકા પહેલાં, દક્ષિણ આફ્રિકે વસવાટ કરતા અને તે સમયે માત્ર ચાળીસે પહોંચેલા, મો. ક. ગાંધીની કેવડી મોટી સમજણ છે તેનો ચોખ્ખોચટ્ટ અંદાજ મળે છે. ૧૯૧૫ પછી, હિન્દમાં સ્થાયી થયા કેડે એમણે આવાં કામોને પણ વખત આપેલો તે હવે ઇતિહાસનાં સોનેરી પૃષ્ઠો છે.

ગોળમેજી પરિષદ મળી તેની ચોપાસ, લંડનમાં જ ઇન્દુલાલ યાજ્ઞિક ૧૯૩૦ની આસપાસ પહોંચ્યા ત્યારે ભાષાનુવાદના વર્ગો લઈને થોડી ઘણી રકમ મેળવતા. સ્વભાવે ફકીર અને ખુદ્દાર એટલે ટકી રહ્યા. વિષ્ણુ પંડ્યાની બીજી નોંધ અનુસાર, ગાંધીજી ગોળમેજી પરિષદ માટે આવ્યા ત્યારે આપણા બે ગુજરાતીઓ અમૃતલાલ શેઠ અને પોપટલાલ ચુડગર પણ ત્યાં પહોંચ્યા હતા. ઇન્દુલાલે તેમને 'આર્યભુવન'માં રહેવા આમંત્રણ આપ્યું અને પછી તો મહેફિલ જામી - સાર્વજનિક પ્રશ્નોનાં ચિંતનની! ઇન્દુલાલ યાજ્ઞિકના લંડનનિવાસ દરમિયાન જ આપણા ગુજરાતને માટે એક ગૌરવપ્રદ ઘટના ઘટી તે તેમણે લખેલા શ્યામજી કૃષ્ણવર્માનાં સર્વ પ્રથમ અધિકૃત જીવનચરિત્રની છે. ઇંગ્લૅન્ડના ગુજરાતીઓની સ્મૃતિ તે 'ડાયોસ્પોરા'ની મોટી ઘટના ના ગણાય ?

• • •

'મારી સમજણ પ્રમાણે નગર, વન અને ગ્રામ એ ત્રિવેણી આપણી સંસ્કૃતિનું મૂળ છે.' એમ આચાર્ય આનંદશંકર ધ્રુવે ક્યાંક લખ્યું છે. અને પછી એ ઉમેરે છે : 'આપણા ઉત્તમ તત્ત્વવિચારો જેમ તપોવનમાં થયા છે તેમ રાજમહેલમાં અને યજ્ઞવાટમાં પણ થયા છે.'

આ પશ્ચિમિયા તપોવન અને યજ્ઞવાટમાંનાં, ગુજરાતી સંસ્કૃતિની અભિવ્યક્તિના જે કેટલાંક અગત્યનાં સાધનો છે, તેમાં અનેક વ્યક્તિઓનો સમાવેશ તો છે જ, પરંતુ ગુજરાતી સમસામિયકો અને આપણી કેટલીક સંસ્થાઓનું સ્થાનમાન પણ અદકેરું છે. "અસ્મિતા", "ઓપિનિયન", "ગુજરાત સમાચાર", "ગરવી ગુજરાત", "કિરણ" ટૉકિંગ બૂક, સરીખાં સમસામિયકોનો જેમ ફાળો છે, તેમ લૅન્કેશર, લંડન, લેસ્ટર તથા બર્મિંગમમાંથી વખતોવખત પ્રસારિત થતાં રેડિયો પરના ગુજરાતી પ્રસારણોનું યોગદાન લગીર પણ વિસારે પાડવા જેવું નથી. તેવી જ રીતે 'બ્રિટિશ લાયબ્રેરી' સેવાઓનો ફાળો અગત્યનો સાબિત થયેલો છે. ગુજરાતી ગ્રંથપાલો - અરુણા શાહ, પ્રવીણ લુક્કા, ભદ્રા પટેલ, મેહરૂ ફ્રીટર અને શૈફાલી પટેલ સરીખાંઓએ જે કામ આપ્યું છે તેની સગૌરવ નોંધ લેવી રહી. સંસ્થાઓમાં, 'ફેડરેશન ઑવ્ ગુજરાતી ઑર્ગનાઇઝેશન્સ', 'નેશનલ કૉન્ગ્રેસ ઑવ્ ગુજરાતી ઑર્ગનાઇઝેશન્સ' જેવી સંસ્થાઓનો ફાળો નોંધપાત્ર છે તેમ, 'ગુજરાતી સાહિત્ય અકાદમી' ઉપરાંત, 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ', 'ગુજરાતી રાઇટર્સ સર્કલ', 'શ્રુતિ આર્ટ્સ', 'શિશુ કુંજ', 'એકેડમી ઑવ્ વૈદિક હેરિટેજ', 'કલા નિકેતન', 'હિન્દુ સ્વયંસેવક સંઘ', 'ભારતીય વિદ્યા ભવન', 'ફેડરેશન ઑવ્ પાટીદાર એસોસિયેશન્સ', 'મિલાપ', આગાખાન ફાઉન્ડેશન, 'ગુજરાત સ્ટડીસ એસોસિયેશન', કમ્યુનિદાદ હિન્દુ દ પોર્ટુગલ, જૈન સમાજ (બેલ્જિયમ), ઇત્યાદિ ઇત્યાદિનો સમાવેશ આ અદકેરા ફાળામાં રહેલો છે. વ્યક્તિઓમાં અદમ ટંકારવી, અહમદ 'ગુલ', ઇન્દુભાઈ દવે, ઉષાબહેન પટેલ, કદમ પટેલ, કિરણ પુરોહિત, કાન્તિ શાહ, ચંદુભાઈ મટાણી, જ્યોતિબહેન કામત, દિનેશ દવે, નટુભાઈ સી. પટેલ, નિરંજનાબહેન દેસાઈ, પોપટલાલ જરીવાળા, પ્રદ્યુમ્ન તન્ના, પ્રફુલ્લ પટેલ, પ્રવીણ આચાર્ય, પ્રશાન્ત નાયક, પ્રીતમ પંડ્યા, ભાસ્કર પટેલ, મહેક ટંકારવી, મીનુબહેન પટેલ, યોગેશ પટેલ, રમેશ બા. પટેલ 'પ્રેમોર્મિ', વિનય કવિ, સમીરાબહેન શેખ, સિરાજ પટેલ વગેરે વગેરે આદરભેર ધ્યાનાર્હ છે.

વિલાયત અને યુરોપના વિવિધ ક્ષેત્રોમાં, નગર તેમ જ ગ્રામ વિસ્તારોમાં, આ ગુજરાતી સંસ્કૃતિનો િવકાસ થયો છે અને વ્યાપ પણ થયો છે. આ ઉપર દર્શાવી વ્યક્તિઓ અને સંસ્થાઓએ તે ભણીનો ઉચિત ફાળો આપ્યો છે. તેમાંની કેટલીકને વિગતે તપાસવાનો પ્રયાસ કરીએ.

આ સૌમાં એક જાજરમાન નામ તો નટુભાઈ ચતુરભાઈ પટેલનું જ કહેવાય. આ એક માણસ પાસે ઊંડી દૃષ્ટિ રહી છે, અરે, દૂરંદેશી જ એમનામાં ભરી પડી છે અને એમને લગીર સ્વાર્થ નથી. એમણે સતત સમાજનું જ હિત ચાહ્યું છે અને તેવો જ વર્તનવ્યવહાર કર્યો છે. લલિત કળાને ક્ષેત્રે એમની બરોબરી કરી શકે તેવાં નામો ભાગ્યે જ મળે. ગુજરાતી ફિલ્મોનાં નિર્માણકામોમાં જેમ એમને રસ તેમ ગુજરાતી તખ્તામાં ય કામયાબી. એમણે નાટકો આપ્યાં છે, નૃત્યનાટિકાઓ ય આપી છે. કહે છે કે આજ સુધી વિલાયતમાં ૨૦ જેટલી નૃત્યનાટિકાઓનું નિર્માણ થયું છે. અને આ કામોમાં નટુભાઈ પટેલ ઉપરાંત મીનુબહેન પટેલનું યોગદાન અગત્યનું રહ્યું છે. મીનુબહેને ખુદ સાત જેટલી નૃત્યનાટિકાનું નિર્માણ કરેલું છે. આ દરેકમાં સ્થાનિક કળાકારોને લેવામાં આવેલાં અને તેમાંની કેટલીક તો અમેરિકા, પૉર્ટુગલ, હૉલૅન્ડ ખાતે રજૂઆત પામી છે. અને એક નૃત્યનાટિકાને હૉલૅન્ડની ટી.વી. પેઢીએ વીડિયોકરણ કરવાનું રાખેલું. આ નૃત્યનાટિકાઓનું જે કામ અહીં થયું છે તેની જેટલી નોંધ લેવાવી જોઈએ તેટલી અન્યત્ર લેવાઈ નથી. નૃત્ય નાટિકાઓની વાત કરીએ તો આપણને સહજ 'રામાયણ' નૃત્યનાટિકા સાંભરી આવે છે. 'ઇન્ડો બ્રિટિશ કલચરલ એક્સચેન્જ' હેઠળ તેનું મંડાણ થયું હતું. પ્રફુલ્લ પટેલ જોડાજોડ તેમાં ય નટુભાઈ પટેલ પૂરેવચ્ચ રહેલા. ભારતમાં ય તેના પ્રયોગો થયા હોવાનું ય નોંધાયું છે. વળી, 'શિશુ કુંજ' હેઠળ, ઇન્દુભાઈ દવે લિખીત અને દિગ્દર્શિત કેટલીક નૃત્યનાટિકાઓનું પણ અહીં નિર્માણ થયું હતું.

'ભારતીય વિદ્યા ભવન'માં નાટકોનો વિભાગ શરૂ કરવાનો યશ પણ નટુભાઈ પટેલને જ ફાળે જાય છે. અને એમણે આ પ્રવૃત્તિને પારાવાર યશ અપાવ્યો છે. કાન્તિભાઈ મડિયા, વિષ્ણુભાઈ વ્યાસ સરીખા દિગ્દર્શકોને નોતરીને એકમેકથી ચઢિયાતાં નાટકોનો ફાલ એમણે આપેલો. કિરણ પુરોહિત આરંભે અહીં ભારતીય વિદ્યા ભવનમાં જ સેવા માટે આવ્યા, પરંતુ વ્યવસાયી ગુજરાતી નાટકોને ક્ષેત્રે આજ પર્યન્ત તે પ્રવૃત્ત રહ્યા છે. નટુભાઈ પટેલ ભવનમાંથી ખસી ગયા તે પછી, આ નાટક-પ્રવૃત્તિનો ગઢ પ્રીતમ પંડ્યાએ સાંચવેલો. અને હવે તેમની નિવૃત્તિ પછી સુરેન્દ્રભાઈ પટેલ અને ભાનુપ્રસાદ પંડ્યાની જોડી સાંચવે છે. ગુજરાતી સાહિત્યના જાણીતા નાટ્યલેખક મધુ રાયના ત્રણ નાટકો, તેમના જ દિગ્દર્શન હેઠળ, અહીં રજૂ કરવાનો યશ, નવમા દાયકા દરમિયાન, 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ને સાંપડેલો. બીજી પાસ, પેલા નટુભાઈ પટેલે તો એમની ભાતીગળ લલિત કળા પ્રવૃત્તિઓને પોર્ટુગલમાં ય ખીલવી જાણી છે. આ ત્રીજે દાયકે પણ તેનાં ફળ ચાખવા મળતાં રહ્યાં છે.

સંગીત ક્ષેત્રે ત્રણેક દાયકાઓથી ચંદુભાઈ મટાણી અવ્વલ છે. એમની 'શ્રુતિ આર્ટ્સ' સંસ્થાએ ભારે સરસ સંગીતના કાર્યક્રમો આપ્યા છે. નવરાત્રી દરમિયાન હેમાંગિની અને આસિત દેસાઈ દંપતી વરસોથી લેસ્ટરને ગરબે ધૂમાવતું આવ્યું છે. નવરાત્રીની વાત કરીએ તો સહજ રમેશ પટેલ 'પ્રેમોર્મિ' સાંભરે. એક અંદાજ અનુસાર, આ દેશમાં નવરાત્રીનો સામાજિક પ્રયોગ આરંભનાર તરીકે તેમનું નામ સહજ બોલાય છે. મધ્ય ઇંગ્લૅન્ડમાં શરૂ કરીને તેમણે તેમની લંડનમાં આવી 'મંદિર' રેસ્ટોરાંમાં પણ આ પ્રવૃત્તિ વરસો સુધી ચલાવી હતી. 'મંદિર' રેસ્ટોરાંનો રવિશંકર હૉલ લાંબા સમયગાળા સુધી મઘમઘતો અને ધમધમતો રહેલો. આજે તેની સ્વાભાવિક ખોટ વર્તાય છે. સુગમ સંગીત ક્ષેત્રે ચંદુભાઈ મટાણી, જ્યોતિબહેન કામત પણ અગ્રેસર રહ્યાં છે. ભારતીય સંગીતની આમ સમાજમાં ખિદમત કરવાનો યશ રમેશ પટેલ, કાન્તિ શાહ, ચંદુભાઈ મટાણી તેમ જ પ્રશાન્ત નાયકને પણ ફાળે જાય છે.

દેશ્ય સંગીતમાં ભજનોની રમઝટ આવે જ અને તેમાં પૂર્વ આફ્રિકાના પ્રખ્યાત હીરજીબાપાના અંતેવાસીઓ મગનભાઈ ભીમજિયાણી, દેવજીભાઈ પટ્ટણી તથા પ્રાગજીભાઈ લાડવા સહજ સાંભરે. તો બીજી પાસ, દ્વારકાવાળા પ્રખ્યાત ભજની કાનદાસબાપુના એક અંતેવાસી સામન્ત સિસોદિયાનું નામ લીધા વગર ચાલે નહીં. આફ્રિકાના જંગલમાં ભજનો અને ભજનમંડળીઓ મનોરંજન માટેનું પણ મહત્ત્વનું સ્થાન સાંચવતાં હતાં. એ પરંપરા હજુ અહીંના સમાજે સાંચવી છે. ઠેરઠેર ભજનમંડળીઓ જોવા મળે છે અને તેની સાથે સત્યનારાયણની કથા, હનુમાન ચાલીસાના તેમ જ રામાયણના અખંડ પાઠોના કાર્યક્રમો વિસ્તરતા રહ્યા છે.

આ ભજનો, આવાં સત્સંગો વાટે ય સાંસ્કૃતિક અભિવ્યક્તિને મહદ્ વાચા મળતી રહી છે. તે જ રીતે યુરોપ ભરની વિધવિધ ધાર્મિક સંસ્થાઓની દેણગી પણ ગણમાન્ય રહેવા પામી છે. તેમાં જમાતખાનાઓ, મસ્જિદો, જૈન દેરાસરો, સ્વામીનારાયણ મંદિરો, સનાતની મંદિરોનો તેમ જ ઈસાઈ દેવળોનો સમાવેશ છે જ. ભાષા-શિક્ષણના જેમ વર્ગો ત્યાં ચાલે છે તેમ, ધાર્મિક અને સાંસ્કૃતિક અભિવ્યક્તિનાં અનેક પ્રકારનાં સાધનોની સતત ખિલવણી થતી આવી છે.

બાળ પ્રવૃત્તિઓમાં એક તરફ 'શિશુ કુંજ' અને ઇન્દુભાઈ દવેને યાદ કરવામાં આવે છે તેમ, 'એકેડમી ઑવ્ વૈદિક હેરિટેજ' અને તેના સંસ્થાપક દિનેશ દવેને સંભારવા જોઈએ. સૂઝબૂઝ સાથે સંગીતમઢી 'પ્રાર્થનાપોથી' જેવું સરસ મજાનું સાધન ઉપલબ્ધ કરી આપવાનું યોગદાન દિનેશભાઈનું અને તેમની આ સંસ્થાનું જ છે. દિનેશ દવે જેવા ઉદાત્ત શિક્ષકોની વિલાયતમાં સતત ખામી વર્તાતી આવી છે. બાળસંગીત ક્ષેત્રે નીમાબહેન શાહ તેમ જ તેમની પ્રવૃત્તિની પણ નોંધ લીધા વગર ન જ ચાલે. ગુજરાતી ભાષા શિક્ષણના વિધવિધ વર્ગો દેશ ભરમાં સન ૧૯૬૪થી પ્રવર્તમાન છે. ધનજીભાઈ આટવાળાની નેતાગીરી હેઠળ તેની શરૂઆત થયેલી અને નવમા દાયકા સુધીમાં તો તે ઠેરઠેર મોહરતી જોવા મળતી હતી. બ્રિટનમાંની કેટલીક નિશાળો તેમાં આજે ય અગ્રેસર રહી છે. આવી ગુજરાતી ભાષા શીખવવાની જુદી જુદી પ્રવૃત્તિ સ્વીડન, બેલ્જિયમ ઉપરાંત પોર્ટુગલમાં ય થતી આવી છે.

ભાષા શિક્ષણમાં એકવાક્યતા આણવા, 'ગુજરાતી સાહિત્ય અકાદમી'એ, પોપટલાલ જરીવાળાના માર્ગદર્શન હેઠળ, અભ્યાસક્રમ તૈયારી કરી આપેલો. વળી, પાઠ્યક્રમને આધારિત પાઠ્યપુસ્તકો, શિક્ષક તાલીમ અને પરીક્ષા તંત્રની જબ્બર પ્રવૃત્તિઓ કરેલી. આશરે બે દાયકાઓ દરમિયાન પથરાયેલી આ પરીક્ષાતંત્રની અદ્વિતીય કાર્યવાહી, કોઈને પણ પોરસાવે તેવી બની. દેશ ભરના છૂટાછવાયા ચાલતા વર્ગોને સાંકળવાનો એક જબ્બર પ્રયાસ અકાદમી વાટે થયો. તેથી અનેક શહેરોને, ગામોને તેમ જ કસબાઓને સાંકળી શકાયાં. વળી, મનઘડત શિક્ષણપદ્ધતિને ઠેકાણે એકવાક્યતા તથા તાલીમ જોડાતાં નવું ચેતન ઊભું થઈ શક્યું હતું. અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, તેને આધારિત છ પાઠ્યપુસ્તકોની શ્રેણી, શિક્ષક તાલીમવર્ગો તેમ જ પાંચ સ્તરીય પરીક્ષાઓનું આયોજન – આ તેની સશક્તિકરણવાળી ભૂજાઓ બની રહી.. આ સઘળું કોઈ પણ જાતના સરકારી માળખાં વિના, જનઆધારિત આંદોલનમાં જ સમ્પન થયું છે. ભારત બહાર ક્યાં ય પણ આવું મજબૂત કામ થયાનો જોટો મળી શકે તેમ નથી.

વિલાયતમાં સાહિત્ય ક્ષેત્રે રમતી થયેલી સંસ્થાઓમાં, 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ'નું સ્થાન પહેલવહેલું જ આવે. ઇંગ્લૅન્ડના ઉત્તરીય પરગણા, લૅન્કેશરમાં પ્રવૃત્ત રહેલી આ સંસ્થાનાં બીજ પ્રેસ્ટનમાં રોપાયેલાં. આજે આ સંસ્થા તેમ જ યૉર્કશરના બાટલી ગામે ચાલતી, 'ગુજરાતી રાઈટર્સ સર્કલ' સંસ્થાએ ઉત્તરમાં ઠીકઠીક કામો નિભાવી જાણ્યાં છે. આ બંન્ને સ્થળોમાં ગઝલનો પ્રકાર સવિશેષ ખીલ્યો છે. તેમની અનેકવિધ મુશાયરા પ્રવૃત્તિને કારણે વાતાવરણ ધમધમતું રહ્યું છે. તેને કારણે નીવડેલા શાયરોએ પુસ્તકપ્રકાશનનાં ય કામો આપેલાં છે. આ ત્રણચાર દાયકાઓથી ચાલી આવતી મુશાયરા-પ્રવૃત્તિઓમાં, અકડેઠઠ માનવમેદની જોવા મળી છે. જ્યાં જ્યાં આવી મજિલસો થઈ છે ત્યાં ત્યાં અલાયદી તેમ જ પોરસાવતી સાંસ્કૃતિક ચેતના ય ઉપસ્થિત થઈ છે.

બીજી પાસ, પાટનગર લંડન વિસ્તારમાં, ગુજરાતી સાહિત્યની જબ્બર ધૂણી ધખાવતી 'ગુજરાતી સાહિત્ય અકાદમી' હેઠળ. આશરે સાડાત્રણ દાયકાઓની પોતીકી મજલ વેળા, મોટાં સ્તરની આઠ ભાષા-સાહિત્ય પરિષદો ય મળી છે. તદુપરાંત, આશરે બે દાયકા દરમિયાન, તેના વરસોવરસના 'આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિવસ'ના મેળાઓમાં માનવમહેરામણ ઊભરાતો રહ્યો. તેમાં દેશ ભરમાંથી અનેક સાહિત્યરસિક, ભાષાપ્રિય તથા સંસ્કૃતિ ચાહક

ગુજરાતીઓએ સક્રિય ભાગ લીધો છે. વળી, તળ ગુજરાતમાંથી તેમ જ ગુજરાતી ડાયસ્પોરા જગતના અમેરિકા, યુરોપ અને ઑસ્ટ્રેલિયા સરીખા દેશોમાંથી પણ ગણનાપાત્ર મશાલચીઓએ હાજર રહી, તપોવન તેમ જ યજ્ઞવાટને ઊજાગર કર્યા છે. અકાદમીને ઉપક્રમે સાહિત્યસર્જન માટેનું ય વાતાવરણ ઊભું કરી શકાયું છે. અનેક નાનીમોટી બેઠકો ઉપરાંત તેની વરસોથી સતત ચાલતી માસિકી વાચકસભાઓમાં આજે ય આવું વાતવરણ જોવા મળી શકે છે. કેટલાંક નવાં લેખકોની કલમ આ ઉપક્રમોમાં અહીં ઘડી શકાઈ છે.

અકાદમી દ્વારા ચલાવાયેલું "અસ્મિતા" ઘણી બધી રીતે અગત્યનું પ્રકાશન છે. તેના પ્રકાશિત આઠેય અંકો મજબૂત વિરાસત સમા છે. આફ્રિકાથી ઉખડીને વિલાયતમાં રોપાયેલી ગુજરાતી જમાતની કેટલીક વાતો અને સામગ્રીઓ જેમ જોવાની તેમાં સાંપડે છે તેમ, વિલાયતમાંની ભાષા, સાહિત્ય તેમ જ સંસ્કૃતિ મૂલક પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ પણ તેમાં સુપેરે ઝીલાયું છે. આવું આવું "ઓપિનિયન" સામયિકનું ય છે. અઢારઅઢાર વરસથી ચાલતાં આ પ્રકાશનમાં ડાયસ્પોરિક ગુજરાતી સમાજની છબિ સતત ઉપસતી આવી છે. અનેક લેખકોને સાંકળતો અને અરસપરસ સંપર્કમાં રહેતો એક સમૂહ આ સામયિકે કંડારી આપ્યો છે. ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વેપારવણજ, ઇતિહાસ, જનજીવન, રાજકારણ વગેરેની સિલસિલાબંધ વિગતમાહિતીઓ પણ આ સામયિકમાંથી મળી રહી છે. ટૂંકામાં કહીએ તો, અનેક અભ્યાસીઓ માટે મજબૂત કાચી સામગ્રી, અહીં, આ બંને પ્રકાશનોમાં, સુપેરે ખડકાયેલી છે.

• • •

આ સઘળી સાંસ્કૃતિક ચેતનાનો આતસ લાંબો સમય પ્રજ્વળિત રહી શકશે કે ? કોને ખબર છે ! ઇતિહાસની ગબ્બરગોખમાં કેટલું બચ્યું હશે, કેટલું ટક્યું હશે, તે, ભલા, કોણ કહી શકશે ? એ કામ કોઈક સોજ્જા નજૂમીને સોંપી, આ સમયગાળાનાં વહેણોને તપાસવાનાં રાખીએ.

ઇતિહાસની તવારીખો જણાવે છે કે દાદાભાઈ નવરોજી, મંચેરજી મેરવાનજી ભાવનગરી તેમ જ શાપુરજી સકલાતવાલા શા પૂર્વસૂરિઓ વાટે ગુજરાતીઓનું પ્રભુત્વ વિલાયતમાં પ્રગટ થયેલું છે. દાદાભાઈ નવરોજી 'હાઉસ ઑવ્ કૉમન્સ'માં ૧૮૯૨થી ૧૮૯૫ વેળા સાંસદ હતા. લિબરલ પક્ષના ઉમેદવાર તરીકે ફિન્સબરી વિસ્તારમાંથી એ ચૂંટાઈ આવેલા. એમના પછી, કન્સરવેટિવ પક્ષના ઉમેદવાર તરીકે, મંચેરજી મેરવાનજી ભાવનગરી ૧૯૯૫ - ૧૯૦૫ વેળા સાંસદ રહેલા. અને ત્યાર બાદ, પહેલાં લેબર પક્ષના અને પછી સામ્યવાદી પક્ષના સાંસદ તરીકે શાપુરજી સકલાતવાલા, અનુક્રમે ૧૯૨૨માં અને ૧૯૨૪માં, ચૂંટાઈ આવેલા. આટઆટલાં વરસે, છેક આજે, ગુજરાતી નસ્સલના બે'ક નબીરા, સૈલેશ વારા તથા પ્રીતિ પટેલ, કન્સરવેટિવ પક્ષના સાંસદ તરીકે, 'હાઉસ ઑવ્ કૉમન્સ'માં આજે બીરાજે છે. બીજી પાસ, 'હાઉસ ઑવ્ લૉર્ડ્સ'માં બધું મળીને દસ જેટલાં નબીરાંઓ – અમીરઅલી ભાટિયા, આદમ પટેલ, કરણ બીલીમોરિયા, કમલેશ પટેલ, ડોલર પોપટ, નરેન પટેલ, નવનીત ધોળકિયા, ભીખુ પારેખ, મેઘનાદ દેસાઈ તેમ જ શ્રુતિ વડેરા – બિરાજમાન છે.

જેમ મેઘનાદ દેસાઈ લેબર પક્ષની છાયા સરકારમાં, જૉન સ્મિથના ગાળામાં, થોડોક વખત જવાબદારીપૂર્વક સક્રિય રહ્યા હતા, તેમ ગૉર્ડન બ્રાઉનની સરકારમાં શ્રુતિ વડેરાએ પ્રધાન બની મજબૂત યોગદાન આપેલું છે. બીજી પાસ, લિબરલ પક્ષના પ્રમુખપદ સુધી, તાજેતરમાં, નવનીત ધોળકિયા પહોંચી શકેલા છે. તે પછી પણ, પેલી ત્રિપૂટીની હેસિયત હતી તેવી આજે, ભલા, કેમ રાજકારણને ક્ષેત્રે નહીં વર્તાતી હોય ? વિલાયતની ગુજરાતી આલમ પરે આ સાંસદોની ઝાઝેરી આભાઅસર પહોંચતી હોય, તેમ ઝાઝું જોવા મળતું નથી. જો કે અમુકતમુક વતૃળોમાં ક્યારેક આ સાંસદો જરૂર દેખા દે છે, તે નોખી વાત છે.

શ્યામજી કૃષ્ણવર્મા, ભિખાયજી કામા, સરદારસિંહ રાણા જેવાંનાં કામોની અસર પણ આજે જોવા સાંપડતી નથી. વિષ્ણુ પંડયા તાજેતરમાં બ્રિટનની મુલાકાતે આવેલા. "દિવ્ય ભાસ્કર"માંના ૧૧ ડિસેમ્બર ૨૦૦૯ના તેમના એક લેખ અનુસાર, 'પાંચમી ડિસેમ્બરની વાદળછાયી બપોરે આ ઈમારતનાં પગથિયે પહોંચતાં એક દસ્તાવેજી ફિલ્મકારની ઘટના યાદ આવી ગઈ. ભાઈ વૈદ્ય મહારાષ્ટ્ર સરકારના પૂર્વ અધિકારી હતા. 'સાવરકર ઈન લંડન' પર ફિલ્મ બનાવી રહ્યા હતા. ચાળીસ વર્ષ પહેલાં, તેને માટેની સામગ્રીની ખોજમાં ઈંગ્લેન્ડ આવ્યા. 'ઇન્ડિયા હાઉસ' પહોંચવું હતું, પણ કોઈને કશી જાણ નહીં. બધા દૂતાવાસનું મકાન બતાવે. ભારે રઝળપાટ પછી અંતે આ મકાન શોધી કાઢ્યું. તેમણે એ ક્ષણને આવી રીતે વર્ણવી હતી : 'આ ઈમારત જોતાંવેંત આંખમાં આંસુ આવી ગયાં, હૈયું ભરાઈ આવ્યું ... જાણે મહામુશ્કેલીએ રત્ન પ્રાપ્ત થયું હતું.' … આમ તો "ઇન્ડિયન સોશિયોલૉજિસ્ટ"ના તે સમયના અંકોમાં શ્યામજી કૃષ્ણવર્માના નિવાસસ્થાનનું સરનામું ૯, ક્વિન્સ વૂડ એવેન્યુ છપાયેલું છે, પણ તે ક્યાંથી મળે ? સો વર્ષમાં લંડનમાં થયેલા ફેરફારો પછી હવે તે મઝવેલ હિલ રોડ પરની એક શેરી બની ગયું છે. ઉત્તર લંડનના આ મકાનને શોધતાં ઠીક ઠીક સમય લાગ્યો. … હા, ૬૦, મઝવેલ હિલ રોડ, એટલે શ્યામજી કૃષ્ણવર્માનું નિવાસસ્થાન, સમય વીતી ગયો છે પણ કોઈ પરિવર્તન નહીં: એટલું જ સુંદર - સુઘડ શાંત મકાન. રોઈટર સમાચાર સંસ્થામાં વર્ષોથી સક્રિય સંવાદદાતા ફ્રેનિઝ અહીં રહે છે, તેમણે શ્યામજી કૃષ્ણવર્માના વાંચનાલય સાથેનો દીવાનખંડ પણ બતાવ્યો. … એવું લાગે છે, એટલે તેમનામાં પડેલી ખુમારીને જો એક ગઝલ પંક્તિમાં બદલાવીએ તો - कुछ यादें, कुछ लम्हें, ये कहानी मेरी भी, तेरी भी. छु लो ये अपना आसमां, ये जमीं मेरी भी, तेरी भी!'

ભિખાયજી કામા અંગે કોઈ એક જણ સામગ્રી એકઠી કરી રહ્યું છે, અને તે સઘળું પ્રગટ થાય તેની રાહ છે. બીજી પાસ, સરદારસિંહ રાણા અંગેની માહિતીસામગ્રી તેમના બાપીકા વતનમાં, ક્યાંક ભંડકિયામાં, પડી રહી છે, તેમ જાણવા મળ્યું છે. તેનો યોગક્ષેમ ક્યારેક થાય તેમ પણ ઈચ્છીએ. ટૂંકામાં, વિલાયતની તેમ જ યુરોપની ગુજરાતી આલમ માંહેની સાંસ્કૃતિક અભિવ્યક્તિનો આતસ તે દિવસે હતો, તેવો આજના નાનામોટા રાજકીય આગેવાનો લગીર પ્રજ્વળિત રાખી શક્યા નથી.

ગાંધીજીની આભા-પ્રતિભા હજુ આજે ય ખરી. એમનાં નામનાં મંડળો આજે ય પ્રવૃત્ત છે. રિચર્ડ એટિનબરોની 'ગાંધી ફાઉન્ડેશન' સંસ્થા એકાદ વાર્ષિક વ્યાખ્યાન આપી જે ગરિમા જાળવે છે, તેવું કામ, દેશી કમઠાણવાળી 'મહાત્મા ગાંધી ફાઉન્ડેશન'માં ક્યારે ય બન્યું નથી. આરંભના વીસપચીસ વરસો દરમિયાન, દર મહિને જાહેર પ્રાર્થનાસભાઓ થતી. મહેરામણ ઉમટતો અને આગેવાનો લોકો પાસે ભક્તિભાવે ગાંધીને પ્રસ્તુત કરતા રહેતા. જાણે કે એકાદ સત્સંગ મંડળીનો જ માહોલ. મહામાનવ ગાંધીને ત્યાં 'સત્યેશ્વર' મહાપ્રભુ બનાવી દેવાયા છે. તેમ છતાં, તે સમયની જે ચેતના તે દિવસોમાં હતી, તેના કોઈ લિસોટા સુદ્ધાં ય આજના આગેવાનો દાખવી શક્યા નથી. આવું બીજાંત્રીજાં મંડળોમાં ય બનતું રહ્યું છે.

'સંસ્થાઓ નારાયણ-પરાયણ બને'ની ઠોસબદ્ધ દલીલ રજૂઆત કરતાં, આચાર્ય વિનોબાજીએ, એક વાર, જે કહેલું તે "ગાંધી-માર્ગ"ના જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૧૦ના અંકના સદ્‌ભાવે, ફેર વાંચવા મળ્યું : 'સંસ્થાઓની મર્યાદા હોય છે. વ્યક્તિમાં જે પ્રેરક શક્તિ હોય છે, તેવી સંસ્થામાં હોતી નથી. આપણે ક્યારેક કહેતા રહીએ છીએ કે સંસ્થાઓએ 'પાવર-હાઉસ' જેવા થવાની આવશ્યક્તા છે. પરંતુ જો 'કરન્ટ' જ ન હોય તો આ પાવર-હાઉસથી શું કામ બને ? સંસ્થાઓમાં આવી શક્તિ ભરવાનું કામ તો વ્યક્તિ જ કરી શકે છે. સૂર્ય ક્યારે ય ઘરમાં વસતો નથી. તેમ છતાં પોતાનાં પ્રકાશકિરણોને તે ઘરમાં પ્રવેશ અપાવે જ છે. આવી સૂર્યવત્ વ્યક્તિ સંસ્થાની બહાર હોય અને તેનું માર્ગદર્શન કરે.' વળી, વિનોબાજી આગળ કહે છે : 'આપણે સંસ્થાઓ ઊભી કરી દઈએ છીએ. અને તે આપણી આંખોની સામે જ નિસ્તેજ પણ બનતી જાય છે. તેનો જીવનરસ સુકાઈ જતો હોય છે. આવું કેમ ? નિત્ય નવો જીવનરસ તેને કેમ મળતો નહીં હોય ? તેને માટેના કારણોની ખોજતપાસ કરતો રહું છું તો દેખાય છે, अंगुष्ठोदकमात्रेण शफरी फर्फरायते - અંગૂઠા જેવડાં ઊંડાં પાણીમાં જ આપણે રમતા રહીએ છીએ. આપણાં દર્શનમાં કોઈ ઊંડાઈ પછી રહેતી નથી.'

નટુભાઈ પટેલ, ચંદુભાઈ મટાણી, કદમ ટંકારવી, વિલાસબહેન ધનાણી, નિરંજનાબહેન દેસાઈ, રમેશભાઈ પટેલ 'પ્રેમોર્મિ' જેવાં જેવાં

આગેવાનો અને મશાલચીઓ વૃદ્ધત્વને કારણે પણ શિથિલ બન્યાં છે. પોપટલાલ જરીવાળા, કાન્તિ શાહ, જયાબહેન દેસાઈ, દિનેશ દવે, ઇન્દુભાઈ દવે શા કર્મશીલ આગેવાનો, હયાતીને પેલે પાર, પેલે કિનારે, સ્થિર બની બેઠાં છે. સમીરા શેખ જેવાં કેટલાંક, વળી, પરદેશમાં અન્યત્ર ગોઠવાયાં છે.

ગુજરાતી સુગમ સંગીતને ક્ષેત્રે નવા કલાકારો તૈયાર થયા હોય તેમ વર્તાતું જ નથી. જ્યોતિબહેન કામત, ચંદુભાઈ મટાણી જેવાં ગાયકોએ એક દિવસ સરસ સભર વાતાવરણ ઊભું કરી આપેલું. તે બંનેએ પોતાનો ચાહક વર્ગ પણ ઊભો કરેલો. પરંતુ આ બંને કલાકાર ગાયકો ય થાક્યાં હોય તેમ દેખાય છે. જ્યોતિબહેનનાં કાર્યક્રમોએ લગભગ વિદાય લીધી છે અને એ ક્ષેત્રમાંથી નિવૃત્ત થયાં હોય તેમ લાગે છે. તે સિવાય નીમાબહેન શાહે, એક દા, બાળગીતો અને બાળસંગીત ક્ષેત્રે જે વાતાવરણ ઊભું કરેલું તે ય તેમની અવસ્થાને કારણે હવે ઓસરી રહ્યું હોય તેમ દીસે છે. દેશી ભજન ગાયકો અને ભજનિકોમાં વધારો જરૂર દેખાય છે. પરંતુ ફરી ફરી સાંભળવાનું મન થાય તેવા ભજનિકોની સંખ્યા તૂટતી રહી છે, જ્યારે બીજી પાસ, આ ક્ષેત્રે, રાગડા તાણનારાઓની બોલબાલા ય વધવા માંડી છે.

ગુજરાતી માહોલમાં નવરાત્રી અને તેની ઉજવણીનો માહોલ વિસ્તર્યો હોય તેમ જરૂર લાગે. જ્યાં જ્યાં ગુજરાતીઓ વસ્યા છે, ત્યાં ત્યાં તેમનાં નાનાંમોટાં મંડળોમાં રાસ, ગરબા, ગરબી વગેરે વિશેષપણે જોવા પામીએ. પરંતુ આ ક્ષેત્રે ય વ્યાપારીકરણ વધતું ગયું છે. કેટલાક દાખલાઓમાં વળી ગુજરાતથી, ભારતથી નિમ્ન કક્ષાનાં કલાકારો અહીં આવતા રહ્યાં છે અને પાઉન્ડ ઉસેડતા રહ્યાં છે.

ગુજરાતી તખ્તો મુખ્ય પ્રવાહની જેમ અહીં પણ ચકડોળે ચડેલો છે. અબીહાલ ઝાઝી ભલીવાર જોવા સાંપડતી નથી. વચ્ચે વચ્ચે વ્યાપારી ધોરણે નાટકવાળાઓનાં જૂથ મુખ્ય પ્રવાહમાંથી આવે છે ખરાં; પરંતુ લગભગ માહોલ નિમ્ન કક્ષાનો હોય તેમ અનુભવવા મળે છે. સ્થાનિક સ્તરે કિરણ પુરોહિતે, અમુક ગાળા સુધી, સારા પ્રયોગ કરેલા. કેટલાંક સારાં નાટકો ય તેમણે આપ્યાં છે. તેમાં અત્યારે ઓટ આવી હોય તેમ સ્વાભાવિક દેખાય. નટુભાઈ પટેલની દેખરેખ હેઠળ 'ફેડરેશન ઑવ્ પાટીદાર એસોસિયેશન્સ' હેઠળ કેટલાંક સારા નાટ્યપ્રયોગો થયાં. નવાં કલાકારો તૈયાર કરી શકાયાં. પરંતુ સંસ્થામાંની દેખીતી કેટલીક આંતરિક સાઠમારીમાં આ પ્રવૃત્તિ પણ હવે સરિયામ ઠપ્પ થઈ પડી છે. તેની વચ્ચે 'ભારતીય વિદ્યા ભવન'ના નાટ્ય વિભાગમાં આજકાલ નવો સળવળાટ દેખાય છે. નવા સંચાલક સુરેન્દ્રભાઈ પટેલની રાહબારી હેઠળ યુવાન નીવડેલાં કલાકારોને સ્થાન મળતું હોય, અને નવા નવા પ્રયોગો ત્યાં થવાના હોય, તેવી આછેરી છાપ ઉપસે છે. અહીં, આથીસ્તો, થોડોક ભ્રામક આશાવાદ જોવા મળે ખરો.

રેડિયો અને ટેલિવિઝનમાં ગુજરાતીની બોલબાલા વધવા છતાં આજકાલ સ્તરનું કોઈ જ ઠેકાણું નથી. આ બંને ઠેકાણે કોઈ ખૂલી હવાની સુરખી સુધ્ધાં નથી, સરિયામ બંધિયારપણું છે.

ગુજરાતી ભાષાશિક્ષણને ક્ષેત્રે, બીજી પાસ, હવે વળતાં પાણી ભાળીએ છીએ. અને આમ જોવા જઈએ તો કોઈ પણ વસાહતની આવી આવી સ્વાભાવિક પ્રક્રિયા રહેવાની છે. ઇતિહાસમાં આની અનેક દાખલા-નોંધો જડી આવશે. વારુ, નસીબ હોય તો કેટલાક કર્મઠ યોગીઓને કારણે નક્કર કામો થતાં રહે છે; પરંતુ ધીમે ધીમે તેમની પણ ક્ષિતિજ ઢૂંકાતી રહેતી હોય, તેમ બને છે. આ કુદરતનો ક્રમ હોવાનું અનુભવાયું છે. આવું આવું આ દાખલામાં ય બનતું દેખાય છે. વળી, ક્યાંક ક્યાંક ચલતા પૂર્જાઓ દાણા ચરી જતા હોય તેમ દેખાય અને પરિણામે ધ્યેયલક્ષી કામોની અવધિ વહેલી આવતી હોય તેમ લાગે. આ હરનારાઓ, ફરનારાઓ અને ચણનારાઓ પોતાના સ્વાર્થમાં વીંટાયેલા રહેતા હોવાથી તેમને સમાજનું, સર્વનું ભલું ઝાઝું ન પણ વર્તાય. … અને આવું આવું કંઈક ધૂંધળું ચિત્ર ગુજરાતી ભાષાશિક્ષણ કામને ક્ષેત્રે આજે ઉપસી રહ્યું હોવાનું લાગે છે.

આપણે આ પહેલાં જોયું તેમ, ૧૯૬૪થી આ દેશમાં ગુજરાતી ભાષાશિક્ષણનું કામ આરંભાયું છે. તેનો સુવર્ણકાળ, ઘણું કરીને, ગઈ સદીનો નેવુંમો દાયકો રહ્યો. બ્રિટનની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'એ અભ્યાસક્રમ આપ્યો, પાઠ્યક્રમ પણ કરી આપ્યો. તેને આધારે પાઠ્યપુસ્તકોનો સંપુટ કર્યો, વરસો લગી શિક્ષક તાલીમની અનેક શિબિરો દેશભરમાં કામયાબ કરી. આશરે બે દાયકા લગી સ્તરબદ્ધ પરીક્ષાઓનું આયોજન કર્યું. 'આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિવસ'ના ભાતીગળ અવસરો વરસોવરસ બબ્બે દાયકા સુધી કર્યા. પણ આ બધું ઐચ્છિક ધોરણે, સમાજને સ્તરે ચાલ્યું અને નભ્યું. આજે જેમ ધનજીભાઈ આંટવાળા નથી, લલ્લુભાઈ લાડ નથી, દિનેશ દવે નથી, જયંતીભાઈ પટેલ નથી, દુર્ગેશ દવે ય નથી; તેમ પોપટલાલ જરીવાળા પણ નથી. ગુજરાતી ભણાવી શકે તેવાં સાખરખાનુબહેન દેવજી, ચન્દ્રકળાબહેન પટેલ, રમણભાઈ પરમાર, નિરંજનાબહેન દેસાઈ, ગોવિંદભાઈ યાદવ, સુશીલાબહેન પટેલ સરીખાં સરીખાં શિક્ષકો વયને કારણે નિવૃત્ત થયાં છે. સુષમા સંઘવી સરીખાં અન્ય વ્યવસાયમાં પરોવાયાં છે. રેણુકા માલદે, રમણભાઈ પટેલ અને તેમનાં જેવાં અન્યો શ્રેણીબંધ અકેકી વ્યક્તિને શિક્ષણકામ આપવામાં સમય આપતાં થયાં છે.

યુરોપ ખંડને ઉત્તરે સ્કૅન્ડિનેવિયા પ્રદેશ છે, જેમાં સ્વીડન, હૉલૅન્ડ જેવા દેશો છે. ત્યાં પણ ગુજરાતી સમાજ પથરાયેલો છે. અન્ય વસાહતીઓની પેઠે, ગુજરાતી વસાહતને માટે પણ તેમની વારસાની ભાષા જે તે મુખ્ય પ્રવાહમાંની નિશાળોમાં શીખવવાની જોગવાઈ શાસને સ્વીડનમાં આપેલી છે. આવી સગવડ અન્યત્ર પણ થઈ શકે છે. પણ વિલાયત સહિતના બીજા દેશોમાં ગુજરાતી સમાજમાં આ વિશે કોઈ સ્પષ્ટતા ભરી આગેવાની નથી. બ્રિટનમાં તો અંગ્રેજી ઉપરાંત કેટકેટલી નાનીમોટી ભાષાઓનું ચલણ છે. અને તેની સંખ્યા સૅંકડો ઉપરની સહજ થઈ જાય છે. સરકારની નીતિરીતિ પર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વલણ પણ અસરકર્તા બનતી હોય છે. પ્રાથમિક શિક્ષણની તંત્રવ્યવસ્થાનો ભાર આવી સ્થાનિક સંસ્થાઓ પર અવલંબે છે.

એક જમાનામાં લંડન યુનિવર્સિટીના 'સ્કૂલ ઑવ ઑરિયેન્ટલ ઍન્ડ આફ્રિકન સ્ટડીઝ' વિભાગમાં ગુજરાતી ભણાવાતું. તેનો ય એક ભવ્ય ઇતિહાસ છે. આજે ત્યાં એક પણ વિદ્યાર્થી નથી અને લાંબા સમયથી, અધ્યાપક હવે બીજાત્રીજા વિષયો ભણાવવામાં રસ લેતાં થયાં છે ! કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પણ એક વખત ગુજરાતીનો વિભાગ ધમધમતો હતો. આજે ત્યાં કાગડા વાસની રાહે તડપે છે. હા, શાળાંતની 'ઓ-લેવલ' તેમ જ 'એ-લેવલ'ની પરીક્ષાઓમાં ગુજરાતીનો એક વિષય અપાતો આવ્યો છે, તે ખરું. પરંતુ આ વિષયનું સ્તર સતત ઘટતું આવ્યું છે અને પરિણામે હવે પોત પણ તદ્દન પાતળું બની ગયું છે. અને ઉપરાંત, વરસોવરસ વિદ્યાર્થીઓની સંખ્યા તૂટી રહી છે. એજન્સીઓ વાટે ચાલતું આ તંત્ર સ્વનિર્ભર નહીં હોય તો શું બનશે ? તેની કલ્પના કરવી જરા પણ અઘરી નથી. છેવટે સમાજને તેનો ખપ હશે ત્યાં સુધી આ પણ ટકશે, નભશે; નહીં તો સમયની કોઈક ગબ્બર ગોખમાં તે ય ગાયબ થાય !

રહી, છેવટે, સાહિત્યની, સાહિત્યસર્જનની તેમ જ તેની વાહક સંસ્થાઓની. ભારત બહાર, વિલાયતમાં અને યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકામાં નક્કર ગણમાન્ય કામો આ સંદર્ભે થયાં છે. અને આપણા આ ફલકમાં યુરોપનું જ ક્ષેત્ર અગત્યનું ઠરે છે. માટે તેની જ વાત કરવાની છે. ઇટલી ખાતે પ્રદ્યુમ્ન તન્નાનો દીપક હમણાં સુધી દેદિપ્યમાન રહ્યો. એ ચળકતા સૂરજ જેવો હતો. બીજી પાસ, વિલાયતમાં, 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના નેજા હેઠળ ત્રણસાડાત્રણ દાયકાના પટે સોજ્ઝાં અને નકકર કામો થયાં છે.

ઉત્તર ઇંગલૅન્ડમાં પ્રેસ્ટનસ્થિત 'ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ' તેમ જ બાટલીસ્થિત 'ગુજરાતી રાઇટર્સ ફોરમ' હેઠળ નાનીમોટી સાહિત્યિક પ્રવૃત્તિઓ થયાં કરી છે. આથી, દીપક બારડોલીકર, અદમ ટંકારવી, મહેક ટંકારવી, અહમદ 'ગુલ', સૂફી મનુબરી, કદમ ટંકારવી, સિરાજ પટેલ, પ્રેમી દયાદરવી, હારૂન પટેલ, ફારૂક ઘાંચી સરીખા સર્જકોને મોકળું મેદાન ત્યાં પણ મળેલું છે. જ્યારે લેસ્ટરમાં, એક દા, ભાનુશંકર ઓધવજી વ્યાસ, રજનીકાન્ત ભટ્ટ, વિનય કવિનો સિક્કો ખણખણતો હતો. આજે વનુ જીવરાજ, બેદાર લાજપુરીની કલમ ક્યારેક ચમકારા મારે છે. આવું બૃહદ્ લંડન વિસ્તારનું છે. શાંતશીલા ગજ્જર, ડાહ્યાભાઈ પટેલ, ભાનુબહેન કોટેચા, ટી. પી. સૂચક, પોપટલાલ પંચાલ, મનેશચંદ્ર કંસારા,

'જય મંગલ', અંજુમ વાલોડી જેવાં જેવાંનો ગજ, એક સમે, વાગતો હતો. ત્યારે બીજી પાસ, બળવંત નાયક, નિરંજના દેસાઈ, યોગેશ પટેલ, 'ખય્યામ', પંકજ વોરા, ભારતી વોરા, જગદીશ દવે, રજનીકાન્ત મહેતા, રમેશ પટેલ, વલ્લભ નાંઢા, કુસુમ પોપટ, રમણભાઈ પટેલ, ગુલાબ મિસ્ત્રી, જિગર નબીપુરી, ઉપેન્દ્ર ગોર, રમણીકલાલ કાશીનાથ ભટ્ટ, ભદ્રા વડગામા જેવાં જેવાંની કલમ ચાલતી અનુભવી છે. બર્મિંગમના પ્રફુલ્લ અમીન અને ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી પણ ક્વચિત ખીલી જાણ્યા છે. તેની વચ્ચે ગુજરાતથી તાજાતર આવેલા અનિલ વ્યાસ અને પંચમ શુક્લે ખુશનુમા વાતાવરણ ઊભું કરી આપ્યું છે.

વરસોથી આ વિસ્તારોમાં અનેક પુસ્તકો ય પ્રકાશિત થયાં છે. વ્યક્તિગત રૂપે થયાં છે તો સંસ્થાગત રૂપે પણ થયાં છે. આ સઘળાં પ્રકાશનો વાટે ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યસર્જનની ઝાંખી પણ ક્યાંક ક્યાંક ઝબુક્યા કરી છે. 'ગુજરાતી રાઈટર્સ ફોરમ'નાં પ્રકાશનો ધ્યાનાર્હ જરૂર છે. અને તેની પાછળ અદમ ટંકારવી અને અહમદ 'ગુલ' જેવાની દીર્ઘ દૃષ્ટિ કામ કરતી હોય તેમ પણ બને. મુખ્ય પ્રવાહમાં 'ઈમેજ પબ્લિકેશન' વાટે કેટલુંક સાહિત્ય જેમ પ્રગટ થયું છે, તેમ બળવંત જાનીની કુનેહથી, 'પાર્શ્વ પબ્લિકેશન' હેઠળ શ્રેણીબધ્ધ પુસ્તકો પ્રગટ થતાં રહ્યાં છે. પરદેશના માહોલમાં લખતાં સર્જકોનું લખાણ તેમાં જરૂર ભાળીએ છીએ. આ પ્રકાશન કામનું છે; તેનું સ્વાગત પણ છે. ડાયસ્પોરાની ગવાહી દઈને તેને જ માંડવે આ પુસ્તકો થયાં છે, તેમ જોરશોરથી કહેવાય છે, અને છતાં, તેમાંથી નહીંવત્ ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય સાંપડે છે, તે ય નર્યું સ્પષ્ટ છે.

અત્યારે ગુજરાતી સાહિત્યને નામે ઉત્તરમાં 'ગુજરાતી રાઈટર્સ ફોરમ' અને પાટનગર લંડનમાં 'ગુજરાતી સાહિત્ય અકાદમી' સક્રિય સંસ્થા સ્વરૂપે પ્રવૃત્ત છે. દીર્ઘ દૃષ્ટિ હશે અને રહેશે ત્યાં સુધી આજનું વાતાવરણ આવી સંસ્થા હેઠળ નભશે અને રહેશે અને જોમ હશે તો વિસ્તરશે.

પ્રત્યાયનનાં અન્ય સાધનોમાં, અહીંથી પ્રગટ થતાં સમસામયિકો વિશે થોડુંક જોઈ જોવું જરૂરી છે. શુધ્ધ સાહિત્યનાં "અસ્મિતા" સરીખાં સામયિકો, વિપરિત સંજોગોને કારણે અબીહાલ પ્રગટ થતાં નથી, એ ખરું; પરંતુ "ઓપિનિયન" સરીખા માસિક પત્ર વાટે મથામણ થયા કરી છે. સોળેક વરસોનું તપ તેથીસ્તો પ્રગટ પણ થયું છે. હવે તે છપાઈમાંથી ખસી જઈ, 'ડિજિટલ' અવતારમાં ઉપસવાની આશા બંધાઈ છે. અદમ ટંકારવી "ઓપિનિયન" તંત્રીને નામ લખતા હતા : 'સંસ્કૃતિની કટોકટીના કાળે એક બળૂકું વિચારપત્ર સંકેલાય છે તે વાતે વિષાદ - અને પંદરપંદર વરસ તમે બ્રિટનના ગુજરાતી સમાજમાં સ્વસ્થ માનસિક્તા કેળવવા જે મથામણ કરી તે પુરુષાર્થનો રાજીપો - એવી મિશ્ર લાગણી 'સંકેલો' અવસર ટાણે અનુભવું છું. આપણા આછકલા સમાજના નઘરોળપણા વચ્ચે "ઓપિનિયન" ચલાવવું એ એક તપ હતું. તમે તપોભંગ થયા નથી. ચૌદ વરસ અને ઉપર બાર મહિના છોગામાં, આમ આ તપ પૂરું થાય છે ત્યારે એનું પુણ્ય તમને, તમને ટેકો દેનારા સૌને અને આપણા અવઢવિયા સમાજને પણ ફળશે એવી આશા વ્યક્ત કરું છું.'

વારુ, … આરંભથી અહીં લગી, દર્પણના દેશમાં જાણે ભટકતો હોઉં તેવો અનુભવ થયા કર્યો છે. આયનાને પ્રતાપે વિલાયતના અને યુરોપના સાંસ્કૃતિક માહોલને નીરખતો રહ્યો છું અને મૂલ મૂકતો રહ્યો છું. ભેદની ભીંત્યુંને ભેદીને, વળી, વિધવિધ છડીદારોને આહ્વાનતો અહી સુધી પહોંચ્યો છું. તેથીસ્તો, હવે લલિત વર્માની એક ગઝલ આ અગાઉ સાંભળી છે તેને અહીં સાદર કરી લઉં. તે ગઝલકૃતિ ટાંકીને પોરો ખાઈશ :

ભટકી રહ્યો છું ક્યારનો દર્પણના દેશમાં
નીરખી રહ્યો છું નિજને હું દર્પણના વેશમાં.
તૂર્ત જ તો ધરપકડ થઈ ને કેદ આજીવન,
આવી ગયું'તું બિંબ જે દર્પણની ઠેસમાં.
અસ્તિત્વ તો રહે જ છે ફૂટી ગયા પછી,
અવશેષ એના એ જ છે દર્પણના શેષમાં.
ભટકે નિરાશ્રિતો સમા અહીંયાં ને ત્યાં સદા,
ચહેરા અનાથ જોઉં છું દર્પણ પ્રદેશમાં.
સૌ બિંબની નજર છે આઈનાના આસને,
ખુદને જુએ છે સૌ અહીં દર્પણ નરેશમાં.
ચહેરો કહો તો આઈનો, ચહેરો જ બિંબ છે,
દર્પણને એક સાંપડ્યું દર્પણ વિશેષમાં.
બિંબો છે એકરૂપ એમાં કંઈ ફરક નથી,
દર્પણ વિદેશમાં જુઓ દર્પણ સ્વદેશમાં.
દેખાવ એ જ હોય છે જેવો હો બિંબનો,
કેવળ ફરક છે દર્પણોના સંનિવેશમાં.
આઈના પર્વમાં 'લલિત' આગંતુકો છે બિંબ,
દેતો નથી હું હાજરી દર્પણ પ્રવેશમાં.

પાનબીડું :

काश ! जीवन में मेरे सुख-दुख का कोई एक अवलम्ब होता।
मेरा कोई साथी होता।
में अपने दुख-सुख का एक भाग उसे दे, उसकी अनुभूति का भाग ग्रहण कर सकता।
में अपने इस निस्सार यश को दूर फेंक संसार का जीव बन जाता।

- यशपाल
[1903 - 1976]

(૧૦.૦૩.૨૦૧૦ / ૦૧.૦૧.૨૦૧૧/૦૪.૦૭.૨૦૧૨)

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

ગધ્ધા જેવો

• દીપક બારડોલીકર

થૈ જા થાવું જો પડે ગધ્ધા જેવો
થાજે નહીં તું વેરના અડ્ડા જેવો
સ્ટેજ સંપતનું છે, ના, તેનું નહીં
જે થઈ જાય ખાલી ગલ્લા જેવો
જૈને જોયું તો હતું એક ઢેફું
દૂરથી લાગતો'તો ડલ્લા જેવો
એને અજમાવી અમે જોઈ લીધું
એ પતંગના છે ચીપટ - ઢઠ્ઠા જેવો
છેડો નહીં એને, એ ભારી પડશે
એ ઝનૂની છે, અલીના મુક્કા જેવો
ના છે સંભવ કે હવા કાઢે કોઈ
એ છે ફોલાદ, નથી ફુગ્ગા જેવો
ઘર, ગલી, ગામ શું, છે દુનિયા તારી
બન મિયાંદાદજીના છક્કા જેવો
છું સ્વયં ચૌધરી હું 'દીપકજી'
હા, નથી ચૌધરીના હુક્કા જેવો

વાતો કરામતની

• દીપક બારડોલીકર

કરી જાણું છું હું વાતો કરામતની
કે મેં જોઈ છે શેરીઓ સિયાસતની
સિયાસત શું છે, જાણે કોઈ રજવાડું
ને ખુરશી જાણે દેવી હોય દોલતની
મને આ ખાઈમાંથી કોઈ તો કાઢો
હું રાખું છું નજરમાં ટોચ પર્વતની
ઘણા ડાહ્યા ય બેસી જાય છે એમાં
ચલાવો ને તમે ગાડી કરામતની
ઉઘાડે બારણે ઊંઘો હવે લોકો
લુટારા ગાય છે ખ્યાતિ હકુમતની
ગલીમાં તો ગધેડાને ય કગરે છે
કરે છે વાત એ ઘરમાં બગાવતની
અદાલત પણ અમારી લાજ રાખે છે
અમે ય ઈજ્જત કરી લઈએ અદાલતની
શરાફત જાળવો એ ઠીક છે 'દીપક'
કે ગંદી હોય છે શેરી શરારતની

****

તણખલું

• યોગેશ જોશી

ત્રણેક કાળાં વાદળો
એકમેકને છેદતાં હતાં ત્યાં
દેખાતું હતું અજવાળાંની બખોલ જેવું.

આકાશમાં માળો ન બંધાય
એ જાણવા છતાં ય હું
ઊડવા લાગ્યો એ બખોલ તરફ;
ચાંચમાં
સુક્કું સોનેરી તણખલું લઈને!

ગાંધીને પામવાનો જ્ઞાનમાર્ગ : વિન્ટર સ્કૂલ, શિમલા

• ચિરંતના ભટ્ટ

શિમલાની વિન્ટર સ્કૂલમાં એવું તે શું છે કે એને ગાંધીને પામવાનો જ્ઞાનમાર્ગ કહેવાય છે?

આ એ જગ્યા છે જ્યાં એક સમયે બ્રિટિશ સામ્રાજ્યના વાઈસરોય ગાંધીને કેવી રીતે જેર કરવા એની મસલત કરતા. અહીંની દીવાલો અને એકએક પથ્થરે મોહનદાસ કરમચંદ ગાંધી નામનો એકવડિયા બાંધાનો અને પોતડી પહેરતો માણસ બ્રિટિશ સામ્રાજ્ય માટે કેટલો ખતરનાક છે, એની ચર્ચાઓ સાંભળી છે. વિરોધાભાસ એ છે કે તે વખતની વાઈસરોયની ઓફિસના ટેબલ પર આજે ચરખાની પ્રતિકૃતિ મુકાયેલી છે, એ દીવાલો અને પથ્થરો આજે ગાંધીની મહાનતા, તેના આધ્યાત્મ વિશે સાંભળે છે. શિમલામાં આવેલી વાઇસરિગલ લોજ જે આજે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ સ્ટડીઝમાં (આઇ.આઇ.એ.એસ.) ફેરવાઈ છે, ત્યાં મોહનદાસ કરમચંદ ગાંધી, મહાત્મા કેવી રીતે બન્યા તે શીખવવામાં આવે છે.

આઇ.આઇ.એ.એસ. દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી, લાઇફ એન્ડ થોટ ઓફ ગાંધી વિષય પર પખવાડિયાની વિન્ટર સ્કૂલ યોજવામાં આવે છે. આખો દેશ જેના એક વાક્યે ફના થવા તૈયાર હતો તેવો આ માણસ ખરેખર શું હતો? તેની જિંદગીમાં જે પણ બન્યું તે કેમ બન્યું? તેની સાથે સતત દલીલો કરતા માણસો પણ કેમ તેની સાથે હતા? કલાકો ચરખો કાંતતા અને ઉપવાસ કરતા રહેતા એ શરીરમાં કયો જીવ હતો જેણે બ્રિટિશરોના તપતા સૂર્યને ગ્રહણ આપ્યું? આવા સવાલો અને મુંઝવણોના ઉકેલની નજીક લઈ જતી વિન્ટર સ્કૂલમાં ઉત્કૃષ્ટ શિક્ષકો ગાંધીની વાત માંડે ત્યારે રોમાંચ, દર્દ, જુસ્સો, આત્મવિશ્લેષણ, કુતૂહલની લાગણી સાથે વધુ જાણવાની ભૂખ ઉઘડતી જાય છે. આ ગાંધી શાળા એવી છે જ્યાં ગાંધીવાદી હોવાને નામે કોઈ પણ બે વાર ધોવામાં મસોતાં જેવા થઈ જતાં કપડાં કોઈ પહેરતું નથી. અહીં ગાંધીના બ્રહ્મચર્ય વિશે, નેતૃત્વની મહત્ત્વાકાંક્ષા વિશે, સ્ત્રીઓ સાથેના તેમના સંપર્કો અને સંબંધો વિશે, સંતાનો સાથેના મનદુઃખ વિશે, પોતાના મુદ્દાને પકડી રાખવાના જક્કીપણા અંગે આંખ કાન ખુલ્લા રાખીની ચર્ચા કરી શકાય છે. આ વિન્ટર સ્કૂલમાં ગાંધીને સમજવા માટે તમારે ગાંધીવાદી બનવાની જરૂર નથી. ગાંધીની ખાદી, દારૂબંધી, રાજકારણ, અધ્યાત્મ, આદર્શો બધું જ ૩૬૦ ડિગ્રીના ખૂણે 'બ્લેક એન્ડ વ્હાઇટ'માં સમજાવાય છે.

પ્રતિષ્ઠિત સમાજ વિજ્ઞાની અને ગાંધિયન સ્કોલર ત્રિદીપ સુહૃદ તેમના મૃદુ અવાજમાં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ, સત્યાગ્રહ વિચારના ઘડતર, બાપુનું પહેલીવાર જેલમાં જવું વગેરેની કલાકો સુધી વાતો કરે અને કોઈની આંખ મટકું પણ ન મારે. એક તબક્કે દાંડી કૂચની વાત થાય અને સવાલ થાય કે બાપુ ત્યાર પછી ગુજરાતમાં રહેવા પાછા કેમ ન ફર્યા? શું ત્યારના ગયેલા બાપુ હજી સુધી ગુજરાતમાં નથી જડી રહ્યા? બાપુને માઠું લાગ્યું? લાંબી ચર્ચાઓ પછી ક્યાંક જવાબના છેડા જડે તો ક્યાંક બીજા સવાલો હાથમાં બાપુની લાકડી લઈ ઊભા હોય. બાપુની વ્યૂહરચનાઓને તમે હજી સમજો ત્યાં આઇ.આઇ.એ.એસ.ના ડિરેક્ટર પિટર ડિસોઝા સવાલ કરે કે, 'કેન અ ડીપ મોરલ થિંકર બી અ સ્ટ્રેટેજીસ્ટ?'(શું એક નૈતિક વિચારક વ્યૂહાત્મક વિચારક હોઈ શકે?) ગાંધી વિશે પંદર દિવસ સાંભળ્યા સમજ્યા પછી પણ તમે આ કોયડામાં ગુંચવાઈ જાવ એ ચોક્કસ.

ધરાસણાના મીઠાના સત્યાગ્રહની વાત થાય અને તમને જાણવા મળે કે બ્રિટિશરોએ ૨૧ દિવસ દંડાવાળી કર્યા પછી રિપોર્ટ તૈયાર કરાવ્યો હતો કે સત્યાગ્રહીઓને ક્યાં ફ્રેક્ચર થયા હતા. બધા ફ્રેક્ચર માથા અને ખભાના હતા, આંગળી પર નહીં કારણકે સવારના સાડા છથી સાંજના સાડા ચાર વાગ્યા સુધી લાઠી ખાનારાઓએ બચાવમાં સુધ્ધાં હાથ આડો નહોતો ધર્યો. આઇ.આઇ.એ.એસ.ના સિદ્ધાર્થ વિહારના કોન્ફરન્સમાં રૂમમાં લયબધ્ધ અવાજમાં ત્રિદીપ સુહૃદ ધરાસણામાં ફટકારાતી લાઠીઓની વાત માંડે, ત્યારે નિસાસા અને ડુસકાં સિવાય કશું પણ રૂમની શાંતિમાં ખલેલ નથી પહોંચાડતું. ગાંધીએ ૧૧ દિવસમાં લખેલું 'હિંદ સ્વરાજ' તમને મૂલ્યો અને રાષ્ટ્રીયતા જ નહીં પણ સંસ્કૃતિના નવા યુગના વિધાન તરીકે સમજાવવામાં આવે છે. અનન્યા બાજપાઈ જેવાં સ્કોલર 'હિંદ સ્વરાજ' કેમ લખાયેલું તે જણાવે તો વયોવૃધ્ધ ઈતિહાસકાર એસ. આર. મેહરક્ષેત્રા ગાંધીના જોમની વાત માંડે.

કોંગ્રેસે ભાગલા સ્વિકારી લીધા અને અહિંસાથી બ્રિટિશરોને તગેડી મુકતા ભારતીયો હિંસક બની જાય છે. મહાદેવ દેસાઈ અને કસ્તૂરબા મૃત્યુ પામ્યાં છે. ગાંધીને રાજકારણીય એકલતા પીડી રહી છે. દૂધમાંથી માખી કાઢે એમ ગાંધીને કોંગ્રેસે દૂર કરી દીધા છે. આ દિવસોમાં ગાંધી સતત પોતાના મૃત્યુની વાત કરે છે. તેમણે સાથીઓને કહેલું કે જો હું કુદરતી મૃત્યુથી મરીશ તો તમારે જાહેર કરવું કે આ એક એવો માણસ છે જે સત્યને ન અનુસરી શક્યો. તેઓ મનુને કહેતા કે, 'એ તારી જવાબદારી છે, તારે બૂમો પાડીને કહેવું પડશે કે આ મહાત્મા ખોટો હતો.' ગાંધી પોતાની અહિંસાને સંકોચાતી સાંખી ન શક્યા. વિન્ટર સ્કૂલમાં તમને જાણવા મળે છે કે ગાંધી માનવા માંડ્યા હતા કે તેમનું મૃત્યુ લોહિયાળ નહીં હોય, હિંસક નહીં હોય તો આ હિંસા નહીં અટકે. એક તરફ ગાંધી હતાશામાં સરી રહ્યા હતા અને બીજી તરફ રાજકીય-સામાજિક સ્થિતિ એવી ઊભી થઈ રહી હતી કે એવું લાગતું હતું કે જાણે વિધાતા ગાંધી અને ગોડસેને સામસામે મૂકવા માગતા હતા. શું ગાંધી મૃત્યુંજય હતા કે પછી તેમને ઈચ્છામૃત્યુ મળ્યું? પ્રાર્થના સભામાંથી આવતા કે જતાં મારું મોત થશે તો આદર્શ હશે તેમ ગાંધી કહેતા. ત્રણ ગોળી ઝીલીને ગાંધીએ હિંસાનો માર્ગ રોકી લીધો હતો. ઈશ્વરને સન્મુખ થવા માગતા ગાંધીએ પોતાનો ક્રોસ જાતે જ ઉપાડ્યો.

આ સાંભળીને વિચાર આવે કે એક યુધ્ધ ભિષ્મ લડ્યા અને એક લડાઈ ગાંધી લડ્યા, બંનેના શસ્ત્રો જુદાં હતાં. પરંતુ જે ઉદ્દેશ્યથી ભિષ્મ અને ગાંધી પોતપોતાની લડાઈ લડ્યા, અંતે તો તેનું વાસ્તવિક અસ્તિત્વ જ ન રહ્યું. ન રહ્યો કુરુવંશ કે ન રહ્યું અખંડ ભારત અને ભીષ્મનું બખ્તર કે ગાંધીની ખાદી હોય વાસ્તવિક અને રાજકીય-સામાજિક બાણોને રોકવામાં તે સફળ ન રહ્યાં.

યુનિસેફના સલાહકાર તરીકે ઉત્તર પ્રદેશમાં કામ કરતા શાંતનુ ગુપ્તા હોય, 'હિંદ સ્વરાજ' પર ડેઝર્ટેશન કરનારી કોલકત્તાની શ્રોતોસ્વિની મઝુમદાર હોય કે પછી અંગ્રેજી સાહિત્યનાં પ્રાધ્યાપક કવિતા પંજાબી હોય, દરેકને આ વિન્ટર સ્કૂલમાં પોતાના આગવા ગાંધી મળે છે. પ્રોફેસરો, વિદ્યાર્થીઓ બધા જ સાબરમતી આશ્રમ ક્યારે જોઈશું-ની ચર્ચા કરે છે, કારણ કે 'હૃદય-કુંજ' એમને હૈયે પણ સોંસરવું ઉતરી ગયું છે.

અંતરઆત્માનો અવાજ અનુસરીને જીવનારા ગાંધી એક એવો કોયડો છે જેનો ઉકેલ કોંગ્રેસ કે હિંદુ મહાસભા પાસે કે ગાંધીવાદીઓ કે વિરોધીઓ પાસે પણ નથી. વિન્ટર સ્કૂલમાં ગાંધી અંગે જે પણ કડી મળે છે તે નવા સવાલો તરફ લઈ જાય છે. આ સવાલોના જવાબમાં જ સાચો ગાંધીવાદ રહેલો છે. પુરાણોમાં ઈશ્વરને પામવાના બે રસ્તા છે – ભક્તિમાર્ગ અને જ્ઞાન માર્ગ. જો ગાંધીવાદી સંસ્થાઓ ગાંધીને પામવાનો ભક્તિ માર્ગ છે તો વિન્ટર સ્કૂલ જ્ઞાન માર્ગ છે.

e.mail : chirantana@gmail.com

ઈ-પુસ્તકો અને ગુજરાતી પ્રકાશન

☐ જિજ્ઞેશ અધ્યારુ

પુસ્તકને ભૌતિક રીતે અનુભવવાની અને વાંચવાની મજા કેટલી ય સદીઓથી માનવજાત માણી રહી છે. પરંતુ હવે ચિત્ર બદલાવામાં છે. આજે સમય ઈ-પુસ્તકોના વપરાશમાં ધરખમ વધારાનો અને ઈ-વાંચનની વધતી પ્રસિદ્ધિનો છે. ઈ-પુસ્તકોની વિભાવના મૂલતઃ પશ્ચિમમાં જેટલી પ્રસિદ્ધ અને પ્રચલિત થઈ છે તેના પ્રમાણમાં આપણે એ ક્ષેત્રમાં ખૂબ પ્રાથમિક તબક્કામાં છીએ એમ કહી શકાય. નવા પ્રિન્ટ થયેલ પુસ્તકની સુવાસ, તેના વાંચનની અનોખી મજા અને વાંચનની સાથે નોંધ ટપકાવવાની કે લીટીઓ દોરવાની આદતોને છોડવી એક સમર્પિત વાંચક માટે મુશ્કેલ વાત છે.

પશ્ચિમનું ઈ-વાંચન બજાર

૧૯૭૧માં પ્રકાશિત પ્રથમ ઈ-પુસ્તક તરીકે અમેરિકન બંધારણની ઈ-નકલ તૈયાર કરી પ્રોજેક્ટ ગુટનબર્ગ અંતર્ગત તેને પ્રકાશિત કરી માઈકલ હાર્ટ પ્રથમ ઈ પ્રકાશક બન્યો, એ વર્ષે હતું જ્યારે બે કોમ્પ્યુટર વચ્ચે પ્રથમ ઈ-મેલની આપ-લે થઈ. મતલબ ઈ-પુસ્તક પ્રકાશન ઈન્ટરનેટના વિકાસની સાથે વિકસી જ રહ્યું હતું, પરંતુ તે વિકાસ અતિશય ધીમો હતો જે છેલ્લાં બે-ત્રણ વર્ષોમાં અનેકગણી ઝડપે વધ્યો છે. ૧૯૭૧માં ૧, ૧૯૮૯ સુધીમાં ૧૦, ૧૯૯૪ સુધીમાં ૧૦૦, ૧૯૯૭માં ૧૦૦૦ અને ૨૦૦3માં ૧૦૦૦૦ તથા ૨૦૧૧ સુધીમાં ૩૩૦૦૦ પુસ્તકોનું ડિઝિટાઈઝેશન પ્રોજેક્ટ ગુટનબર્ગ મારફત થઈ ચૂક્યું છે. અને પ્રોજેક્ટ ગુટનબર્ગ પર તે નિ:શુલ્ક ડાઊનલોડ માટે ઉપલબ્ધ છે.

૧૯૯૩માં ડિજીટલ બુક ઈન્ક. કંપનીએ ફ્લોપી ડિસ્કમાં ૫૦ ઈ-પુસ્તકો મૂકીને તેને ડીબીએફ (ડિજીટલ બુક ફોર્મેટ)માં વેચવાનું શરૂ કર્યું. રોકેટ ઈબુક અને સોફ્ટબુક નામના બે પ્રથમ ઈ-રીડર સાધનો ૧૯૯૧માં બજારમાં મૂકાયા, ઈ-પુસ્તકને અપાયેલ પ્રથમ આઈએસબીએન નંબર કિમ બ્લાગે મેળવ્યો અને સીડી પર તેણે પુસ્તકોનું વેચાણ શરૂ કર્યું. ૨૦૦૦માં સ્ટિફન કિંગ દ્વારા તેમના એક પુસ્તકનું ઈ-વેચાણ કરવામાં આવ્યું, જેની ચાર લાખ નકલ ૨૪ કલાકમાં ડાઊનલોડ થઈ, આ પુસ્તક ફક્ત કોમ્પ્યુટર પર જ વાંચી શકાતુ હતું. ૨૦૦૨માં અગ્ર અમેરિકન પ્રકાશકો રેન્ડમ હાઊસ અને હાર્પરકોલિન્સે ઈ-પુસ્તકોનું વેચાણ શરૂ કર્યું.

અમેરિકન બજારમાં નજર કરીએ તો ઈ-વાંચનના વિવિધ સાધનો જેવા કે કિન્ડલ, નૂક, આઈપેડ, ટેબલેટ્સ, સોનીના ઈ-રીડર અને એન્ડ્રોઈડ મોબાઈલ વગેરેની મદદથી પ્રિન્ટેડ પુસ્તકના વાંચનની સામે ઈ-વાંચનનો વ્યાપ સતત વધી રહ્યો છે. ૨૦૦૭માં કિન્ડલ - ૧ની કિંમત $૩૯૯ હતી જે આજે ઘટીને $૧૩૯ (કિન્ડલ ૩) થઈ ગઈ છે, આજે ૧૬૯થી વધુ દેશોમાં તે વેચાણ માટે ઉપલબ્ધ છે. ઈ-પ્રકાશનના આ વિષયને વધુ વિગતે જાણવાનો પ્રયત્ન કરીએ.

ઈ-વાંચનના સાધનો

એપલના આઈપેડ, ઍમેઝોનના કિન્ડલ, કિન્ડલ ટચ અને કિન્ડલ ટચ ૩જી તથા બાર્ન્સ અને નોબલના નૂક રીડરના આવવાથી, તેમની મસમોટી વેચાણસંખ્યાથી તથા ઈ-પુસ્તકોના વેચાણથી એ વાત સ્પષ્ટ થઈ રહી છે કે આજકાલ લોકોને ઈ-પુસ્તકોનું વાંચન વધુ માફક આવવા માંડ્યુ છે. મુખ્ય સ્પર્ધા છે આઈપેડ તથા કિન્ડલ વચ્ચે. આઈપેડની વેચાણ સંખ્યા ૨૦૧૦માં દોઢ કરોડથી વધુ હતી જે ૨૦૧૧માં ચાર કરોડના આંકને વટાવી ગઈ. એમેઝોન સામાન્યત: વેચાણના આંકડા પ્રસિદ્ધ કરતું નથી, છતાં તેમના જ એક રિપોર્ટ મુજબ ડિસેમ્બર 2011માં તેમણે દર અઠવાડિયે દસ લાખ કિન્ડલ રીડર વેચ્યા છે. જો કે એપલના આઈપેડ હજુ પણ ઘણાં લોકો માટે એટલી આકર્ષક વસ્તુ છે કે તેમના માટે રાત જાગીને ખરીદવાવાળાઓની કતારો લાગે છે.

પ્રથમ કિન્ડલ ૧૯ નવેમ્બર ૨૦૦૭ના રોજ અને પ્રથમ નૂક ૩૦ નવેમ્બર ૨૦૦૯ના દિવસે ઉપલબ્ધ થયા. આજે એવા લેખકો છે જેમના પુસ્તકોની દસલાખથી વધુ ઈ-પુસ્તક આવૃત્તિઓ વેચાઈ ચૂકી છે.

ઈ-વાંચનનો વ્યાપ

આ તો થઈ સાધનોની વાત, આ આંકડાઓને જો સમગ્રપણે જોવામાં આવે તો ખ્યાલ આવશે કે ઈ-વાંચનનો વ્યાપ કેટલી ઝડપે વધી રહ્યો છે. સમગ્રપણે ૨૦૧૧માં કુલ છ કરોડ બાવન લાખ રીડર વેચાયા છે. (આઈ.એચ.એસ આઈસપ્લાય રિપોર્ટ - એપલ, અમેઝોન, સેમસન્ગ, બાર્ન્સ એન્ડ નોબલ, અસુઝ તથા અન્ય ઉત્પાદકોના આંકડાની મદદથી) ક્રેડિટડોન્કી.કોમ વેબસાઈટના એક ઈન્ફોગ્રાફિક મુજબ :

- ૨૯ ટકા અમેરિકન (આશરે દર ચાર અમેરિકને એક) ઈ-રીડર ધરાવે છે.
- ૨૦૧૧માં આવા ઈ-રીડરના વેચાણમાં ૧૧૭%નો વધારો નોંધાયો છે.
- અમેરિકન પુસ્તક પ્રકાશકોનું પ્રકાશનના વ્યવસાય સાથેની રેવન્યુ ઘટી છે, પરંતુ તેમનો નફો વધ્યો છે કારણ કે ઈ-પુસ્તકોના ઉત્પાદનનો ખર્ચ શૂન્યથી નહિવત છે.
- અમેરિકાના સાત કરોડ વાંચકો સાથે સીધી વેચાણ માટે ઉપલબ્ધ કરાવાઈ રહેલ પુસ્તકોમાં પ્રકાશકો ઉપરાંત સ્વતંત્ર પ્રકાશન કરતા લેખકોનો ફાળો પણ મોટો છે.
- એમેઝોનના પ્રમુખ ૧૦૦ પુસ્તકોમાં સ્વ પ્રકાશિત ઈ-પુસ્તકની કિંમત ૧.૭૮$ની સામે પ્રકાશકો દ્વારા પ્રકાશિત ઈ-પુસ્તકની કિંમત ૮.૭૫$ જોવા મળે છે. (જાન્યુઆરી ૨૦૧૨)
- અમેરિકામાં પેપરબેક પુસ્તકોના વેચાણમાં ૨૦૧૧માં ૩૫.૯ %નો ઘટાડો નોંધાયો છે.

૨૦૦૯ અને ૨૦૧૦ના વર્ષોમાં ક્રિસમસ વખતના વેચાણ આંકડાઓનો તફાવત દર્શાવતા અમેરિકાન મુખ્ય પ્રકાશકોના ઈ-પુસ્તક વેચાણના આંકડા ખૂબ રસપ્રદ છે, એ મુજબ સિમોન એન્ડ સ્ચસ્ટર - ૧૫૦% વધારા સાથે, રેન્ડમહાઊસ ૩૦૦% વધારા સાથે અને કેન્સિન્ગટન ૪૦૦% વધારા સાથે આગળ વધી રહ્યા છે.

પુસ્તક પ્રકાશકો અને ઈ-પ્રકાશન

આ ઉપરાંત પ્રકાશકો માટે આવા જ કેટલાક આંકડા ઉપલબ્ધ છે (કન્ટેન્ટરેંગ્લર.કોમ) એ મુજબ :

- અમેરિકામાં કુલ પ્રકાશકોના ૬૨% અત્યારે ઈ-પુસ્તકો પ્રકાશિત કરે છે, ૨૨% અત્યારે ઈ-પ્રકાશન કરી રહ્યા નથી પરંતુ શરૂ કરવાના છે અને ૧૬% ઈ-પ્રકાશનમાં રસ ધરાવતા નથી.
- કુલ ઈ-પ્રકાશકોમાંના ૧૮% પ્રકાશકો ૧૦%થી વધુ કમાણી ઈ-પુસ્તકોમાંથી કરે છે, ૪૩% એકથી ત્રણ ટકા કમાણી ઈ-પુસ્તકોમાંથી કરે છે.

- ઈ-વાંચન માટે ૨૫% વાચકો એપલ આઈપેડ, ૧૮% કિન્ડલ અને ૧૮% પીસી અથવા મેક નો ઉપયોગ કરે છે.
- અમેરિકામાં કુલ ઈ-પ્રકાશકોના ૮૫% ઈ-પુસ્તક અને પ્રિન્ટેડ પુસ્તક એમ બેવડું પ્રકાશન કરે છે, ૧૦% ફક્ત ઈ-પુસ્તકો પ્રકાશિત કરે છે, ૫% અનિર્ણિત પરિસ્થિતિમાં છે.

ઈ-પુસ્તક સામે પ્રિન્ટ પુસ્તકોના પ્રકાશન ખર્ચ અંગે સરખામણી

પ્રિન્ટિંગચોઈસ.કોમ દ્વારા અમેરિકન બજારના કરાયેલ એક સર્વે મુજબ

એક પ્રિન્ટેડ પુસ્તક ખરીદવા વાચકે સરેરાશ $૨૬ ખર્ચવા પડતા હોય તો તેના વિવિધ વિભાગોમાં

$૩.૯ લેખકની રોયલ્ટી + $૪.૦૫ પ્રકાશકનો નફો + $૧.૦ માર્કેટીંગના + $૦.૮ ડિઝાઈન, એડીટીંગ અને ટાઈપસેટીંગના + $૧૩.૦ વિતરકના નફાના + $૩.૨૫ પ્રિન્ટીંગ, સંગ્રહ અને પરિવહનના એમ કુલ ખર્ચ $૨૬.૦ થાય છે.

તેની સામે એક ઈ-પુસ્તક ખરીદવા વાચકે સરેરાશ $૧૪ જ ખર્ચવા પડે છે, જેના વિવિધ વિભાગોમાં

$૨.૨૭ લેખકની રોયલ્ટી + $૬.૫૪ પ્રકાશકનો નફો + $૦.૭૮ માર્કેટીંગના + $૦.૫૦ ડિઝાઈન, એડીટીંગ અને ટાઈપસેટીંગના + $૩.૯૦ વિતરકના નફાના એમ કુલ ખર્ચ $૧૩.૯૯ થાય છે. ઈ-પુસ્તક એક કૉપી હોય કે અસંખ્ય, એક વખત તૈયાર થયા પછી તેનો નકલ ખર્ચ શૂન્યથી નહિવત હોય છે.

જો કે આ તો વેચાણકિંમતની વાત થઈ, પણ ઉત્પાદનની રીતે $૨૬ની કિંમતના પ્રિન્ટેડ પુસ્તકનો ઉત્પાદન ખર્ચ $૪.૦૫ અને $૯.૯૯ના ઈ-પુસ્તકનો પ્રકાશન ખર્ચ $૦.૫૦ આવે છે.

ઈ-પ્રકાશન અને આનુષંગિક સમસ્યાઓ

આવા જ એક સર્વે દ્વારા જે અનોખી વાત જાણવા મળે છે એ છે ઈ-પ્રકાશન સાથે સંકળાયેલી મુખ્ય સમસ્યાઓની જાણકારી.

૩૦% સમસ્યાઓ ફોર્મેટ અને વિવિધ સાધનોના કોમ્પિટીબિલિટીની સમસ્યાઓ સાથે સંકળાયેલ છે. ૨૧% સમસ્યાઓ પ્રચાર - વહેંચણીની છે, આ ઉપરાંત ડિજીટલ ફોર્મેટમાં એકથી બીજા સ્વરૂપમાં બદલાયેલ પુસ્તકની ગુણવત્તા, ડિજીટલ કોપીરાઈટ સમસ્યાઓ તથા ઈ-પુસ્તક પ્રકાશનને લગતી સમસ્યાઓ છે.

ઈ-પ્રકાશન અને તર્ક વિતર્કો

અમેઝોન દ્વારા જૂન ૨૦૧૦માં વેચવામાં આવેલ ૧૦૦ પ્રિન્ટેડ પુસ્તકોની સામે ૧૮૦ ઈ-પુસ્તકો વેચવામાં આવ્યા, પરંતુ આ ઈ-પુસ્તકોમાં એવા સ્વપ્રકાશિત પુસ્તકોનો ફાળો મોટો હતો જેની કિંમત $૦.૯૯ કે તેથી ઓછી હતી. ઈ-પુસ્તકોની કિંમત વિશે ચર્ચા કરતી વખતે અથવા સરખામણીઓ વખતે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે કિન્ડલ રીડર, નૂક, આઈપેડ અથવા એવા કોઈ પણ સાધનની મૂળ કિંમત પણ સમગ્રપણે ઈ-વાંચનની કિંમતમાં ગણાવી જોઈએ.

ઈ-પુસ્તકોનું વેચાણ ગત વર્ષે લગભગ ૨૦૦ % જેટલું વધ્યું છે તેની સામે પ્રિન્ટેડ પુસ્તકોનું વેચાણ ૪૦% વધ્યું છે જે અન્ય વર્ષો કરતાં વધુ છે. આમ ઈ-પુસ્તકોના પ્રસારથી પ્રિન્ટેડ પુસ્તકોનું વેચાણ ઘટતું નથી.

ભારતીય પ્રકાશન ઉદ્યોગ અને ઈ-પ્રકાશન

ભારત વિશ્વનો બીજો અંગ્રેજી ભાષાનો વપરાશ કરતો સહુથી મોટો દેશ છે. ભારતના મધ્યમ વર્ગનો આર્થિક વિકાસ છેલ્લાં વર્ષોમાં નોંધપાત્ર રહ્યો છે, સમગ્ર વિશ્વનું ધ્યાન અત્યારે ભારતીય બજારોમાં પ્રવેશવા અને વેચાણ કરવા તરફ છે અને અહીંની ખરીદશક્તિ સતત વધી રહી છે. ઔદ્યોગિક વિકાસ સાથે શહેરો, ગામડાઓ અને સમગ્ર દેશ ઈન્ટરનેટનો વધુ ને વધુ વપરાશ કરી રહ્યા છે. વિદેશી મૂડી રોકાણ માટે આકર્ષક સ્થળ છે. મોબાઈલ સાધનોનો વપરાશ પણ અહીં અનેકગણો વધ્યો છે જેથી વિશ્વના પ્રમુખ મોબાઈલ વપરાશકારોમાં ભારત અગ્ર સ્થાને છે. આવા સંજોગોમાં ૧૯૦૦૦થી વધુ પ્રકાશકો અને ૨૪થી વધુ ભાષાઓમાં પ્રકાશનની તકો સાથે ઈ-પુસ્તકનું વેચાણ અનેક ક્ષેત્રોમાં અને વિવિધતા સાથે થઈ શકે છે, ભારતીય ભાષાઓની વિવિધતાને જોતા એવી અનેક કૃતિઓ ઉપલબ્ધ છે જેને ડિજીટાઈઝ કરીને ઈન્ટરનેટ પર મૂકવામાં આવે તો વાચકોના અપાર પ્રેમને એ પામે તે ચોક્કસ છે. ઈ-કોમર્સ, અભ્યાસ, સાહિત્ય, ટેકનોલોજી, એન્જીનિયરીંગ જેવા અનેક ક્ષેત્રોમાં ઈ-પુસ્તકો એક હાથવગો વિકલ્પ બની શકે તેમ છે. કંપનીઓ, ઉદ્યોગો અને પ્રશિક્ષણ સંસ્થાઓની વધતી સંખ્યાને જોતા ઈ-પ્રકાશનનું ભવિષ્ય અહીં ઉજ્જ્વળ છે. અહીં ઘણાં ગામડાઓમાં પુસ્તકાલયો અથવા પુસ્તક વેચતી દુકાનો હજુ ઉપલબ્ધ નથી, તેની સામે અમુક નાના શહેરોમાં જૂજ સંખ્યામાં આવી વ્યવસ્થા છે, એ સંજોગોમાં ઈ-પુસ્તકો સહેલાઈથી પોતાનું સ્થાન બનાવી શકે છે. ભારતમાં વિકસાવાયેલ અનેક ઈ-રીડર પણ બજારમાં ઉપલબ્ધ થયા છે જે ૮૦૦૦-૧૨૦૦૦ રૂપિયામાં ઉપલબ્ધ છે, તેમાં વિન્કરીડર (ધવિન્કસ્ટોર.કોમ) અને ઈન્ફિબીમનું પાઈ મુખ્ય છે.

ભારતીય ઉપખંડમાં ઈ-પુસ્તકોનો પ્રચાર અને પ્રસાર ૨૦૦૮ના અંતભાગથી શરૂ થયો, સમયાંતરે અનેક પ્રકાશકોએ પોતાના પુસ્તકોને ઈ-સ્વરૂપે તથા ઑડીયો સ્વરૂપે મૂકવાનું શરૂ કર્યું. જો કે હજુ પણ ભારતીય ઈ-પુસ્તક પ્રકાશન ઉદ્યોગ પા પા પગલી જ કરી રહ્યો છે. ૩૫ કરોડથી વધુ વાંચકો હોવા છતાં ઈ-પુસ્તકોનું વેચાણ ફક્ત ૦.૦૫% જેટલું જ છે.

ગુજરાતી પ્રકાશન ઉદ્યોગ અને ઈ-પુસ્તકો

ગુજરાતી ઈ-પુસ્તક પ્રકાશનને વિશ્વના અથવા ભારતીય પ્રકાશન સાથે પણ સરખાવીએ તો સરખામણી કંઈક અંશે હાથી અને કીડીથી પણ નાનકડા પદાર્થ જેવી થઈ જાય. અગ્રગણ્ય ગુજરાતી પ્રકાશકો હોય કે નાના પ્રકાશકો, કોઈ પણ આજ સુધી ઈ-પ્રકાશન કરતા નથી. અમુક પ્રકાશકોએ હવે મૂળ ગુજરાતી પુસ્તકોને બદલે ફક્ત અનુવાદિત પુસ્તકોના બજાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, તેથી અંગ્રેજી વાંચતા લોકો મૂળ પુસ્તક જ વાંચવાની વૃત્તિ રાખે છે જેથી એવા અનુવાદિત ઈ-પુસ્તકોનું બજાર ખૂલતા પહેલાં જ બંધ થઈ જાય છે. મૂળ ગુજરાતી પુસ્તકોની પ્રિન્ટ પ્રત સાથે ઈ-પ્રકાશન કરવાની કોઈ ગુજરાતી પ્રકાશકની ઈચ્છા હજુ સુધી જણાતી નથી. કોઈ પણ પુસ્તક માટે ડિજીટલ પ્રકાશન વિશે તેમની સાથે વાત કરતાં તેઓ હોંશે હોંશે એ માટે તૈયારી દેખાડે છે, અમે ‘ઈ-પુસ્તકના ક્ષેત્રમાં પ્રવેશવાનો વિચાર કરી રહ્યાં છીએ’ જેવો જવાબ તેમના તરફથી મળે છે, પરંતુ એ વિશે કોઈ તૈયારી આજ સુધી દેખાઈ રહી નથી.

સૌપ્રથમ ગુજરાતી વેબસાઈટ ચિરાગભાઈ ઝા દ્વારા 1998માં શરૂ કરાયેલી ઝાઝી.કોમ હતી. ગુજરાતી ઈ-પુસ્તકો માટે સૌપ્રથમ જે નામ મને યાદ આવે છે તે પુસ્તકાલય.કોમનું છે, મૂળ બાકરોલના જે ડી પટેલ ૨૦૦૨માં ગુજરાતી ઈ-પુસ્તકો મૂકવાની શરૂઆત કરી હતી. સપ્ટેમ્બર ૧૯૯૯માં અમેરિકાના કિશોર રાવળ દ્વારા “કેસુડા.કોમ” ઈ-માસિક શરૂ કરાયું જે ઈ-પુસ્તક સ્વરૂપની જ ઝાંખી હતી. આ ઉપરાંત 2007થી ‘અક્ષરનાદ.કોમ’ દ્વારા ગુજરાતી પુસ્તકોને યુનિકોડમાં ટાઈપ કરી કોમ્પ્યુટર તેમ જ આઈફોન, આઈપેડ તથા એન્ડ્રોઈડ સાધનો પર વાંચી શકાય તે રીતે વિશેષ લેઆઉટમાં મૂકીને ડાઊનલોડ માટે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવાઈ રહ્યા છે જેનો ડાઊનલોડ આંક એક લાખને પાર કરી ગયો છે. આવો જ એક અન્ય પ્રશંશનીય પ્રયાસ નિરંજન રાજ્યગુરુ દ્વારા તેમની વેબસાઈટ રામસાગર.ઓર્ગ દ્વારા કરાયો છે જ્યાં ગુજરાતી સંત સાહિત્ય અને પરંપરા વિશેના અનેક પુસ્તકો ડાઊનલોડ અને વાંચન માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે. જો કે આવા અસંગઠિત પ્રયાસો ઉપરાંત એકત્ર.કોમ દ્વારા ગુજરાતી ઈ-પુસ્તકોનું ઑનલાઈન વેચાણ શરૂ કરાયું છે તો અનેક ભારતીય ભાષાઓમાં ઈ-પુસ્તકોનું વેચાણ કરતી બુકગંગા.કોમનો ગુજરાતી પુસ્તકોના વેચાનના ક્ષેત્રમાં પ્રયાસ પણ સરાહનીય છે.

પરંતુ સૌથી વધુ નોંધનીય અને ગંજાવર કામ કર્યું છે ‘ફાર્બસ ગુજરાતી સભા’એ, જેમણે ૧૯૦૦ પહેલાં પ્રસિદ્ધ થયેલ ૬૦થી વધુ પુસ્તકોને ડિજીટલ અવતાર આપ્યો છે અને એ હવે વેચાણ માટે ઉપલબ્ધ છે. જો કે અફસોસની વાત એ છે કે ડિજીટલ વેચાણ કરતી આ સભાની પોતાની કોઈ વેબસાઈટ નથી

ગુજરાતી વાચકોએ દત્તક લીધેલા નવલકથાકાર

• દીપક મહેતા

'તમે ગણેશ આત્મારામ ખાંડેકરનું કોઈ પુસ્તક વાંચ્યું છે? આવો પ્રશ્ન પૂછવામાં આવે તો ઘણા ખરા મરાઠી વાચકો કહેશે : 'વાંચવાની વાત ક્યાં કરો છો? અમે તો આવા કોઈ મરાઠી લેખકનું નામ પણ સાંભળ્યું નથી!' 'એમની ખૂબ જાણીતી નવલકથા 'યયાતિ' પણ નથી વાંચી?' 'વાંચી છે, પણ એ તો વિષ્ણુ સખારામ ખાંડેકરે લખી છે, ગણેશ આત્મારામ ખાંડેકર નહીં.' હકીકતમાં ગણેશ આત્મારામ ખાંડેકર તે જ વિષ્ણુ સખારામ ખાંડેકર. ૧૮૯૮ના જાન્યુઆરીની ૧૧મીએ જન્મ. કૉલેજના બીજા વર્ષમાં ભણતા હતાં ત્યાં સુધી એ ગણેશ આત્મારામ ખાંડેકર તરીકે જ ઓળખાતા. પણ પછી કાકા સખારામ પંતે તેમને દત્તક લીધા ત્યારે નામ બદલીને વિષ્ણુ કર્યું. તેમને બીજી વાર દત્તક લીધા ગુજરાતી વાચકોએ. ગોપાળરાવ વિદ્વાંસ જેવા નિષ્ઠાવાન અનુવાદક ખાંડેકરનાં લગભગ બધાં પુસ્તકો અનુવાદ દ્વારા ગુજરાતી વાચકો સુધી પહોંચાડ્યાં. જે જમાનામાં કનૈયાલાલ મુનશી, રમણલાલ દેસાઈ, ગુણવંતરાય આચાર્ય, ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી જેવા લેખકોની બોલબાલા હતી તે જમાનામાં ખાંડેકરની નવલકથાઓ આપણી ભાષામાં પણ અત્યંત લોકપ્રિય બની. એટલું જ નહીં, આજ સુધી એ અવારનવાર ફરી છપાતી રહી છે. ૧૯૭૬ના સપ્ટેમ્બરની બીજી તારીખે ખાંડેકરનું અવસાન થયું, પણ આજે ય અસંખ્ય વાચકોના હૃદયમાં ભાઉસાહેબ ખાંડેકર જીવે છે.

વિષ્ણુ સખારામ ખાંડેકર

નાનપણમાં ભણવામાં હોશિયાર પંદર વર્ષની ઉમ્મરે મેટ્રિક થયા. આખા મુંબઈ ઈલાકામાં તેઓ આઠમે નંબરે પાસ થયા હતા, પછી પૂણેની ફર્ગ્યુસન કૉલેજમાં દાખલ થયા પણ કાકાએ તેમને દત્તક લીધા હતા તે ઘર અને ખેતીવાડી સંભાળે એટલે પૂણેમાં ભણતાં ભણતાં એ કાંઈ બને નહીં. એટલે દત્તક લેનાર પિતાએ કૉલેજના ભણતરનો ખર્ચ ઉપાડવાની ના પાડી દીધી. જન્મદાતા પિતા પણ તૈયાર ન થયા. એટલે વધુ ભણવાની ઇચ્છાને ગળે ટૂંપો દઈ ભાઉસાહેબ સાવંતવાડી ગયા પણ ત્યાં ગયા પછી તેમનું તન માંદું પડ્યું અને મન જમીનદારીમાં ચોંટ્યું નહીં. એટલે થોડા વખત પછી પંદર માઈલ દૂર આવેલા શિરોડે નામના ગામની ટુટોરિયલ સ્કૂલમાં માસ્તર તરીકે જોડાઈ ગયા. પણ શા માટે? આત્મકથામાં ખાંડેકર કહે છે. 'જગતનો કોઈ કાળે ઉદ્ધાર થશે તો તે શિક્ષકને હાથે જ થઈ શકશે એવી તે સમયે મારી ભોળી સમજણ હતી. વળી માસ્તરગીરી સિવાય ગામડામાં બીજું કંઈ કામ કરવાની મારામાં આવડત ન હતી.'

પણ આ વાત સાવ સાચી નહીં. ભાઉસાહેબમાં એક આવડત તો હતી જ - લખવાની. ઉદ્યાન અને નવયુગ જેવા એ વખતનાં સામયિકોમાં તેમનાં લખાણ પ્રગટ થવા લાગ્યાં. ૧૯૩૦માં પહેલી નવલકથા 'હૃદયાચી હાંક' પ્રગટ થઈ અને બીજે વર્ષે પ્રગટ થઈ 'કાંચનમૃગ'. પછી તો જાણે નવલકથાની વણજાર ચાલી. ઉલ્કા, દોન ધ્રુવ, હિરવા ચાફા, પાંઢરે ઢગ, પહિલે પ્રેમ, અશ્રુ, ક્રૌંચવધ. જેમ જેમ પ્રગટતી ગઈ આ નવલકથાઓ તેમ તેમ તેમાંનાં આદર્શવાદ. ગરીબો પ્રત્યેની સહાનુકંપા, સામાજિક ન્યાય માટેની ઝંખના અને ગાંધીવાદી મૂલ્યોના પુરસ્કારને લીધે મોટી સંખ્યાના વાચકોને આકર્ષતી ગઈ. પણ સૌથી વધુ પ્રતિષ્ઠા

(અનુસંધાન પાન 9 પરેથી)

અને આવા અસંગઠિત પ્રયાસને લોકભોગ્ય કરવા અને પ્રસાર માટે કોઈ વેબસાઈટે ખાસ નોંધ લીધી નથી. સીડી પર આ પુસ્તકો ઉપલબ્ધ છે.

ગુજરાતી પ્રકાશકો અને ઈ-પુસ્તક વિરક્તિ

ગુજરાતી પ્રકાશકોની ઈ-પ્રકાશનની અનિચ્છાના અનેક કારણો હોઈ શકે, જેમાં મુખ્ય છે પ્રસ્થાપિત વેચાણ માધ્યમનો અભાવ, ટેકનોલોજી વિશેની જાણકારીનો અભાવ તથા ઓછી સંખ્યામાં ઓનલાઈન વાચકો. પરંતુ સૌથી મોટી રૂકાવટ છે તેમનો કોપીરાઈટ, અનિયંત્રિત પ્રસાર તથા તેથી પ્રિન્ટેડ પુસ્તકોના વેચાણમાં ઘટાડો, પ્રકાશન ખર્ચ, નફા અને રોયલ્ટીમાં ભંગાણનો ભય.

આ વાતને વધુ વિગતે સમજવા એક ઘટના વિચારીએ. ધારો કે 'અ' એક વેબસાઈટ પરથી પુસ્તક ખરીદે છે, વાંચે છે અને પોતાના ડિજીટલ સાધનમાંથી તે 'બ' તથા 'ક' ને આપે છે. 'બ' એ પુસ્તક વાંચીને 'ચ', 'છ' તથા 'ઘ' ને આપે, આમ એક વખત ખરીદાયેલા એ પુસ્તકની અનેક પ્રત ફરતી થઈ જાય, આ ઉપરાંત ફાઈલશેરીંગ વેબસાઈટ પર તેનું મૂકાઈ જવું અથવા ઈ-મેલમાં ફરતા થઈ જવું એ પ્રકાશકોના અન્ય ભયસ્થાનો છે. તકલીફ એ પણ છે કે ગુજરાતી વાચકવર્ગમાં ઓનલાઈન ખરીદીની ટેવ હજુ મોટા સ્તરે વિકસી નથી, એ ફક્ત અમુક વિસ્તારો - શહેરો પૂરતી મર્યાદિત છે.

આ ક્ષેત્રમાં જે ટેકનોલોજીની કદાચ ગુજરાતી પ્રકાશકો સુધી પહોંચી નથી તે છે ડીઆરએમ (ડિજીટલ રાઈટ્સ મેનેજમેન્ટ). સામાન્ય વસ્તુઓના વેચાણ માટે ઉપલબ્ધ સુવિધાઓ કે ઈ-કોમર્સ ઑનલાઈન પોર્ટલ ઈ-પુસ્તકોના વેચાણ માટે વાપરી શકાય નહીં, એ માટે ડીઆરએમની મદદથી વાચકના મૂલ્ય ચૂકવણી મુજબ વિવિધ સ્તર તથા તેના હકો નક્કી કરવામાં આવે, જેની મદદથી તે એક કે તેથી વધુ લોકો સાથે પુસ્તક વહેંચી શકે એવી પરિસ્થિતિ કાબૂમાં રાખી શકાય છે. ઑનલાઈન ગ્રાહકને અમુક હક મળે છે, અમુક બંધન હોય છે અને કેટલાક આડલાભ પણ મળી શકે છે. ઈ-કોમર્સ વેબસાઈટ્સ ફક્ત વેચાણ માટે છે, ત્યાં વેચાણ પછીના રાઈટ્સ મેનેજમેન્ટનો સવાલ આવતો નથી. પણ ડિજીટલ વસ્તુ એક વખત વપરાશકારના હાથમાં આવે પછી તેની સાથે એ શુ કરી શકે એ કાબૂ કરવાની રીતને ડિજીટલ રાઈટ્સ મેનેજમેન્ટ કહેવાય છે, અને તેના માટે અનેક ઑનલાઈન સુવિધાઓ જેવી કે કન્ટેન્ટગાર્ડ.કોમ તથા ડિજીમાર્ક.કોમ વગેરે ઉપલબ્ધ છે. જો કે બે વખત કોપી કરવાની પરવાનગી ખરીદી છે તેવા 'અ'ને તેના ડેસ્કટોપ અને લેપટોપમાં કોપી કરેલ ઈ-પુસ્તક મોબાઈલમાં પણ કોપી કરવું હશે તો તે શક્ય બનશે નહીં. આ ટેકનોલોજીની મદદથી ઑનલાઈન વહેંચણી તથા મૂળ કૃતિ અને તેની નકલો કાબૂમાં રાખી શકે છે.

આમ અમેરિકન તથા યુરોપીયન બજારની જેમ ભારતીય અને વિશેષત: ગુજરાતી પ્રકાશકો પાસે એક વ્યવસ્થિત અને આયોજીત ડિજીટલ પ્રકાશન તથા વેચાણનું માળખું ઉપલબ્ધ નથી. ગુજરાતી પ્રકાશકો માટે વિકલ્પો એ છે કે તેમણે અમેઝોન જેવી કંપનીઓ અહીં આવી વેચાણ શરૂ કરે (જો કરે તો) -ની રાહ જોવી, કોઈ એવી અહીં વિકસી રહેલી પ્રણાલીને સ્વીકારી તેના ભાગ બનવું અથવા સ્વત: એવી વ્યવસ્થા વિકસાવવી. જો કે આ ત્રણમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ ન કરીને ગુજરાતી પ્રકાશકો હજુ પણ ઈ-પ્રકાશનથી ઘણા દૂર અને લગભગ નકારાત્મક વલણવાળા છે. છતાં અનેક ઉત્સાહી વેબસાઈટ્સ – બ્લોગ્સની મદદથી વાંચકોની ઑનલાઈન ગુજરાતી વાંચનની ભૂખ અંશત: સંતોષાઈ રહી છે. આશા રાખીએ ટૂંક સમયમાં આ પરિસ્થિતિ બદલાય અને પ્રકાશકો દ્વારા ઉપલબ્ધ સુવિધાઓ દ્વારા આપણે આપણા હાથમાં રહેલ મોબાઈલ અથવા નાનકડા રીડરમાં અનેક પુસ્તકો ખરીદી, સંગ્રહી અને વાંચી શકીએ.

(25 મે 2012)

http://aksharnaad.com/downloads/

e.mail : adhyaru19@gmail.com

'All's Well That Ends Well'નું 'મારો પિયુ ગયો રંગૂન'

• ચિરાગ ઠક્કર 'જય'

આ પહેલાં બે વખત શેક્સપિયરના ગ્લોબની મુલાકાત લેવાનો મોકો મળ્યો છે. પહેલીવાર 'હેમ્લેટ' જોયું હતું, જ્યારે બીજી વાર 'મચ અડુ અબાઉટ નથિંગ' જોયું હતું. બંને વખતે ગુજરાતી રંગભૂમિ અને જોયેલા ગુજરાતી નાટકો યાદ આવતા રહ્યાં અને ગુજરાતી રંગભૂમિની અને અંગ્રેજી રંગભૂમિની સરખામણી મનોમન થયે રાખતી. પણ મનના કોઈ અજ્ઞાત ખૂણે હંમેશાં એમ જ થયે રાખતું કે 'comparison always brings unhappiness.' માટે મનમાં આ જે સરખામણીઓ થઈ રહી છે તે અયોગ્ય છે. (ગુજરાતી રંગભૂમિની તત્કાલીન પરિસ્થિતિ યાદ આવતા ખરેખર unhappiness જ થઈ રહી હતી.) પછી જ્યારે જાણવા મળ્યું કે 'ગ્લોબ ટુ ગ્લોબ' સિરીઝ હેઠળ શેક્સપિયરના ૩૭ નાટકો અલગ-અલગ ૩૭ ભાષામાં રજૂ થવાના છે અને તેમાં 'All's Well That Ends Well' ગુજરાતી ભાષામાં રજૂ થવાનું છે, ત્યારથી જાણે કે એ સરખામણી કરવાનું કાયદેસરનું બહાનું મળી ગયું અને તે નાટક જોવા માટે મન તલપાપડ થવા લાગ્યું.

24 મે, 2012ના દિવસે નાટક જોયા પછી કેટલીય ભાવનાઓનું ઘોડાપૂર મનમાં ધસી આવ્યું. સૌ પ્રથમ તો મારા ગુજરાતની જે સોડમ આવી તેણે ખરેખર આંખો ભીની કરી નાખી. ધાર્યું હતું કે એ મૂળ નાટકનો સમશ્લોકી અનુવાદ હશે પણ આ તો એક અલગ જ રૂપાંતર નીકળ્યું. મિહિર ભુતાએ આખા નાટકનો હાર્દ સાચવી રાખીને તેનું સંપૂર્ણ ગુજરાતીકરણ કર્યું છે. (મુંબઈમાં આ નાટક 'મારો પિયુ ગયો રંગૂન'ના નામે રજૂ થઈ ચૂક્યું છે.)

શેક્સપિયરનું નાટક 'All's Well That Ends Well' તેના બહુ ઓછા ભજવાતા નાટકમાંનું એક છે. તેને આધુનિક વર્ગીકરણ મુજબ કોમેડિ કે ટ્રેજડી ન ગણતાં 'પ્રૉબ્લેમ પ્લે' ગણવામાં આવે છે. ('પ્રૉબ્લેમ પ્લે' એટલે એવું નાટક કે જેમાં કોઈ સામાજિક સમસ્યાને નાટકની વાર્તા વસ્તુમાં ગૂંથીને રજૂ કરવામાં આવે છે. જેમકે 'A Doll's House' વાળા હેન્રિક ઈબ્સન(Henrik Ibsen)ના નાટકો.) જો કે દિગ્દર્શક સુનિલ શાનબાગ અને સ્વરૂપાંતરકાર મિહિર ભુતાએ આ નાટકને મનોરંજક બનાવવામાં કોઈ જ કસર છોડી નથી માટે આ ગુજરાતી સ્વરૂપાંતરને કોમેડિની કક્ષામાં મૂકી શકાય તેમ છે.

રોસિલોન અને ફ્રાન્સના રાજાના દરબારના બદલે અહીં સૌરાષ્ટ્રનું રસોળી ગામ અને મુંબઈ છે તથા ફ્લૉરેન્સના સૈન્યના બદલે રંગૂનનો અફીણનો વેપાર છે. (ગુજરાતને આમ પણ યુદ્ધ કરતાં વેપારમાં વધારે રસ ખરો ને!) પાત્રોનાં નામ પણ એવી ચતુરાઈથી બદલવામાં આવ્યા છે કે મૂળ શેક્સપિરિયન નામ તરત જ યાદ આવી જાય અને છતાં ય એકદમ ગુજરાતી જ લાગે. હિરોઈન હેલેના(Helena)નું હેલી, નાયક બર્ટ્રામ(Bertram)નું ભરતરામ, કાઉન્ટેસ (Countess)નું કુંતી, પેરોલિસ(Parolles)નું પર્વત, લાફ્યુ(Lafew)નું લાફાભાઈ, કિંગ ઓફ ફ્રાન્સ(King of France)નું રાવબહાદુર ગોકુળદાસ સવારામ ભાટિયા અને ડાયના(Diana)નું અલકિની બંધબેસતું લાગે છે. શેક્સપિયરના નાટકમાં આવતી ક્લાસ સિસ્ટમ અને જ્ઞાતિ પ્રથાની સમસ્યા તેના ભારતીય રૂપાંતરમાં વધારે પોતીકી લાગે એ કેટલું સ્વાભાવિક છે. રાજાને થયેલા રોગ Fistulaને બદલે અહીં ગોકુળદાસને થયેલ ટી.બી. છે.

નાટકનો પ્લોટ ઘણો જ સરળ છે અને શેક્સપિયરના મૂળ નાટક સાથે પણ બહુ જ મળતો આવે છે. નિરાધાર હેલીને પોતાના પિતા પાસેથી વારસામાં વૈદકશાસ્ત્રનું જ્ઞાન મળ્યું છે. તે પોતાને આશરો આપનાર કુંતીના પુત્રના પ્રેમમાં છે પરંતુ તેને પામવો કેવી રીતે? શહેરમાં જઈ, વેપાર કરીને કંઈક કરી બતાવવાના સપના સાથે નાયક ભરતરામ પોતાના મામા રાવબહાદુર ગોકુળદાસ સવારામ ભાટિયા પાસે મુંબઈ જાય છે. તેની પાછળ-પાછળ હેલી પણ મુંબઈ જાય છે, ગોકુળદાસના ટી.બી.ની સારવાર કરે છે અને બદલામાં ભરતરામનો હાથ માંગી લે છે. મામાની આજ્ઞાને વશ થઈને ભરતરામ કમને હેલી સાથે પરણીને હેલીને તેની માતા કુંતી પાસે રસોળી મોકલી આપે છે અને પોતે વ્યાપારાર્થે રંગૂન ચાલ્યો જાય છે. ત્યાંથી તે હેલીને પત્ર લખે છે જો હેલીએ ભરતરામને પામવો હશે તો તેની બે અશક્ય શરત પાળવી પડશે. (અહીં શેક્સપિયર પહેલા 'અભિજ્ઞાનશાકુંતલમ'માં આ વીંટી વાળી વાત રજૂ થઈ ચૂકી છે તે યાદ આવ્યા વિના રહેતું નથી.) હેલી ભરતરામની પાછળ રંગૂન પહોંચી જાય છે અને જેની પાછળ ભરતરામ મોહિત થયો છે તે અલકિનીની સહાયથી શરત કઈ રીતે પૂરી કરે છે જોવાની મજા આવે છે.

નાટકનું સ્વરૂપાંતર કરતી વખતે નાટકના હાર્દને સાચવી રાખીને તેમાં કેટલીક વસ્તુ બાદ કરવામાં આવી છે અને કેટલીક વસ્તુઓ ઉમેરવામાં આવી છે. મૂળ નાટકમાં નથી તેવું લગ્નનું દ્રશ્ય ગુજરાતી દર્શકોને ધ્યાનમાં રાખીને ઉમેરવામાં આવ્યું છે. હેલી અને ભરતરામ વચ્ચેની કડવી તુ-તુ-મે-મેને પણ ઉમેરવામાં આવી છે. નાટકના મધ્યાહ્ન પછીમાં આવતી અપહરણની આખી વાત બાદ કરવામાં આવી છે. તેમ છતાં નાટકમાં કશું ખૂટતું હોય તેમ લાગતું નથી, માટે મિહિર ભુતાની મહેનત લેખે લાગી તેમ કહી શકાય. ગુજરાતી દર્શકો નાટકમાં આકર્ષક સ્ટેજ અને બેકડ્રોપ્સ, લેટેસ્ટ સાઉન્ડ સિસ્ટમ અને લાઈટિંગ ઈફેક્ટ્સથી સર્જાતું ત્રિપરિમાણીય પોત જોવા ટેવાયેલા છે અને ગ્લોબ થિયેટરમાં આ કશીય સુવિધા ન હોવાથી ગુજરાતી દર્શકોને આકર્ષે તેવું નાટક ગ્લોબમાં રજૂ કરવું પડકારજનક વાત હતી, પણ આ બધા નાના-મોટા અવરોધો પાર કરીને પણ નાટક ખૂબ જ મનોરંજક બની શક્યું છે.

જોકે ઊડીને આંખે વળગે (સોરી, કાને વળગે તેવો) તફાવત હતો નાટક દરમિયાન છૂટથી વપરાયેલાં ગીતો. પારંપરિક ભવાઈને જેમ અહીં ઘણાં-બધાં ગીતો આવતાં રહ્યાં છે. આ ગીતોના સંદર્ભે એક બીજી વાત પણ નોંધવી રહી કે ઘણી જગ્યાએ મૂળ નાટકમાં જ્યાં સ્વગતોક્તિ (Soliloquy) આવતી હતી

(અનુસંધાન પાન 10 પરથી)

મળી તે ૧૯૫૯માં પ્રગટ થયેલી 'યયાતિ' નવલકથાને પ્રતાપે. એ વખતની મુંબઈ સરકારનો પુરસ્કાર, દિલ્હીની સાહિત્ય અકાદમીનો પુરસ્કાર અને ભારતીય જ્ઞાનપીઠનો એવૉર્ડ - એમ ત્રણ ત્રણ પુરસ્કાર તેને મળ્યા. જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર ખાંડેકર પહેલા મરાઠી લેખક હતા. પૌરાણિક કથાનો દેહ ધરાવતી આ કૃતિનો માહ્યલો તત્કાલીન પરિસ્થિતિનો છે. ખાંડેકરે જ કહ્યું છે: 'યયાતિ એ આજના સર્વસામાન્ય મનુષ્યનો પુરાણકાળમાં પ્રતિષ્ઠિત થયેલો પ્રતિનિધિ છે. જૂનાં આધ્યાત્મિક મૂલ્યોનો લોપ થયો છે, અને નવાં આધ્યાત્મિક મૂલ્યોનું નિર્માણ થયું નથી એવા સંધિકાળમાં સર્વસાધારણ મનુષ્ય યયાતિની જેમ જ જીવી રહ્યો છે. સુખની પાછળની આંધળી દોટ એ જ તેનો ધર્મ બની રહી છે.'

(સૌજન્ય : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર" 22.03.2012)

તેની જગ્યા અહીં ગીતોએ લીધી છે. એક તો આપણી પરંપરા છે દરેક સારા-નરસા પ્રસંગોએ ગીતો ગાવાની અને બોલિવુડ મૂવીઝે પાડેલી આદત છે કે કથાનકમાં વચ્ચે-વચ્ચે ગીતો હોવાં જોઈએ – આ બંને વસ્તુઓને કારણે ઉદય મઝુમદારે સ્વરબદ્ધ કરેલાં બધાં ગીતો આપણને ગમે તેવાં છે. આ ઉપરાંત, તે નાટકની શોભા માત્ર નથી પણ અભિન્ન અંગ સમા છે કારણ કે ઘણી જગ્યાએ તેના થકી કથાનક આગળ વધે છે. તેમાં ય નાયિકા હેલીનું પાત્ર ભજવનાર હેલી પારેખ ગીતની તાલીમ પામેલ છે માટે તેના દ્વારા ગવાતાં ગીતો (અને ખાસ કરીને 'કાચી-કાચી ઇચ્છાઓના અંગારા લઈ હું ફરતી') ને ખૂબ જ તાલીઓ મળતી હતી. આ ઉપરાંત ગોકુળદાસના મુખે ગવાતું પ્રથમ ગીત, કે ભરતરામ અને પરવતના મુખે ગવાતી મુંબઈ દર્શનની વાત કે હેલી દ્વારા અલકિનીને પોતાનો ભૂતકાળ કહેવા ગવાતું ગીત અને લાફારામનાં ગીતો પણ ગમે તેવાં છે.

આપણા પ્રિય શેક્સપિયરની આદત છે તેની નાયિકાઓને (નાયક કરતાં પણ વધારે) પાસાદાર અને પ્રભાવક બનાવવી અને એ જ પરંપરા મુજબ તેમણે હેલેનાનું પાત્ર સર્જ્યું છે અને સ્વરૂપાંતરમાં પણ હેલીનું પાત્ર (માનસી પારેખ) એવી જ રીતે રજૂ થયું છે. નાટકની શરૂઆતથી અંત સુધીમાં સૌથી વધુ સહાનુભૂતિ અને તાલીઓ હેલીને મળે છે. પણ નાટક પૂરું થયા બાદ એવો વિચાર આવે કે ભરતરામ પાછળ ઘેલી થયેલી હેલીએ ભરતરામમાં એવા તે કયા ગુણ જોયા? દર્શકોને જરા પણ પસંદ ન આવે તેવા નાયકમાં નાયિકાએ શું જોયું? હેલેનાના પાત્ર માટે જે કહેવાયું છે કે 'a girl who loved not wisely, but well.' એ જ હેલી માટે પણ કહી શકાય.

જ્યારે નાયક ભરતરામનું પાત્ર (ચિરાગ વોરા) મૂળ નાટક કરતાં પણ વધારે નબળું રજૂ થયું છે. મૂળ નાટકમાં Bertram ફ્લોરેન્સની સેનાનો સેનાપતિ બની તેની બહાદુરીના ડંકા જરૂર વગાડી દે છે. માટે જ્યારે તે હેલેનાને છોડીને બીજા પાત્રની પાછળ ઘેલો થાય ત્યારે તે તેની નબળાઈ નહીં પણ પસંદનો પ્રશ્ન લાગે છે. જ્યારે આ સ્વરૂપાંતરમાં નાયક ભરતરામ કોઈએ બતાવેલા સ્વપ્નની પાછળ પાગલ બનીને પોતાનું શ્રેય ન સમજનાર 'કાચા કાન'ના પાત્ર તરીકે રજૂ થયો છે. પાત્રની મૂળભૂત નબળાઈ લંબાણપૂર્વક રજૂ કર્યા બાદ હેલીના મૃત્યુના સમાચારથી એકદમ લાઘવમાં થતું ભરતરામનું હૃદયપરિવર્તન અને અંતમાં સઘળો દોષ પરવત પર ઢોળીને 'હું તો બોલ્યો ય નથી, ને હું તો ચાલ્યો ય નથી' જેવી ચોખ્ખા થઈ જવાની ચેષ્ટા જરા પણ ગળે ઉતરતી નથી. આટલા નબળા નાયકને કારણે નાયિકાની તેની પસંદગીથી નાયિકાનું પાત્રાલેખન પણ નબળું થઈ જાય છે. ભરતરામ ઘરથી જેટલો વધારે સમય દૂર રહે, તેમ-તેમ તેનાં વસ્ત્રો વધારે ને વધારે વેર્સ્ટનાઈઝ્ડ થતાં જાય છે, એ વાત ઘણી સૂચક છે.

રાવબહાદુર ગોકુળદાસ સવારામ ભાટિયાનું પાત્ર (ઉદય મઝુમદાર) મૂળ નાટકના King of Franceના પાત્રને બરોબર ન્યાય આપે છે. રાજાનું પાત્ર ન હોવા છતાં તેઓ રાજવી અસર નીપજાવી શક્યા છે અને એટલે સુધી કે દર્શકો પણ તેમના સંવાદ 'રાવબહાદુર ગોકુળદાસ સવારામ ભાટિયાનો શબ્દ ઉથાપાય..'ની પૂર્ણાહુતિ '.. નહીં' બોલીને કરે છે. આ પાત્રએ નાયિકા બાદ સૌથી વધારે તાલીઓ પડાવી છે. તેમાં ય એક દૃશ્ય તો ખાસ પસંદ આવે તેવું છે. હેલી તેમના ટી.બી.ની દવા કરે છે ત્યારે તેઓ સ્ટેજની મધ્યમાં રાખેલી ખુરશીની ફરતે ધીમે-ધીમે પાંડુના સહારે ગોળ-ગોળ ફરતા જાય છે અને જેમ-જેમ દવાની અસર થતી જાય છે તેમ-તેમ તેમની ઝડપ વધતી જાય છે. છેવટે રોગ સંપૂર્ણ મટી જતાં તેઓ જાતે જ એક ચક્કર લગાવે છે અને દર્શકો આ દૃશ્યને તાલીઓના ગડગડાટથી વધાવી લે છે.

Lafewનું પાત્ર ભજવનાર લાફારામ (અર્ચન ત્રિવેદી) ખરેખર આ નાટકના સૂત્રધાર બનીને આવે છે અને જાનદાર અભિનય વડે દર્શકોની ખૂબ જ તાલીઓ પડાવી જાય છે. Countess of Rossillion માટે બર્નાડ શોએ લખ્યું હતું 'the most beautiful old woman's part ever written' અને આ સ્વરૂપાંતરમાં કુંતી (મીનળ પટેલ) દ્વારા રજૂ થયેલું એ પાત્ર પણ એટલું જ જાજરમાન લાગે છે. આપણા માનસમાં પારંપરિક માતાની જે છબી સચવાયેલી છે તેને આ પાત્ર બરાબર ન્યાય આપે છે. ખલનાયક પેરોલિસ(Parolles)નું પર્વત(સચ્ચિત પુરાણિક)ના નામે થયેલું સ્વરૂપાંતર નાયકની જેમ જ નબળું છે. મૂળ નાટકમાં રજૂ થયેલું પેરોલિસનું પાત્ર શેક્સપિયરના અન્ય નાયકો જેટલું અસરકારક નથી અને અહીં સ્વરૂપાંતર પામેલું પાત્ર તો ખૂબ જ નબળું છે. ડાયેનાનું સ્વરૂપાંતર અલકિની (નિશિ દોશી) અત્યંત આકર્ષક રીતે રજૂ થયું છે. ખરેખર તો એ પાત્ર મૂળ નાટક કરતાં પણ વધારે મજબૂત છે. રંગૂનની રમણી તરીકેની તેની રજૂઆત ગમે તેવી છે. ઉપરાંત આ નાટકમાં તે માત્ર એક પાત્ર નહીં પણ હેલીની મિત્ર પણ બની જાય છે, જે આપણને ગમે તેવો ફેરફાર છે. પાંડુનું પાત્ર ભજવનાર અજય જયરામે તેના નાનકડા પાત્રને પૂરતો ન્યાય આપ્યો છે અને તેના દ્વારા શેક્સપિરિયન નાટકની જેમ comic relief મળ્યા કરે છે.

આ નાટકની રજૂઆતમાં તુલસી ક્યારો, એક ખુરસી, બે ટેબલ, થૂંકદાની, વાટકી, ચમચી, બાયોસ્કોપ, ભોંપું, વિવિધ ટોપીઓ, વીંટી, બોટલ, બે બાજઠ, પલંગ જેવા પ્રોપ્સ વપરાયા છે જે શેક્સપિરિયન સ્ટેજ કરતાં વધુ પરંતુ ગુજરાતી સ્ટેજ કરતાં ઓછા છે. ઉદય મઝુમદારે ત્રણ સંગીતકારો (સદા મુલિક, વિનોદ પડગે અને જયેશ ધારગલકર) વડે હાર્મોનિયમ, તબલા અને ઢોલકનો ઉપયોગ કરીને સ્ટેજ પર જ સંગીત આપ્યું છે જે કર્ણપ્રિય છે. Bed-trick વાળું (ગુજરાતી તખ્તા માટે અઘરું) દૃશ્ય ખૂબ જ શાલિનતાથી સ્ટેજ પર ભજવવામાં આવ્યું છે.

નાટકના મંચન દરમિયાન બિનગુજરાતીઓ અને બિનભારતીઓની બહોળા પ્રમાણમાં હાજરી આનંદદાયક હતી. તેમને સ્ટેજ પર શું ચાલી રહ્યું છે તે જણાવવા માટે સ્ટેજની બંને બાજુ ઇલેક્ટ્રોનિક ડિસ્પ્લે પર દરેક દૃશ્યની અગત્યની વાતો સારાંશ રૂપે રજૂ થતી હતી. આ ઉપરાંત તાલીઓમાં ઉદાર દર્શકગણે જે શિસ્ત જાળવી હતી, તે પણ નોંધનીય હતી. જોકે એ જોયા બાદ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે કરેલી ટિપ્પણી જરૂર યાદ આવી હતી. તેમણે કહ્યું હતું કે આપણા ભારતીયો વિદેશમાં જઈને ત્યાંના નીતિ-નિયમોનું પાલન કરશે અને કચરો કચરાપેટીમાં નાખશે પણ તે જ લોકો ભારતમાં એમ નહીં કરે, એ આશ્ચર્ય અને દુઃખની વાત છે. આપણા સમાજમાં રૂઢ થયેલી 'અરેંજ મેરેજ'ની સમસ્યાને આ નાટક દ્વારા વાચા અપાઈ હોય તેમ લાગે, પણ છેવટે 'All's Well That Ends Well' છે, માટે એ સમસ્યાને અસરકારક રીતે રજૂ નથી થઈ શકી, અને આપણે તો આ નાટકને કોમેડિ જ ગણવું રહ્યું.

શેક્સપિયરના હોલમાર્ક સમા wit and wisdom વાળા સંવાદો આ નાટકમાં ઠેર-ઠેર છે. કેટલાક ઉદાહરણ:

- બાપાના જોડા પહેરવાથી બાપાની ચાલ ન આવડે.
- લગન એ બેડી નહીં લગામ છે.
- જે મુખ જોઈને હરખાય તે નાર, અને હરખાતું મુખ જોઈને જે યાદ આવે તે સગુણા નાર.
- જેવી હરજીની મરજી.
- ભરત નામનું ગાડું હજી તો ભાગોળે ય પહોંચ્યું નથીને રુંવે-રુંવે ઝુરાપો આવી ગયો.
- વાડામાં છીંડું પાડીને ચોર ઘૂસે તેમ સપનાં નિંદરમાં છીંડું પાડીને ઘૂસી ગયાં.
- વાયુ, પિત્ત અને કફ ત્રણેય છાતીમાં હુલ્લડ મચાવે છે.
- સુખ તો કોઈ સ્વજનની સાથે રહીને ભોગવીએ તો જ સાર્થક થાય.
- દિવસની સાક્ષીએ તું મારી પત્ની છે પણ રાતની સાક્ષીએ મારી પત્ની કોઈ દિવસ નહીં બને.
- અંધારામાં આંગળીઓને પણ આંખ ઊગે છે.
- પ્રેમ શોધવાનો ન હોય, ઓળખવાનો હોય.
- સુખ એ પામવાની મિલકત નથી, માણવાની વાત છે.

મૂળ નાટકના ગમતા સંવાદો :

- Our remedies oft in ourselves do lie,/Which we ascribe to heaven.
- Oft expectation fails, and most oft there/ Where most it promises.
- It is like a barber's chair that fits all buttocks.
- They say miracles are past.
- A young man married is a man that's marred.
- No legacy is so reach as honesty.
- The web of our life is of a mingled yarn, good and ill together:/Our virtues would be proud if our faults whipped them not;/And our crimes would despair if they were not cherished our own virtues.
- The inaudible and noiseless foot of time.
- Simply the thing I am/Shall make me live.
- Praising what is lost/ Makes the remembrance dear.

ટૂંકમાં જોવા જેવું રંગીન આનંદદાયક નાટક.

(સૌજન્ય : 'યુ.કે. બાઇટ્સ')

e.mail : chiragthakkar.jay@gmail.com

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ...

ગ્લોબ થિયેટરમાં શેક્સપિયરનું નાટક ગુજરાતીમાં ભજવાયું એ ગૌરવની વાત છે

• ઉત્કર્ષ મઝુમદાર / સોનલ શુક્લ



સમસ્ત ગુજરાતીઓ માટે ને ખાસ કરીને ગુજરાતી નાટ્યકર્મીઓ માટે 23 અને 24 મે 2012ના દિવસ ગૌરવવંતા કહી શકાય કારણ આ દિવસોએ લંડનમાં શેક્સપિયરના ગ્લોબ થિયેટરમાં શેક્સપિયરનું નાટક ગુજરાતીમાં ભજવાયું.

લંડનમાં યોજાનારી ઓલિમ્પિક્સ ગેમ્સના ઉપલક્ષમાં 'ગ્લોબ ટુ ગ્લોબ' નામના શેક્સપિયર ફેસ્ટિવલનું કલ્ચરલ ઓલમ્પિયાડ દ્વારા આયોજન થયું.

શેક્સપિયરે કુલ્લે ૩૭ નાટકો લખ્યાં. જેમાં ૧૭ કોમેડી, ૧૦ ટ્રેજેડી ને ૧૦ ઐતિહાસિક નાટકો એમ એક બહોળું વર્ગીકરણ થઈ શકે. ડોમનિક ડ્રુમગુલે નામના 'ધ ગ્લોબ'ના આર્ટિસ્ટિક ડાયરેક્ટરે આની પરિકલ્પના કરી ને ટોમ બર્ડ નામના ફેસ્ટિવલ ડિરેક્ટરે સમગ્ર આયોજન કર્યું. શેક્સપિયરનું એક નાટક 'ઓલ્સ વેલ ધેટ એન્ડ્સ વેલ જે કોમેડી તરીકે વર્ગીકૃત થયું છે ને આમ પાછું 'પ્રોબ્લેમ પ્લે' તરીકે પણ ગણાવાયું છે. એનું ગુજરાતી રૂપાંતર 'સૌ સારું જેનું છેવટ સારું'ના નામે અહીં ભજવાયું. હિન્દુસ્તાનમાં આ નાટક 'મારો પિયુ ગયો રંગૂન' નામે ભજવાય છે. ફેસ્ટિવલવાળાઓને બધાં નાટકોનાં શીર્ષકનાં શબ્દશ: ભાષાંતર જોઈતાં હોવાને લીધે આમ થયું.

દરેક દેશમાંથી એક એક ભાષામાં એક એક નાટકને આમંત્રિત કરાયાં, અપવાદરૂપ ભારત નીકળ્યું. આપણી બે ભાષાનાં નાટકોને આમંત્રિત કરાયાં. હિન્દી અને ગુજરાતી.

મુંબઈવાસીઓ માટે વિશેષ ગૌરવની વાત એ છે કે બન્ને નાટકો મુંબઈનાં હતાં. દિગ્દર્શક અતુલકુમારનું 'ટ્વેલ્થ નાઈટ' એટલે કે 'બારહવી રાત' જેનું હિન્દુસ્તાનમાંની ભજવણીનું નામ રખાયું છે 'પિયા બહરૂપિયા' ને સુનીલ શાનબાગ દિગ્દર્શિત 'સૌ સારું ...' ઉર્ફે 'મારો પિયુ ગયો રંગૂન'. ગુજરાતી ભાષાના નાટકની પસંદગીનો પણ રસપ્રદ ઈતિહાસ છે. ગુજરાતીઓમાં સંઘભાવના ને સહકાર સધાય તો કેવું ઉમદા કામ થઈ શકે એનું આ જીવંત ઉદાહરણ છે. આગળ જણાવ્યા મુજબ એક દેશ એક ભાષા એક નાટક એવી નીતિ હતી. ગ્લોબવાળાઓએ લંડનસ્થિત ભારતની સાંસ્કૃતિક ઓળખ સમી ભારતીય વિદ્યા ભવનનો સહકાર માગ્યો. ભવનના નાટ્ય વિભાગના ચેરમેન સુરેન્દ્ર પટેલે પૂછ્યું ગુજરાતીમાં નાટક કેમ નથી? રાખો. લંડનમાં આટલા બધા ગુજરાતીઓ છે, બધા ઊમટશે. ભારત યુરોપ જેટલું મોટું છે ને યુરોપની જેમ પુષ્કળ ભાષાઓ છે. તમે બીજી ભાષાઓને પણ સ્થાન આપો. એ ન થઈ શકે એમ હોય તો ગુજરાતીને તો આપો જ આપો. લંડનના 'ગુજરાત સમાચાર' અને 'એશિયન વોઈસ'ના તંત્રી, માલિક સી. બી. પટેલે ઓફર કરી કે 'ગુજરાત સમાચાર'ના વાચકોને 35/25 પાઉન્ડની ટિકિટ 10 પાઉન્ડમાં ઉપલબ્ધ થશે. આમ ગુજરાતી ભાષાની પસંદગી થઈ. ગુજરાતીઓએ મારું-તારું મૂકીને સાથે મળીને કામ કર્યું ને ઈતિહાસ સર્જ્યો.

માત્ર નાટકની ભજવણીથી ઈતિહાસ નથી સર્જાયો. ભજવણીની ગુણવત્તા ઉત્તમ હોવાને લીધે પ્રેક્ષકો આફરીન આફરીન થઈ ગયા ને તાળીઓનો વરસાદ વરસ્યો. 23મી મેએ બપોરના 2.30 વાગ્યે પ્રયોગ હતો ને 24મીએ સાંજે 7.30 વાગ્યે. એકે બેઠક ખાલી ન રહી. ઊભા રહીને પાંચ પાઉન્ડમાં નાટક જોવા મળે તો ગરમી સહન કરીને ઊભાં ઊભાં પણ નાટક જોનારા અઢળક નીકળ્યા. જોનારામાં 70 ટકા ગુજરાતીઓ હતા તો 30 ટકા અંગ્રેજો હતા. એ લોકો ગુજરાતી નાટક જોવા શું કામ આવે? શું સમજ પડે એમને આ પ્રશ્નના જવાબમાં કહેવા દો કે મોટા ભાગનાઓને એમનો શેક્સપિયર ખબર છે. ભાષા અજાણી હોય નાટક નહીં.

વળી નાટકમાં પણ હવે સબ ટાઈટલ્સ દાખલ થઈ ગયાં છે. તખ્તાની બન્ને બાજુમાં એલસીડી સ્ક્રીન પર અંગ્રેજીમાં સબ ટાઈટલ આવ્યા કરે એટલે ભલેને કોઈ પણ ભાષામાં નાટક રજૂ થતું હોય, સમજવામાં વાર ન લાગે. વળી નાટક તો હૃદયથી માણવાની કળા છે, બુદ્ધિથી નહીં. આમ સમગ્ર પ્રેક્ષકવૃંદ પહેલા ગીતથી જ દાદ દેવા લાગેલું ને એકનો ચેપ બીજાને લાગે એ રીતે બધા ગુલતાન થઈ ગયા ને પૂરી તન્મયતાથી ને ઉલ્લાસથી આ સંગીતપ્રધાન નાટક માણ્યું. 'ગાર્ડિયન' જેવાં ત્યાંનાં પ્રતિષ્ઠિત અખબારોએ આ ગુજરાતી નાટકનાં સુંદર અવલોકનો આપી ચાર ચાંદ લગાવી દીધાં. હવે તો બ્લોગ્સનો જમાનો છે. તો કંઈ કેટલાય બ્લોગ્સ પર આ નાટકથી અભિભૂત થઈને લેખો મૂક્યા.

નાટકની શરૂઆતમાં ક્રિયેટિવ ડિરેક્ટર ને ફેસ્ટિવલ ડિરેક્ટરે ગુજરાતી નાટકના સમગ્ર કલાકાર વૃંદને ભેગું કર્યું. શેમ્પેઈનની બે મોટી બાટલીઓ હતી અને કહ્યું અમારામાં પ્રથા છે કે ... કલાકારોના હોશ ઊડી ગયા કે હવે વાઈનનું આચમન કરવા કહેશે. નાટકની પહેલાં તો કેમ આવું કરાય? પણ ડર ખોટો નીકળ્યો. તેઓએ એ બે બોટલ બે સિનિયર કલાકારોના હાથમાં આપી કહ્યું હવે તમે આ શેમ્પેઈન તખ્તાની ધારે ધારે રેડો ને રંગદેવતાને અર્ઘ્ય આપો. ભારતમાં નાળિયેર ફોડીને અર્ઘ્ય આપીએ ત્યાં શેમ્પેઈન રેડીને. ટૂંકમાં રંગદેવતાને અર્ઘ્ય આપવાનો, એમના આશીર્વાદ લેવાનો ધ્યેય તો એક જ.

જય રંગદેવતા. જય ગુજરાતી નાટક.

(સૌજન્ય : "મુંબઈ સમાચાર" 06.06.2012)

હું ‘વિક્ટિમ મોડ’માં ક્યારેય નથી રહેતો : ઉત્કર્ષ મઝુમદાર

• ચિટચેટ - નંદિની ત્રિવેદી

એક કાયમી સ્મિત જેમના ચહેરા પર હંમેશાં રમતું હોય છે અને જેમની વાતોનો તો ભંડાર ક્યારેય ન ખૂટે એવા વર્સેટાઈલ કલાકાર એટલે ઉત્કર્ષ મઝુમદાર. છેલ્લાં ૪૦ વર્ષથી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી થિયેટર સાથે સક્રિય રીતે સંકળાયેલા ઉત્કર્ષભાઈએ સખારામ બાઈન્ડર, ઔર તોતા બોલા, સાઈકલવાલા સહિત કેટલાંક હિન્દી નાટકો, ટેમ્પ્ટ મી નોટ, ઈટ હેપન્સ ઓન્લી ઈન ઈન્ડિયા, ગોઈંગ સોલો, બ્લેક વિથ ઈક્વલ, વેડિંગ આલ્બમ જેવાં અંગ્રેજી અને માસ્ટર ફૂલમણિ, પત્રમિત્રો, નોખી માટી ને નોખા માનવી તેમ જ તાજેતરનું અનોખું નાટક મારો પિયુ ગયો રંગૂન સહિત અનેક ગુજરાતી નાટકોમાં યાદગાર ભૂમિકાઓ ભજવી છે. ફિલ્મો, ટેલિસિરિયલ્સ અને ટેલિ કમર્શિયલ્સમાં પણ અવારનવાર ચમકતા ઉત્કર્ષભાઈને કંઠે નાટ્યગીતો, લોકગીતો કે તદ્દન આધુનિક કવિતાઓ નોખા અંદાજમાં સાંભળવી એ એક લહાવો છે. માતા-પિતા પાસેથી પ્રેમાળ, સંવેદનશીલ, સહૃદય પ્રકૃતિ વારસામાં મેળવનાર ઉત્કર્ષ મઝુમદાર ઝિંદાદિલ અને મોકળાશભરી જિંદગી જીવવામાં માને છે. આવો મળીએ, આ ઉમદા દિલના કલાકારને

•••••••••

મુખ્ય શોખ : અભિનય તો ખરો જ. એ સિવાય વાચન અને સંગીત.

પ્રિય પુસ્તકો : ઘણું વાંચ્યું છે છતાં આલ્બેર કામૂની ‘ધ આઉટસાઈડર’ અને મિલાન કુન્દેરાની ‘બુક ઑફ લાફ્ટર એન્ડ ફર્ગેટિંગ’ ખૂબ ગમ્યાં છે. ચંદ્રકાન્ત બક્ષીનું પુસ્તક ‘પૅરેલિસીસ’ માર્ક વેનું ‘વન થાઉઝન્ડ યર્સ ઑફ સોલિટ્યુડ, શંકરનું ‘ચૌરંઘી’ અજ્ઞેયનું ‘શેખર એક જીવની’ અને ક.મા. મુનશીનું ‘ગુજરાતનો નાથ’ યાદગાર પુસ્તકો છે મારાં જીવનનાં. વિષય, ભાષા અને શૈલીની દૃષ્ટિએ આ બધાં પુસ્તકો મને સૌથી વધુ આકર્ષે છે. હેમિંગ્વેનું ‘ઓલ્ડ મેન એન્ડ ધ સી’ પણ અદ્‌ભુત છે. કુદરત સામે ઝઝુમનારા માછીમારનું એક સરસ વાક્ય છે એમાં કે, ‘તું મને મારી શકશે પણ હરાવી શકશે નહીં’. આવા પડકાર જ્યાં હોય, સમાજથી ઉફરા ચાલવાની વાત હોય-જે ‘આઉટસાઈડર’માં છે, એ પ્રકારનાં પુસ્તકો મને વિશેષ ગમે છે.

પ્રિય લેખકો : કામૂ, મિલાન કુન્દેરા. ગુજરાતીમાં જુદા જુદા લેખકોની જુદી જુદી કૃતિઓ ગમે. જેમકે, ગુણવંતરાય આચાર્યનાં ‘દરિયાલાલ’ અને ‘સક્કરબાર’ ખૂબ ગમ્યાં હતાં. મધુ રાયનું ‘બાંશી નામની છોકરી’ પણ ગમ્યું હતું.

પ્રિય કવિ : રમેશ પારેખ, સિતાંશુ યશશ્ચંદ્ર, દુષ્યંત કુમાર, ધર્મવીર ભારતી અને ગાલિબ. અંગ્રેજી કવિતામાં ખાસ રસ નથી. એના કરતાં નાટકનાં પુસ્તકો વધુ ગમે.

પ્રિય નાટકો અને નાટ્યકાર કોણ ગમે ? : ગુજરાતી સાહિત્યકારોનાં નાટકો મને ગમ્યાં નથી. નાટકની પૂર્વશરત એ કે નાટક ભજવવા યોગ્ય હોવું જોઈએ. સાહિત્યકારોના નાટક કરતાં આપણા પ્રવીણ સોલંકીનાં નાટક વધુ સારાં છે. હા, સાહિત્યકારોએ કરેલાં રૂપાંતરો સારાં હોય છે. જેમકે, કુમારની અગાશી. પ્રિય નાટ્યકારોમાં મોહન રાકેશ, ગિરીશ કર્નાડ, સત્યદેવ દૂબે, બાદલ સરકાર, પ્રવીણ જોશી, કાન્તિ મડિયા વગેરે ઉત્તમ નાટ્યકારો. ખેલંદો, આધે અધૂરે, માણસ નામે કારાગાર, સંતુ રંગીલી, આતમને ઓઝલમાં રાખ મા, નોખી માટી ને નોખા માનવી, સખારામ બાઈન્ડર, ઘાસીરામ કોતવાલ વગેરે મોસ્ટ ફેવરિટ. ગુજરાતી કલાકારોમાં ટેલેન્ટ ખૂબ છે પણ સત્યદેવ દૂબે જેમ કહેતા કે ‘ધે ગેટ કરપ્ટેડ એટ વેરી અર્લી એજ’ એ કારણે કદાચ એમની યોગ્ય કદર નહીં થતી હોય. એ સિવાય પ્રાદેશિક ભાષાનાં નાટકો ઉત્તમ હોવા છતાં ભાષાના અવરોધને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે માઈલેજ ઓછું જ મળે. વેઈટિંગ ફોર ગોદો, ધ લેસન જેવાં એબ્સર્ડ નાટકો પણ મને ખૂબ ગમે.

પ્રિય ફિલ્મો : સત્યજિત રેની ટ્રાયોલોજી, મેઘે ઢાકે તારા, કાગઝ કે ફૂલ, પ્યાસા, બંદિની, જાગતે રહો, ફેડરિકો ફેલિનીની અમરકોર્ડ, અકીરા કુરોસાવાની રાશોમન, રેડ બ્રેડ પણ સુંદર ફિલ્મો છે. આજની ફિલ્મમાં ઓહોહો થાય એવું કશું હોતું નથી.

પ્રિય સંગીત અને સંગીતકાર : શાસ્ત્રીય સંગીત સૌથી વધુ ગમે. એ પછી લોકસંગીત અને નાટ્યસંગીત. કલાકારોમાં પંડિત ભીમસેન જોશી, કુમાર ગંધર્વ અને ઉસ્તાદ અમીરખાં. હિન્દી ફિલ્મગીતોમાં તો હું ૧૯૭૦ પછી અટકી જ ગયો છું. એ જમાનાનાં ગીતોનો જવાબ નહીં. એસ.ડી. બર્મન, મદનમોહન, રોશન એ બધા જ શ્રેષ્ઠ સંગીતકારો હતા.

પ્રેમ એટલે શું? : પ્રેમના આરંભમાં સામાન્ય રીતે આકર્ષણ પહેલું હોય. એ ફેઝ પૂરો થયા પછી જે ટકી રહે એ ખરો પ્રેમ. મનગમતી વ્યક્તિ પૂર્ણ રીતે સ્વીકાર્ય હોય, પરસ્પર કમિટેડ હોય અને જેની સાથે ક્ષણ ભરી ભરી લાગે એ પ્રેમ. બાકી, એવા પણ પ્રેમબહાદૂરો હોય છે જે કહે કે તારે માટે હું ચાંદ-તારા તોડી લાવું પણ બીજે દિવસે વરસાદ પડે તો તરત કહી દે કે વરસાદ છે એટલે આજે મળવા નહીં અવાય! આ તે કંઈ પ્રેમ કહેવાય?

જીવનસંગિની કેવી ગમે? : મને સમજી શકે, સ્વીકારી શકે એવી. હું નાસ્તિક છું. તેથી ધાર્મિક પ્રકૃતિની ના ચાલે, મોરલિસ્ટ એટિટ્યુડ ધરાવતી સ્ત્રી જીવનસંગિની જ નહીં, જીવનમિત્ર તરીકે પણ ના ચાલે. વેશભૂષામાં નહીં પણ વિચારસરણીમાં આધુનિક માનવીય અભિગમ ધરાવતી પત્ની ગમે. મારી માતા નીના દેખાવે બિલકુલ સાદી-સરળ ગુજરાતણ પણ એના જેવી એ ઉંમરની આધુનિક સ્ત્રી બહુ ઓછી જોવા મળે. સંબંધમાં ભાર ન લાગવો જોઈએ. સહિયારું જીવન જીવવાનું હોય, બંધિયારું નહીં! મારી સમજદાર પત્ની નિશ્ચિંતે એ સ્વીકારી લીધું છે કે તે પોતે બીજી પત્ની છે. કારણ કે મારી પહેલી પત્ની તો થિયેટર છે. (હસીને કહે છે)

પ્રિય પ્રવાસસ્થળ : લંડન અને ન્યુ યોર્ક. હું શહેરી વ્યક્તિ છું. જોકે, બહુ બધા લોકો આસપાસ હોય એનો કંટાળો પણ આવે. છતાં, એ ટોળામાં એકલા રહેતા મને આવડે છે. જીવનમાં મને એક્સાઈટમેન્ટ જોઈએ જે શહેરમાં જ જોવા મળે.

પ્રિય વાનગી? : જાતજાતની વાનગીઓનો શોખીન છું. તીખું તમતમતું વધારે ભાવે. મિઠાઈ ઓછી. ખીચડીને બટાકાનું શાક સર્વશ્રેષ્ઠ કારણકે મૂળે હું આળસુ છું એટલે ચાવવાનો શ્રમ ઓછો હોય એવી વાનગી વધુ ગમે. કબાબ અને સોસેજીઝ પણ પ્રિય.

તમારે માટે સ્ટ્રેસ બસ્ટર શું છે? : સંગીત અને સાથે રસપ્રદ પુસ્તક હોય તો તાણ દૂર.

મનપસંદ સાંજ એટલે કેવી સાંજ? : ગમતા મિત્રો, પત્ની કે કુટુંબ સાથે સરસ મજાનું સંગીત બજી રહ્યું હોય, કોઈક સારી ફિલ્મ ચાલતી હોય, હાથમાં મજાનું ડ્રિન્ક હોય અને અર્થસભર ચર્ચા ચાલતી હોય એવી સાંજ ગમે.

તમારે માટે સૌથી મૂલ્યવાન શું? : મૂલ્યો. પ્રામાણિકતા જાત અને જગત સાથેની. હું વિક્ટિમ મોડમાં નથી રહેતો. મારા સુખ-દુ:ખની સંપૂર્ણ જવાબદારી પૂર્ણપણે મારી જ હોય એવું માનું છું.

કોઈ ડર : અંધારાની બીક લાગે.

લોકો કઈ રીતે યાદ રાખે તે ગમે? : કોઈ આપણને યાદ રાખે તે એક ભ્રમણા છે. કોઈના યાદ રાખવાથી મારા જીવનમાં કોઈ ફેરફાર થવાનો નથી, તો મારે શા માટે એ વિશે વિચારવાનું? જે છે એ આ ક્ષણ જ છે. માણી લેવાની, બસ!

લોકોની કઈ બાબત ગમતી નથી? : દંભ, ચોખલિયા વૃત્તિ અને નૈતિકતાનો અંચળો. પોતે માને એ જ સત્ય અને પોતે કહે એ જ સાચું ને એ માટેનો હઠાગ્રહ મને નથી ગમતો. જૈન ધર્મનું મહત્વનું પ્રદાન છે અનેકાંતવાદ (સત્યને ઘણા પહેલુ હોય છે એ સ્વીકારનારી વિચારધારા). એને સાચવવાને બદલે તેઓ કાંદા-લસણને પકડીને બેસે છે. ધર્મને નામે થતી વાડાબંધીએ માનવધર્મને વિસારે પાડી દીધો છે. ઈર્ષા-અસૂયા માણસને ખતમ કરી દે છે. આ બધું ગમતું નથી.

કોઈ ખેદ : શાસ્ત્રીય સંગીત શીખ્યો પણ ચાલુ ન રાખ્યું એ ખેદ. એની પાછળ પણ જવાબદાર મારી મારી આળસુ પ્રકૃતિ!

પુનર્જન્મમાં શું બનવા ઈચ્છો? : માનતો જ નથી. જેના વિશે ખબર જ નથી એને વિશે કલ્પના શું કરવાની. ચુસ્ત વેજિટેરિયનને કોઈ પૂછે કે તમને બીફ, ચિકન, ફિશ કે ડુક્કરના સોસેજીઝમાંથી શું વધારે ખાવાનું ગમે? તો એનો જવાબ એ શું આપે? એના કરતાં આ જ જન્મે, એકબીજાને નડતા રહેવાને બદલે એકબીજાને ગમતાં રહીએ એ જ ઈચ્છું.

(સૌજન્ય : ‘વીકએન્ડ’ પૂર્તિ, “મુંબઈ સમાચાર”, 19 મે 2012)

જો બાલ મેં હૈ વો ટાલ મેં નહીં હૈ ..

• કામિની સંઘવી

ઈર્ષા કરવી એ સામાન્ય માણસનો સહજ સ્વભાવ છે. સાધુ સંતો માટે પણ તેનાથી પર થવાનું દુષ્કર છે. પૂછો નિર્મલબાબાને ! આજકાલ ભારતના બધાં જ સાધુ–સંતોને નિર્મલબાબાની ઈર્ષા થાય છે કે નહીં ? જાત જતાના યોગ પ્રાણાયમ કરીને અમસ્તો જ પરસેવો પાડ્યો. પૈસા તો એમ જ કૃપા વરસાવીને પણ મેળવી શકાય છે. હવે જો સાધુ–સંતોને ઈર્ષા થતી હોય તો આપણે તો પામર જંતુઓ કહેવાઈએ. એટલે ઈર્ષા કરવી આપણને શોભે. વધતી–ઓછી વય સાથે ઈર્ષા થવાનાં કારણ પણ બદલાય છે. અમુક ઉંમરે કોઈના સુંદર–સુશીલ પતિ કે પત્ની જોઈને ઈર્ષા થાય, થાય અને થાય જ. અને મોટાભાગનાને થઈ હશે તેમ માનું છું. તો અમુક ઉંમર પછી ભલે ને પરમ મિત્ર કે સખી હોય પણ તેના સુદીર્ઘ અમાસની કાળી રાત જેવા વાળ જોઈને પણ ઈર્ષા થાય. કારણ કે જો બાલ મેં હૈ વો ટાલ મેં નહીં હૈ.

પુરુષ અને સ્ત્રીને જુદાં જુદાં સમયે જુદી જુદી વસ્તુ કે વ્યકિત પ્રત્યે અનુરાગ હોય છે. પરંતુ બન્ને વાળ પ્રત્યે એક સરખી માત્રામાં અનુરાગ ધરાવે છે. કારણ કે સૌન્દ્રર્ય કે યુવાનીનો ભાર સૌથી વધારે માથાના વાળ પર રહે છે. પરંતુ બહુ ઓછા લોકો નસીબદાર હોય છે જેમના અમુક ઉંમર પછી પણ સુકેશ હોય. એટલે અમુક વ્યકિતની કેશરાશિ જોઈને ઝુલ્ફા, અલક, લટ, કુંતલ વગેરે શબ્દો યાદ આવે. તો ઘણાનાં વાળ જોઈ જીંથરા, થોભિયા, શિખા, ઓડિયા વગેરે વાળના પર્યાય યાદ આવે. હવે સીમમાં આડેધડ ઉગેલા ઝાડી–ઝાંખરાને બગીચો તો નો જ કહેવાય ને !

કોઈના વાળ વિશે ટીકા–ટીપ્પણી કરવી તે ગોધરાકાંડ જેવો જ સેન્સિટિવ ટોપિક બની રહે છે. કારણ કે દરેક સ્ત્રી પુરુષને પોતાના વાળ પ્રત્યે માતાને બાળક પ્રત્યે હોય તેટલો લગાવ હોય છે. પણ વિધિની વક્રતા એ છે કે બાળક માતાનું કહ્યું બધું જ કરે છે પણ વાળ બળવાખોર વ્યકિતત્વ ધરાવે છે એટલે માની જેમ અપેક્ષા રાખવી ઠગારી નીવડે છે. વાળ પોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ વિસરી શકતા નથી એટલે તે સ્વછંદી બાળકની જેમ વર્તવાનું ચાલુ રાખે છે. ઝાડ પરનાં પાંદડા પોતાની મરજી મુજબ ખરે છે અને તેનું અનુકરણ વાળ પણ કરે છે. વળી દરેક વાળ પોતાને સ્વતંત્ર માને છે. એટલે ભલે તેમને તેલ ચોળવાની, શેમ્પુ–કન્ડિશનિંગ કરવાની ટ્રીટમેન્ટ એક સરખી મળતી હોય. પરંતુ ‘વિના સહકાર નહીં ઉધ્ધાર’ તે વાત વાળ સફેદ થવા અને ખરવા સમયે બરાબર યાદ રાખે છે. અને એક સફેદ થાય તેની પાછળ બીજો અને ત્રીજો લાઈનમાં જ હોય ! તેમનું વર્તન અસલ ભારતના સસંદ સભ્યો જેવું રહે છે. બે વર્ષ પહેલાં સસંદસભ્યોનો પગાર વધારવાની વાત આવી ત્યારે શાસક વિપક્ષમાંથી કોઈએ પણ વિરોધ નોંધાવ્યો હતો ? ‘વિના સહકાર નહીં ઉધ્ધાર’ ખરું? પણ અણ્ણાના લોકપાલ બિલ પાસ થવા સમયે દરેક પક્ષને પોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ યાદ આવ્યું. અને અંતે અયોગ્ય રીતે થયેલી માવજતને કારણે જેમ વાળ ખરી પડે તેમ લોકપાલ બિલ ખરી પડયું.

દીકરી જેમ સાસરે જ શોભે તેમ વાળ માથા પર જ શોભે છે. વાળ પ્રત્યે ગમે તેટલો પ્રેમભાવ કે મોહ હોય તો પણ દાળ–શાકમાં આવતા વાળ જોઈને કોઈને તેના પ્રેમ થતો નથી. લોકો ભલે કહે જલ હી જીવન હૈ પણ હું માનું છું કે બાલ હૈ તો જવાની હૈ ! પણ તે વાત ફક્ત માથાના વાળને જ લાગું પડે છે. બાકી શરીરના કોઈ અંગ પરનો વાળ પગમાં કાકરો ખૂંચે તેમ દરેક વ્યકિતને ખૂંચે છે. એટલે જ બજારમાં જેટલાં ક્રીમ વાળ વધારવા માટે મળે છે તેટલાં વાળ દૂર કરવા માટે પણ મળે છે.

પહેલાંના સમયમાં એટલે કે મારાં તમારા દાદા–દાદીના સમયમાં બહેનો જાત જાતની અને ભાતભાતની હેરસ્ટાઈલ કરતી. જેમાં મોટા ભાગે ઘરમાં ચોટલો અને બહાર કશે જવું હોય તો જાત જાતના અંબોડા. તેથી જ કહેવત પડી હશે ‘ચાર ચોટલા ભાંગે સૌના ઓટલા’ તે કહેવત પડી હશે. પરંતુ હવે ચોટલા અને અંબોડા આઉટ ઓફ ફેશન છે અને છૂટા કોરા વાળ ઈન થીંગ છે.

આપણાં હિન્દી ફિલ્મના ગીતકાર, કવિ–શાયરોએ ફિલ્મી ગીતોમાં સ્ત્રી પુરુષના વાળનું સૌન્દર્ય વર્ણવવામાં વિશેષ પ્રેમ દાખવ્યો છે. ‘ઉડે જબ જબ ઝુલ્ફે તેરી, કંવારીઓ કા દિલ મચલે’ તેવું સાહિર કે શૈલેન્દ્ર જ લખી શકે. કારણ કે તેઓના જીવનના અંત સુધી સુકેશ ધરાવતા હતા. ‘ન ઝટકો ઝુલ્ફ સે પાની કે મોતી તુટ જાયેગેં’, તે પંકિતમાં વાળમાંથી ટપકતાં પાણીને ભલે શાયર મોતી કહે પણ મારા મતે તો મોતી વાળ માટે જ વપરાયું છે. હવે વાળ કંઈ હીરા–મોતી કે માણેકથી ઓછા કિમતી છે? એ તો જેના ખરતા હોય તેને પૂછો !

એક વાત આજના યુવાન–યુવતીઓ બહુ સારી રીતે સમજી ગયા છે કે જેટલું મહત્ત્વ કેશનું છે તેટલું જ મહત્ત્વ કેશ કર્તન કલાકારનું પણ છે. કહેવાય છે કે ગાંધીજી પોતાના વાળ કસ્તૂરબા પાસે કપાવતા. હવે પત્નીના હાથે તે પતિના વાળ સુરક્ષિત રહેતા હશે, ભલા? એટલે જ ગાંધીજીએ યુવાવસ્થાએ વાળ ગુમાવ્યા હતા. જે વાત ગાંધીજી ન સમજી શકયા તે આજના યુવાનો સમજી ગયા છે. તેથી જ હેર ઓઈલ, મસાજ, શેમ્પુ, કન્ડિશનિંગ, મહેંદી, હેરડાઈ કે હેરકલર કરવાની ચિંતા તે પત્નીના બદલે હજામને સોંપે છે. માથેથી કેશનો ભાર ઓછો થાય તેના કરતાં ખિસ્સામાંથી ભાર ઓછો થાય તે વધું સારું !

આ બધી કેશ–કલાપની વાતો જેના સુદીર્ઘ કેશ છે તેને વધારે કરવાનું મન થાય. બાકીના ને તો ‘દ્રાક્ષ ખાટી છે’ તેવું જ વિચારવું ગમે. કારણ કેશ પર ઈશ કે જીન્સનો પ્રભાવ વધારે રહે છે. પણ કાળા માથાનાં માનવીને કુદરત સામે ટક્કર લેવાનું ગમે છે. એટલે તે કેશ ખરચીને પણ કેશ મેળવતો થયો છે. અમિતાભ બચ્ચનથી લઈને માઈકલ જેકશન જેવા સ્ટાર કેશથી કેશ ખરીદે છે. માઈકલ જેકશન જ્યારે ગુજરી ગયો ત્યારે ખબર પડી કે જેના વાળ પર દુનિયાભરની સ્ત્રીઓ ફિદા હતી અને જેના વાળ જોઈને દરેક પુરુષ ઈર્ષાથી બળીને ખાક થતો હતો તે વાળ વાસ્તવમાં નકલી હતા ! જેકશનના માથા પર તો સમ ખાવા પૂરતો પણ એક પણ વાળ ન હતો. તેથી જ કહેવાનું મન થાય છે જે મજા ઓરિજિનલમાં છે તે ડુપ્લીકેટમાં તો નો‘જ આવે ને ! અને તે બાબતે ઓરિજિનલ અને ડુપ્લીકેટ કેશ ધરાવતા બધાં લોકો સહમત હશે તેમ માનું છું.

કેશ પુરાણ પૂરું.

e.mail : kaminiparikh25@yahoo.in

દોસ્ત

• પ્રીતમ લખલાણી

વૈશાખની
ધોમધખતી બપોરે
ઘડીક બે ઘડીકનો
નિરાંતનો શ્વાસ લેવા
મેં હાથની લાકડી
એક ઘટાદાર વૃક્ષના
છાંયડે ટેકવી.
શીતળતાનો આંનદ અનુભવતા
મારા હોઠેથી
ઉદ્દગાર સરી પડ્યા
‘અરે મારા ભાગ્યમાં
આ વૃક્ષ જેવો
એકાદ દોસ્ત હોત તો ?’
ને,
પવન હિલોળે હિલોળા લેતી
વૃક્ષની બધી ડાળો
એક સામટી
મારા પર લળી પડી !!!!

65 Falcon Drive,
West Henrietta, NY 1458 U.S.A.

હે દખણાદા વાયરા, તું સૂતેલાં
ફૂલોને જગાડવા આવ્યો છે.
ફરી પાછો તારી દિશામાં ઊડી જઈશ –
પણ ત્યારે ઉપવન તો કરમાયું હશે.

– રવીન્દ્રનાથ ટાગોર

(સદ્દભાવ : ‘તણખલાં’)

ગતાંકથી ચાલુ –

[5]

શુક્રવાર હતો. આજે બાર વાગ્યા પછી અમારે મસ્જિદે જવાનું હતું, નમાઝ માટે. – હું નવાં શલ્વાર - કમીસમાં સજ્જ થયો. વાળમાં તેલ નાંખ્યું. સારી રીતે કાંસકી કરી. માથે સિંધી ટોપી મૂકી. અને સેન્ડલ પહેરીને માળ પરથી નીચે આવ્યો. દીવાનખાના તરફ ગયો, તો પગ ઉંબરમાં જ અટકી ગયો. અંદર કોઈક મહિલા બેઠી હતી.

મને આમ થોભી ગયેલો જોયો તો સાંઈએ કહ્યું, 'આવ, થોભી કેમ ગયો ? આ તો સુગરા છે. તારી મા.'

મેં ઝૂકીને, અદબપૂર્વક સલામ કરી. સાંઈ પાસે જઈ હસ્તધૂનન કર્યું. સોફા પર બેસી ગયો.

'માશા-અલ્લાહ ! કેટલો સારો લાગે છે ! – સુગરા, છે ને ઘર દીપાવે એવો ?'

'બેશક. … … અહીં આવ, બેટા ! મારી પાસે બેસ.'

હું સુગરામા પાસ જઈને બેઠો. પણ સંકોચ થતો હતો. માથું ઝૂકેલું હતું.

'આમ સંકોચાય છે શા માટે ? આ તો તારું ઘર છે, બેટા !' સુગરામાએ કહ્યું. મારા માથે હાથ ફેરવ્યો. ખભા થપથપાવ્યા. અને ઘડીક પછી ઉમેર્યું, 'ખુશ રહે. મૂંઝાવાની જરૂરત નથી. આ તારું ઘર છે.'

'હા, બખ્તાવર ! તું અમારો દીકરો છે … !'

સાંઈનું કોઈ સંતાન ન હતું. લગ્નને પંદરેક વર્ષ થયાં હતાં. દવાદારૂનો આશરો લીધો હતો. તાવીજો કરાવ્યાં હતાં. મૌલ્વી-મુલ્લાઓ પાસે દુવા કરાવી હતી. પણ નિષ્ફળ. કદાચ એ કારણે બન્ને પતિપત્નીને મારા પ્રત્યે ઘણી લાગણી હતી. વળી મારાં માતાપિતા તરફથી મને મળેલી તમીઝ, વિનયવિવેકની તાલીમે એમનાં દિલ જીતી લીધાં હતાં. સુગરામા તો એક ક્ષણમાં મારાં પ્રશંસક બની ગયાં હતાં.

અઝાન થઈ ચૂકી હતી.

સાંઈએ કહ્યું, 'ચાલ બેટા ! મસ્જિદે જઈ આવીએ.'

અમે દીવાનખાનામાંથી બહાર આવ્યા. – સુગરામા મમતાભરી નજરે મને જોઈ રહ્યાં. કહ્યું, 'બખ્તાવર, મારા માટે દુવા કરજે, બેટા ! અલ્લાહ તારી દુઆ સાંભળશે.'

સુગરામા જમીનદારણી હતાં. તંદુરસ્ત હતાં. સુખી હતાં. – એમને કઈ દુવાની જરૂરત હશે ? – કદાચ સંતાનની.

અને મને થયું, મારો એકાદો ભાઈ હોય તો કેટલું સારું !

મસ્જિદ ખૂબસૂરત હતી. ત્રણસો જેટલા માણસો એકી સાથે નમાઝ પઢી શકે એવડી. સહેન વિશાળ. જમાતખાનું સુંદર. મિમ્બર ને મેહરાબ આરસના. મેહરાબની ઉપર કલ્મ-એ-તૈયબનું કલાત્મક કોતરકામ હતું. ઝુમ્મરો હતાં. પંખા હતા. લાઈટો હતી. અને ફરશ રંગીન, ખૂબસૂરત !

મસ્જિદ નમાઝીઓથી ચિકાર હતી. અમને પ્રથમ હરોળમાં જગ્યા મળી ગઈ. ઈમામ સાહેબે ખુત્બો પઢ્યો. નમાઝ પઢાવી. તેમની પઢવાની ઢબ એટલી સુંદર હતી કે, તેમની પાછળ નમાઝ પઢ્યો તો એમ લાગ્યું, જાણે મારી છાતી ઉપરથી એક તોતિંગ શિલા ખસી ગઈ છે ! એક અજબ હળવાશનો અનુભવ થયો. મેં અહીં ઘણી દુવાઓ યાચી. મારા માટે. મારાં માતાપિતા માટે. હિન્દુસ્તાનનાં મઝલૂમ મુસલમાનો માટે. સાંઈ માટે. સુગરામા માટે. ને ગળગળો થઈ ગયો.

હવે છાછરો મારું ગામ હતું. હું આ ધરતીનો પુત્ર હતો. સિંધી હતો. અને સિંધી ભાષાનું શિક્ષણ મારા માટે અનિવાર્ય હતું. સિંધી રહેણીકરણી ને રીતરિવાજો ય જાણવાં જરૂરી હતાં. સાંઈને એનો અહેસાસ હતો. તેમણે એક શિક્ષકનો પ્રબંધ કર્યો. નામ હતું મુનીર ચન્ના. એકવડા બાંધાના ઊંચા, તેજસ્વી એવા આ શિક્ષકને સાંઈએ કહ્યું, 'માસ્તર સાહેબ ! આ છોકરાને સિંધી શીખવવાની છે. ઉર્દૂ આવડે છે. અંગ્રેજી થોડું જાણે છે. હવે એને સિંધી શીખવો. … લખતાં, વાંચતાં, બોલતાં, … .'

'શીખી જશે. હોંશિયાર છે. ઝાઝો સમય નહીં લાગે.'

ચન્ના સાહેબ દરરોજ સાંજે આવતા. શરૂમાં સિંધી ભાષાના ઉચ્ચાર જરા અઘરા લાગ્યા. અલબત્ત, લિપિ ખાસ મુશ્કેલ લાગી નહીં. ઉર્દૂ તથા અરબી લિપિથી હું પરિચિત હતો. અને સિંધી લિપિ મૂળ અરબી ઢબની હોવાથી હું એ સરળતાથી શીખી ગયો. ચન્ના સાહેબ દરરોજ થોડા નવા શબ્દો શીખવતા. લેખન - વાંચનનો મહાવરો કરાવતા. એ સિવાય હવેલીમાં, શેરીમાં, બજારમાં સૌ સિંધી બોલતા હતા. માહોલ સિંધીનો હતો. આથી છસાત માસમાં હું સાંઈ સાથે સિંધીમાં વાતચીત કરતો થઈ ગયો.

બાદમાં સાંઈની મરજીથી મેં હાઈ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. અહીં મારી સિંધી ભાષા તથા બોલચાલના લહેકા પર અસલ સિંધી રંગ ચઢી ગયો.

અને પછી મેં મેટ્રિક પણ કરી લીધી.

હવે હું સોળસત્તરનો નવજુવાન હતો. સિંધી નવજુવાન. મારી બોલછા, મારી રીતભાત શિક્ષિતોને ચકિત કરી જતી. એમાં એક અન્ય ઉમદા સંસ્કારિતાનો ય રંગ ભળેલો હતો ને !

મેટ્રિક કર્યા પછી કોલેજનો માર્ગ ખુલ્લો હતો. જવાની ઇચ્છા હતી. સગવડો પણ હતી. પરંતુ સાંઈનું સ્વાસ્થ્ય હવે અગાઉ જેવું રહ્યું ન હતું. થાકી જતા હતા. ઝાઝી દોડભાગ કરી શકતા ન હતા. આથી ઘણું વિચાર્યા પછી, સાંઈને મારી મદદની જરૂરત છે એમ લાગતાં, મેં કોલેજનું માંડી જ વાળ્યું. – અને સાંઈએ પોતે કોલેજ જવા માટે સૂચવ્યું તો મેં કહ્યું, 'મારી કોલેજ તમે જ છો, સાંઈ ! તમારા અનુભવોમાંથી તે શીખવા મળશે, જે કદાચ કોલેજમાં શીખવા નહીં મળે.'

'પણ કોલેજ, કોલેજ છે … .'

'બેશક, – હું જઈશ. પણ તમારી તબિયત સુધરી જાય ત્યાર પછી … … .'

મારા જીવનનો આ એક અતિ મહત્ત્વનો, નિર્ણાયક વળાંક હતો. – સાંઈ મારા પાલકપિતા હતા. – અને એક પુત્રની હેસિયતે, પિતાના ખભા ઉપરનો બોજ ઉપાડી લેવો એ મારી ફરજ હતી.

મેં મારી ફરજ બજાવી હતી.

અને હવે જમીનદારી મારી આસપાસ હતી. સીમશેઢે સવારની સાંજ થાતી હતી. – જો કે કોલેજનાં પગથિયેથી હું પાછો વળી આવ્યો હતો, પણ વાંચનભૂખ મનમાં મોજૂદ હતી. ઉર્દૂ, ઇંગ્લિશ, સિંધી અખબારો, સામયિકો, પુસ્તકો મારી સંગતે હતાં. અવકાશ મળતો એમ હું એમને ઈન્સાફ આપતો. મારા વાંચનશોખે મને ચારેક સુશિક્ષિત, સંસકારી મિત્રો મેળવી આપ્યા હતા. આ મિત્રો, ખાસ કરીને રવિવારે મને મળવા આવતા. અમારી વચ્ચે સમાજ, સિયાસત, ખેતીવાડી વગેરે વિશે વાતચીત ચાલતી. અખબારો, સામયિકોમાં કંઈક અવનવું વાંચ્યું હોય યા બી.બી.સી.ના પ્રસારણમાં એવું કશું સાંભળ્યું હોય તો, તે વિશે ચર્ચા મંડાતી.

આ મિત્રો તથા પુસ્તકોના વાંચન દ્વારા થરપારકર, ઉમરકોટ, મીરપુર-ખાસ, બદીન, સાંઘડ વગેરે વિભાગોનાં ઇતિહાસભૂગોળ મેં જાણી લીધાં. એ જરૂરી હતું. માણસ જ્યાં રહેતો હોય તે પ્રદેશની બધી જાણકારી તેને હોવી જોઈએ. – એ સિવાય પાકિસ્તાનનાં ઇતિહાસભૂગોળ ઉથલાવી ગયો. મુક્તિ-આંદોલન વિશેનાં પુસ્તકો પણ જોઈ નાખ્યાં.

આ પુસ્તકોનાં પાનાં ઉથલાવતાં મને યાદ આવ્યું કે મારા પિતા કહેતા હતા કે આઝાદીની લડત સાથે અમારા ખાનદાનનો સંબંધ હતો. 1857માં અંગ્રેજોનો સામનો કરતાં અમારા ચાર વડીલો શહીદ થયા હતા. અને મારા દાદાએ સરકારી અમલદારી એટલા માટે ફગાવી દીધી હતી કે, તેમના અંગ્રેજ અફસરે હિન્દુસ્તાનીઓ માટે 'કૂતરાં' શબ્દનો ઉપયોગ કર્યો હતો.

મારા પિતા, સરકારી અમલદાર હોવા છતાં મુક્તિ આંદોલનના ટેકેદાર હતા. મારામાં વિદ્યા અભ્યાસનો શોખ તેમણે જ જગાવ્યો હતો. અને ઉમદા

રહેણીકરણી, વિનયવિવેક વગેરે થોડું તેમને, થોડું મારી માએ, થોડું અમારા ઉસ્તાદે શીખવ્યું હતું.

અમારા ઉસ્તાદ અમીરુદીન અચ્છા તેજસ્વી આદમી હતા. કંઈ કેટલાં પુસ્તકો તેમના કંઠે હતાં. વાતચીત ને ચર્ચાની રીતભાત તેમણે જ અમને શીખવી હતી. મહેફિલોમાં કેમ બેસવું, કેમ બોલવું ને મોટાઓની અદબ કેમ જાળવવી વગેરે અમે તેમનાં ચરણોમાં શીખ્યા હતા. અને હતો વાંચનનો શોખ. આ ગુણોએ ગામના કેટલાક આગળ પડતા લોકોને, વડેરાઓને મારા ચાહક બનાવી દીધા.

આ લોકોની મહેફિલ, દરરોજ સાંજે, વડેરા કાદરબક્ષના આંગણે જામતી. હું અવારનવાર ત્યાં જતો. અને મારી જાણકારી તથા વિચારોનો ચમકારો કરીને ચાલ્યો આવતો. વડેરાઓને મારી વાતોમાં મજા પડતી.

એક દિવસે કર્મ અને તેના ફળ વિશે વાત ચાલી રહી હતી. બધા વડેરા સારા કર્મ, સારા ફળના મતના હતા. અને આ મુદ્દા પર ભાર મુકાઈ રહ્યો હતો કે આપણે સાચી ધૂન કેળવીને કર્મ પાછળ મચી પડવું જોઈએ. અગર એમ કરીએ તો આપણા માટે સ્વર્ગના દરવાજા ખૂલે. વચમાં ક્યારેક બુદ્ધિનો ઉલ્લેખ પણ થતો હતો. કહેવાતું હતું કે કર્મ, બુદ્ધિપૂર્વક કરાવું જોઈએ. નહીંતર ફળ તો દૂર રહ્યું, કર્મ ખુદ આપણને લઈ ડૂબે !

પરંતુ મારો મત જરા જૂદો હતો. મારા ઉસ્તાદના મોઢે સાંભળેલી એક વાત, મેં મારી રીતે ગોઠવી અને પછી કહ્યું, ‘હું માનું છું કે કર્મ, ફળના માટે હોઈ શકે નહીં … !’

‘ફળના માટે નહીં ?!’ એક ઉત્સાહી વડેરાએ પ્રશ્ન કર્યો, ‘તો પછી શાના માટે ?’

‘અલ્લાહના માટે.’ મેં કહ્યું. જાણે ધડાકો થયો હોય એમ બધા ચોંક્યા. અને સાશ્ચર્ય મારી સામે જોઈ રહ્યા. ઘડીક રહીને મેં ઉમેર્યું, ‘અગર કર્મમાં ફળની આશા રાખીએ તો તો એ ધંધો થયો. દુકાનદારી. અને દુકાનદારીમાં બંદગી હોઈ શકે નહીં.’

‘અને સ્વર્ગ … ?’

‘એ તો બનેલું જ છે આપણા માટે. આપણને મળવાનું જ છે. તો પછી દુકાનદારીને વચમાં લાવીને સદ્‌કર્મને, બંદગીને બગાડવાનો કોઈ અર્થ … ? અને હું માનું છું કે, દરેક સારું કાર્ય અલ્લાહની બંદગી છે. માર્ગમાંથી પથ્થર હટાવવો, કોઈનાં આંસુ લૂછવા, કોઈ નિરાધારને આશરો આપવો એ સૌ બંદગી છે, નેકી છે … ‘

‘વાહ ! વાહ !’ વડેરા કાદરબક્ષ ઉછળી પડ્યા. ‘વાહ, આ તો ઓલિયા જેવી વાત કરી નાખી … !’

અને હું જાણે પીર ન હોઉં એ રીતે તેમણે મારા હાથ ચુમી લીધા ! અન્ય લોકોએ તેમનું અનુસરણ કર્યું. મારા હાથ ચુમ્યા.

આ કંઈ સામાન્ય વાત ન હતી. તુમાખીનો તુર્રો (છોગું) ફરકાવતા વડેરાઓએ શ્રદ્ધાપૂર્વક મારા હાથ ચુમ્યા હતા.

હવે હું કાંઈ ન હોવા છતાં ઘણું બધું હતો. જાણે ઝરણું સરિતા બની ગયું હતું !

ભાગ્યની આ એક અનોખી યારી હતી. ધાર્યું નહોતું એવું આદરમાન મળી રહ્યું હતું. અને એ સિવાય સાંઈ ગુલમનબીને ત્યાં મારા માટે સુખની કોઈ કમી ન હતી. આ એવું ઐશ્વર્ય હતું, જે સહજમાં માણસને ભટકાવી શકે. ખોટી દિશામાં વાળી શકે. પણ નહીં, માલિકની મહેરબાની કે, એ મને બહેકાવી, ભટકાવી શક્યું નહીં. હું સ્થિર રહ્યો. મારા મોહસીનોની યાદ મારા મનમાં ઘૂટાઈ રહી હતી. અને હું એનાથી ઊજળો હતો.

આ ઐશ્વર્ય વચ્ચે મેં મારા મોહસીન, મારા સ્નેહી ભગતકાકાને ય ભૂલાવ્યા ન હતા. તેમની યાદ અવારનવાર આવ્યા જ કરતી હતી. ક્યારેક તેઓ મારા પડખે બેઠા હોય એવો અનુભવ થતો. તે પોતે પણ છેલ્લાં છ વર્ષ દરમિયાન અહીંના ત્રણ ફેરા કરી ગયા હતા. છેલ્લે ફેરે અહીંથી પાછા જતી વખતે મને કહેલું, ‘બપ્પા, આ દુનિયા તો ખેલતમાશો છે. આજે છે, કાલે નથી. એનો ભરોસો ખોટો. અગર માલિકને રાજી કરવો હોય તો પ્રેમ કરજે. દયા કરજે. જુલમ ક્યારે ય કરીશ નહીં. ગરીબને રડાવીશ નહીં. જાલિમો પર માલિકનો કોપ ઊતરે છે … .’

એ છેલ્લી મુલાકાતને બે વર્ષ થવા આવ્યા હતા. તેમને મળવાની ઇચ્છા જોર કરી રહી હતી. મેં સાંઈને કહ્યું, ‘ઘણો સમય થયો, ભગતકાકા આવ્યા નથી. કશા સમાચાર પણ નથી. કોઈ રીતે ખબર કઢાવી શકાય ?’

‘મુશ્કેલ છે. આજકાલ સીમા પર જાપતો વધી ગયો છે. સીમા ઓળંગવાનું સહેલું નથી રહ્યું. ચોકિયાતોની ગોળીઓનો ખતરો રહે છે. અને ઝલાયા તો વર્ષોનાં વર્ષ જેલમાં … ! ભગતકાકા કદાચ એટલે જ આવી શક્યા નથી.’

‘સરનામું પણ નથી. નહીંતર કાગળ લખત … ‘

એ રાત્રે મને બરાબર ઊંઘ આવી નહીં. મનના સહરામાં એક પરિચિત છાયાનો સંચાર હતો અને આંખોમાં ઉજાગરો ! – રહી રહીને કાનોમાં એક અવાજ ગુંજી જતો હતો :

‘રે હો …
એક જ માટીનું બધું લોક !’

•

[6]

વડેરાઓની મહેફિલોમાં મને સારું એવું આદરમાન મળવા લાગ્યું હતું. તેઓ મારી વાક્છટા તથા મારી બુદ્ધિપૂર્વકની દલીલોથી પ્રભાવિત હતા એટલું જ નહીં, હવે તો તેઓ મારા અકીદતમંદ પણ થઈ ગયા હતા અને મારામાં ન જાણે શુંનું શું જોવા લાગ્યા હતા. એ બધો તેમની મનઃસ્થિતિનો ખેલ હતો.

મારા આદરમાન ભેગી, મારા પાલકપિતા સાંઈ ગુલામનબીની પણ વાહવાહ થવા લાગી હતી : ‘સાંઈ અફલાતૂન છોકરો લઈ આવ્યા છે. એવો હોશિયાર કે જાણે ઝળકતો દીવો !’

આખું ગામ એ વાતે ખુશ હતું. – પરંતુ ગામ હોય ત્યાં ઉકરડા પણ હોય ને ! ગામ સાંઈના કૂસીદા ગાઈ રહ્યું હતું, પણ ત્રણચાર અદેખા જમીનદારોને એ રુચ્યું નહીં. સાંઈની વાહવાહ તેમને કઠી રહી હતી. તેમને જલાપો હતો કે : ‘આ માણસ પારકી ઓલાદ પર આટલું માન શાનો ખાટે છે ! એને તો આવી આબરૂ ન જ મળવી જોઈએ.’

તેઓ સાંઈને આ માનપાનથી વંચિત કરી નીચું દેખાડવા ચાહતા હતા. તેમણે પરસ્પર મસલત કરી. એક બેહુદો નિર્ણય લીધો કે : ‘આ છોકરાને અહીંથી ભગાવી દઈએ. છોકરો જશે તો સાંઈના બલૂનમાંથી હવા આપોઆપ નીકળી જશે.

આ કારસ્તાન, તેઓ પોતે પડદા પાછળ રહીને, કોઈક બદમાશ ટોળકી મારફત કરાવવા ચાહતા હતા. તેમનો ઈરાદો, મારી પીટાઈ કરાવવાનો હતો. તેમને હતું કે : ‘બેચાર વાર સારો એવો મેથીપાક અપાશે તો આ છોકરો ભાગી જશે. એ મુહાજિર છે. ભાગશે હયદ્રાબાદ યા કરાચી તરફ.’

ત્રાગડો ઘડાયો. મારા વાડીએ જવાઆવવાના સમયની, રસ્તાની તેમણે બરાબર નોંધ લીધી અને પછી બદમાશોને હવાલો આપી દીધો. આવા ભાડૂતી બદમાશો દરેક જગ્યાએ હોય છે. ભાડૂતી ખેપિયા જેવા.

હું સામાન્ય રીતે વાડીએ સવારે જતો. ક્યારેક બપોર પછી પણ. સંધ્યા ટાણે પાછો ફરતો. આ આવજા વખતે એક ચાકર મારી સાથે રહેતો. સાંઈનો એવો આદેશ હતો. આ પ્રદેશના તોરતરીકા ને સારાઈ-બુરાઈથી તે વાકેફ હતા.

આ દરમિયાન એક સાંજે હું, મોટર - સાઇકલ પર વાડીથી પાછો આવી રહ્યો હતો. અમારો ચાકર અસ્લમ પાછલી સીટ પર હતો. અને સીમ સૂમસામ હતી. માર્ગમાં એક વળાંક આગળ મેં ગાડી જરા ધીમી પાડી. એ જ ક્ષણે, પડખેની ઝાડીમાંથી બે બુકાનીધારી શખ્સ ધસી આવ્યા. ડાંગ વીંઝી. પણ મેં ય ચીલઝડપે ક્લચ દબાવી હોવાથી મોટર-સાઈકલ ચિત્તાની જેમ ઉછળી. અને હુમલાખોરો એવા ડઘાઈ ગયા કે તેમની ડાંગ હવામાં અધ્ધર રહી ગઈ ! અને અમે, આ ગયા ! તે ગયા !

ઘરે જઈ સાંઈને આ ઘટનાની જાણ કરી. તેમણે કહ્યું, 'ખાલી હાથે સીમમાં જવાય જ નહીં … ડાંગ, ધારિયાંની ક્યાં કમી છે ! હથિયાર હાથમાં રાખ્યા કરો … 'અને પછી અસ્લમને જરા દબડાવ્યો, 'તું તો અહીંનો માણસ છે. આટલું ય નથી જાણતો કે હથિયાર વગર જમીનો પર આવજા નહીં કરાય ! શું આ પણ તને મારે શીખવવું પડશે ?'

એના એક મહિના પછીની વાત છે. એક સાંજે હું અને અસ્લમ વાડીથી બળદગાડામાં આવી રહ્યા હતા. ગાડામાં ઘાસચારો ભર્યો હતો. એક ડાંગ હતી. ધારિયું પણ હતું. હું ઘાસચારા ઉપર બેઠો હતો. ગાડું અસ્લમ હાંકી રહ્યો હતો. બળદ પાણીદાર હતા. ઘૂઘરા ઘમકાવતા ઝડપથી ચાલી રહ્યા હતા. અમારું ગાડું એ જ વળાંકની આસપાસમાં હતું ત્યાં ત્રણ બુકાનીધારી શખ્સ ઝાડીમાંથી નીકળી આવ્યા. તેમની પાસે ડાંગો હતી. મેં અસ્લમને કહ્યું, 'ગાડું રોકી લે. ઉપાડ આ ધારિયું … … !'

મેં ય ડાંગ ઉપાડી લીધી. અને અમે કૂદી પડ્યા ગાડામાંથી. 'આવો, હરામઝાદાઓ,' પડકાર ફેંક્યો. ધારિયું ને ડાંગ લહેરાવતા અમે જુસ્સાપૂર્વક ધસ્યા. તેમણે ય ડાંગો વીંઝી. પરંતુ ધારિયાના ચકચકતા ફણાનું તેજ તેઓ જીરવી શક્યા નહીં. ઢીલા પડી ગયા. ભાગવા લાગ્યા. કદાચ ધારિયાની ઝપટમાં આવી જવાનો તેમને ડર હતો. આ નાસભાગમાં બુકાની છૂટી ગયાથી એક હુમલાખોરને અસ્લમે ઓળખી લીધો. એ સિદુ ઝાખરો હતો.

સિદુ ઝાખરો આ વિસ્તારનો એક જાણીતો બદમાશ હતો.

સાંઈ અનુભવી આદમી હતા. સમજતાં વાર લાગી નહીં કે આ હુમલા કોઈક કાવતરાનો એક ભાગ હોઈ શકે છે. એને ઊગતાં જ ડામવું સારું.

સાંઈએ તાબડતોબ થાણેદારનો સંપર્ક સાધ્યો. મસલત કરી. સિદુ ઝાખરા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી. એક છટેલો બદમાશ હતો. થાણેદારે એક સિપાઈને મોકલી તેને પકડી મંગાવ્યો.

'હયબતખાન !' થાણેદારે જમાદારને બોલાવ્યો. 'કરો સાલે કી ધુનાઈ. ઉગલવા દો ઈસ કે દો ઔર સાથી કે નામ.'

પણ સિદુ ઝાખરો આમ તો સીધો ઊતરે એવો ન હતો. જેવો બદમાશ એવો જ ચાલાક ને બાજંદો. નવાસવા સિપાઈઓને બનાવી જાય. પરંતુ જમાદાર હયબતખાન ધાડપાડુઓને ય મૂતરાવી દે એવો હતો. તેની ત્રાડ ને સોટા સામે સિદુ હાથ જોડી ગયો. કહી દીધું, 'મારો નહીં, માયબાપ ! એ હુસૈન ઊટિયો ને બીજો કાસુ જાડિયો હતો … .'

એક પોલિસ ટુકડી એ બન્ને બદમાશોને પકડી લાવી.

થાણેદારે લાલ ડોળા ઘુમાવી પ્રથમ તો એ બન્ને બદમાશોનું નેતરના સોટા ને ગાળો વડે સ્વાગત કર્યું. અને પછી કાચાપોચા ગુનેગારો ગભરાઈને ફસકાઈ પડે એવી ત્રાડ નાંખતાં કહ્યું, 'બહુ ફાટ્યા છો, સાલા, હરામી. વાડીએ જતા આવતાને આંતરો છો ! – હુમલા કરો છો ! – – ચામડી ઊતરડી નાખીશ. – છાછરોમાં આ બદમાશી ચાલશે નહીં, સમજ્યા !'

'પણ સાહેબ …'

'તો શું તમારો બાપ સિદુ ઝાખરો જૂઠું બોલે છે … ! હયબતખાન, લે જાવ સાલોં કો. નીકાલ દો સારી બદમાશી … … !'

પોતાના માણસો પરના આ જાલિમ સપાટાની જાણ થઈ તો ત્રણે અદેખા જમીનદારો દોડતા આવ્યા. તેમને જમીનદારીનો ફાંકો હતો. કહ્યું, 'થાણેદાર સાહેબ, આ શું કરો છો ? આ તો અમારા માણસ છે.'

'તમારા માણસ … !'

'હા … … '

'આ બદમાશો, આ ગુંડા તમારા માણસ છે ? તમે એમને પાળો છો ?'

જમીનદારોનાં મોં બંધ થઈ ગયાં. બરાબર સકંજામાં આવી ગયા હતા.

'તમે ઈજ્જતદાર છો તો બીજાઓની ય ઈજ્જત હશે કે નહીં ? … … બદમાશોને પાળીને લોકો ઉપર રૂઆબ છાંટો છો ? હુમલા કરાવો છો ! … … આ એવો ગુનો છે કે જેલના સળિયા ગણવા પડે, સમજ્યા ! આ વખતે તો જવા દઉં છું. અગર ફરી પાછું આવું કશું થયું, હાથકડી નાખી દઈશ. … જાવ, મારું નામ ખયબરખાન છે, ભૂલશો નહીં !'

જમીનદારોનો ફાંકો ઊતરી ગયો. જાણે તોતિંગ કિલ્લાના ફુરચા ઊડી ગયા. સિંધ - પંજાબના જમીનદારો તો રાજા જેવા. તેમને આ રીતે ખંખેરી નાખવા એ સામાન્ય વાત ન હતી. ખયબરખાને કાળોતરાના દરમાં હાથ નાખ્યો હતો.

કહે છે ને કે ભાંગ્યું તોયે ભરુચ ! અપમાનિત જમીનદારો ચેનથી બેસે એવા ક્યાં હતા. હવે તેઓ હતા અને તેમની ખટપટો હતી. તેમનાં ભેજાના કાંટા થાણેદાર ખયબરખાન પર આવીને અટકી ગયા હતા. હવે તો સીધો થાણેદાર ઉપર જ ઘા કરીએ ત્યારે ખરા ! એક ઘા ને બે કટકા ! ઈન્તેકામ ! ઈન્તેકામ !

તેમના મસ્તિષ્કમાં રહી રહીને માત્ર આ જ શબ્દો પડઘાઈ રહ્યા હતા : ઈન્તેકામ ! ઈન્તેકામ !

•

[7]

ખયબરખાનની ધાક હતી. ફરજને ફરજ સમજીને કામ કરનારા સાચા અમલદારની હંમેશાં ધાક હોય છે. તે ખોટાં કામ કરતો નથી. બલકે ખોટાં માણસોને, બદમાશોને હંમેશાં તેનો ડર રહે છે. ખયબરખાન કંઈક એવો જ સાચો અને કરડો અમલદાર હતો. તેણે દાબ-દબદબાવાળા જમીનદારોને ચૂપ કરી દીધા હતા અને તેમના પાલતુ બદમાશોનો ય ફાંકો ઊતારી નાખ્યો હતો.

પણ જમીનદાર તો આખરે જમીનદાર હોય છે ને ! માતેલા, ફાટેલા આખલા. તુમાખી તેમના બાપની ! જમીન જાયદાદની જેમ આખા ગામને પોતાની મિલ્કત સમજીને જીવનારા આ જમીનદારોને વળી એક થાણેદારની કઈ ધાક ! તેની કરડાઈની પત કરે તે જમીનદાર શેના !

ખટપટ તો તેમના લોહીમાં પડેલી હોય છે. વળી તેમનાં માથાં એટલે શેતાનનાં કારખાનાં ! અપમાનિત જમીનદારોનાં એ કારખાનાં નિરંતર ચાલી રહ્યા હતાં, ચીખી રહ્યાં હતાં કે હવે તો આ થાણેદારને ઉખેડી નાખીએ ત્યારે જ ખરા ! બદમાશો પાળવાનાં ટોણાં મારે છે ! હાથકડીનો હાઉ દેખાડે છે ! … હા, આ અમારું ગામ છે. અમે જમીનદાર છીએ. આ ગામના માલિક ! અહીં અમારો રૂઆબ ચાલશે. અમારો દબદબો રહેશે. – ના, થાણેદારનો નહીં. નોકરી કરવી હોય તો એણે અમારી ઇચ્છાને માન આપવું પડશે. અહીં એની મરજી નહીં ચાલે. … … સાલું પાંચ પૈસાનું સિપાઈડું ! સાલું એટલું ય નથી જાણતું કે તેના માથે ય ઉપરી અધિકારી બેઠા છે. અને તે બધા છે અમારા ખિસ્સામાં ! … અમારા હાથ ઘણા લાંબા છે. હા, ઘણા લાંબા !

અને તેઓ ખયબરખાન વિરુધ્ધ રાવ લઈને, સૌ પ્રથમ એસ.પી. પાસે ગયા. પણ કાંઈ વળ્યું નહીં. એટલે એસ.એસ.પી.ની કચેરીમાં પગ મૂક્યો, ખોંખારો ખાઈને.

'ખયબરખાન વિરુધ્ધ રાવ લઈને આવ્યો છો ?' એસ.એસ.પી.એ મૂછે તાવ દેતાં કહ્યું, 'ખયબર વિરુધ્ધ રાવ ? … ચાલ્યા જાવ,'

'પણ સાહેબ ! અમે જમીનદાર છીએ. આબરૂદાર છીએ … .'

'જાણું છું. … જમીનદાર છો. આ ઈલાકાના માલિક તો નથી ને ! નવાબઝાદા તો નથી ને ! – કાનૂન બધાના માટે છે. કાનૂન હાથમાં લેશો તો પગલાં લેવાશે. … અને આબરૂદાર તમે એકલા નથી … સમજ્યા ! બીજા પણ છે !'

જમીનદારો, એસ.એસ.પી. સમક્ષ પણ નિષ્ફળ થઈ ગયા. હવે ડી.આઈ.જી. હતા. આઈ.જી. હતા. ગૃહખાતું હતું.

પરંતુ દેશમાં એ ભારે રાજકીય ઉથલપાથલનો સમય હતો. વડા પ્રધાન લિયાકતઅલી ખાન શહીદ કરી દેવાયા હતા. કાવતરાખોર નાણાપ્રધાન ગુલામ મુહમ્મદ ગવર્નર જનરલ બની બેઠા હતા. છાશવારે સરકારો બરતરફ કરી દેવાતી હતી. અને રાજકારણીઓના બદલે સરકારી અમલદારો વિશેષ બળવાન બનતા જઈ રહ્યા હતા. વળી થાણેદાર ખયબરખાન મામૂલી માણસ ન હતો. તે આઈ.જી.નો માણસ હતો. અને આઈ.જી.નો સંબંધ એક બળવાન બ્યૂરોકેટ સુધી પહોંચતા હતા. આ સ્થિતિ - સંયોગોએ એવો ગૂંચવાડો સર્જાવ્યો હતો કે ખયબરખાન વિરુધ્ધ મેદાને પડેલા જમીનદારો ઢીલા પડી ગયા. અને પછી

ખચબરખાનના સંબંધો વિશે જાણ્યું તો એવો ધ્રાસ્કો પેઠો કે તેની વિરુધ્ધ રાવ લઈને આગળ જવાનું તેમણે માંડી જ વાળ્યું. 'સાલું આની અંદર તો 'આવ બલા, પકડ ગલા' જેવું થવાનીયે ધાસ્તી છે ! ... અને સિપાઈડું આપણને ક્યાં કશું કહે છે ! એ તો આપણે પોતે સૂતેલાને છંછેડ્યો હતો ! માટે બળવા દો ને !'

અને ત્યાર પછી એ અદેખા જમીનદારોએ લાચારીએ, ના છૂટકે સાંઈ ગુલામનબી પ્રતિ મૈત્રીનો હાથ લંબાવ્યો.

આપણી દુશ્મની હતી જ ક્યાં !' સાંઈ ગુલામનબીએ પોતાના મોભાનો ખ્યાલ રાખીને આછું સ્મિત વેરતાં આ શબ્દો કંઈક એ રીતે કહ્યા કે અદેખા જમીનદારોના મોઢે ભોંઠપની કાળી મેશ ફેલાઈ ગઈ ! અને સહેજ રહીને સાંઈએ અન્ય એક મીઠો પ્રહાર કરતાં ઉમેર્યું, 'સંબંધો હતા અને છે, અને ઈન્શાઅલ્લાહ રહેશે. અદા, આ સંબંધો તો કબૂતર જેવા. કબૂતરોને દાણા-પાણી આપવાં પડે. નહીંતર ઊડી જાય !'

અને આ વાત લોકો સુધી પહોંચી તો તેમણે ય એ અદેખા જમીનદારોની ખૂબ હાંસી ઉડાડી !

• • •

આ દરમિયાન એક દિવસે હું હવેલીના ઓટલે બેઠો હતો. અખબાર વાંચી રહ્યો હતો. એકલો જ હતો. એવે એક અજાણ્યો માણસ આવ્યો. વય ચાળીસેકનું હશે. શરીર કસાયેલું હતું. વાન સાંવરો ને કદ મધ્યમ. તેણે પોતાના ખિસ્સામાંથી એક લિફાફો કાઢ્યો. મને આપ્યો. અને સડસડાટ ચાલ્યો ગયો. મેં બેસવા આગ્રહ કર્યો. ક્યાંથી આવ્યા છો, શું નામ છે, પૂછ્યું. પણ તે કશું બોલ્યો નહીં. આવ્યો હતો એમ સડસડાટ ચાલ્યો ગયો. બજારમાં. આવતાજતા લોકો વચ્ચે અદૃશ્ય થઈ ગયો.

મેં લિફાફો જોયો. એ સાંઈના નામે હતો. સાંઈ ઘરમાં ન હતા. ઘણું કરીને બેંકમાં ગયા હતા. એકાદ કલાક બાદ આવ્યા. લિફાફો મેં સાંઈને આપ્યો, 'કોઈક અજાણ્યો માણસ આ આપી ગયો છે.'

સાંઈએ લિફાફો ખોલ્યો. કનુભાનો કાગળ હતો. લખ્યું હતું : 'ભગતકાકાનું અવસાન થઈ ગયું છે. મેલેરીઆ થયો હતો. દવા કારગત નીવડી નહીં. જેવી ભગવાનની મરજી. છેલ્લે સુધી તમને અને બખ્તાવરને ખૂબ યાદ કરતા હતા. ... કહેતા હતા કે, મારા બખ્તાનો ખયાલ રાખજો. નાની વયમાં એ અસહ્ય આફતોમાંથી પસાર થયો છે. એનું કોઈ નથી. એને દુ:ખી થવા દેશો નહીં ... ... !'

વાંચતાં - વાંચતાં સાંઈ રોઈ પડ્યા. તેમણે કાગળ મારા હાથમાં મૂકી દીધો. અને એ વાંચતાં મારી દશા અર્ધ કપાયેલા પરિંદા જેવી થઈ ગઈ. મારા અંગેઅંગમાં ધ્રુજારી હતી, મોઢું સિવાઈ ગયું હતું. હોઠે ફીણ ને આંખોમાં અશ્રુનો જુવાળ !

સાંઈ તો સમજતા હતા. પણ મારી આ દશા જોઈને સુગરામા હેબતાઈ ગયાં. રાડ પાડી ઉઠ્યાં :

'શું થયું ?! આ છોકરો તરફડિયાં કેમ ખાઈ રહ્યો છે ?? અરે ડાક્ટરને બોલાવો ! ઊભા ઊભા જુઓ છો શું ? ... અલ્યા અસ્લમ, ડાક્ટરને તેડી લાવ ... ' અને પછી સાંઈને પૂછ્યું, તમે કેમ સૂનમૂન થઈ ગયા છો ? ... શું થયું છે ?! ઓ ખુદા, આ શું થવા બેઠું છે ...?'

ડોક્ટર આવ્યા.

પૂછપરછ કરી. તપાસ કરી. 'ગભરાવા જેવું નથી. ... બધું ઠીક છે.' કહેતાં એક ઈંજેક્શન મૂક્યું. ઊંઘની એક ગોળી આપી. ... સાંઈને પણ દવા આપી. અને જતાં જતાં કહ્યું, 'તમે ચિંતાના ચક્કરમાં ના પડો તો સારું ... એ હાનિ કરી શકે છે.'

ભગતકાકાના દેહાંતનો આઘાત હતો. આંધીમાં વીંઝોડાઈ જતી વાડી જેવી મારી આંતરિક હાલત થઈ ગઈ હતી. દિવસો સુધી કળ વળી નહીં. ગમગીની, ઉદાસી, બેચેની પીછો છોડતી ન હતી.

ઘરનાં, જમીનોનાં કામકાજ સંભાળી રહ્યો હતો. અખબારો ય વાંચી લેતો હતો. પરંતુ મનમાં અગાઉ જેવો ઉમંગ નહોતો. મન ખાલી ખાલી લાગતું હતું. ક્યારેક અંતરમાં દૂર દૂર સુધી અફાટ રણ વિસ્તરી ગયું હોય એમ પણ લાગતું. એ રણમાં વાતી લૂની લહેરો મને દઝાડતી. ભૂતકાળ પ્રતિ ખેંચતી, જ્યારે મારું સર્વસ્વ લૂટાઈ ગયું હતું. મોતના રાક્ષસી પંજા મને ગળામાંથી ઝાલીને ઉપાડી લેવાની તૈયારીમાં હતા. ઉપાડી જ લીધો હોત. પણ એક ચટાન આડી આવી ગઈ હતી, જેનું નામ હતું ભગતકાકા. ... અહીં મોત માર ખાઈ ગયું હતું અને હું ઉગરી ગયો હતો. – મારા એ મોહસિનને વિસરવાનો તો સવાલ જ ન હતો. તેમના દેહાંતના આઘાતમાંથી મુક્ત થવું પણ સહેલું ન હતું.

આ વિક્ષુબ્ધ દશામાં સુગરામાના માયાળુ વહેવારથી મને ઘણું આશ્વાસન મળ્યું. તેઓ મારો ગમ ભૂલાવવા માટે મને ઘણીવાર વાડીએ લઈ જતાં. ભાતભાતની, કુટુંબકબીલાની, ગામપાધરની, અડોશપડોશની વાતો કરતાં.

સુગરામાની આ વાતોમાંથી જાણવા મળ્યું કે, સાંઈ ગુલામનબી મહેર કબીલાના સભ્ય હતા. તેઓ મૂળ છાછરોના નહીં, રામસર ગામના એક સામાન્ય ખેડૂતના પુત્ર હતા. રામસરમાં ઈંગ્લિશ સ્કૂલ ન હોવાથી તેમણે છાછરોની હાઈ સ્કૂલમાં પ્રવેશ લીધો હતો. અને સાઈકલ પર આવજા કરતા હતા. સાંઈ વિદ્યાવ્યાસંગી હતા. રમતગમત તથા નિશાળની ઈતર પ્રવૃત્તિમાં પણ રસ લેતા હતા.

એક વાર નિશાળના વાર્ષિક મેળાવડમાં સાંઈના છટાદાર પ્રવચનથી સુગરામાના જમીનદાર પિતા અલ્લાહબક્ષ એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે મંચ પર જઈને સાંઈની પીઠ થાબડી હતી. અને એક સો રૂપિયા ભેટ આપ્યા હતા.

સાંઈએ અહીં જ મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. ... બાદમાં જમીનદાર અલ્લાહબક્ષે, સાંઈને પોતાની એકની એક દીકરી માટે પસંદ કરી લીધા હતા. અને ઘરજમાઈ બનાવી છાછરો લઈ આવ્યા હતા.

લગ્નને પંદરથી વધુ વર્ષનો સમય થયો હતો, પણ સાંઈને ત્યાં કોઈ સંતાન નહોતું. અને સુગરામા સાથેની વાતચીતમાંથી જાણવા મળ્યું કે સાંઈ હવે બીજાં લગ્નનું વિચારી રહ્યા છે. સંતાનની ખાતર.

'તને આ વિચાર કેવો લાગે છે ?' સુગરામાએ પૂછ્યું.

'તમે રાજી છો ?'

'મેં જ તો એમને આ સૂચન કર્યું છે. ... મારો આ વિચાર ખોટો તો નથી ને ?!'

હું શું ઉત્તર આપું !

સુગરામાએ મને ભારે ગૂંચવણમાં નાખી દીધો હતો. જાણે રેશમની આખી લચ્છી ગૂંચવાઈ ગઈ હતી.

'તેં કશો જવાબ નહીં આપ્યો. કહે, તને આ વિચાર કેવો લાગે છે ? આ વિશે તારું મન શું કહે છે ?'

મારે કશું કહેવું ન હતું. એ એમની પતિપત્નીની અંગત બાબત હતી અને મારા જેવા એક ત્રાહિત, આશ્રિત માટે એમાં ચંચુપાત કરવો યોગ્ય ન હતો. પરંતુ સુગરામાનો આગ્રહ વધતો ગયો એટલે આખરે મારે મનમાં હતું તે હોઠે લાવવું પડ્યું.

'તમે મારી વાતથી નારાજ તો નહીં થાઓ ને ? ... મને બીક લાગે છે.'

'એમાં બીવા જેવું શું છે ? ... બેફીકર થઈને કહે. તને જેવું લાગે છે તે કહે.'

અને પછી ઘડીક વિચાર્યા બાદ મેં કહ્યું, 'મને આ વિચાર યોગ્ય લાગતો નથી.' ... કહેતાં તો હું કહી ગયો, પણ ભીતરમાં હૃદય ધક - ધક કરી રહ્યું હતું. અને પછી ધડકતે દિલે ઘડીક રહીને ઉમેર્યું, 'એ કદાચ તમારા માટે, સાંઈ માટે અને શાયદ મારા માટે પણ સારું નહીં હોય !'

સુગરામા સ્તબ્ધ થઈ ગયાં. મારો ઉત્તર તેમની ધારણા મુજબનો કદાચ ન હતો. તે સહેજ ધ્રુજ્યાં ય હતાં. અને ત્યાર પછી સ્વસ્થ થતાં તેમણે કહ્યું, 'તું આમ શી રીતે કહી શકે છે ? શું તું નજૂમી છે ?'

'ના, પણ મારી બુધ્ધિ અને અભ્યાસના આધારે કહું છું. મને આ યોજના યોગ્ય લાગતી નથી. – જો કે મારો કોઈ ભાઈ હોય એમ હું ઈચ્છું છું. ... ગમે એમ, પણ આ યોજના હિતકર લાગતી નથી. પછી જેવી તમારી મરજી !'

સુગરામા મારી સામે જોઈ રહ્યાં. તેમની આંખોનો રંગ, ચહેરાના ભાવ બદલાઈ રહ્યા હતા. ઘણી વાર સુધી આમ એકધારું જોઈ રહ્યા પછી, કદાચ વિચારોની કંઈ કેટલીયે મોસમોમાં ચકરાવા લીધા પછી તેમના હોઠ હાલ્યા. જો કે મારા અંતરમાં તો એક મોટી ફડક હતી કે શી ખબર તેઓ શું કહે ? મારા માથા ઉપરનું આશ્રયછત્ર તો નહીં ખસી જાય ને ! … પણ નહીં, મારી એ ફડક ખોટી હતી. તેમણે ગંભીરતાપૂર્વક કહ્યું, ‘તું કોઈક ઓલિયો લાગે છે ! તેં તો મને ભેખડની ધાર પરથી ઉગારી લીધી છે. … હું તારો આ ઉપકાર ક્યારે ય નહીં ભૂલું !’

‘ઉપકાર તમારો અને મારા સાંઈનો. … તમે મારાં માબાપ છો. માબાપ ઉપર બેટાનો ઉપકાર હોઈ શકે નહીં. માબાપથી વિશેષ અન્ય કશું હોતું નથી. માબાપ રાજી તો અલ્લાહ રાજી.’

અને મેં જોયું તો સુગરામાની હેતાળ આંખોમાં આંસુ ચળકી રહ્યાં હતાં. સ્નેહનાં આંસુ.

•

[8]

થરપારકરનો આ પ્રદેશ એટલે સૂકો પ્રદેશ. ભૂખર - વેરાન વગડાનો ઈલાકો. માઈલોના માઈલ સુધી રેતાળ માટીના પથારા, ઢૂવા, ટીંબા ને ઝાંખરાં. ધરતી ઉપર જાણે સોનેરી દાણાદાર લોટ બીછાવ્યો હોય એવો પણો. અને એ સોનેરી પણા ઉપર હવાનાં પગલાં ! હા, હવાને હાલતી - ચાલતી જોવી હોય, ખાસ કરીને તેનાં નાજુક પગલાં જોવાં હોય તો થરના રણમાં જવું પડે. અહીં સમુદ્રની આછી આછી લહેરો આવીને જાણે જામી ગઈ હોય એવી ખૂબસૂરત રેખાઓ અંકિત થયેલી દૃશ્યમાન થાય છે ! એ છે હવાનાં પગલાં ! હવાના હલનચલનનું તાદૃશ સ્વરૂપ !

અહીં, થરના આ ભૂખર પ્રદેશમાં વરસાદ થાય, પણ કોઈક કંજૂસના દાન જેવો. અને કેટલીક વાર તો તે નખરાળી નારની માફક રિસાઈ પણ જાય છે. પ્યાસા જીવાત્માઓ વિનંતી કરી કરીને થાકે, પણ રીઝે તો એ વરસાદ શેનો ! અને કેટલીક વાર પ્યાસા જીવો સાથે તે વંચના ખેલ પણ માંડે છે. પ્યાસા જીવો સહેજ દર્શન દે ન દે ને અલોપ થઈ જાય છે ! નરી ઠગાઈ !

અહીં આ પ્રદેશમાં નહેરો નથી. નદી નથી. સરોવરો નથી. અલબત્ત, વરસાદ આવે એટલા સમય પૂરતી જીવતી, ચેતનવંત લાગે. પરંતુ ત્યાર પછી તે સાપ ગયા ને લીસોટા રહી ગયાના જેવી ! આથી ખેતીવાડીનો મુખ્ય આધાર કૂવા અને વરસાદ ઉપર રહે છે. વરસાદ આવે તો વાહવાહ ! નહીંતર ડિઝલ એન્જિનો કૂવાને એવા નીચોવે કે તેમનાં તળિયાં બોલતાં થઈ જાય !

વરસાદ આમ તો ઝાપટાં રૂપે આવે. થોડોક ફૂવારો ખોલે, પ્યાસી ધરતીને, પ્યાસા જીવાત્માઓને જરાતરા આનંદિત કરે અને બસ ! પણ આમ છતાં માણસોની માફક તે પણ ભૂલ કરે છે. ક્યારેક અણધાર્યો ધોધમાર વરસી પડે છે. અને ચોમેર પાણી પાણી કરી નાખે છે ! … એ ઘણું કરીને ઑગસ્ટ માસનો કોઈક દિવસ હતો. વહેલી સવારથી કાળાં વાદળો ઘેરાવા લાગ્યાં હતાં. દિવસ ધૂંધળો થઈ ગયો હતો. હવામાં ઠંડક હતી. અને ધૂળ ઊડાઊડ કરી રહી હતી. તો વળી ક્યારેક કડાકા ભડાકા પણ થઈ જતા હતા. બોંબવર્ષાની યાદ અપાવે એવા !

અને પછી બપોર થઈ હશે ત્યાં તો વરસાદ તૂટ્યો. એવો તૂટ્યો કે જાણે કોઈક દેશ-દુ:શ્મને સક્કર બેરેજના પાંચ-પચીસ શું, બધા ય દરવાજા ન ખોલી નાખ્યા હોય ! યા એમ કહો કે આકાશમાં મોટું ગાબડું ન પડી ગયું હોય ! પાણી જ પાણી ! નજર નાખો ત્યાં પાણી ! ખાડીઓ છલકાઈ ગઈ હતી ! ખેતરો ઉભરાઈ ગયાં હતાં ! સીમમાં પાણી, ગામમાં પાણી ! જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી ! અને એ પાણીમાં તાણ ! કેટલાં ય જાનવરો તણાયાં હતાં ! હડફેટે ચઢેલા અશક્ત લોકો ય તણાયાં હતાં ! કેટલાં ય જૂનાં મકાનોની દીવાલો કકડભૂસ થઈ ગઈ હતી ! છતો ગળવા લાગી હતી ! … … અને ખાડીઓ તથા નાળા છલકાયાં હોવાથી નીચાણમાંની ગરીબ વસ્તીઓમાં પ્રાણ બચાવવા માટે ભારે નાસભાગ મચી હતી. ચઢી શક્યા તે લોકો ઊંચા ટેકરે કે ઝાડો ઉપર ચઢી ગયાં. બાકીનાં બિચારાં હાંફળાફાંફળા ગામ તરફ ભાગ્યાં ! બીજે જાય પણ ક્યાં ? રસ્તા તો પાણીમાં ડૂબી ગયા હતા.

આ તોફાની વરસાદમાં ઘણું લોક બેઘર થઈ ગયું હતું. રહેલી કસર છલકાઈ ગયેલી ખાડીએ, નાળાઓએ પૂરી કરી. એ ખાડી - નાળાનાં નિરંકૂશ પાણી ફલાંગતા ઘોડાઓની માફક ભાંગ્યાં ઘરોમાં ઘુસ્યાં અને ઘરવખરી સિક્કે ઉપાડી ગયાં. બિચારાઓને વિશેષ બિચારાં કરી નાખ્યાં !

આ બિચારાં વરસાદગ્રસ્તોને તત્કાળ પૂરતો નિશાળ - મદ્રસામાં આશ્રય અપાયો. તેમના ખાનપાનનો, રહેવા-કરવાનો, પહેરવા-ઓઢવાનો, દવાદારૂનો બધો ય પ્રબંધ કરવામાં આવ્યો. તેમની દુર્દશા કોઈ પણ પથ્થરને પાણી કરી નાખે એવી હતી ! સાંઈ ગુલામનબી તો ખરેખરા દ્રવી ઉઠ્યા હતા. તે તો આમ પણ નેકદિલ ઈન્સાન હતા. – દયામાયા તેમની નસેનસમાં ભરી પડી હતી. જાણે કોઈ સાચો ભગત જોઈ લો ! તેમણે કહ્યું, ‘બખ્ષાવર ! આ આફતગ્રસ્તોનો હાથ ઝાલો. એમની મદદ કરો ! એમનાં કષ્ટ ફેડો ! એમનાં દુ:ખ આપણે નહીં ફેડીએ તો બીજું કોણ ફેડવાનું હતું ! એ આપણાં છે! આપણાં ભાઈ-બહેનો છે !’

સાંઈ ગુલામનબીએ અનાજનું ગોદામ ખોલાવી આપ્યું. ચાદરો, અજરકોનો ય ઢેર લગાવી દીધો. દરેક વરસાદગ્રસ્તને અમે પાંચ-પાંચ શેર અનાજ આપ્યું. બબ્બે ચાદર - અજરક આપી. વાસણો આપ્યાં અને પચાસ, પચાસ રૂપિયા તેમના ખિસ્સામાં નાખ્યા. પેરાસિટામલની ગોળીઓ ય આપી. … હું દરરોજ આ દુખિયારાઓ પાસે જતો. તેમની જરૂરતો પૂછતો. હિમ્મત આપતો. આશ્વાસન આપતો.

આ રાહતકાર્યમાં ગામના અન્ય શ્રીમંત જમીનદારો, વેપારીઓ પણ ભાગ લઈ રહ્યા હતા. અને એ સૌમાં એક મહિલાનું કાર્ય ખાસ નોંધપાત્ર હતું. તે બઢીચઢીને સેવાકાર્ય કરી રહી હતી. ઉદારતા અને સખાવત જાણે તેના પાલતુ પરિંદા હોય એમ તે દરેક દુ:ખિયાની જરૂરત પૂરી કરતી હતી.

એ કોણ હતી ? કોણ હશે ? તે સમયે મને તેનો કોઈ પરિચય ન હતો.

પરંતુ બાદમાં જાણવા મળ્યું હતું કે તેનું નામ નૂરજહાં હતું. અને તે પચીસેક વર્ષની હતી ત્યારે એક મોજીલો જમીનદાર દિલદાર હુસૈન તેને ઉમરકોટથી પરણી લાવ્યો હતો. દિલદારને એ પહેલાં જ એક પત્ની હતી અને ઓલાદમાં એક દીકરી. આથી એક વારસદાર દીકરાની આશાએ તેણે આ બીજી પત્ની કરી હતી. અને આ નવીએ મોટી વયના ગરજવાન જમીનદાર પાસેથી જરઝવેરાત ઉપરાંત અઢીસો એકર જમીનનો એક ઉમદા કટકો પણ લખાવી લીધો હતો. વળી હોશિયાર એવી કે થોડા જ સમયમાં તેણે જમીનદાર દિલદાર હુસૈનને પાંજરામાં પૂરેલું તેતર બનાવી દીધો હતો. પાણી પણ નૂરજહાં પીવડાવે તેટલું પીતો.

દિલદારની હવેલીમાં નૂરજહાંનું રાજ હતું. આમ પણ ઠસ્સાદાર તો તે હતી જ. જમીનદારની હવેલીમાં તેનો ઠસ્સો વિશેષ પાંગરી ગયો. જાણે ફાગણિયો કેસૂડો ! પરંતુ ભાગ્યને કંઈક બીજું મંજૂર હતું કે ત્યાર પછી વારસદાર દીકરાના સપનાં જોઈ રહેલો દિલદાર ઝાઝું જીવી શક્યો નહીં. અને પચીસ વર્ષની વયે પરણેલી નૂરજહાં ત્રીસમે વર્ષે નિ:સંતાન વિધવા થઈ ગઈ.

મારું તો આ નૂરજહાં તરફ કોઈ ખાસ ધ્યાન ન હતું. વરસાદગ્રસ્તોનાં અન્ય સહાયકો હતાં એવી જ તે પણ એક સહાયક હતી. અને તે હોંસપૂર્વક તેનું કાર્ય કરતી હતી. હું તેને એક સારી ગરીબપરવર તરીકે ઓળખતો હતો. એનાથી વિશેષ તેના તરફ મારું ખાસ ધ્યાન ન હતું. – પણ આપણે કોઈકના તરફ ખાસ લક્ષ રાખીએ કે ન રાખીએ તોયે અમુક માણસો આપણા ઉપર નજર રાખતા હોય છે. અને એ રીતે સમય જતાં તે આપણા ધ્યાનની, આપણા લક્ષની કોરેમોરે આવવામાં સફળ થઈ જતાં હોય છે. નૂરજહાં અને મારા મામલામાં કંઈક એવું જ બન્યું હતું. મારું ધ્યાન તેના પ્રતિ નહોતું પણ તેની નજર મારા ઉપર જરૂર હતી. અને તેને મારી કોઈક વાત કદાચ એવી ગમી ગઈ હતી કે એક દિવસે તે આપમેળે મારી સામે આવીને ઊભી રહી ગઈ. આંખોમાં કુતૂહલભાવ ભરીને પૂછ્યું, ‘તમે કોણ છો ? … … દરરોજ આવો છો. ગરીબગુરબાને મદદ કરો છો. – આખરે તમે છો કોણ ? ક્યાં રહો છો ?’

‘હું બખ્ષાવર, … અહીં છાછરોમાં રહું છું.’

‘અહીં ? છાછરોમાં ? સાચું કહો છો ?’

‘હા. … સાંઈ ગુલામનબીને ઓળખો છો ? – હું તેમને ત્યાં રહું છું.’

'પરદેશ - એક સપનું' એક સાકાર સ્વપ્ન

• આરાધના ભટ્ટ

દેશાંતર કોઈ પણ વ્યક્તિના જીવનની દિશા-દશા બદલનારી, અને એ રીતે એના જીવનની કદાચ સૌથી મહત્ત્વની ઘટના કે મહત્ત્વની ઘટનાઓ પૈકીની એક હોય છે. એક કલાકાર કે કલાસાધક જ્યારે દેશના સીમાડા પાર કરીને કોઈક જુદી જ સંસ્કૃતિમાં ઠરીઠામ થવા ઉડાન ભરે ત્યારે એની કલાસાધના કરતાં કરતાં એણે જોયેલાં અનેક શમણાંનું ભાવિ એની સાથે લઈને, ભારે અસમંજસ સાથે એ ઉડે છે. વિપુલ વ્યાસ સિડની આવ્યા ત્યારે અહીં સ્થિત એમના જેવા કલાજીવોની જેમ એ પણ એક સપનું લઈને આવ્યા હશે. આ સ્વપ્નનો આકાર તે 'પરદેશ - એક સપનું', સિડનીમાં - ઓસ્ટ્રેલિયામાં નિર્મિત પ્રથમ ગુજરાતી ચલચિત્ર. ૨૮મી એપ્રિલે એના પ્રિમિયર શોમાં હાજરી આપવાનું નિમંત્રણ મળ્યું ત્યારે ચલચિત્રની ગુણવત્તા વિષે થોડી દહેશત સાથે હોમ-ગ્રોન ચલચિત્ર કેવું બન્યું છે એ કુતૂહલને વશ થઈને એ આમંત્રણ સ્વીકાર્યું.

ફિલ્મનું નામ દર્શાવે છે તેમ એનું વિષયવસ્તુ વિદેશગમન અને એને લગતા સામાજિક-કૌટુંબિક પ્રશ્નો અને એમાંથી નિષ્પન્ન થતી એક પ્રજા તરીકેની આપણી ખાસિયતોની આસપાસ ગુંથાયેલું છે. અને એ દૃષ્ટિએ વિષયવસ્તુ થોડું બીબાંઢાળ અને અતિશયોક્તિપૂર્ણ લાગે. કેટલાંક પાત્રો પણ બીબાંઢાળ - પૈસાદાર એન. આર. આઈ. મા-બાપનો એકનો એક છકી ગયેલો દીકરો જે દારુ અને ડ્રગ્ઝની લતનો ભોગ બને, અનુકંપા વિનાની, સ્વાર્થી, અને પોતાનો કક્કો ખરો પુરવાર કરનાર સાસુ, દીકરીને 'ફોરેન' વળાવવા ઉત્સુક મધ્યમ વર્ગનાં મા-બાપ, પૈસાના મદમાં છકેલા ઉદ્ધત એન. આર. આઈ. કાકા-કાકી, પોતાના સુખ કરતાં કુટુંબની અને મા-બાપની આબરૂનો વિચાર વધુ કરતી દુખિયારી દીકરી અને પ્રેમને ખાતર એને ઉગારવા નીકળી પડતો નાયક. ફિલ્મમાં કેટલીક બુદ્ધિગમ્ય ન લાગે એવી, યોગાનુયોગ દ્વારા સર્જાતી ઘટનાઓ, પરિસ્થિતિનાં જોરે આગળ ચાલતું કથાવસ્તુ છે. આમ તો આ છેક શેક્સપીયરનાં નાટકોથી ચાલતી આવેલી પરંપરા છે. ૧૮૧૭મા સેમ્યુઅલ કોલરિજે એને સાહિત્યિક પરિભાષાનું નામ આપ્યું - voluntary suspension of disbelief. બોલીવુડ અને આપણા ઢોલીવુડની ઘણીખરી ફિલ્મો પ્રેક્ષકો પાસે આ voluntary suspension of disbeliefની અપેક્ષા સાથે જ બનતી હોય છે. પરદેશ ... પણ એમાં અપવાદ નથી, એ હકીકત સ્વીકારીને આગળ ચાલીએ ...

ફિલ્મનું સંગીત અને એના ગીતો એ કદાચ એનું સૌથી સબળ પાસું છે. તરજોનું વૈવિધ્ય, ગુજરાતી લોકઢાળથી લઈને સાવ આધુનિક કહેવાય એવી પશ્ચિમી સંગીતની છાંટવાળાં સરળ ગીતો ફિલ્મને સામાન્ય દર્શક માટે અહ્લાદક બનાવે છે. કેટલાક અભિનય પણ સરાહનીય છે. તેમાં સાસુના પાત્રમાં પૂર્ણિમા ભટ્ટ, જનક પટેલ તરીકે પ્રદીપ પંડ્યા, મીરાં તરીકે મહેક્ષા અન્સારી, ગૌરી અને વિજય તરીકે દ્રુમા મહેતા અને વિપુલ વ્યાસ, મેકના પાત્રમાં નિખિલ જોશી વિશેષપણે ધ્યાનાકર્ષક લાગ્યાં. ગીતોની કોરિયોગ્રાફી, વેશભૂષા- વોર્ડરોબ અત્યંત કુશળતાથી સંભાળવામાં આવ્યાં અને ફિલ્મનું એ જમા પાસું રહ્યું. ફિલ્મના સંવાદો અને એનું એડીટીંગ થોડું વધુ ચુસ્ત હોત તો ઓછા સમયમાં ફિલ્મની વાત વધુ અસરકારક રીતે દર્શકો સુધી પહોંચાડી શકાઈ હોત.

ચલચિત્રનાં કેટલાંક દૃશ્યોનું ફિલ્માંકન સિડની અને તેની આસપાસના સ્થળોએ થયું છે અને કેટલાંક દૃશ્યો ગુજરાતમાં ફિલ્માયાં છે. ફોટોગ્રાફીમાં ખાસ કસબ નથી જણાતો તેમ છતાં સાગર-કિનારાના અને લીલીછમ પહાડીઓના નયનરમ્ય લોકેશન્સથી ફિલ્મનું દૃશ્ય-પાસું સબળ બન્યું છે. ફિલ્મના કેટલાક કલાકારો અને કસબીઓ ભારતના છે. મોટા ભાગની મુખ્ય ભૂમિકાઓ સિડનીમાં વર્ષોથી વસતા બિન-વ્યવસાયી વ્યક્તિઓ દ્વારા અભિનિત છે, એ જોતાં એ સૌ અભિનેતાઓ અને એમનું દિગ્દર્શન કરનાર વિપુલ વ્યાસ અને મનીષ પાઠક અભિનંદનના અધિકારી બને છે. એક ચલચિત્ર બનાવવું છે, એવા ખ્વાબ જોવા એ એક વાત છે અને એ ખ્વાબને મૂર્તિમંત કરવા માટે અથાગ પરિશ્રમ કરવો અને એમાં અન્યોનો સહકાર મળી રહેવો એ નાનીસૂની કામયાબી નથી. 'પરદેશ, એક સપનું'નું નિર્માણ સંપૂર્ણતઃ સિડનીમાં થયું એ પણ સિડનીના ગુજરાતીઓની પ્રાપ્તિ ગણવી રહી.

આજે આપણે વિશ્વગુર્જરો જ્યારે ગુજરાતી ભાષાને બચાવવાના નારાઓ લગાવવામાં પડ્યા હોઈએ, ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મક્ષેત્રનું ચિત્ર જ્યારે પાંખું બનતું જાય છે તેવા સમયમાં ભાષાને બચાવવાની માત્ર વાતો કે ભાષણો કરવાને બદલે ભાષાને આ રીતે વધાવવાનું નક્કર કાર્ય થાય તો એ આપણી ભાષા જ નહીં ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા માટે સંતર્પક બની રહે એ નિઃસંદેહ છે.

એકંદરે 'પરદેશ, એક સપનું' દર્શનીય અને મનોરંજક. એનો પ્રયત્ન લાખો સલામ માંગી લે એવો !

e.mail : aradhanabhatt@yahoo.com.au

(અનુસંધાન પાન 20 પરેથી)

'તેમના સગા હશો. – ખેર, શું કરો છો ?

'જમીનદારી.'

'ભણતા નથી ?'

'મેટ્રિક કરી લીધું. હવે સાંઈના કામકાજમાં હાથ બટાવું છું.'

'પણ તમે જમીનદાર લાગતા નથી.' નૂરજહાંએ જાણે મારા ભીતરમાં ઊતરીને મારી સચ્ચાઈ જાણી લીધી હોય એ રીતે કહ્યું. અને બીજી જ ક્ષણે ઉમેર્યું, 'તમે મારું નામ તો પૂછ્યું નહીં. હું નૂરજહાં છું. મસ્જિદવાળી શેરીમાં મારી હવેલી છે. આવજો ક્યારેક … !'

અને પછી સ્મિત વેરી, સોહામણી આંખો પટપટાવતી સલામ કરીને તે ચાલતી થઈ. અને હું તેને જતી જોઈ રહ્યો. જોયા વિના છૂટકો ન હતો. તેના વ્યક્તિત્વમાં લોહચુંબક-શી તાસીર હતી. તે એક પ્રગલ્ભ, સર્વસંપન્ન મહિલા હતી. તેની ચાલમાં ગૌરવ હતું અને સ્ત્રીસહજ ઠસ્સો તેની પૂંઠે ચાલી રહ્યો હતો.

•

(વધુ હવે પછી)

[136 Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR]

જિંદગી ભર,
ચાહતો રહ્યો એને;
સમજ્યા વિના!

°

રડે કેમ એ,
ખૂટી ગયા છે આંસું -
પરણી એને!

°

સીતા સમી તો
પત્ની મળી; કેમ એ
રાવણ બન્યો?!

- ચીમન પટેલ "ચમન"

e.mail : chiman_patel@hotmail.com

નાર્સિસસ ગ્રંથિની પીડા ... !



ભોળાભાઈ પટેલ ગુજરાતી સાહિત્ય પરિષદનાં પ્રમુખ તરીકે વરાયા ત્યારે સુરતથી પ્રકાશિત “ગુજરાતમિત્ર”ની ‘દર્પણ પૂર્તિ’માં, 17 ઑગસ્ટ 2011ના ‘હેલો હેલો’ સ્થંભમાં, આ નીચે આપી પ્રશ્નોત્તરી પ્રગટ થઈ હતી.

વીત્યા ત્રણ-ચાર દાયકાથી ભારતીય સાહિત્યમાં ગુજરાતનાં પ્રતિનિધિ તરીકે તેઓ એ રીતે સક્રિય રહ્યા હતા કે ગુજરાતી સાહિત્યનાં તેમને દૂત કહી શકાય. નિબંધલેખનમાં તેમનો વિશેષ એ રીતે પ્રગટયો કે તેમના વિના નિબંધસાહિત્યનો હવે વિચાર ન થઈ શકે. ગુજરાતની સાહિત્યની મુખ્ય સંસ્થાઓ ઉપરાંત દિલ્હી સાહિત્ય અકાદમી અને જ્ઞાનપીઠની સંસ્થામાં તેઓ સતત પ્રવૃત્ત રહ્યા હતા. આ મુલાકાતમાં તેઓએ જે વાત કરેલી તેમાંથી સઘન વ્યક્તિત્વનો આપણને પરિચય મળી રહે છે.

•

તમારે મન આનંદ એટલે શું?

જે પ્રવૃત્તિ કરતી વેળા મનમાં પ્રસન્નતાનો અને સાર્થકતાનો અનુભવ થાય તે આનંદ. ઉત્તમ કવિતા કે ઉત્તમ સાહિત્ય વાંચતા કે પછી પ્રાકૃતિક સૌંદર્ય જોતાં ચેતાનાનો જે ઉઘાડ થાય તે આનંદ.

જીવનમાં તમે શું એ જ કર્યું જે તમારે કરવું હતું?

હા. પાંચમાં ધોરણમાં હતો ત્યારે અમારા એક આદર્શવાદી શિક્ષક હતા. તેમણે પૂછેલું કે મોટા થઈ શું થશો? મારો જવાબ હતો કે શિક્ષક. મારા પિતાજી પણ શિક્ષક હતા ને ઘરે ખેતી પણ હતી અને કહ્યું કે શિક્ષક તરીકે મેં સાર્થકતાનો અનુભવ કર્યો છે. પાંચમાં ધોરણના વર્ગશિક્ષક તરીકેથી કારકિર્દી આરંભાયેલી ને પછી કોલેજમાં અધ્યાપક થયો. 1952થી ’94 સુધીની મારી એ કારકિર્દી રહી. શિક્ષણ એક સર્જનાત્મક આનંદની હેલી જ હતી. વર્ગમાં જવાનો મને કદી થાક લાગ્યો નથી. મેં કદી બેસીને ભણાવ્યું નથી. લેખન કરવાનું મને બહુ ગમે નહીં પણ અધ્યાપક તરીકે જે સ્વાધ્યાય થતો ગયો તે સ્વધર્મની ભૂમિકાએ લખ્યું. 12 વર્ષ સુધી એક અખબારમાં નિયમિત કોલમ લખી. રઘુવીર ચૌધરીની જેમ મને આવી ન જાય, પ્રત્યન કરવા પડે, પણ એ રીતે લેખન સહજ થતું થયું ને ભાષાનો અભ્યાસ થતો ગયો. નગીનદાસ પારેખ જેવા ગુરુ મળ્યા. ઉમાશંકર જોશી, ભાયાણી સાહેબ સાથે રહેવા મળ્યું. મારી સર્વિસબુકમાં પહેલી એન્ટ્રી ઉમાશંકરની છે. આજે ગુજરાત યુનિવર્સિટીનાં કેમ્પસમાં જાવ તો પીડા જ થાય, ભાષાભવન કેટલું નિસ્તેજ થઈ ગયું!

તમને કઈ વાતનો કંટાળો આવે?

મુખ્ય તો એડમિનીસ્ટ્રેશનનો. જરૂરી હોય ત્યાં વહીવટનાં કામો કરવા જ પડે પણ તે થકવી નાખે. ગુજરાતી સાહિત્ય પરિષદમાં મંત્રી હોઈએ તો પૂર્વતૈયારી સાથે એ કરવાનું જ હોય. વિદ્યાર્થીઓની આન્સરબુક તપાસતાં હોઈએ ત્યારે પણ કંટાળો આવે. આમ કરવું પડે પણ ન કરવાનું હોય તો વધુ ઠીક લાગે. બાકી આમ મને કંટાળા જેવું નહીં. એક જાતનો વૈરાગ્ય આવી જાય એવું નથી થયું. રવીન્દ્રનાથ, જીવનાનંદ દાસ, ઉમાશંકર અને અજ્ઞેય મારા સતત અભ્યાસનાં વિષય રહ્યા છે. તેમને વાંચુ ને કંટાળો જતો રહે.

કોઈની સાથે સંબંધ બાંધતી વેળા સામી વ્યક્તિમાં કમ-સે-કમ કયા ગુણોની અપેક્ષા રાખો?

ઓનેસ્ટી. એ માણસ સહજ ને પારદર્શી હોય. મારામાં નામ પ્રમાણેના ગુણો છે. રઘુવીર જેવી માણસ ઓળખવાની શક્તિ નહીં. આપણે તો તરત ખૂલી જઈએ. હું મને ક્લોઝ રાખી નથી શકતો. શાળા સમયનાં મિત્રો હજુ છે. સાહિત્યિક મિત્રો જોડે તો મતભેદોનાં પ્રશ્નો પણ ઉદ્ભવે. બંગાળ, આસામમાં ય ઘણા મિત્રો છે. હિન્દીવાળા જોડે વિવાદો થતા હોય. ભાયાણી સાહેબ જોડે સેક્સથી માંડી સ્પિરીચ્યુઆલિટીની વાતો થઈ શકતી. બાકી સાહિત્યજગતમાં ગ્રુપ બની જાય. મેં સુમન શાહના સુરેશ જોષીથી સુરેશ જોષી’ ગ્રંથ વિષે ‘ગ્રંથ’માં પાંચ પાનાંની સમીક્ષા લખેલી અને પીંખી પીંખીને બતાવ્યું કે આને કાંઈ આવડતું નથી. સાહિત્ય આપણને ઔદાર્ય ન શીખવે? આટલું વિષવમન કરવાની શી જરૂર હતી? આપણે શબ્દસેવી છીએ.



દરિયાને તીરે, મોજની ઘડીએ, દે તાલી !
ડાબે, ભોળાભાઈ પટેલ અને જમણે, નરોત્તમ પલાણ

તમારે મન પૈસો શું છે?

બધા મને કહે છે કે તમે ફ્લેટમાં રહો છો તે બંગલો કેમ ન કર્યો? ફ્લેટ પણ ઉછીના પાછીનાથી કર્યો છે. મારા દીકરાઓમાં બધા જુદે જુદે ગોઠવાયા છે ને પુત્રવધૂઓ ઘરમાં આવ્યાં પછી ભણી છે. મેં પૈસાને કદી મહત્ત્વ આપ્યું નથી. એવું કદી નથી થયું કે જમીન જોવા જાઉં. શેરબજારમાં રોક્યા નથી. મારી લક્ઝરી આ પુસ્તકો છે.

આજના રાજકારણની કઈ મર્યાદા તમને અકળાવે છે?

ગુજરાત પૂરતી વાત કરીએ તો જે શાસક તે રાજા બની ગયા છે. પોતાના મંત્રીઓ, એમ.એલ.એ.ની વાત પણ ન સાંભળે અને હું નેપોલિયન છું એમ માને. પોતાની ભૂમિકાએ સમ્રાટ થઈ જાય. કહે છે કે હું ખાતો નથી ને કોઈને ખાવા દેતો નથી અને કેટલું બધું ખવાય છે. બ્યુરોક્રસી કેટલી છે! એમની લાઇનમાં આવો તો જ મળે! યુનિવર્સિટીઓમાં તેમના ‘યસમેન’ને એપાઈમેન્ટ કરવા માંડ્યા ને પશ્ચિમ બંગાળમાં સી.પી.એમ.ના શાસન દરમ્યાન જેમ પોતાની જ કેડર ઊભી કરાયેલી તેવી કેડરો ઊભી થવા માંડી છે તેનો સખ્ત વાંધો છે. માણસ અભિપ્રાય આપતાં ગભરાય એવું છે. કેશુભાઈ નબળા હતા પણ તેમની સાથે વાત થઈ શકતી. તેઓ નાર્સિસસ ગ્રંથિથી પીડાય છે. ગુજરાતને ડેવલપ કરે પણ લોકશાહી મૂલ્યો તો રહે!

સ્ત્રીમાં રહેલું કયું તત્ત્વ તમને તેનામાં જીવનભર બાંધી રાખે છે?

પહેલું તત્ત્વ તો મમતા. તે માની, બહેનની, પત્નીની કે દીકરી યા સ્ત્રીમિત્રની હોય. પછી તો એકબીજાને સમજવાની ભૂમિકા. આપણી આકાંક્ષા, મહેચ્છા અથવા જે કાંઈ કરી રહ્યા હોય તેમાં રસ-રુચિ હોય. તેનું સહજ સૌંદર્ય ને માર્દવ પણ બાંધી રાખે.

એવું કયું સ્થળ જ્યાં ગયા વિના જીવન અધૂરું લાગશે?

ફરી જવાનું હોય તો હવે એટલી તાકાત નથી પણ હિમાલયના કોઈ પણ સ્થળે જવાનું થાય. અમેરિકા પણ અને યુરોપમાં કેટલાંક સાંસ્કૃતિક સ્થળો છે જે આપણને ગમે. ભારતમાં આસામભૂમિ, જ્યાં બે વખત ગયો છું. જાવાબાલી ને બોરોબુદૂર જ્યાં પ્રાચીન ભારતની સંસ્કૃતિના સ્થળ હોય ત્યાં જવું ગમે. નાલંદા, તક્ષશિલા જવાનું રહી ગયું. વિદ્યાપીઠનાં આ સ્થળો મારી ચેતના જગાડે છે. જે જોયું નથી તેને જોવાનો ઝૂરાપો છે.

જો કોઈની પ્રતિભા, કોઈનું નસીબ મળે તેમ હોય તો કોની પ્રતિભા, કોનું નસીબ ઇચ્છો?

રવીન્દ્રનાથ હોય કે ગાંધી હોય. આ લોકોએ સમયનો જે ઉપયોગ કર્યો છે ! આટલા બધા ઇન્વોલ્વમેન્ટ સાથે પોતાનાં કામને વળગી રહેવું. ઉપનિષદમાં કહ્યું છે તેમ કામ કરતાં કરતાં 100 વર્ષ જીવવાની આશા રાખવી. રવીન્દ્રનાથની

'હિંદ સ્વરાજ' : એક અધ્યયન

• કાન્તિ શાહ

[ગાંધીજીનાં પ્રચલિત પુસ્તકો પૈકીનું એક એટલે 'હિંદ સ્વરાજ'. આ પુસ્તકમાં ગાંધીજીનું અનોખું રૂપ પ્રગટ્યું છે. 'સ્વરાજ'ના સુક્ષ્મ અર્થોને વણી લઈને તેમણે તેમાં અદ્દભુત બાબતો લખી છે. દિવંગત કાન્તિભાઈ શાહે આ પુસ્તક વિશે વિસ્તારપૂર્વકનું એક અધ્યયન આપણી સામે મૂક્યું છે જે ખરેખર અભ્યાસ કરવા લાયક છે. 'હિંદ સ્વરાજ : એક અધ્યયન' નામનું તેમનું આ પુસ્તક એ 'હિંદ સ્વરાજ' પુસ્તકનું બૃહદ્ ભાષ્ય છે. 'રીડગુજરાતી'ને આ પુસ્તક ભેટ આપવા બદલ "ભૂમિપુત્ર"ના સંપાદક પારુલબહેન દાંડીકરનો ખૂબ ખૂબ આભાર. પુસ્તક પ્રાપ્તિની વિગત લેખના અંતે આપવામાં આવી છે.]

[1] એક સીમાચિહ્ન રૂપ ઘટના

મારી ઉંમર ત્યારે બારેક વરસની. 1945ની સાલ. અંગ્રેજોના છેલ્લા કારાગારમાંથી ગાંધીજી મુક્ત થયેલા. પૂણેથી મુંબઈ આવ્યા હતા. જુહુના સાગરતટે એમની સાયં પ્રાર્થનાસભા. રવિવારનો દિવસ. લોક ઊમટેલું. પિતાજી સાથે હું પણ ગયો હતો. મુંબઈની પરાની ટ્રેનમાં વિલેપાર્લે સ્ટેશને અમે ઊતર્યા. પગપાળા હજારો માણસોની સાથે અમે પણ જુહુના સાગરતટે પહોંચ્યા. પ્રાર્થનામાં બેઠા. ગાંધીજી કાંઈક બોલ્યા હશે, તે સાંભળ્યું. તેમાંનું કંઈ યાદ નથી. ભારે મેદની વચ્ચે બહુ દૂરથી જોયેલી માત્ર એમની પ્રાર્થનામગ્ન છબી – ફોકસમાં ન હોય એવી ધૂંધળી છબી ચિત્તમાં અંકિત થયેલી છે. એ છબીને બરાબર ફોકસમાં આણવાની તથા વધુ ને વધુ સ્પષ્ટ ને સુરેખ કરતા જવાની મથામણ, નિકટથી જોવા-જાણવા-માણવાની સતત કોશિશ જ આટલાં વરસો કરી છે, હજીયે ચાલુ છે.



મારી પેઢી એટલે નરસિંહાવતારની પેઢી. એક પગ ગાંધીના જમાનાની અંદર, એક પગ બહાર. આવો હાડચામનો માણસ સદેહે આ પૃથ્વી પર વિચરી ગયો હશે, તેની ના પણ ન કહી શકીએ, અને એ 'બોલે-ફરે-રહે કેમ' – તે જોયાની હા પણ ન કહી શકીએ. એમના પ્રત્યક્ષ પ્રભાવમાં આવવાનું ન બન્યું, છતાં તેનાથી સાવ વંચિત પણ ન રહેવાયું. એમના નેતૃત્વ હેઠળનાં આંદોલનોમાં કે પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો અવસર ન મળ્યો, છતાં એ આંદોલનોનાં ને પ્રવૃત્તિઓનાં પડઘમ કાનોકાન જરૂર સાંભળ્યાં. બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાન ત્રાટકશે એવા ભયે મુંબઈ ઘણું બધું ખાલી થઈ ગયેલું અને મુંબઈ છોડી મોસાળ પ્રભાસપાટણમાં રહેવું પડેલું, એટલે 1942માં ઓગસ્ટ-ક્રાંતિ મેદાનમાં ગાંધીની 'હિંદ છોડો'ની હાકલ સાંભળવા નહોતી મળી. છતાં એ લડતનાં રોમાંચક વર્ણનોની અસર હેઠળ જરૂર આવેલો. ગાંધીની હત્યા થઈ ત્યારે પણ 'અપને હી હાથોં સે હમને અપના બાપુ ખોયા'ની અનુભૂતિ રોમેરોમ થયેલી.

મન ઉપર એક અમીટ છાપ કે આ ગાંધી એક અજબનો માણસ છે ! જીવવા માગે છે સવાસો વરસ. સામાન્ય રીતે માણસ 60-70ની ઉંમર થવા લાગે એટલે જુદી જુદી શારીરિક વ્યાધિઓની ફરિયાદ કરવા માંડે, અને વૃદ્ધાવસ્થા વધવા માંડે તેમ દયામણા સ્વરે કહેવા લાગે – 'ભગવાન હવે ઉપાડી લે તો સારું.' ઈહલોકમાંથી એનો રસ ઊડી જાય અને પરલોકની વાતો એ વધુ કરવા લાગે. ત્યારે આ માણસ તો જુઓ ! પંચોતેર વરસની ઉંમરે પણ પૂરાં સવાસો વરસ જીવવાની ઈચ્છા બતાવે છે ! વળી, જીવવાનું તે પણ કર્મ કરતાં-કરતાં, નિષ્કામ ભાવથી માનવજાતિની સેવા કરતાં-કરતાં. સાચે જ અજબ માણસ હતો એ ! ગાંધી ઘણી વાર કહેતા કે, 'હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું ?' પોતાની હત્યાના થોડા મહિના પહેલાં તેઓ બોલેલા કે, 'હું મર્યા પછીયે મારી શ્રદ્ધાની ઘોષણા કરતો રહીશ અને કબરમાંથીયે મારી વાત સંભળાવતો રહીશ.' એટલે કબરમાંથીયે આ માણસ આપણને શું કહેવા માગતો હતો, તે જાણવાની ઉત્કટ જિજ્ઞાસા મને હતી. તે જિજ્ઞાસા ધીરે ધીરે સંતોષાતી ગઈ, જેમ જેમ 'ગાંધી – જેવા જોયા-જાણ્યા વિનોબાએ'ને સમજતો ગયો તેમ તેમ તથા ગાંધી-સાહિત્યનું થોડુંઘણું આચમન-અધ્યયન થતું ગયું તેમ તેમ.

મબલખ સાહિત્ય ગાંધી વિશે અને સ્વયં ગાંધી દ્વારા લખાયેલું મોજૂદ છે. તેમાંથી ઘણું ઓછું હું વાંચી શક્યો છું. 'કલેક્ટેડ વર્ક્સ' વગેરે પણ નથી જોયું. યત્કિંચિત વાંચ્યું હોય અને અધ્યયન કર્યું હોય, તો એ છે એમનું 'હિંદ સ્વરાજ'. અનેક વાર મેં તે વાંચ્યું છે, તેનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે, તેનું અનુશીલન કર્યું છે, અને વિસ્તારથી તેના વિશે લખ્યું પણ છે. મને તેમાં ગાંધીનો અંતરંગ પરિચય મળ્યો છે, ગાંધીની મૂળભૂત અસલ ઓળખ જણાઈ છે, ગાંધીના યુગકાર્યની

પ્રતિભા તો સર્વતોમુખી છે જે બધી તરફ જાય - કવિની જેમ પણ અને કર્મશીલની જેમ પણ. આપણું તો ઘણું પ્રમાદમાં સરી જાય. મેં કેટલું બધું રાખી મુક્યું છે. રામાયણ વિશે, કાલિદાસ વિશે ચોપડી કરવી છે. નોંધો કરી હોય પણ પ્રમાદમાં રહી જાય.

આપણી હીરોઈનમાં કોણ ગમે?

છેલ્લાં વર્ષોમાં થિયેટરમાં જઈ ફિલ્મો જોવાનું ત્યારે જ બને છે જ્યારે ગ્રાન્ડસન ટિકીટ બુક કરાવી આવે ને લઈ જાય. પણ માધુરી દિક્ષીતના અભિનયની સુક્ષ્મતા, ભાવોને વ્યક્ત કરવાની ક્ષમતા ગમે. 'મધુમતિ'માં વૈજયંતીમાલાની કે 'બંદિની'માં નૂતનની ભૂમિકા ગમે. બંગાળમાં માધવી મુખર્જી ગમે.

ઈતિહાસની એ કઈ વ્યક્તિ જેને મળવાનું મન થાય છે?

શ્રી હર્ષ જે આઠમી સદીમાં થઈ ગયા. જેમના સમયમાં બાણભટ્ટ થઈ ગયો. તેમણે જે રીતે સાંસ્કૃતિક રીતે પ્રસાર કર્યો હતો તે અપૂર્વ હતો. તેમના સમયમાં ફાહિયાન આવેલા. બીજા એક બાણભટ્ટ સાથે ગોષ્ઠિ કરવાનું મન થાય.

આટલું જીવન જીવતાં જે સમજાયું તે જીવન શું છે?

આ તો બહુ દાર્શનિક પ્રશ્ન છે. જીવન સમજાયું છે એવો દાવો ન કરી શકાય. જીવન તો આપણે જીવતા જ જઈએ છીએ. આપણો સ્વભાવ સમજાયો હોય ને તેવું જીવી શકાય તો આનંદ. જે વસ્તુ આપણી ચેતનાને સભર કરે. તેવું જીવનમાં મળતું થાય અનુભવની કશી ઊણપ ન રહી જાય તો આપણો ઘડો પૂરેપૂરો ભરાય.

કોઈ સ્વજન કાયમ માટે વિદાય લે ત્યારે મનોમન કઈ રીતે સમાધાન પામો છો?

બહુ અઘરું છે. મારા જમાઈ 30 વર્ષની ઉંમરે અવસાન પામ્યા ત્યારે મારી દીકરીને બે સંતાનો હતા. ધીમે ધીમે તેઓ સ્મૃતિ બનતા જાય. પાકટવયે જાય તેની તો પૂણ્યસ્મૃતિ હોય. અચાનક ઊઠી જાય તે જલદી વિસરાતું નથી. આપણે તો કાંઈ રવીન્દ્રનાથ નથી જે કહે, 'તો ભલે તેમ હો!' આપણામાં તો એ તાકાત નહીં, ભાંગી જઈએ. એમાંથી બહાર નીકળવામાં સાહિત્યે જ, શબ્દએ જ મદદ કરી છે. વેદનાને આપણે કઈ રીતે શક્તિમાં ફેરવી શકીએ એ જ પ્રયત્ન હોય, આઘાત, વેદના, છલના, પણ અનુભવો છે ને તે ન હોય તો જીવન અધૂરું રહી જાય.

એવી કઈ વાનગી જેને તમે ક્યારેય નકારી નથી શકતા?

રોટલી ને બાજરાનો રોટલો ગમે ત્યારે ભાવે, દાળ અને ભાત અમારા પટેલ કલ્ચરમાં નહોતા. વચ્ચે માંદગી આવી ત્યારે સ્વાદ જતો રહેલો. પણ મીઠાઈઓમાં કંસાર અને લાડુ ભાવે.

તમારે મન મૃત્યુ શું છે?

મેં તેના વિશે ચિંતન નથી કર્યું. માંદગી એવો વિચાર આવ્યો કે મૃત્યુ એવું હોય જે દુ:ખ ભરેલું ન હોય. તે સહસા ઉપાડી જાય. મેં 78મા વર્ષમાં પ્રવેશ કર્યો, કામો તો થતાં રહે છે. આપણે તો દરેક વાતનો આનંદ લેતા હોઈએ છીએ.

(સદ્‌ભાવ : "ગુજરાતમિત્ર")

પ્રતીતિ થઈ છે. 'હિંદ સ્વરાજ'ને હું ગાંધીનો મેનિફેસ્ટો માનું છું, સર્વોદયનું ઘોષણાપત્ર માનું છું, આજે દુનિયાને ગ્રસી રહેલી સર્વનાશક ક્ષતિયુક્ત ભૌતિકવાદી વિચારધારા સામેનો એક બુલંદ પડકાર માનું છું, એક નૂતન યુગનું પ્રવર્તક દિવ્ય દર્શન માનું છું. મારે માટે તો 'ગાંધી' એટલે 'હિંદ સ્વરાજ'ના ગાંધી અને હું 'હિંદ સ્વરાજ'નો એક અદનો સિપાઈ. 'હિંદ સ્વરાજ'નો ગાંધી સમસ્ત માનવજાતિનો આત્મીય સ્વજન અને પરમ હિત-ચિંતક અને સહૃદયી મિત્ર છે. 'હિંદ સ્વરાજ'ના પાને પાને એક તરફડાટ છે, વ્યથા છે, હૈયાની વેદના છે, વ્યાકુળ હૃદયનો આર્તનાદ છે, બેચેન બની ગયેલા આત્માનો પોકાર છે. જાણે કે સહદેવના જેવું અતિજ્ઞાન એમને થઈ ગયું છે કે આજે આ દુનિયા જે તરફ ધસી રહી છે, તે પથ પર સર્વનાશ ને સર્વનાશ જ છે. મારાં આપ્તજનોને આમાંથી કઈ રીતે ઉગારું ? હિંસાના દોજખમાંથી માનવજાતને ઉગારી લેવાની તડપન 'હિંદ સ્વરાજ'માં છે. સર્વનાશ તરફ ધસી રહેલાઓને ગમે તેમ કરીને અટકાવવાની જદ્દોજેહાદ – જીવ પર આવી જઈને કરેલી કોશિશ 'હિંદ સ્વરાજ'માં છે. આ પુસ્તકમાં તર્કથી, બુદ્ધિથી સમજાવવાની પૂરી કોશિશ જરૂર કરવામાં આવી છે, છતાં આપણા હૃદયને જે વાત સ્પર્શી જાય છે, તે છે મનુષ્યજાતિને સર્વનાશમાંથી ઉગારી લેવાની એક મહામાનવના અંતરની આ તડપન, આ બેચેની, આ જદ્દોજેહાદ. આનો સ્પર્શ થાય તો જ આપણે 'હિંદ સ્વરાજ'નો મર્મ પામી શકીશું.

આ મર્મને ઉજાગર કરતાં વિનોબાએ કહ્યું છે કે 'હિંદ સ્વરાજ'માં ગાંધીજીનું વિશુદ્ધ હૃદય પ્રગટ થયું છે. વિશુદ્ધ હૃદયમાં જ સત્યનું વિશુદ્ધ સ્વરૂપ, અસલ સ્વરૂપ પ્રતિબિંબિત થાય છે. આને જ તો પ્રતિભા કહેવાય છે. 'પ્રતિ ભાસતે ઈતિ પ્રતિભા.' જેમ સ્વચ્છ ને શુદ્ધ દર્પણ જ યથાતથ પ્રતિબિંબ ઝીલી શકે છે, તેમ વિશુદ્ધ હૃદય મૂળગત અસલ સત્યનો અંગીકાર કરીને તેને પ્રગટ કરી શકે છે, મુખરિત કરી શકે છે. 'હિંદ સ્વરાજ'માં આવી જ પ્રતિભાની ઝલક આપણને જોવા મળે છે. વિશુદ્ધ હૃદયને લીધે જ આજની ભૌતિકવાદી સભ્યતાના બાહ્ય કલેવરની આરપાર જોવાની સૂક્ષ્મ દૃષ્ટિ ગાંધીને મળી છે તથા તેની સામેના પડકારમાં આત્મવિશ્વાસનો રણકો અને અનાયાસ એક બુલંદીયે નીપજી છે.

મનુષ્યની ક્રાંતિ તેમજ ઉત્ક્રાંતિની વિકાસયાત્રામાં 'હિંદ સ્વરાજ' એક સીમાચિહ્ન રૂપ ઘટના છે. તેમાં આપણને આ વિકાસયાત્રા માટેનો આગળનો નકશો મળે છે, એક માર્ગદર્શિકા મળે છે, એક અણમોલ ભાથું મળે છે. હવે હિંસાનો યુગ પૂરો થઈને અહિંસાનો યુગ આરંભાય છે, તેની છડી 'હિંદ સ્વરાજ' પોકારી જાય છે. અન્યાય, ઉત્પીડન, ગુલામી વગેરેનો પ્રતિકાર અને તેમાંથી સપૂચી મુક્તિ હિંસા મારફત હરગિજ નહીં થઈ શકે, તેના માટે માણસ હવે અહિંસાનો નવો માર્ગ અપનાવશે – આવી બુલંદ ઘોષણા 'હિંદ સ્વરાજ' દ્વારા ગાંધીએ કરી છે. તેની સાથોસાથ મુક્ત ને સ્વતંત્ર થઈ ગયેલો માણસ પોતાનો વિકાસ પણ કોઈના શોષણ રૂપી અને કોઈના ઉપરના શાસન રૂપી હિંસા મારફત પણ નહીં જ કરે, તેના માટે આત્મ-ઉન્નતિનો અહિંસક નવતર માર્ગ અપનાવશે – આવી અહાલેક પણ 'હિંદ સ્વરાજ' દ્વારા ગાંધીએ પુકારી છે. આ બંને રીતે એક નવા યુગનો આરંભ કરીને માણસ 'સ્વ-રાજ'ની, 'સ્વ-શાસન'ની, 'આત્મ-શાસન'ની પોતાની સાધના શરૂ કરશે. 'હિંદ-સ્વરાજ'માં આવા સ્વરાજની કામના હિંદુસ્તાન માટે તેમજ આખીયે માનવજાતિ માટે ગાંધીએ કરી.

હિંદનું સ્વરાજ આવું હોય; અને વ્યાપક અર્થમાં લઈએ તો આખીયે માનવજાતિ માટેનું સ્વરાજ પણ આવું વિશેષ સ્વરાજ હોય. વ્યાપક અર્થમાં 'હિંદ' નામ ન રહેતાં વિશેષણ બની જાય છે. 'સ્વરાજ'નો સામાન્ય અર્થ કરતાં વિશેષ અર્થ સૂચવવા તેની આગળ 'હિંદ' વિશેષણ લગાડ્યું – એટલે કે હિંદ માટે જેવું સ્વરાજ ઝંખ્યું છે તેવું સ્વરાજ. આ રીતે મનુષ્યની ક્રાંતિ તેમ જ ઉત્ક્રાંતિની વિકાસયાત્રામાં 'હિંદ સ્વરાજ' એક સીમાચિહ્ન રૂપ ઘટના છે.

[2] સમાજ-વિજ્ઞાનની ખોજ

આ વસ્તુને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોવી જોઈએ, માણસની માણસાઈના વિકાસની દૃષ્ટિએ જોવી જોઈએ, માણસ પશુમાંથી માણસ બન્યો છે અને તેની આ માણસાઈ ક્રમશ: વધુ ને વધુ મ્હોરતી જવાની છે એવી ઉત્ક્રાંતિની દૃષ્ટિએ જોવી જોઈએ. હિંસા હજી છૂટી નથી એ ખરું, પણ માણસ જો કાયમ હિંસામાં જ ડૂબકાં ખાતો રહે, તો તેનો આગળનો વિકાસ રુંધાઈ જાય. એટલે માણસ આજે જે સ્તર પર છે, તેનાથી તેને એક પગથિયું ઊંચે ચઢાવવો, એ જ વિકાસની પ્રક્રિયા છે.

વળી, આ કાંઈ નવી વાત નથી, માણસના મૂળભૂત સ્વભાવથી વિપરીત વાત નથી. માણસ જેમ હિંસા કરતો આવ્યો છે, તેમ પ્રેમ પણ કરતો આવ્યો છે. હિંસા-તત્ત્વનો માણસને જેટલો પરિચય છે, તેટલો જ તેને પ્રેમ-તત્ત્વનોયે પરિચય છે. પ્રેમ એ કાંઈ માણસને માટે પરાયું કે વિપરીત તત્ત્વ નથી. માટે માણસને દ્વેષભાવમાંથી કાઢીને પ્રેમભાવના વિકાસ તરફ લઈ જવાનો છે. જે પ્રેમભાવ આજે હજી માણસના વ્યક્તિગત જીવન સુધી, માણસના કુટુંબ-જીવન સુધી સીમિત છે, તેને હવે સમાજ-જીવન સુધી વિસ્તારવો છે. કુટુંબની નાની લેબોરેટરીમાંથી તેને વ્યાપક સમાજમાં ફેલાવવો છે. વ્યક્તિગત આચરણની જેમ તેને સામાજિક આચરણમાંયે લાવવો છે. ખરું જોતાં, પ્રેમને કારણે જ તો માનવ-જીવન છે, સમાજ-જીવન છે. પ્રેમ વિના તે સંભવી જ ન શકે. એટલે આજે હજી પ્રેમભાવના સમાજવ્યાપી થવામાં તેની આડે જે કાંઈ આડખીલી આવતી હોય, તેને દૂર કરવા માણસે મથવું જોઈએ, માણસનું માનસ બદલવા મથવું જોઈએ, સમાજનો ઢાંચો બદલવા મથવું જોઈએ. અને આમ જ થતું આવ્યું છે. માણસનો ઇતિહાસ એ આવી મથામણનો જ ઇતિહાસ છે, માણસને અને સમાજને ઊંચે ને ઊંચે ચઢાવતા રહેવાના સતત પુરુષાર્થનો જ ઇતિહાસ છે.

હિંસાની જગ્યાએ અહિંસા સ્થાપવાના અનેક દાખલા માણસે જોયા છે, પરંતુ તે મોટે ભાગે વ્યક્તિગત ક્ષેત્રના દાખલા છે. અહિંસાની ઉપાસનાનાં, અહિંસાના પ્રકર્ષનાં અનેક વ્યક્તિગત ઉદાહરણો આપણી નજર સામે છે. હવે આ અહિંસાને સામાજિક ક્ષેત્રમાં દાખલ કરવાની છે. માણસે હજી સામુદાયિક અહિંસાની આરાધના કરવાની છે. સામાજિક પ્રશ્નોનો ઉકેલ પણ અહિંસાના માર્ગે લાવી શકાય તેમ છે, તે હવે માણસે કરી બતાવવાનું છે. સામુદાયિક અહિંસાના પ્રયોગની આ વાત ગાંધીએ માનવ-સમાજ સમક્ષ મૂકી. ગાંધીના વિશુદ્ધ હૃદયે માણસની માણસાઈના આગળના વિકાસની આ વાત ઝીલી અને ગાંધીની પ્રતિભા દ્વારા તે 'હિંદ સ્વરાજ'માં પ્રસ્તુત થઈ. આ રીતે માણસની વિકાસયાત્રામાં એક નવા ટપ્પાનો આરંભ થયો. ગાંધી એક નવા યુગના અધ્વર્યુ બન્યા, 'હિંદ સ્વરાજ' એક નવા યુગનું પ્રવર્તક પુસ્તક બન્યું. ગાંધી પોતાના આ યુગકાર્ય વિશે પૂરેપૂરા સભાન હતા, તેથી જ એમણે કહ્યું કે, 'આ ચોપડી દ્વેષધર્મની જગ્યાએ પ્રેમધર્મ શીખવે છે, હિંસાને સ્થાને આપભોગને મૂકે છે, પશુબળની સામે ટક્કર ઝીલવા આત્મબળને ખડું કરે છે.'

સારાંશ કે, 'હિંદ સ્વરાજ' આ દુનિયામાં પ્રેમધર્મ અને આત્મબળની આણ પ્રવર્તાવવા માગે છે. એટલે જ તે વખતના એક મોટા વિચારક ને લેખક જોહ્ન મિડલટન મરીએ કહેલું : 'મને લાગે છે કે આધુનિક જમાનામાં લખાયેલાં પુસ્તકોમાં 'હિંદ સ્વરાજ' સૌથી મહાન પુસ્તક છે. હું તેને one of the spiritual classics of the world – દુનિયાના આધ્યાત્મિક મહાગ્રંથોમાંનો એક મહાગ્રંથ ગણું છું.' તે વખતના એક કવિ-સાહિત્યકાર ફોસેટે પણ આ વાત તરફ સરસ ધ્યાન દોરેલું : 'જો જીવનનો સર્જનાત્મક હેતુ સિદ્ધ કરવો હોય, તો આપણા સહુની ભીતર એક અસલ બુનિયાદી ક્રાંતિ થવાની અનિવાર્ય જરૂર છે. 'હિંદ સ્વરાજ' આવી અસલ બુનિયાદી ક્રાંતિ માટેની શ્રેષ્ઠ આધુનિક માર્ગદર્શિકાઓમાંની એક છે.' 'હિંદ સ્વરાજ' ચીલાચાલુ ઘરેડમાંથી માનવજાતિને બહાર કાઢીને તેને નવા ચીલે ચઢાવનારું પુસ્તક છે. આ વાત તે દિવસોમાં જ એક અન્ય ચિંતક વિચારક જીરાલ્ડ હર્ડે બહુ સરસ રીતે ખોલીને બતાવેલી : 'કેટલાંક પુસ્તકો માત્ર પુસ્તક નહીં, પણ મહાન કુદરતી ઘટના રૂપ હોય છે. 'હિંદ સ્વરાજ' આવું એક પુસ્તક છે. તે એક નવા યુગના, એક નૂતન વ્યવસ્થાના આરંભ રૂપ પુસ્તક છે. મનુષ્ય બધાં બંધનોમાંથી મુક્તિ ઝંખતો હતો, પરંતુ તે મુક્તિ માટે તેણે હિંસાનો જ આશરો લીધો – જે હિંસા મારફત તેને બંધનમાં નાખવામાં આવ્યો હતો, તે જ હિંસાનો આશરો લઈને તેણે પોતાનાં બંધનો

તોડી બીજાંઓને બંધનમાં નાંખ્યાં. પરિણામે, આ ક્રાંતિઓમાંથી અનિવાર્યપણે પ્રતિક્રાંતિઓ જન્મી. માણસની આટલી બધી જહેમત છતાં પણ નવા જુલમગારો સિંહાસને જામી બેઠા છે. આ સત્યને આત્મસાત કરી ગાંધી એક નવો રાહ બતાવે છે. શુદ્ધ સાધન દ્વારા જ શુદ્ધ સાધ્ય પ્રાપ્ત કરી શકાય. અશુદ્ધ સાધનોથી અનિષ્ટ પરિણામો જ નીપજશે … અહિંસા આપણી સામે એક નવું દર્શન ઉઘાડી આપે છે. તેને જો આપણે સાકાર કરી શકીશું, તો દુનિયા આ નવા યુગના પથપ્રદર્શક તરીકે ગાંધીને કાયમ યાદ કરશે …. ગાંધીના પ્રયોગમાં આખી દુનિયાને રસ છે અને તેનું મહત્ત્વ યુગો સુધી કાયમ રહેશે.'

આવી બાબતમાં આપણો અભિગમ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક હોવો ઘટે. પદાર્થ વિજ્ઞાનમાં એક પછી એક ખોજ થતી રહે છે અને તેનાથી તેનો વિકાસ થતો જાય છે, તે વધુ ને વધુ સંપન્ન બનતું જાય છે. એવી જ રીતે સમાજ-વિજ્ઞાનના ક્ષેત્રમાંયે એક પછી એક ખોજ થતી રહે છે તથા અનેકાનેક સામાજિક વિજ્ઞાનીઓ તેમ જ પ્રયોગવીરોના પુરુષાર્થથી સમાજ-વિજ્ઞાનનો વિકાસ થતો રહે છે. સામુદાયિક અહિંસાની 'હિંદ-સ્વરાજ'ની વાતને સમાજ-વિજ્ઞાનના આવા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોવી જોઈએ.

તૉલ્સ્તૉય ગાંધીની ગતિવિધિઓને દૂર રહ્યા રહ્યા બહુ જ રસપૂર્વક આત્મીય ભાવે નિહાળતા હતા. ગાંધી દ્વારા અહિંસાની દિશામાં ખૂબ મહત્ત્વનું ખેડાણ થઈ રહ્યું છે, તે એમણે બરાબર જોઈ લીધું હતું. ગાંધીની સત્યાગ્રહની વાતમાં પ્રેમના સિદ્ધાંતનો સામુદાયિક આવિર્ભાવ થઈ રહ્યો છે, એ તેઓ પામી ગયા હતા. તેથી જ 'હિંદ સ્વરાજ' વાંચીને એમણે ગાંધીને ઊલટભેર લખ્યું : 'મેં તમારી ચોપડી રસથી વાંચી છે, કેમ કે હું માનું છું કે તેમાં ચર્ચવામાં આવેલો વિષય – સત્યાગ્રહ – તે હિંદુસ્તાન માટે જ નહીં પણ કુલ આદમજાત માટે સહુથી વધારે અગત્યનો છે. હું તમારી ચોપડીને બહુ કીમતી ગણું છું. સત્યાગ્રહ એ શુદ્ધ પ્રેમ સિવાય બીજું કશું નથી. મનુષ્યના આત્માને એકત્ર કરીને જોડવાનો પ્રયાસ એ જ પ્રેમ. અને એ પ્રેમ જ માનવીની જિંદગીને દોરનારો ઊંચામાં ઊંચો એક જ કાયદો છે. દરેક માણસ પોતાના અંતરમાં ઊંડી ઊંડી આ લાગણી અનુભવે છે.' વરસો પહેલાં સોક્રેટીસે આ વાત ઘૂંટેલી : 'માણસ મૂળતઃ સજ્જન છે. તેનામાં જે દોષો દેખાય છે, તે અજ્ઞાનને કારણે છે તથા જ્ઞાન દ્વારા માણસના બધા દોષો, દુરાચારો, બૂરાઈઓ વગેરે દૂર કરી શકાય છે. આ બધાની પાછળ માણસની દુષ્ટતા નહીં, અજ્ઞાન છે. માણસ મૂળતઃ સજ્જન છે.' હેન્રી ડેવિડ થૉરો પણ આ જ વાત કહી ગયો : 'પ્રેમમાં અમાપ શક્તિ રહેલી છે. દરેક યુગના સૌથી શાણા પુરુષોએ પ્રેમની શક્તિને પ્રગટ કરવાનો પરિશ્રમ કર્યો છે. પ્રત્યેક માનવ-હૃદયને પણ વહેલા કે મોડા, વત્તે કે ઓછે અંશે તેનો અનુભવ થાય છે. આમ જોવા જઈએ તો સમાજના સઘળા સફળ વ્યવસ્થાતંત્રનું પ્રેરક બળ પ્રેમ જ છે.'

આ જ પ્રેમશક્તિને સામાજિક ક્ષેત્રે કારગત બનાવવાની અહાલેક ગાંધીએ 'હિંદ સ્વરાજ'માં જગાવી. ગાંધીનો અભિગમ આધ્યાત્મિક હતો જ, પણ સાથોસાથ પૂર્ણપણે વૈજ્ઞાનિક હતો. પોતે સમાજ-વિજ્ઞાનની એક મહત્ત્વની ખોજ કરી રહ્યા છે, એક મહત્ત્વનો પ્રયોગ કરી રહ્યા છે, તે બાબત એમને પૂરેપૂરી આત્મ-પ્રતીતિ હતી : 'જે અદ્‌ભુત શોધો આજકાલ હિંસાનાં ક્ષેત્રોમાં થાય છે, તે જોઈને આપણે આભા બની જઈએ છીએ. પરંતુ હું ભારપૂર્વક કહું છું કે, તેના કરતાંયે વધારે અકલ્પ્ય અને અશક્ય લાગતી શોધો અહિંસાના ક્ષેત્રમાં થશે. કોઈ પણ માણસને પોતાને અહિંસાનો અનુભવ થઈ શકે છે. એટલે કે, અહિંસાનું આચરણ વિજ્ઞાનશુદ્ધ છે. અહિંસાનો અપવાદ વિનાનો કાયદો શોધનારા ઋષિમુનિઓ પોતે મહાન યોદ્ધા હતા. જ્યારે તેમણે આયુધબળની તુચ્છતાને જોઈ લીધી, જ્યારે તેમણે મનુષ્ય-સ્વભાવનો સાક્ષાત્કાર કર્યો, ત્યારે તેઓ આ હિંસામય જગતમાં અહિંસાના નિયમને જોઈ શક્યા. આ ઋષિમુનિઓ ન્યૂટન કરતાં મહાન વિજ્ઞાનીઓ હતા તથા વેલિંગ્ટન કરતાં મહાન યોદ્ધાઓ હતા.' આમ, સામુદાયિક અહિંસાની વાત એ સમાજ-વિજ્ઞાનના ક્ષેત્રે ગાંધીની એક મહાન ખોજ છે, જેનો પ્રયોગ એમણે જીવનભર કર્યો તથા સમાજમાં આગળ વધાર્યો. એમની સાથે બીજા અનેક પ્રયોગવીરો ભળ્યા. આજે આ ખોજને 100 વરસ થવા આવ્યાં છે, ત્યારે આ સો વરસો દરમ્યાન આ ખોજ કેટલી આગળ વધી છે, તેના પ્રયોગોનાં કેવાં ને કેટલાં પરિણામો આવ્યાં છે તથા ભવિષ્યમાં તે કેટલી આગળ વધારી શકાય છે, તેનાં લેખાંજોખાં કરી લેવાં જરૂરી છે, તેનું એક વિહંગાવલોકન કરી લેવું જરૂરી છે. તેમાં આપણે શુદ્ધ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને અભિગમ અપનાવવાનો છે.

સામુદાયિક અહિંસાના આ પ્રયોગમાં સો વરસ દરમ્યાન અનેક નાનામોટા, જાણ્યા-અજાણ્યા સેવકો, ઉપાસકો, પ્રયોગવીરો ભળ્યા છે તથા એ બધાની સાધના-પુરુષાર્થના પરિણામે એ ખોજ આગળ વધી છે. પરંતુ આમાં ત્રણ જ્યોતિર્ધરો મુખ્ય છે : ગાંધી, વિનોબા અને જયપ્રકાશ. આ ત્રણેય સમાજ-વિજ્ઞાનના ક્ષેત્રમાં અવ્વલ દરજ્જાના વિજ્ઞાની હતા, સંશોધક હતા, પ્રયોગવીર હતા. એમની તરફ માત્ર મહાપુરુષો અને સંતપુરુષો તરીકે જ નહીં, સમાજ-વિજ્ઞાનીઓ તરીકે જોવું જોઈએ. તેઓ પોતાની જાતને તેમ જ પોતાના કાર્યને એ જ રીતે જોતા હતા. ગાંધીએ પોતાની આત્મકથાને 'સત્યના પ્રયોગો' કહ્યા. આ સત્યની ખોજ અને પ્રયોગશીલતા એ તંતોતંત વિજ્ઞાનીનું લક્ષણ છે. વિનોબાએ પોતાની સામાજિક ગતિવિધિને 'અહિંસાની ખોજ' કહી : 'હું એક માર્ગનો પ્રયોગી છું. અહિંસાની ખોજ કરવી એ મારું વરસોથી જીવનકાર્ય રહ્યું છે. મારી શરૂ કરેલી પ્રત્યેક કૃતિ, મેં હાથ લીધેલું અને છોડેલું પ્રત્યેક કામ, બધું એ જ એક પ્રયોગને માટે થયું અને થઈ રહ્યું છે. હું એ જ તલાશમાં છું કે અહિંસાની સામાજિક જીવનમાં કઈ રીતે પ્રતિષ્ઠા થાય. મારી સામે મુખ્ય કલ્પના એ જ છે કે આપણી સામાજિક અને વ્યક્તિગત બધા પ્રકારની મુસીબતોનો નિકાલ અહિંસાથી કેવી રીતે થાય, તેની હું ખોજ કરું. આ મારું મુખ્ય કાર્ય છે.' જયપ્રકાશ પણ જીવનભર આવી જ ખોજમાં નિમગ્ન રહ્યા : 'સર્વોદયના બે અત્યંત મૌલિક પ્રણેતાઓ, ગાંધી અને વિનોબાએ વારંવાર કહ્યું છે તેમ સર્વોદય પોતે એક ખોજ છે. એમણે તેને સત્યની ખોજ કહી છે. હવે, સત્યનો શોધક હોવાનો દાવો તો હું નહીં કરું, પરંતુ હું એટલો દાવો અવશ્ય કરીશ કે માણસની અને સમાજની સ્થિતિ સુધારવા માટે સાચા ઉપાયોની ખોજ હું નિરંતર કરતો રહ્યો છું.' લાગલગાટ છ દાયકા સુધી અખંડ ચાલેલી પોતાની આ ખોજયાત્રાના એક પડાવે એમણે અત્યંત નિખાલસતાથી ઋજુતાપૂર્વક કહી દીધેલું : 'અહિંસાને માટે મારા ચિત્તમાં નિષ્ઠા પેદા થઈ છે, તે ધ્યાનમાં લેતાં હું સત્તાના કોઈ પણ પદનો સ્વીકાર ન જ કરી શકું.'

સામુદાયિક અહિંસાના ક્ષેત્રે આવા અવ્વલ દરજ્જાના તેમ જ બીજા અનેકાનેક નામી-અનામી, જાણ્યા-અજાણ્યા, નાના-મોટા સમાજ-વિજ્ઞાનીઓની જે ખોજયાત્રા સો વરસથી ચાલતી આવે છે, તેના તરફ જોવાનો આપણો દૃષ્ટિકોણ વૈજ્ઞાનિક જ હોવો ઘટે. અને તે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેવો હોય, તે વિશે અંગુલિનિર્દેશ કરતાં એક વાર વિનોબાએ કહ્યું છે : 'વિજ્ઞાનની પ્રગતિમાં એક-એક નવી ચીજની ખોજ થતી રહે છે. એક એક શોધ માટે ખાસ્સો સમય જતો હોય છે અને ઘણો પુરુષાર્થ કરવો પડતો હોય છે. પણ એવી શોધ થતી રહે, તે બહુ જરૂરી છે. તેના વિના વિજ્ઞાનની પ્રગતિ થઈ શકે નહીં. એક વાર શોધ થઈ ગયા બાદ તે શોધનો ઉપયોગ આખા સમાજ માટે કરવાનો હોય છે. તેમાં પણ ઘણા બધાના પુરુષાર્થની જરૂર પડે છે. શોધ થઈ, પણ તેનું સમાજમાં એપ્લીકેશન ન થયું, વ્યવહારમાં તે લાગુ ન પડાઈ, તો શોધનો ઉત્તમ ઉપયોગ નહીં થયો, એમ કહેવાશે. જો કે તેનાથી મૂળ શોધની કીમત ઓછી નથી થતી. મૂળ શોધનું પોતાનું મૂલ્ય છે જ, પરંતુ થવું એમ જોઈએ કે નવી શોધનો લાભ સમસ્ત સમાજમાં સહુને સમાન ભાવે મળે અને કોઈને પણ નુકશાન ન પહોંચે. આટલું થાય તો કોઈ પણ શોધનો માનવજાતિને પૂરેપૂરો લાભ મળે. આ જ વસ્તુ જેમ પદાર્થ વિજ્ઞાનના ક્ષેત્રમાં તેમ જ અન્ય વિજ્ઞાનોના ક્ષેત્રમાં તથા આધ્યાત્મિક ક્ષેત્રમાં અને વ્યાવહારિક ક્ષેત્રમાં પણ લાગુ પડે છે.' – આવા સમ્યક અભિગમ સાથે 'હિંદ સ્વરાજ'ની શતાબ્દીએ એક વિહંગાવલોકન કરી લેવાની આપણે કોશિશ કરીએ.

'હિંદ સ્વરાજ' : કાંતિ શાહ : કુલ પાન : 270. કિંમત રૂ. 50. પ્રાપ્તિસ્થાન : યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગળાજ માતાની વાડી, હુજરાતપાગા, વડોદરા-390001. ફોન : +91 265 2437957

સદ્‌ભાવ : http://archive.readgujarati.in/sahitya2/2010/05/04/hind-swaraj/

ડાયસ્પોરા અને નારીસંવેદન (સાંસ્કૃતિક સંદર્ભે)

• નૂતન જાની

વૈશ્વીકીકરણના આવિર્ભાવે ૨૦મી સદીમાં અનેક વિદ્યાશાખાઓ અને અભ્યાસ પદ્ધતિઓ ઉદ્‌ભવી છે. પશ્ચિમના દેશોની વિદ્યાપીઠોમાં ‘ડાયસ્પોરાશાસ્ત્ર’નો (Diasporology) એક સ્વતંત્ર અભ્યાસ વિષય તરીકે સમાવેશ થયો છે. આંતરદેશીય પ્રજાસમૂહોએ ડાયસ્પોરા વિભાવને પ્રચલિત કર્યો છે. ડાયસ્પોરાનો અભ્યાસ આંતરવિદ્યાશાખાકીય અભ્યાસ છે. (ઇતિહાસ, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર,) સાથે જોડાયેલો છે. હમણાં જ ભારતની મુલાકાતે આવેલા લોર્ડ ભીખુ પારેખે એમના વ્યાખ્યાનમાં જણાવ્યું કે, ‘ડાયસ્પોરા એ આંતરદેશીય પ્રજાસમૂહોનું ઉત્પાદન છે.’ (૧૦ જાન્યુઆરી ૨૦૧૨, ગુજરાત વિદ્યાપીઠમાં, ‘પૂર્વ આફ્રિકાના ગુજરાતીઓ’ - પુસ્તકના વિમોચન પ્રસંગે). એ અર્થમાં ડાયસ્પોરા સતત પરિવર્તનશીલ એવું ઉત્પાદન છે, અને તેમ હોય તો ડાયસ્પોરા સાહિત્ય એ ઉત્પાદનનું સર્જનાત્મક પરિણામ છે, એમ કહી શકાય. એની ઉત્પાદનપ્રક્રિયા સાથે કે સર્જનપ્રક્રિયા સાથે જોડાયેલી સંકુલતાઓ, સંઘર્ષો, વિનિમયો, વગેરે વ્યક્તિજીવન, સમાજજીવન, અને સાંસ્કૃતિક બાબતોને કઈ રીતે નિરૂપે છે એનો અભ્યાસ થવો જરૂરી છે.

નૂતન જાની

ભારતીય ડાયસ્પોરા વિશ્વના આશરે ૧૧૨ દેશોમાં ફેલાયેલો છે. તેમાંથી ગુજરાતી ડાયસ્પોરા આશરે ૪૪ દેશોમાં વ્યાપ્ત છે. જો કે આ દરેક દેશોમાં પ્રવર્તતી ગુજરાતી ભાષા – સાહિત્યની પ્રવૃત્તિઓનો હજી આપણે ત્યાં અભ્યાસ શરૂ થયો નથી. બ્રિટન, અમેરિકા, કેનેડા અને પૂર્વ આફ્રિકા આ દેશોમાં સ્થળાંતરિત થયેલ ગુજરાતી પ્રજાસમૂહો વિશે આપણે ત્યાં કામ થયું છે. બ્રિટન, અમેરિકા, કેનેડા અને પૂર્વ આફ્રિકા આ દેશોના ગુજરાતી ડાયસ્પોરા સર્જકોની વાર્તાઓના વાચન બાદ અહીં અમેરિકાના ગુજરાતી સર્જકોની કેટલીક વાર્તાઓના આધારે તેમાં અભિવ્યક્ત નારીસંવેદન વિશ્વને મૂલવવાનો પ્રયાસ કર્યો છે. ડાયસ્પોરા વિભાવને કેન્દ્રમાં રાખીને જ્યારે નારીસંવેદન વિશે અભ્યાસ કરવાનો હોય, ત્યારે ગુજરાતી ડાયસ્પોરાના નિર્માણમાં સ્ત્રીઓની સમસ્યાઓ, એમનાં સંઘર્ષો, પુનર્વસન માટેના પ્રયત્નોમાં એમની ભૂમિકા કે ભાગીદારી, જેવી અનેક બાબતો ઉપરાંત મૂળ દેશની સામાજિક – સાંસ્કૃતિક બાબતો અને અપનાવેલ દેશની સામાજિક – સાંસ્કૃતિક બાબતો ડાયસ્પોરા સાહિત્યમાં કઈ રીતે નિરૂપણ પામી છે તે જાણવું રસપ્રદ થઈ પડે તેમ છે. ભૌતિક સંસ્કૃતિ સમકાલીન સંસ્કૃતિને કઈ રીતે પ્રભાવિત કરે છે તે બદલાયેલી સામાજિકતા સંદર્ભે તપાસીએ ત્યારે આ વાર્તાઓના પાત્રો, પ્રસંગો, પરિસ્થિતિઓ, વગેરેને વ્યાપક દ્રષ્ટિકોણ સાથે તપાસવા પડે.

* * * * *

સાંસ્કૃતિક દ્રષ્ટિકોણને આધારે ડાયસ્પોરા વાર્તાઓની વાત માંડતી વખતે નીઓ ફ્રોઈડીઅન અભિગમને ધ્યાનમાં રાખીએ તો કદાચ આ વાર્તાઓના બદલાયેલા વિશ્વનો અંદાજ મળી રહે એમ લાગે છે. નીઓ –ફ્રોઈડીઅનો ‘વૈયક્તિક મનોવિજ્ઞાન’ને સમાજ અને સાંસ્કૃતિક પ્રવાહો સાથે જોડે છે. માનવવિકાસ અને વ્યક્તિત્વને સમજવા માટે સામાજિક અને સાંસ્કૃતિક અસરોનો અભ્યાસ કરવો વધુ જરૂરી છે તેવું માનનારા કેરેન હોર્ની, એરિક ફ્રોમ અને હેરી સ્ટેક સાલીવાન ફ્રોઇડની મનોવિજ્ઞાનની વિચારણાને પડકારે છે. એરિક ફ્રોમના મતે મનુષ્યનું અસ્તિત્વ, એનું સ્વરૂપ જ એ પ્રકારનું છે કે તેને એકલતાનું, ભંગુરતાનું તીવ્ર ભાન થાય છે. આ ભાનને લીધે સંકુલ જરૂરિયાતો ઉદ્‌ભવે છે. જાત સાથે, આસપાસના સમાજ અને વિશ્વ સાથે અર્થપૂર્ણ રીતે અનુંસંધિત થવાની અનિવાર્યતા આ તીવ્ર એકાકીપણાના ભાનમાંથી વિકસે છે. આવા સમયે મનુષ્યની આસપાસનો સમાજ અને સંસ્કૃતિ એની જરૂરિયાતોને કાં તો સંતોષે છે કાં તો છિન્નભિન્ન કરી દે છે. આ બાબતનો આધાર જે તે માનવસમૂહોએ વિકસાવેલી ભૌતિક સંસ્કૃતિ તેમ જ મૂલ્ય સંસ્કૃતિ પર રહેલો છે. સમાજશાસ્ત્રના અભ્યાસી ડેવિડ રીસમનના મતે, સમાજનું સ્વરૂપ બદલાય તેમ વ્યક્તિત્વનાં લક્ષણો પણ બદલાય છે. મનુષ્યની વૃત્તિઓ, એની અભિવ્યક્તિ અને સંતોષ – અસંતોષ જુદા જુદા સમય, અને પ્રદેશના જુદા જુદા સમાજની જીવન પદ્ધતિઓથી પ્રભાવિત હોય છે. તે કારણે જ સાંસ્કૃતિક અસરોને લીધે થતું માનવવર્તન કદીક આનંદ નીપજાવે છે. તો કદીક ચિંતાતુર પણ બનાવે છે.

વ્યવસાયે ડૉક્ટર નીલેશ રાણા પાસેથી કવિતા, નવલકથા અને વાર્તાના સંગ્રહો મળ્યા છે. ‘પ્રતિબિંબ’ સંગ્રહની વાર્તા ‘ડાન્સ ઇન્ડિયા’ અમેરિકા જઈ એશોઆરામથી જીવતા દંપતી મોના અને શૈલેશના પરિવારની વાર્તા છે. આ વાર્તામાં પહેલી અને બીજી પેઢીની ગુજરાતી સ્ત્રીઓની જુદા જ પ્રકારની માનસિકતા નિરૂપાઈ છે. વાર્તાના આરંભમાં જ ‘ડાન્સ ઇન્ડિયા ડાન્સ’ પ્રોગ્રામ પૂરો થયા પછી ટી.વી.પરથી સમાચારમાં પ્રસારિત થાય છે કે, ‘સ્કૂલમાં કરાયેલા સર્વેના રિઝલ્ટ મુજબ ૮મા ધોરણમાં ભણતા પાંત્રીસ ટકા વિદ્યાર્થીઓએ સેક્સનો અનુભવ કર્યો છે’. સમાચાર સાંભળતા જ મોના અને શૈલેશના મનમાં શારડી ફરી જાય છે. અચાનક જ બન્નેને ભાન થાય છે કે આગલા દિવસ સાંજથી ક્રિસમસ ઈવની પાર્ટીમાં ગયેલી એમની લાડકી દીકરી અમી હજી ઘરે પાછી ફરી નથી. અમેરિકા આવીને પોતે ભૂલ કરી છે અને એ ભૂલ સુધારી લેવા હવે બધું જ સંકેલી લઈને ભારત પાછા જતાં રહેવું જોઈએ એવું માનતો શૈલેશ મોનાને તેમ કરવા માટે મનાવી શકતો નથી. ભારત ગમતું હોવા છતાં મોનાનું મન ભારત પાછા ફરવાની જરા જેટલી ય ઈચ્છા ધરાવતું નથી. મોનાના ભારત પાછા ન ફરવાના કારણોનું વર્ણન આ મુજબ મળે છે, ‘ભારત નહોતું ગમતું એમ નહોતું. ત્યાં બે જેઠ-જેઠાણી, એક દિયર-દેરાણી, બે નણંદો અને પોતાની સેવાની રાહ જોતાં સાસુ-સસરા, વેકેશન ગાળવા પૂરતું એ બધું ઠીક હતું. અહીંથી મોકલાવેલા ડોલર્સથી એમની સગવડો કંઈક સચવાતી હતી. સાત સાગર પાર સચવાતા સંબંધનો ગાળીયો પોતાના ગળામાં નાખવાથી પોતાની સ્વતંત્રતા જોખમાશે. બધાની જવાબદારી શૈલેશને માથે પડશે. ત્યાંની સમસ્યાઓના વર્તુળના પરિઘમાં રહેવાને બદલે પોતે કેન્દ્રમાં ધકેલાઈ જશે ..... નો.... નો .... માંડ માંડ જે પળોજણથી છુટકારો મળ્યો છે એ અમીના વર્તાવ અને શૈલેશના દબાણને ખાતર ફરી ગળે વળગશે. અહીંની બ્યૂટિફુલ લાઈફ ... ચાર બેડરૂમનો બંગલો, બે કાર, બિગ - ફ્લેટ સ્ક્રીન ટી .વી., વોશર-ડ્રાયર, ફ્રીજ ... વીક એન્ડ પાર્ટી ... ફ્રીડમ ... સુખસાહેબી .... લોભામણું સ્મિત કરી બાંહો ફેલાવી આવકારતું અમેરિકા ... ભાગ પડાવવાવાળું કોઈ નહીં ... અને બીજી તરફ સાસુ-સસરા, જેઠ-જેઠાણીના સંબંધોના પડછાયાની સંભળાતી માગ –અહીં જ રહેવું, વહેવું અને સહેવું.’ અમીની ચિંતા કરતી મોનાના હૃદયના ઊંડે ઊંડે ઉમટતા આ વિચારો ભારતીય સ્ત્રીની માતા તરીકેની ભૂમિકામાં થઈ રહેલું પરિવર્તન સૂચવે છે. અમી વીક - એન્ડ એના કોઈ ગોરા બોયફ્રેન્ડ પીટર સાથે ગાળવાની છે. એ જાણતાં અસ્વસ્થ થતી મોના પતિ શૈલેશ સાથે એ અંગે કોઈ વિચારવિનિમય કરવાનું ટાળે છે. મોનાની સહકર્મચારી સિમાન્થાની અમી સાથે ભણતી દીકરી લીસા પ્રેગ્નન્ટ હોવાનું જાણી અપરાધ અનુભવતી સિમાન્થા મોના પાસે હૈયું ખોલે છે, ‘કાશ, મેં એને બર્થ –કન્ટ્રોલની પીલ્સ આપી હોત તો આ દિવસ જોવાનો સમય ન આવત’. સિમાન્થા પાસેથી અજાણતાં જ મળી ગયેલો બર્થ – કન્ટ્રોલ પીલ્સનો ઉપાય મોનાને જચી જાય છે. શૈલેશ અને અમીને ખબર ન પડે તેમ મોના અમીની રૂમમાં જઈ અમીના પર્સમાં બર્થ – કન્ટ્રોલની પીલ્સ મૂકવા જાય છે ત્યારે ચોંકી ઊઠે છે. વાર્તાકારે કહ્યું નથી પણ વાચક તરત પામી લે તે રીતે સૂચવ્યું છે કે અમીના પર્સમાં એ પીલ્સ પહેલેથી જ મોજુદ હતી. ચોંકી ઊઠેલી મોના બીજી જ ક્ષણે તદ્દન સ્વસ્થ થઈ પોતાનું પર્સ ઉઘાડી એ પીલ્સ એમાં સેરવી લે છે.

પ્રથમ પેઢીની ગુજરાતી સ્ત્રી મોના અને બીજી પેઢીની એની દીકરી અમી આ બંને સ્ત્રીપાત્રોની બદલાયેલી માનસિકતા પાછળ કાર્યરત અમેરિકન

સમાજમાં પ્રાપ્ત વ્યક્તિ સ્વાતંત્ર્યની સગવડ અને અમેરિકન સંસ્કૃતિમાં સ્વીકારેલ વ્યક્તિગત મૂલ્યોની મહત્તાની સાથે ભારતીય સમાજમાં સ્ત્રીઓ માટે ઊભી કરાયેલી સંકુચિત વ્યવસ્થા અને એના માથે લાદવામાં આવતી જવાબદારીઓનું ભાન બંને પ્રતીતિ કરાવે છે. ભૌતિક સંસ્કૃતિઓ આનુવંશિક હોતી નથી પરંતુ મૂલ્ય સંસ્કૃતિ આનુવંશિક હોય છે. ભારતીય મૂલ્ય સંસ્કૃતિ આ પાત્રોને આનુવંશિક રીતે મળેલી હોવા છતાં અમેરિકાની ભૌતિક તેમ જ સ્વાયત્ત વિચારોને પ્રાધાન્ય આપતી મૂલ્ય સંસ્કૃતિ આનુવંશિક રીતે પ્રાપ્ત ભારતીય સંસ્કૃતિઓને કઈ રીતે પ્રભાવિત કરે છે તેનો ખ્યાલ પણ આ વાર્તા દ્વારા મળી રહે છે.



આ જ વર્તાસર્જકની 'બારી' વાર્તામાં પત્ની અને પુત્રીને મૂકીને જતા રહેલા ડેડી છ વર્ષ પછી પાછા આવી રહ્યા છેની પ્રતીક્ષામાં ઝૂમતી પુત્રીની આંખો સામેના મકાનની બાલ્કનીમાંથી એની દિશામાં તાકતી બે આંખો સાથેના મિલનથી મીઠી મૂંઝવણ અનુભવી રહે છે. ડેડીની પ્રતીક્ષા કરતી પુત્રી ડેડીના આવવાના આનંદની સાથે સાથે સામેની દિશાની આંખોના મિલનથી રોમાંચ પણ અનુભવે છે. પોતાના ઘરના રસોડાની બારીથી બહાર તાકતી માની આંખો પ્રત્યે એ અબુધ પુત્રીનું ધ્યાન જ જતું નથી. એક વહેલી સવારે ડેડી તો ઘરે આવી પહોંચે છે ને માને એ જણાવવા એના બેડરૂમમાં જતી પુત્રીને મા પોતાને અને ઘરને છોડીને જતી રહી હોવાનું જણાવતો પત્ર મળે છે. ડેડીના આવ્યાનો આંનદ ઝાઝો ટકતો નથી, પરંતુ માના જતા રહેવા સાથે જ ભાન થાય છે કે સામેની દિશામાંથી દેખાતી આંખો પણ ગાયબ થઈ ગઈ છે. વાર્તાકાર નીલેશ રાણાએ માતા-પિતા વચ્ચેના વિગ્રહનો સીધો ઉલ્લેખ ક્યાં ય કર્યો નથી કે નથી ક્યાં ય ઉલ્લેખ કર્યો માના અન્ય પુરુષ સાથેના સંબંધનો. વાર્તાને વાર્તા બનાવનારી આ ઘટનાનો સીધો ઉલ્લેખ કર્યા વગર જ નિરૂપિત ઘટનાની પ્રતિક્રિયામાંથી ઊભો કરેલો વ્યંગ્યાર્થ આ વાર્તાસર્જકની કલાસૂઝ પ્રત્યે માન જગવે છે. આ વાર્તામાં નિષ્ફળ દાંપત્યજીવનનું દુષ્પરિણામ ભોગવતી પુત્રીની દશા સ્ત્રીની અબુધ અવસ્થા પ્રત્યે કારુણ્ય જન્માવે છે તો બીજી બાજુ માના પાત્ર દ્વારા પોતાના જીવનને પોતાની શરતો સાથે જ જીવવાની હામ ધરાવતી સ્ત્રીનું સંવેદનવિશ્વ પણ આકારિત થવા પામે છે.

સ્ત્રીના સંવેદનવિશ્વને એના અનુભવવિશ્વની વિપરીતતાને લીધે કયા પ્રકારની વિષમતાઓનો સામનો કરવો પડે છે તેનો અણસાર સ્તનકેન્સરનો ભોગ બનેલી અને તે કારણે જ સર્જરી પછી એક સ્તન ગુમાવનારી સ્ત્રી 'અધૂરી સ્ત્રી' વાર્તાની નાયિકા ઊર્મિના પાત્ર દ્વારા મળે છે. સ્તનકેન્સરની જાણ થયા બાદ ઊર્મિ એનું ડાબું સ્તન ગુમાવે છે. સર્જરી પછી ઘરે પાછી આવેલી ઊર્મિ બેડરૂમમાં જાય છે ત્યારે પતિ એની ઉપેક્ષા કરતો પડખું ફેરવી સૂઈ જાય છે. પત્નીના દેહનો ઉપભોગ કરનારો પતિ સ્તન ગુમાવેલી પત્નીની જે અવહેલના કરે છે તેમાં દામ્પત્યજીવનની પોકળતા છતી થાય છે. પુત્ર –પુત્રવધૂ અને પૌત્ર – પૌત્રીઓ સાથે જીવતું આ દંપતીયુગલ જીવનની ઢળતી સંધ્યાએ પતિની સ્નેહસ્થૂળતાને લીધે મનોમન ખંડિત થાય છે. સ્ત્રી એટલે માત્ર શરીર, દેહોપભોગનું સાધન અથવા તો સાંસારિક જવાબદારીઓ નભાવી લેવાનું સાધન એવું માનતા પતિના બધા જ દોષોને સહજતાથી સ્વીકારી લેનારી ઊર્મિ ભારતીય સંસ્કૃતિ પરંપરા પ્રમાણે પતિનિષ્ઠ, પરિવારનિષ્ઠ પત્નીની ભૂમિકા નીભાવે છે. પતિની સુખશાંતિ માટે ઘર છોડવા પણ તૈયાર થાય છે પરંતુ પત્ની વગર પૌત્ર –પૌત્રી કે પરિવારને પોતે સાચવી નહીં શકે તેનું ભાન અને તે પ્રકારના સ્વાર્થને લીધે પતિ તેને ઘર છોડતી અટકાવે છે. વાર્તાના અંતે પતિ સાથે મળી ઊભા કરેલા સંસારના હિતમાં સમાધાન માટે તૈયાર થતી ઊર્મિ એકાંતમાં અનુભવેલી પારાવાર પીડાને ભીતરમાં જ ભંડારી દે છે.

આનંદરાવ લિંગાયત ડાયસ્પોરા ગુજરાતી વાર્તાક્ષેત્રે મહત્ત્વનું નામ છે. 'મંજરી' અને 'ટેલિફોનની ઘંટડી' વાર્તાઓમાં ભારતીય સમાજ – સંસ્કૃતિ અને અમેરિકન સમાજ – સંસ્કૃતિની વિશેષતાઓ અને મર્યાદાઓ નારીપાત્રો દ્વારા અભિવ્યક્તિ પામે છે. ભીષણ ગરીબાઈમાં જન્મેલી, જીવેલી, મોટી થયેલી મંજરીને એવું જ ભયાનક સાસરું પણ મળે છે. બીજવર પતિ અને વયમાં મંજરીથી મોટી એની દેરાણી, વગેરે સાસરિયાઓની વરવી અને જડબેસલાક સત્તાના મંજરીના કારમા અનુભવો દયનીય મંજરીને વધુ દયનીય અવસ્થામાં ત્યારે મૂકે છે જ્યારે બે બાળકોની જવાબદારી પતિના મૃત્યુ પછી એના માથે આવી પડે છે. બાળકોને લઈને પિયર પાછી ફરે છે. મિત્ર સુલેખાના સહકારે આફ્રિકા અને ત્યાંથી અમેરિકા પહોંચી તે ભાગ્યનું દળદર મીટાવવામાં લાગી જાય છે. અજાણી ભૂમિ, અજાણ્યા લોકો, અજાણી ભાષા ધરાવતા પરદેશમાં એકલપંડે સ્થાઈ થવાની ક્ષમતા ધરાવતી મંજરીનું પાત્ર માન જગવે એવું છે. અમેરિકામાં જેન્ટલમેન

ગઝલ □ મહેક ટંકારવી

બંધન ન જોઈએ ...

બંધન ન જોઈએ, કોઈ વળગણ ન જોઈએ
હૈયા ઉપર હવે કોઈ ભારણ ન જોઈએ

હમણાં જ મુક્ત એની અસરથી થયો છું હું
કાજલ ભરેલી આંખનાં કામણ ન જોઈએ

રહેવા દે તું કરવાનું ખુલાસા ઓ બેવફા
મારું નસીબ સમજું છું, કારણ ન જોઈએ

પોષ્યા કરે જે વહેમ, અભિમાન, અહમને
લઈ લો અમારી સામેથી, દર્પણ ન જોઈએ

જેમાં ન પ્રેમ હો, ન કરુણા હો, સત્ય હો
એવી ખુદા જીવનમાં કોઈ ક્ષણ ન જોઈએ

સમજી હું લઈશ મારી રીતે વાત એમની
દીવાનગીનો સાથ છે, ડહાપણ ન જોઈએ

દીવાનગીમાં કર્યું નથી જેણે તાર તાર
એવા કોઈ ફકીર નું પ્હેરણ ન જોઈએ

સંબંધ જે તડ દઈને તૂટી જાય સહજમાં
રહેવા દે એવું કાચનું વાસણ ન જોઈએ

મહેંદીના રંગ જેમ ઊડી જાય જે 'મહેક'
એવી સગાઈ, એવું કો સગપણ ન જોઈએ

e.mail : gwg@mahek.co.uk

સુત અલર્ક વિણ (ગઝલ) • પંચમ શુક્લ

શ્વાસની છે ચડ-ઉતર ને ફેફસાંમાં કૈં નથી,
શુષ્ક કાંચળી સિવાય સાણસામાં કૈં નથી.

આંગળી વૃથા ફરે સફેદ-કાળી પટ્ટી પર,
છે સપાટ સ્વર બધા, 'ધ-પ-ધ-સા'માં કૈં નથી.

હાંસિયેથી ડોકું કાઢતા ઓ! પ્રાસ ખમ જરા,
એક આ ગઝલ સિવાય કારસામાં કૈં નથી.

હું સ્વયં થઈ ગયો છું તારા પગનો અંગૂઠો,
નખ ઉતરડી દઉં - કહે તો, વારસામાં કૈં નથી.

વિસ્મયો, કરામતો ને કામના શમી ગયાં,
ગૈ હથેળીથી લકીર, હાદસામાં કૈં નથી.

ખાણની એ ભીંસમાં જતું રહ્યું પરમ જ્વલન,
લાલચોળ વેદના છે, કોલસામાં કૈં નથી.

યીન-યાંગ , સત-અસત, ઉત્તર-દખણમાં છે કથા,
સુત અલર્ક વિણ સતી મદાલસામાં કૈં નથી.

{૧૩/૭/૨૦૧૨}

e.mail : spancham@yahoo.com

કહી શકાય તેવો શરીરે અપંગ માઈકલ મંજરી સાથે સમજૂતીના લગ્ન કરી મંજરીને એના બાળકો સાથે મેળવી આપે છે. માઈકલના સાથ- સહકારથી સ્થાયી થયેલી મંજરી અંતે સ્વચ્છાએ માઈકલ સાથે સ્નેહસંબંધે બંધાય છે. આ વાર્તાના આરંભમાં ભારતમાં રહેનારી મંજરીની પડોશણો મંજરી અને માઇકલ સંબંધોની કૂથલી કરી મંજરીના ચરિત્રની નિંદા કરતા દર્શાવીને વાર્તાસર્જકે ભારતીય સમાજની નિંદાવૃત્તિનો દોષ નિરૂપ્યો છે. ભારતમાં માત્ર અભાવગ્રસ્ત દશામાં પારાવાર કષ્ટ વેઠતી મંજરીને સહાય કરવા કોઈ આવતું નથી. માત્ર દયાના આધારે જીવી શકાય નહીં તેવું મંજરીને લાગે છે ત્યારે જ એ ભારત છોડવાનો નિર્ણય લે છે. ગરીબ માતા-પિતા,નાના બાળકો બધું જ મૂકીને હામ ભીડીને તે ઊજળી આવતીકાલની આશાએ કદી ન જોયેલા દેશમાં, કદી ન જાણેલી સમાજ વ્યવસ્થામાં જઈ ગોઠવાય છે. મંજરીના પાત્રની આ ક્ષમતા સ્ત્રીના શક્તિશાળી આંતરસવિત્તનું પરિચાયક બને છે. મંજરી અને માઈકલ એકમેક સાથે જે જવાબદારીપૂર્વક જોડાય છે એમાં એ પાત્રોની ગરિમાનું રતિભાર પણ અવમૂલ્યાંકન થતું દર્શાવ્યું નથી. બલ્કે જીવનના સંઘર્ષો અને એ સાથેના સમાધાન માટેના પ્રયત્નોમાં એ બંનેની વ્યક્તિમત્તા મુઠ્ઠી ઊંચેરી જ સાબિત થાય છે. માઈકલ સાથે જોડતા પૂર્વે મંજરીએ અનુભવેલી મથામણ વાર્તાકાર આ પ્રકારે મૂકી આપે છે, 'ન કરવી હોવા છતાં માઈકલની તુલના એના સાસરિયાં સાથે, પેલા લંપટ, ઈન્ડિયન મોટેલ-માલિક સાથે, લોહી ચૂસાઈ જાય એટલા ઓછા પૈસામાં કાળી મજૂરી કરાવનાર ડેરીના ઈન્ડિયન માલિક સાથે, અને શહેરની પોળમાં રહેતા પોતાના ગરીબ કુટુંબની ગમે તેવી વાતો, નિંદા અને તિરસ્કાર કરનારાં સગાંસંબંધીઓ અને પડોશીઓ સાથે થઈ ગઈ ..... ભારતમાં મને અને મારા આખા કુટુંબને હળહળતી ગરીબી અને ધૂત્કાર સિવાય આજ સુધી શું મળ્યું ! ભારતની ધરતીમાંથી મને એવી કઈ વસ્તુ મળી કે જેના આધારે ગૌરવથી 'હું ભારતીય છું' એવું અભિમાન લઈ શકું! ઈન્ડિયન સમાજ અને ઈન્ડિયન સંસ્કારને વળગી રહેવાથી પોતાને આજ સુધી શું મળ્યું છે એનું સરવૈયું એણે કાઢવા માંડ્યું. જેમ જેમ એ આ હિસાબ કરતી ગઈ તેમતેમ ગુસ્સાથી એનું મગજ તપતું ગયું. આખરે એણે નિર્ણય લીધો કે સમાજના ડરથી એ માઇકલની મમતાભરી વિનંતિને નહીં ઠુકરાવે.' ('કંકું ખર્યું') આ મનોમંથન દ્વારા મંજરીના સંવેદનને જ નહીં એ સંવેદન સાથે જોડાયેલા એના અનુભવો અને એણે આધારે જ ઘડાયેલી એની વિચારપ્રક્રિયાનો આલેખ રજૂ થવા પામ્યો છે.

'ટેલીફોનની ઘંટડી' વાર્તાની નાયિકા નયનાને બે બાળકો સહિત એનો પતિ મદન અમેરિકા બોલાવે છે. ભાડાના ઘરમાં રહેતી નયના પોતાનું ઘર ખરીદી શકાય તે હેતુથી મદનને આર્થિક ટેકો આપવા ફાજલ સમયમાં નોકરી કરતી થાય છે. થોડા સમયમાં જ પતિ કોઈ ગોરી યુવતીના પ્રેમમાં પડીને નયના અને બાળકોને છોડીને જતો રહે છે. પરાયા મુલકમાં એકલી પડી ગયેલી નયના કષ્ટ વેઠીને નર્સિંગનો કોર્સ પૂરો કરીને હોસ્પિટલમાં નર્સનું કામ મેળવે છે. બાળઉછેરની તકેદારી રાખવામાં માતા-પિતા બંનેની ભૂમિકા પણ નિભાવે છે. હોસ્પિટલમાં એની સાથે કામ કરતી અમેરિકન નર્સો લીન્ડા, ગ્લોરિયા, લીસા, એઈમી વગેરે મોટા ભાગની બધી જ ડિવોર્સ થયેલી Single Parent હતી. વાર્તાસર્જક લખે છે, 'એ બધી પણ, એકલા હાથે, હિંમતથી પોતાના બાળકોને ઉછેરતી હતી. પરંતુ એમાંની કોઈ બ્રહ્મચર્ય તો પાળતી જ નહોતી. એ રીતે શરીરને કરમાવીને સૂકવી નાખવામાં એ સ્ત્રીઓ માનતી નહોતી. એ દરેકના જીવનમાં કોઈ ને કોઈ પુરુષ બોયફ્રેન્ડ હતો. ગાંડા કરી નાખે એવી, જીવનની એકલતામાંથી, જીવનના ખાલીપામાંથી બચવા એ દરેકને કોઈક પ્રકારની 'રિલેશનશિપ' હતી. આ 'રિલેશનશિપ'થી જીવનમાં એમને હૂંફ રહેતી. એનાથી જીવન સાવ ખાલીખમ, માત્ર ઢસરડા જેવું નહોતું લાગતું. એક બોયફ્રેન્ડ સાથે ઝઘડો થતાં એને પડતો મૂકી બીજો શોધવાનો એકરાર કરવામાં એમને કોઈ શરમ ,સંકોચ કે અજુગતું નહોતું લાગતું. કશું નૈતિક અધઃપતન થતું નહોતું લાગતું. બધું સહજ અને સ્વાભાવિક. આ અંગે એમને સમાજ કે એમનાં સગાંસંબંધીઓ પણ કાંઈ કશો વાંધો લેતા નહોતાં.' ('કંકું ખર્યું') વગર વાંકે પોતાને છોડીને જતા રહેલા પતિના કારણે ભરયુવાનીમાં સ્પર્શનો અભાવ અનુભવતી નયના બે જુદી જુદી સંસ્કૃતિઓનો ભાર અનુભવે છે. ઘરનું ગારબેજ ડિસ્પોઝલ બગડી ગયું હોવાથી મકાનમાલિકનો યુવાન પુત્ર સ્ટીવ રીપેર કરવા આવે છે. એના કસાયેલા, મજબૂત, ગોરા શરીર પર નજર પડતાં જ શરીરસુખથી વંચિત રહેલી નયના કામાવેગ અનુભવે છે ને વિચારે છે, 'મારા કશા પણ વાંક વગર મદને મારી જિંદગી foreclose કરી છે. હવે મારા પોતાના બાવડાના બળે હું એ repossess કરું અને મારી રીતે મારી જિંદગી જીવું એમાં કોઈને શું? હું પણ શા માટે કોઈ યોગ્ય પુરુષની મિત્રતા ના રાખું! એમાં શું ખોટું? બહુ બહુ તો મારો સમાજ થોડો વખત બબડશે. આમે ય અત્યારે પણ મારો સમાજ મારી પીઠ પાછળ મારી નિંદા ઓછી કરે છે! મારા આ કપરા કાળમાં સમાજે મને શું પરખાવી દીધું! સહાનુભૂતિનો હાથ લંબાવવાને બદલે કુથલી સિવાય સમાજ કરેછે શું ?સમાજ માટે, શા માટે હું મારી જિંદગી બરબાદ કરી નાખું' (એજન) પુરુષસ્પર્શને ઝંખતી નયનાની યુવાનકાયા સ્ટીવના આલિંગનમાં લપેટાય છે. બંને આગળ વધે તે પહેલાં જ ટેલિફોનની ઘંટડી રણકી ઊઠે છે. પુત્રી શીતલ સ્કૂલેથી છૂટીને સીધ્ધી ઘરે આવવા માગે છે ને મમ્મીને Pick-up માટે તરત જ આવવા કહે છે. ઘડીકમાં જ સ્વત્વ, નિજ ઈચ્છાઓ પર પુનઃ ભારતીય સમાજ પાસેથી પ્રાપ્ત દમનવૃત્તિના મૂલ્યનો વિજય થાય છે. નયના સ્ટીવને જતા રહેવાનું સૂચન કરે છે. સ્ત્રીશરીરની સ્પર્શઝંખનાની અદમ્ય ઈચ્છા ભીતરમાં ધરબાઈ જાય છે. વાર્તાનો અંત નયનાની વેદનાને મુખર રીતે પ્રગટાવી આપે છે, 'સ્ટીવ બહાર નીકળ્યો કે તરત બારણું બંધ કરી, નયના ત્યાં બારણામાં જ ફસકાઈને બેસી પડી. ધ્રૂજારી અને રુદનને એ ખાળી શકી નહીં. એની આંખમાંથી વેદનાના રેલા વહેવા માંડ્યા. ક્યાં સુધી? ક્યાં સુધી ... હું આ પ્રકારની તલપતી જિંદગી જીવી શકીશ? ક્યાં સુધી! કલ્પાંત કરતું એક મોટું ધ્રુસકું એને આવી ગયું. બિહામણા પ્રશ્નાર્થ જેવી, ઉજ્જડ અને ખાલીખમ, સૂકા રણ જેવી પોતાની આખી જિંદગી દૂર .... દૂર .... લાંબે સુધી પથરાયેલી એને દેખાઈ .... બે સંસ્કાર,બે સંસ્કૃતિના પડ વચ્ચે પીસાઈને લોહીલૂહાણ થતી આ યુવાન નયના એવા કોઈક Cultural Prescriptionની શોધમાં ફાંફા મારવા લાગી કે જેનાથી એની જિંદગી ઉપર પડેલા બધા ઘા રૂઝાય અને એના તન તથા મન બંનેની તરસ છીપે! (એજન)

સ્ત્રીશરીર અને એ શરીર સાથે જોડાયેલી ઈચ્છાઓ, ઝંખનાઓ વિશે ડાયસ્પોરા વાર્તાસર્જકોએ છોછ રાખ્યા વિના લખ્યું છે. Female sexuality અને female desire વિશે નારીવાદમાં પ્રાપ્ત ચર્ચાઓ મુખ્ય ધારાના સાહિત્યસર્જનનો ખાસ વિષય બનતી નથી. જયારે અમેરિકાસ્થિત ડાયસ્પોરા ગુજરાતી વાર્તાઓમાં આ મુદ્દાઓ અંગે નિર્ભીક અને નિખાલસ વલણ વર્તાયું છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી એટલે ભૂમિકાઓમાં વહેંચીને જીવાતું જીવન માત્ર. એના શરીરની વૃત્તિઓનું પાપ અને વ્યભિચારના નામે દમન થતું રહ્યું છે. એક બાજુની સંસ્કૃતિમાં સ્ત્રીશરીર અને એ શરીર સાથે જોડાયેલી પુરુષસ્પર્શની ઝંખનાઓનું કરવામાં આવેલું દમન અને એ કારણે ઊભી થતી વિષમતાઓનું કરુણ પરિણામ છે બીજી બાજુ અમેરિકન સમાજમાં સ્ત્રીને પોતીકી રીતે જીવવાની મળેલી સંપૂર્ણ સ્વતંત્રતાનો અભિગમ છે.

વાર્તામાં નિરૂપિત આ બંને વિરોધમૂલક અભિગમો વિચારશીલ છે. નારીજીવન સંદર્ભે ભારતીય સમાજની સંકુચિતતા અને અમેરિકન સમાજની ઉદારતા ઉભયનો પરિચય આ વાર્તાઓમાં મળી રહે છે.

કવયિત્રી પન્ના નાયક પાસેથી જે ટૂંકી વાર્તાઓ મળી છે એમાંની મોટા ભાગની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનું સંવેદન સેક્સની આસપાસ ગૂંથાઈને વાર્તારૂપ ધરે છે. એમની વાર્તાઓની નાયિકાઓ ભારતીય મૂળની છે, અમેરિકા સ્થાયી થયા પછી આ નાયિકાઓએ સુખપ્રાપ્તિના માર્ગ પોતપોતાની મેળે શોધી લેવા મુક્ત વિચારવલણ ધરાવતી સંસ્કૃતિને

સ્વીકારવાની સમર્થતા કેળવી લીધી છે. નિત્યક્રમ, ક્યુટિપ, નૉટ ગિલ્ટી, ફૂલેમિંગો, વગેરે પન્ના નાયકની વાર્તાઓ આ સંદર્ભે વિગતે તપાસી શકાય. 'નિત્યક્રમ' અને 'ફૂલેમિંગો' વાર્તાની નાયિકાઓ પરપુરુષ પ્રત્યે ગજબનું આકર્ષણ અનુભવે છે. એટલું જ નહીં એ મનગમતા પુરુષોને પ્રાપ્ત કરવાના સ્વપ્નો જુએ છે ને તે માટે જરૂરી આચરણ પણ કરે છે. 'નિત્યક્રમ'ની નાયિકા પરપુરુષ સાથે પોતાના બેડરૂમમાં શરીરસુખમાં રાચે છે તે વખતે સ્હેજ પણ અપરાધભાવ અનુભવતી નથી ઉલટું એ દરમ્યાન પોતાના પતિનો ફોન આવે છે ત્યારે પતિ દ્વારા પૂછાયેલા સવાલનો જવાબ આપતા કહે છે, 'અત્યારે શું કરું છું? તું એટલું વ્હાલ કરે છે કે મને સુખના સોજા આવ્યા છે. બ્લાઉઝના આંતરસેવા ખોલું છું.' પતિ સાથેના સંબંધમાં પત્ની દ્વારા કરાતો દ્રોહ 'નૉટ ગિલ્ટી' વાર્તામાં પણ નોંધપાત્ર રીતે આલેખાયો છે. ભારતીય મૂળમાં સ્ત્રીઓને રૂઢિપ્રાપ્ત પતિવ્રતા હોવાનું જે મૂલ્યભાન વારસામાં મળ્યું છે તે અમેરિકન સમાજના પ્રભાવથી કઈ રીતે લુપ્ત થાય છે તે અહીં દર્શાવવામાં આવ્યું છે. આ નાયિકાઓ પોતાના પતિથી કે એની સાથે માંડેલા સંસારમાં દુ:ખી છે એવું ક્યાં ય નિરૂપાયું નથી. માત્ર અને માત્ર પોતાની દેહવાંછિત આવશ્યકતા અને આનંદોપભોગ જ આ પ્રકારના લગ્નેતર સંબંધો પાછળનું પ્રયોજન હોય તેવું પણ વર્તાય છે.

અમેરિકાનો સ્વતંત્ર ને વૈભવી વ્યક્તિકેન્દ્રી માહોલ અને બદલાયેલી સાંપ્રત જીવન પરિસ્થિતિઓને લીધે કદાચ ભારતની જડ સંકુચિતતાની સામે ઊભેલો નારીસમાજ ડાયસ્પોરા ગુજરાતી વાર્તાઓમાં નવા રૂપે પ્રગટ્યો છે. નારીસંવેદન વિશ્વના અગોચર ઊંડાણો જાણે કે આ વાર્તામાં દૃશ્યાંકિત થવા પામ્યાં છે. આ વાર્તાની નાયિકાઓ સ્વપ્રત્યે વધુ નિષ્ઠાવાન છે. પુત્રી, પત્ની અને માતાની ભૂમિકાઓ ઉપરાંત સ્ત્રીવ્યક્તિ તરીકેના અસ્તિત્વના સ્વીકારની ભૂમિકા પણ અહીં રચાતી આવે છે. મોટાભાગની નાયિકાઓ આર્થિક રીતે સ્વાવલંબી છે, ભૌતિકવાદી જીવન અભિગમને આવકારતી અને એનું આધિપત્ય ભોગવતી નાયિકાઓ છે. એમના અતીતમૂલક અનુભવો તાણના, અભાવના રહ્યા હોવાને લીધે પોતાના મુક્ત સાંપ્રત તરફ તેમનો ઝોક વધુ વર્તાય છે. અઘટિત કર્યાની પીડા ન હોવાને લીધે સંકુલતા કે સંઘર્ષ ઊભો થતો નથી. દેહસંબંધનો સહજ સ્વીકાર જ આ વાર્તાઓનો વિશેષ છે.

આ વાર્તાઓમાં સમાજ કરતાં વધુ સ્ત્રીનું અસ્તિત્વ કેન્દ્રમાં છે, જયારે મુખ્ય ધારામાં રચાતી વાર્તાઓમાં સ્ત્રી હાંસિયામાં અને સમાજ વધુ કેન્દ્રમાં રહ્યો છે. પશ્ચિમની સંસ્કૃતિના બદલાયેલાં જીવનમૂલ્યો ડાયસ્પોરા ગુજરાતી વાર્તામાં પ્રતિબિંબિત થાય છે. પશ્ચિમનો પ્રત્યક્ષ અને નિકટનો સંબંધ અને ભારતનો પરોક્ષ અને પાછળ છૂટી ગયેલો સંબંધ આ બે વચ્ચેની સ્થળાંતરિત પ્રક્રિયા અને સાંસ્કૃતિક પરિવર્તનની પ્રક્રિયા અમેરિકાના ગુજરાતી સર્જકોની વાર્તામાં બદલાયેલા માહોલનો પરિચય કરાવે છે.

મનુષ્યની જાતીયવૃત્તિ અને તે માટેનાં વર્તનવ્યવહાર માટેનાં પરિબળોને સમજવા માટે અભ્યાસીઓએ માનવ મન, એની વૃત્તિઓ, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓ, વગેરે દરેક બાબતોને સમજવી જરૂરી છે. નીઓ-ફ્રોઈડીઅન વિચારધારામાં આ બાબત અંગે જે અભ્યાસો થયા છે તેનો સાર રસિક શાહના પુસ્તક 'અંતે આરંભ'માં આ પ્રકારે મળે છે :

'વ્યક્તિત્વના વિકાસમાં વાતાવરણ અને સંસ્કૃતિની અસર પર ભાર મૂકતા હેરી સ્ટેક, સાલિવાન, કેરેન હોર્ની, એરિક ફ્રોમ અને કાર્ડીનર નીઓ-ફ્રોઈડીઅનીઝમના પ્રણેતાઓ અને આધારસ્તંભ તરીકે સ્વીકારાયા છે. નાની મોટી વિગતોમાં અનેક અગત્યના મુદ્દાઓ પર ભિન્ન ભિન્ન મતાંતરો ધરાવતા હોવા છતાં નીઓ-ફ્રોઈડીઅનો કેટલીક સામાન્ય માન્યતાઓ ધરાવે છે. એમના મતે,

૧) માનવસ્વભાવના સ્વરૂપ વિશેની સમજણનો પાયો સામાજિક અને સાંસ્કૃતિક ઘટકોમાં રહેલો છે, જૈવિક ઘટકોમાં નહીં.

૨) ફ્રોઇડના વૃત્તિવાદ (instinct theory) અને લિબીડોવાદ (theory of libido) મનોવૈજ્ઞાનિક રીતે મારી ચૂક્યાં છે. ઈડિપસ ગ્રંથિ, અંતરાત્માનું ઘડતર અને સ્ત્રીઓની કહેવાતી લાઘવગ્રંથિ વગેરે લક્ષણો સાંસ્કૃતિક સંદર્ભમાં જ અર્થયુક્ત બને છે. વ્યક્તિત્વનાં એ સર્વવ્યાપી લક્ષણો નથી.

૩) ચારિત્રનું ઘડતર, ચિંતાની ઉત્પત્તિ અને માનસિક વિષમતા સમજવા માટે 'વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધો' પર વધારે ભાર મૂકવો જોઈએ.

4) ચારિત્ર –જિન્સીવિકાસનું આનુષંગી પરિણામ નથી. એથી ઉલટું, જિન્સીવિકાસ ચરિત્રનું સૂચક છે. બીજા શબ્દોમાં, જિન્સીવિકાસથી ચારિત્રનું સ્વરૂપ નક્કી થતું નથી, ચારિત્ર જિન્સીવર્તનનું સ્વરૂપ નિર્માણ કરે છે.' (પૃ.૭૧-૭૨)

5) ટૂંકમાં નીઓ-ફ્રોઈડીઅન વિચારધારા અને નૃવંશશાસ્ત્રની વિચારધારાઓ આ પ્રકારે સાહિત્યકૃતિના મૂલ્યાંકન માટે અનેક નવી શક્યતાઓ ખોલી આપે છે.

=*=

e.mail : nutan.j@rediffmail.com

લો, એ પણ હાથમાંથી સરકી ગયું

• ચિંતન શેલત

ગંભીર થવું એ ગંભીર ગુનો છે,
સજા રૂપે તમારી આંગળી કલમ કરી દેવામાં આવે,
અને તમને તમારા જનમ્યા ઉપર ગર્વ પણ થાય,
****
હું સૌરભ,
આ કાળજું લીરે લીરા કેમ ના થઈ ગયું?
****
તમને ઉક્તિ મળતી નથી,
મારા, તમારા અને આપણી આસપાસ ફર્યા કરો,
ઘણી વારે તમને છુટ્ટા મૂકી દેવામાં આવે,
ઢોળાઈ ગયેલાં પાણીની જેમ,
હવે તો સૂકાઈ જઈશું નંઈ!!!
****
નામ લઉં??
****
લે, તેં કહ્યું તો હવે કવિતા કરું,
"હીક્"
****
જો, તને ફરક પડ્યો??
ક્યાંક ફૂલોની સુગંધ કરમાઈ ગઈ,
ક્યાંક સૂરજનાં વટ ઉતરી ગયા,
(ઘટના જો કે એક જ થઈ)
તને ફરક પડ્યો??
****
પછી ધીમે રહીને ખૂણામાં સરકી જવાનું,
એકદમ ટાઢા કલેજે ખૂન કરી દેવાનું,
પેલો અંગત મિત્ર અભિનંદન પાઠવવા આવે,
ત્યારે આખું કાળું કલેજું ખોલી દેવાનું.
****
ચૂપ,
એક હરફ પણ નહીં,
સાવ શાંત.

https://www.facebook.com/cdshelat/

મિત્રોને લખેલા પત્રોમાંથી ..

• પ્રવીણ પટેલ 'શશી'

બુંદ બુંદથી બનેલા સરોવર જેવો, મિત્રોનો મારો વ્યાપ રહ્યો. શરૂઆત થઈ હતી "ઓપિનિયન"માં મૂકાતા લેખ/વાર્તાકારોનાં સરનામે પત્રલેખનથી. તે દોરમાં ત્રણસોથી પણ અધિક પત્રો લખાયેલા. બધાના જવાબો નહીં, પણ મોટા ભાગનાના પ્રત્યુત્તરો આવેલા. અનેક સાથે મારો સંપર્ક બંધાયો, વાસ્તવમાં એ તમારી જ દેન. પોપટલાલ પંચાલ હોય કે અતુલભાઈ સવાણી, પ્રદ્યુમ્ન તન્ના હોય કે ઉત્તમભાઈ ગજ્જર, પ્રવીણ વાઘાણી હોય કે પ્રીતિ સેનગુપ્તા, અનેક સાથે નિકટતા વધી, વિચારોની આપલે થતી રહી, જેણે મારી સર્જનાત્મકતાને બઢાવો આપ્યો. કલમ કસબને સરાણે ચઢાવાની પ્રકિયા હું તમારી પાસે શીખ્યો. પત્રો લખતાં ક્યારેક કાવ્ય પંક્તિ સ્ફૂરતી. આ મેં એક જગાએ એકત્ર કરી છે, આ પાનું તમને મોકલું છું, "ઓપિનિયન"માં ખૂણે ખાંચરે જગા બચે તો મૂકી શકો.

'વાહ, અમેરિકા વાહ !' સાંપ્રત હળવી શ્રેણી "ગુજરાત દર્પણ"માં તેરેક વર્ષ જારી રહેલી. બકુલભાઈ(ત્રિપાઠી)ને ગમેલી, એમણે આને મઠારવાનું સૂચન કરવું. આજકાલ આને રિરાઈટ કરવાની પ્રકિયા ચાલુ કરી છે. નિવૃત્તિનો સમય સારી રીતે પસાર થાય છે, જેનો આનંદ છે.

ooooo

લખેલા પત્રોની હાર્ડ કોપી કે કમ્પ્યુટર કોપી સચવાયેલી છે. ઓક્ટોબર 2008માં પત્રોમાં મૂકેલી કાવ્ય પંક્તિઓ પ્રત્યે ધ્યાન ગયેલું, એને ત્યારથી મેં એકત્ર કરવા માંડેલી, નવી એમાં ઉમેરાતી ગઈ, 'કાવ્યસુધા'માં અત્યારે 109 કાવ્યોનો ક્રમાંક ચાલે છે, 'પત્રોમાંથી ...'નો નંબર 62 છે. સારું સામયિક દિશા દર્શક બની શકે, હું એનો જીવતો જાગતો દાખલો છું.

"ઓપિનિયન"માં આવતાં વિનય કવિ, ફારુક ઘાંચી, અદમ ટંકારવી, પ્રદ્યુમ્ન તન્ના, પોપટલાલ પંચાલ સાહેબ, આદિનાં કાવ્યોથી હું અભિભૂત થયો છું. અનેક પ્રકારે કાવ્યો લખવાની સૂઝ મને આ રીતે જ વિવિધ મિત્રોનાં કૃતિ કર્તવ્યમાંથી સંપન્ન થઈ. આવું જ વાર્તાઓ બાબતે પણ બન્યું. 'નથી'માંથી કશુંક બનવું કે બનાવવું એ જ તો સર્જક અને સંપાદકનું કર્મ. Thanks.

•••••••••••••

કરો ભાઈ કંકુના, મંગલ પ્રસંગ છે,
વગાડો ઢોલ-નગારાં, પ્રસંગ મંગલ છે
લો આપું અક્ષત, મંગલ પ્રસંગ છે,
શશી વધાવે રશ્મિ, પ્રસંગ મંગલ છે.

માપવી દુનિયા, ને ફૂટપટ્ટી છે નાની,
ઉતરું અગર અંતરે, તો ક્યાં રહે પછી અંતર બાકી?

દુનિયા ગોળ, આ એક સત્ય, હું જાણું છું,
અજાણ્યો ખરો, પણ આપને, હું જાણું છું.

શું કહું?, તરુ, લતા કે તરુલતા?
ચહું હું, ખરું, સદા ચારુલતા.
ક્યાંથી મળ્યા હશે અતાપતા?
મેળ મળ્યા એ જ કમાલ કવિતા.

જોજનોની દૂરી પલમાં અદૃશ્ય થઈ જાય છે,
પ્રતાપ આ મિત્રતાનો, શંકાને સ્થાન ક્યાં છે?

મળી જાય રાહમાં કોઈ સરખું, ચાહે મન કરવા લટકું,
ગોતવા મિત્ર, અહીં-તહીં ભટકું, મળે એક-મારું ના મટકું!

ટંકાર નહીં કાંતતાં આવડે તો પણ ઘણું છે,
ઝરણું 'હું', વહું ખળખળ, તો પણ પૂરતું છે!

કાર્યને કારણનું અનુસંધાન શા કાજે ?
સલામ કરતાં નમાજ પઢવી શા કાજે ?

દોસ્તને ખભે બંદૂક મૂકી, જબરો ધડાકો તમે કરી દીધો ,
દિલ છે, દિલદાર પણ છું, ઝેરઘૂંટડો પણ પ્રેમે પી લીધો !

વધી ગયો સમય આગળ, અને હું પાછળ રહી ગયો,
ઉલેચવો હતો મારે સાગર, અને ગાગરે અટકી ગયો!

અજાણ્યો છું, આશનો અભરખો છું,
મુસાફર છું, આભ લસરકો છું !

રજા માંગુ તો, મળે કે ના પણ મળે,
કહું છું બાય, પ્રવેશ મળે કે ના મળે.
આમ તો આ બધું તર્કનું તરકટ છે,
સત્ય એ છે, ચાલો તો જ મંજિલ મળે.

સામે હોત જો કોઈ અગર
જાત ઉતરી અંતરે વસત
ખબર નહીં શું શું કહત
ખુશી થાત જોઈ હોઠ મલક
ભાવે ભેટવાની આ તલપ
કસમ ખાતાં ચુંબન કરત
કેવી છે આ પ્રેમની રમત
રહે તૃષિત પરબે તરસ

પી લીધો અમે તો અમૃત જામ,
બસ હવે તો છે સામે જ ધામ!

પરોવી દેવા છે માળાએ મિત્ર,
બનાવી લેવું છે મારે એક ચિત્ર.

ક્યાં ખબર હતી રામજીને, કાલે સવારે શું થવાનું છે?
પણ, મને ખબર છે, આજે અત્યારે અહીં શું થવાનું છે.

ઓ ઈશ્વર અલ્લા ઈસા,
ઓ પૂરણ પુરુષોત્તમ પિતા,
ઈચ્છા મને મારા દુઃખમાં તારો સાથ રહે,
ઈચ્છા મને મારા સુખમાં તારો વાસ રહે.

હજી હજી, કહું હું, હાં જી તું સદાબહાર રહે,
વસુધા છું, કર્મ તારું, સદૈવ સદાબહાર રહે.

ખોલ્યું ખાનું, તો મળ્યું ઉપવન,
ફોરી બહાર, ને આનંદે તનમન.
કહો 'તમે', તો સંચરુ વનવન,
બ્રહ્મ જ સત્ય, ને દોરંગી મનતન.

ભૂંગળ વાજે આજે, નથી કોઈ ડર પરાજય,
અમે ગુર્જર બચ્ચા, પામીએ જય ને વિજય.

જીવન તો છે એક ભવાઈ, મળશે સુખ, દુઃખમાં તવાઈ
ચાલો કરીએ દુનિયા સવાઈ, રહેશે નહીં પછી કોઈ નવાઈ.

તમે ગુજરાતી, હું ગુજરાતી, સઉ આપણે ગુજરાતી,
બોલો ગુજરાતી, લખો ગુજરાતી, સઉ વાંચીએ ગુજરાતી.
યાહોમ કરીને આગે બઢીએ, સઉ જાળવીએ ગુજરાતી,
સાચા અર્થમાં ગુર્જર બનીએ, સઉ શ્વસીએ ગુજરાતી.

શૂન્યમાં સરી ગયા તમે આદિલ,
ને, પડે પડઘા શૂન્યે હવે આદિલ.
કરું સલામ સર્વે વતી આદિલ,
લેજે ખુદા ખબર સર્વદા આદિલ.

વર ઊઘલ્યો વરઘોડે, કાઢી મેં જાન સજીધજી,
વાત ન્યારી હરનિશની, માણી મજા હસીખુશી.

રસિકની તો વાત જ ન્યારી, ને રસિકતા તો છે પ્યારી પ્યારી,
ફોરે ફૂલડે એમની ક્યારી, ને કૃતિરચના તો છે ન્યારી ન્યારી.

મણિ, એ તો ભઈ મણિ છે,
લખ્યું જે કંઈ મેં, એ તો કમ જ છે,
આ તો એવું, સૂર્યને દીપ બતાવા જેવું
એક ઈચ્છા છતાં ઉરે છે,
તપતો રહે સૂર્ય, સદા ઝળાંઝળાં.

ગુર્જર એક નરબંકો, કરે સાબદા આ ખંડે,
ચાલે ધાર પર ઈ, ને રૂંવાડું પણ ના કંપે.
રહે ગુજરાતી અમર, મિશન લઈ બેઠો પંડે,
ના ડરે પ્રયોગથી, ધારે તે કરીને જ જંપે.

સર્વ જાણે, કે છે ભગિરથ સમર્થ,
માંગો પાસ એની ઈચ્છા જરૂર ફળે
વાતો મારી, પણ કાઢ્યો તમે અર્થ,
આ તો એવું, જાણે ગોપીને કહાન મળે.

લખવું ગમે, પેન-પાટી મળી જશે,
દેવી પરીક્ષા, પરીક્ષક મળી જશે.

કોને ખબર, કોણ કયાં મળી જશે?
કોઈક તો છે, સાથ પણ મળી જશે.

જે હતું તે મોકલી દીધું, હવે તો હું ખાલી છું,
ભરો ત્યારે તમે મને, અપેક્ષા એક રાખું છું.

દી પછી દી સરે છે,
સમય કયાં ઝાલ્યો રહે છે?
પાનખર પછી વિન્ટર,
શું થશે? ચિંતા થાય છે !

લાગે એવું, સમય પસાર થઈ ગયો,
ને, હું અજાણ્યો, ઠેરનો ઠેર રહી ગયો
કોઈ દેતું દસ્તક, ખુદ દ્વાર ખૂલી ગયું,
ને, જોયું તો, એ સંધુ, મૂર્ત બની ગયું!

દુનિયા ગોળ, એક આ સત્ય, હું જાણું છું,
અજાણ્યો ખરો, પણ આપને, હું જાણું છું.

પ્રકાશ ઈ તો પ્રકાશ, જગ જાણે છે સારું
પ્રસારું છું તવ પ્રકાશ, સ્મરી નામ તારું.

કાવ્ય શું ? વાતું શું ?
બોલો બાળગોપાળ જિંદાબાદ.
ભાતભાત, બાતવાત,
પામો બાળ, સંસ્કાર આબાદ.

આજ તમારી, કાલ તમારી,
કરો સારું, કરશે યાદ જગ બાદ.

બંધ થાય અને ખૂલે, આ તો એક ક્રમ છે
આશાની રહે આશા, આ પણ એક ક્રમ છે
શ્વાસ છે, ચાલશે ધમણ, આ પણ ક્રમ છે
ના હોય સારાનો અસ્ત, આ પણ ક્રમ છે.

શાહ જેવા દિલના દોલા સોદાગર, એવા ઈ દિનેશ શાહ,
આહને ઘોળીને પી ગયા, વાહ ભાઈ, વાહ, દિનેશ શાહ.
જયોતથી જયોત જલે, સાચું ચિરાગ જેવા દિનેશ શાહ,
ધૂપસળી જેવું કાર્ય, મહેકાવે મહેકને, વાહ, દિનેશ શાહ.

વાર્તા કથનશ્રાવ્ય કલાઈ ને, નાટક દૃશ્યશ્રાવ્ય કળા,
કવિતા પણ એક સુંદર કલાઈ ચાલ, બનું મોર, ને કરું હું કળા.

કહેવાય દુનિયા વિશાળ, પરંતુ હાથવેંતમાં છે મન,
ખંડાયાં અમેરિકા ખંડે, પરંતુ સાંભળે વતન વન,
તરસે તરફડે જળગંગા, પરંતુ તનિક સુખમાં તન,
બન્યો પંખો પાંખોનો, પરંતુ આજ વ્યથા ધન!

ચાંદ-સિતારા તમે, અમે તો કેવળ આગિયા,
ઝંખુ એક કિરણ, પૂરવા છે મારે ઉંબર સાથિયા.

નંબરની માયા-જાળ, ધરતીથી અંબર સુધી,
દોડ કેટલી આપણી ? બસ અહીંથી ત્યાં સુધી!

ફૂલ પૂછે ફોરમને, મને જરા સુગંધ તો બતા,
બેઠા જીવન બગીચે, ને પૂછતા રહ્યા પતા!

ચાંપ્યો દાણો, આ મારું કર્મ હતું,
ઊગ્યો જ નહીં, આ ખુદા કર્મ હતું!
કરું અર્જુન યાદ, ગાંડિવ રડયું હતું,
જે થયું તે ઠીક, લલાટે લખ્યું હતું!

વફા, જફા, ખફા, સબ કરામત કુદરતની,
થાય તે કરવું, કરવી નહીં ચિંતા મહુરતની.

વાર્તા કથનશ્રાવ્ય કલાઈ ને, નાટક દૃશ્યશ્રાવ્ય કળા,
કવિતા પણ એક સુંદર કલાઈ ચાલ, બનું મોર, ને કરું હું કળા.

દીધી તાલી, લીધી તાલી, જબરો છે તાલીનો તાલ,
જગ એક મંચ, ને કેવા કરીએ છીએ આપણે તાલ?
નાટક ઈ તો સમાજ દર્પણ, થાય ઈમાં દર્શન તાલ,
ખેલ ખોટો નકામો, ચાલો મિલાવિયે તાલ સંગ તાલ.
..તાક થૈયા થૈયા કે તાક થૈ.

હોય ક્યાં ઊર્મિને બંધ?
કળે નહીં તે સહુ અંધ.

સાગર પણ કહે ગાગરને,
ભરી લે બાહુમાં તુજ સંગ.

આ દુનિયા તો એક જંગ,
પણ, ચમકીએ બની નંગ.

એક, બે, ત્રણ, ચાર, પાંચ,
ક્યાં છે આનો કોઈ અંત?

છતાં, હર પળ, હર ડગર,
છે અમૂલ, કહત સબ સંત.

તમે તો મોટા અને અમે તો છોટા,
ને વળી તમે ગુરુ, અને અમે ચેલા.

કમાલ ઈશની, ભેળા કર્યા છે કેવા?
ચાલો, સાથોસાથ કરીએ સહુ સેવા.

વાતોની વાતો કરે છે બહુ પેલા,
ભરવા ક્યાં છે આપણે મેવા થેલા?

હા, એક વાત છે, છીએ બંદા ઘેલા,
વહાવા છે બસ હવે તો આનંદ રેલા.
ફેરવું સરતી સરિતામાં સળી,
નહીં કોઈ પાછળ રેષા કે લીટી.
દોસ્ત! શું જમા, ઉધાર ને વહી?
ફૂલ પછી, બનું પ્રથમ તો કળી!
અને, થાય છે, શ્વશું શબ્દ જરી,
મળશે શું મને કવિતા ત્યાં ખડી?

પાંદડું લીલું ને રંગ રાતો,
ક્યાં ખબર એ થશે કાળો?

મધ્યાહ્ને સૂરજ ચોળરાતો,
ને, થયો અસ્ત પડી પીળો.

ચક્ર પર ચઢી જોયો ગોળો,
સવાલ, ક્યાં છે મુજ માળો?

સમજ સાંઈ, છે ઈશ મોટો,
આજે 'એ', કાલે વારો મારો.

પણ, છે જિવંત 'એની' યાદો,
પ્રેરક હતો, ને સંચરી ગયો.

શું દે ભિક્ષુક સિવાય ભાળો?
દેજે શરણ, માણહ છે મારો.

નેહ અને સ્નેહ, જાણે વર્ષા,
મળે જેને, એને તો બસ ગંગા.

[28/11/2011]

◦

e.mail :
pcpatelxshashi@aol.com

◦

સાઠ વરસ પહેલાં હું સમજતો હતો કે હું સર્વજ્ઞ છું. આજે સમજાય છે કે હું કશું નથી જાણતો. આપણા જ્ઞાનની અલ્પતાનો ક્રમક્રમે ખ્યાલ આપે એનું નામ કેળવણી.

– વિલ ડુરાં

અમેરિકન લેખક

– ગુફ્તગૂ

મઝધાર

આજ -કાલ ઓસ્ટ્રેલિયામાં કાતિલ ઠંડીના દિવસો છે. જૂન /જુલાઈ / ઓગસ્ટ ભરપૂર શિયાળો એટલે અત્યારે અમે મઝધારમાં.

આજે સવારે અમે અમારી દીકરી સલોનીને મુકવા માટે એરપોર્ટ જવા નીકળ્યાં ત્યારે પારો ૦ ડિગ્રી બતાવે. ઘરનું બારણું ખોલીને ગરાજ સુધી જતાં તો ગાત્રો થીજી ગયાં. લોખંડનો ગાળો હાથમાં ખોલવા માટે પકડાય નહિ. જેમ તેમ ગાડી હીટર ચાલુ કરીને બહાર રસ્તા ઉપર જઈ શક્યાં. અમારી ગલીના નાકે પહોચ્યાં ને ફૂટપાથ ઉપર દોડતો માણસ જોયો !

'આ ફૂટબોલનો ખેલાડી રોજ સવારે 4થી 6 ગમે તેવી ઠંડીમાં પણ દોડવા માટે નીકળે છે.' ઈલાએ કહ્યું. અમે સાંભળીને ઠરી ગયાં, પણ ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ રોજની કસરતમાં વિક્ષેપ પાડતા નથી તે હકીકત છે. સવારે દસેક વાગે જયારે ફૂલફટાક તડકો દેખાયો ત્યારે મને થયું કે હું પણ મારું રોજનું ચાલવાનું કામ પતાવી આવું. ઘરની બહાર નીકળ્યો ત્યારે એટલી સરસ વેધર હતી કે ગમે તેવો આળસુ માણસ પણ ચાલવા માટે ઉશ્કેરાઈ શકે ! પણ હું તો માંડ અડધે પહોંચ્યો ને કડાકા -ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો ! એક ઝાડ નીચે ઊભો રહી ગયો.

એક ડોસીમા એમના ઘરની બહાર બગીચામાં કામ કરી રહ્યાં હતાં તે મને જોઈને સહેજ હાસ્ય કરીને મને જોઈ રહ્યાં. 'તમે અટકવાના હોય એવું મને લાગતું નથી, મેડમ.' મેં આકાશ તરફ જોઈને માજીને ટકોર પણ હસીને જ કરી.

'ના. વેધર એનું કામ કરે, આપણે આપણું કામ કરવાનું.' નેવું વરસનાં ડોસીમા વિશ્વાસથી હાસ્ય કરતા રહ્યાં.

'પણ ભીંજાઈ જશો તો માંદા નહિ પાડો ?' મેં સહેજ સહાનુભૂતિ બતાવવા પ્રયત્ન કર્યો તો એઓ મને જોઈ જ રહ્યાં ! 'તમારો સુનીલ ગાવસ્કર જ કહેતો કે મેલબર્નમાં તમારે એક જ દિવસમાં ત્રણેય ઋતુની તૈયારી રાખવી પડે. ખરું ને ?'

'હું શરમાઈ ગયો અને વરસાદ ચાલુ હતો તો ય ઝાડ નીચેથી નીકળીને પાછો ચાલવા લાગ્યો.

- અશ્વિન દેસાઈ

e.mail : ashvin.desai47@gmail.com

એતાનશ્રી –

સર્જક તરીકે આને હું મારી પણ કચાશ જ ગણું

• "ઓપિનિયન"ના જૂન 2012ના અંકમાં, 'સાહિત્યની નિસબતવાળા સર્જક : બળવંત નાયકની વિદાય' નામે મારો લેખ 29 પાને પ્રગટ થયો છે. આ બાબત એક ખુલાસા દ્વારા થોડી ચોખવટ કરી લેવાની રજા લઉં છું.

તે લેખમાં આરંભે જે કાવ્યપંક્તિ ટાંકવામાં આવી છે, તે દિવંગત બળવંત નાયકની કવિતાનો અંશ હોય તેમ ઊભરી આવ્યું છે. આ બાબત તરફ મારું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. વિશેષ તરતપાસ કરતાં, હકીકતે આ પંક્તિઓ યોગેશ પટેલની છે. 'શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે)'ના કાવ્યવિભાગમાં, યોગેશભાઈનો લેખ છે તેમાં એમણે કહ્યું જ છે, કે 'મારો એક શેર છે :' અને પછી, આ કાવ્યપંક્તિ એમણે ટાંકી છે :

તમે તો વાત જ કરી છે, હું જઈ આવ્યો છું.
મળીને મૃત્યુને પાછો ઘેર આવ્યો છું.

આ ગ્રંથના 50-51 પાનાં પર સાહિત્યકાર રઘુવીર ચૌધરીનું લખાણ છે. એ અહીં જણાવે છે : 'કવિ-વિવેચક શ્રી યોગેશ પટેલ લખે છે :

કવિ વાસ્તવિક્તાથી ક્યારે ય વેગળા થતા નથી.

ખબર ન હતી રંગલાને
પગ તો હતા ગારાના'

આ ભૂલ થવાનું મુખ્ય કારણ એ છે કે, યોગેશભાઈની આ કાવ્યપંક્તિઓ એમના કોઈ કાવ્યસંગ્રહમાં પ્રગટ થયેલી હશે, તે મારી જાણ બહાર હતું. 1997માં બળવંતભાઈનો આ અભિનંદન ગ્રંથ પ્રગટ થયેલો, તે ટાંકણે બળવંતભાઈની સાહિત્યસેવા અને સર્જકતાને મૂલવતા કેટલાક લેખો, ઠેરઠેરથી ગુજરાતના સમસામયિકોમાં પ્રગટ થયેલા. તેમાં આવેલી વિગતોના ખડકલામાંથી કેટલીક શ્રદ્ધેય વિગતોની નોંધો મેં એ વખતે મારી ડાયરીમાં ટપકાવી રાખેલી અને એ વિગતોને આધારે જ મેં સદ્દગત બળવંત નાયકને અંજલિરૂપે આ લેખ તૈયાર કર્યો હતો.

આ કાવ્યપંક્તિઓ મેં એ નોંધોમાંથી ઉદ્ધૃત કરેલી. આ ઘટનાને પંદરેક જેટલાં વર્ષો થયાં છે, અને વળી, ઘણાં સમસામયિકોમાંથી આ વિગતો ટપકાવેલી એટલે ક્યા ચોક્કસ સામયિકમાંથી આ કાવ્યપંક્તિઓ લીધેલી તે યાદ નથી આવતું. મારી સમજ પ્રમાણે આ લેખમાં કવિને અન્યાય થયેલો ગણાય. સ્વ. બળવંત નાયકને નામે ચડેલી પંક્તિઓના સર્જક યોગેશ પટેલ હતા તે જાણતાં આ પરિસ્થિતિમાં અને ભૂમિકામાં મને પણ ભારે રંજ થાય છે. સર્જક તરીકે આને હું મારી પણ કચાશ જ ગણું છું. આ ચૂક માટે કવિ યોગેશ પટેલની, દિવંગત બળવંત નાયકની તેમ જ વાચકવર્ગની ક્ષમા ચાહું છું.

– વલ્લભ નાંઢા

[324 Horn Lane, Acton, LONDON W3 6TH, U.K.]

ક્ષમસ્વ. સંપાદક પણ આમાં સામેલ – તેમની પણ કચાશ ખરીને ?

'બખ્નાવર'કાર દીપક બારડોલીકર અને સઆદત હસન મન્ટો

• જે દિવસોમાં પાકિસ્તાન અને ભારતમાં, સઆદત હસન મન્ટોની જન્મ શતાબ્દી મનાવવામાં આવી રહી છે, અને એમના જીવન-કવનને યાદ કરવામાં આવે છે ને તેમના માટે કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે, ત્યારે "ઓપિનિયન" સામયિકમાં ભારતીય ઉપખંડના ભાગલા પર દીપક બારડોલીકરની નવલકથા 'બખ્નાવર' પ્રકાશિત કરવામાં આવી રહી છે. આ ઘટનાનું અદકેરું મહત્ત્વ રહેવાનું. લેખક, સંપાદક - બન્ને મિત્રોને - સહૃદય ધન્યવાદ.

મન્ટો અને બારડોલીકરનાં જીવન-કવનમાં ઘણી સામ્યતા દેખાઈ આવે છે. મન્ટોને છ વખત જેલ જવું પડેલું - ત્રણ વખત પાકિસ્તાન બનતાં પહેલાં અને ત્રણ વખત પાકિસ્તાન બન્યાં પછી. આવો જ અનુભવ દીપકભાઈને પણ થઈ ચૂક્યો છે.

ઉર્દૂ જબાનમાં લખતાં ઈસ્મત ચુગતાઈએ મન્ટો વિશે લખ્યું હતું, 'મન્ટોને વલોવાતા તોફાની સમુદ્રમાં કૂદી, મોતી કાઢી લાવવાની હિંમત રહેતી. … તમામ દુષ્ટતાઓ વચ્ચે ધબકતી માનવતાના તેઓ આશક. …' એક વાર દીપકભાઈએ વાતવાતમાં કહેલું સાંભરી આવ્યું : 'હું ધર્મ સાથે કે હમવતન સાથે મારી જાતને સંકળાઈ દઉં એવો નથી. હું માનવતામાં માનું છું, માનવતાનો આશક છું.' અને દીપકભાઈ મન્ટોના આ વિધાનમાં જરૂર સંમતિ દર્શાવે : 'એવું નહીં કહો કે એક લાખ હિન્દુ અને એક લાખ મુસલમાન મર્યા છે, એમ કહો કે બે લાખ માણસો મર્યા છે. એક લાખ હિન્દુસ્તાની મારીને મુસ્લિમો એમ સમજ્યા હશે કે હિન્દુ ધર્મ મરી ગયો, પરંતુ એ જીવિત છે અને રહેશે. એવી જ રીતે એક લાખ મુસલમાન કતલ કરીને હિન્દુઓ રાજી થયા હશે કે ઈસ્લામ ખતમ થઈ ગયો. જો કે હકીકત તમારી સામે છે. એ લોકો મૂર્ખ છે જે એમ સમજે છે કે બંદૂકોથી ધર્મનો શિકાર થઈ શકે છે.'

દીપકભાઈ અને મન્ટોના જીવનમાં બીજી સામ્યતા આ રહી : મન્ટો 1947 પછી પાકિસ્તાન ચાલ્યા ગયા. શા માટે ? કદાચ પત્ની અને પુત્રીઓ માટે, કદાચ મુંબઈમાં કોમવાદ ભભૂકશે તેવી દહેશતથી. પણ તેઓ પોતાના મિત્રો અને ભારતને કેવી રીતે યાદ કરતા હતા તેનો અંદાજ આ વાત પરથી લગાવી શકાય છે કે તેમણે ઈસ્મત ચુગતાઈને ત્રણ કાગળોમાં લખ્યું હતું કે કોઈ પણ રીતે મને ભારત બોલાવી લો. દીપકભાઈ પણ આવા જ રાજકીય સંજોગોના ભોગ થયા અને 1961માં ભારતથી દેશનિકાલ થયા.

દીપકભાઈએ 'બખ્નાવર'ના ચાર હપ્તાઓમાં માનવતાથી મહોરતું ભગતનું પાત્ર ઉપસાવ્યું છે, જે એમના ભજનના શબ્દોમાં શોભી ઊઠે છે :

એક જ માટીનું બધું લોક
એ જ ખરું, બાકી બધું ફોક
જીવનને જાણ અલ્યા, પુષ્પોની ડાળ

ખુશબૂથી ભરી ભરી થૈ જા સવાર
એ જ ખરું બાકી બધું ફોક.

નવલનો નાયક, બખ્તાવર ઉમ્મરમાં નાનો પણ મઝહબની, માનવતાની ઊંડી અસરમાં ઉછરેલો યુવક લાગે છે. અને જમીનદાર ગુલામનબીના સ્વભાવમાં ઉષ્મા અને બિરાદરી દેખાઈ આવે. જે રીતે દીપકભાઈ વાર્તાને વિકસાવી રહ્યા છે. એથી લાગે છે, તેઓ મન્ટોની વલોવાતી માનસિક અવસ્થામાંથી દૂર નીકળી જવા માંગે છે.

સઆદત મન્ટો ભાગલા વખતની મોટા ભાગની વાર્તાઓ જે એમણે નિહાળ્યું, જે સમાજનું અસહ્ય વર્તન જોયું એને, એમના પોતાના શબ્દોમાં, 'મહોરા ચીરી સત્યને અનાવૃત કરવા માંગું છું; હું તે જ લખું છું જે હું જોઉં છું.' આ વખતના યુગમાં મન્ટોએ જોયું, 'વહેરાતી માનવતા, સરહદી વિસ્તારો લોહીથી રંગાતા પશુ થતો જતો માનવી, રહેંસાતા હિન્દુ-મુસલમાનો, માનવતાભરી વેશ્યાઓ, પાગલો, કેદીઓ.' પોતે લેખન પ્રવૃત્તિ ક્યારે કરે એના પર વિધાન કરતા લખ્યું : 'A writer picks up his pen only when his sensibility is hurt.'

18 ઑગસ્ટ 1954ના વસિયતનામામાં લખ્યું કે પોતાની કબર પરનું લખાણ આ રીતે હોવું જોઈએ : 'અહીં સૂતા છે મન્ટો અને તેમની સાથે દટાયા છે ટૂંકી વાર્તાના તમામ રહસ્યો. માટીની નીચે શોધ ચાલી રહી છે કે વધુ સારો વાર્તાકાર કોણ – ઈશ્વર કે મન્ટો ?' 1955માં માત્ર 44 વર્ષની ઉમ્મરે તેઓ મૃત્યુ પામ્યા. મન્ટોની કબર પર આ કોતરાયું નથી. પણ મન્ટોનું નામ ઉર્દૂ સાહિત્યના ઇતિહાસમાં સોનેરી અક્ષરે જરૂર કોતરાઈ ગયું છે. દીપકભાઈ એ યુગની કડવાશમાંથી, ઝેરી વાતાવરણમાંથી દૂર ખસી, 'બખ્તાવર' જેવી નવલકથા લઈને આવે છે. અને તેથી માણસાઈના દીવા સંકોરાતા હોય તેમ લાગે છે.

- ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી
['Kamal Kunj', 3 Buckingham Mews, SUTTON COLDFIELD B73 5PR U.K.]

પણ એ કરશે કોણ ?

• 'ઓપિનિયન'નો અંક ૨૦૭ મોકલવા બદલ હાર્દિક આભાર. એક જ બેઠકમાં બાબુભાઈ સુથારના લેખ સુધી વાંચી શક્યો. ત્યાં સુધીનો મારો ભાવ આ સાથે મોકલું છું.

ભાઈ વિનોદ ગાંધીનો લેખ 'આપણી ભાષાનું બદલાતું સ્વરૂપ' ગમ્યો. જો કે 'સ્રોત' અને 'સ્ત્રોત' શબ્દો વચ્ચેનો તફાવત એમને કેમ સમજાયો નહીં હોય ? કે પ્રૂફવાંચનની ક્ષતિ હશે?

અનુસ્વાર અંગેનો દીપક મહેતાનો લેખ 'કોઈ યહાં ગીરા કોઈ વહાં ગીરા' પણ વિચાર માગી લે છે. આ વિષે મેં એક વાર લખેલું, ત્યારે ઉંઝા જોડણીના બહુ જાણીતા એક હિમાયતીએ ટીકા કરેલી કે 'કસ્તૂરબા માંદાં પડયાં' ન લખતાં 'કસ્તૂરબા માદા પડયા' લખવામાં આવે તો શું કસ્તૂરબા માંદાં નહીં પડે? એ દલીલમાં એમ કહેવામાં આવ્યું હતું કે અનુસ્વાર ન હોય તો પણ અર્થ તો સમજાય જાય છે. પછી એક બહેને તો અંગ્રેજીની જોડણી પણ અવ્યવસ્થિત લખી સાબિત કરી બતાવ્યું હતું કે આપણે અક્ષરોને વ્યવસ્થિત ગોઠવી અર્થ સમજી લઈએ છીએ. પણ એનો અર્થ ગમે તેમ જોડણી કરવામાં આવે તે ચલાવી લેવું એમ?

બાબુભાઈ સુથારનો લેખ ખૂબ રસપૂર્વક વાંચ્યો. હું એક જ ઈ-ઉવાળી ગુજરાતી જોડણી વાપરું છું. હું મારી આ જોડણીને ઉંઝા જોડણી નથી કહેતો, કેમ કે મેં ઈ-ઉ સિવાય કોઈ ફેરફાર નથી કર્યો. જો કે બાબુભાઈના લેખે મને વિચાર કરતો કરી મુક્યો. એમનું સૂચન : 'જોડણીકોષના નિયમોમાં રહેલી અસંગતતા દૂર કરવાનો પ્રયાસ કરો. એ માટે સૌ પહેલાં એ નિયમોની જ પુન: રચના કરો. એમ કરતાં જો જરૂર પડે તો જોડણીની વ્યવસ્થામાં પરિવર્તન કરો.' ખૂબ ગમ્યું. પણ એ કરશે કોણ?

સંસ્કૃતમાં વાક્યમાં શબ્દો કોઈ પણ ક્રમમાં મુકેલા હોઈ શકે. એનો અન્વય કરીને અર્થ કરવાનો હોય છે. જેમ કે :

ॐ अपवित्रः पवित्रो वा सर्वावस्थांग गतोऽपि वा । અહીં સર્વ અને અપિને સાથે લેવાથી અર્થ નીકળે. પણ ગુજરાતીમાં કેટલીક જગ્યાએ વાક્યમાં શબ્દોનો ક્રમ જાળવવામાં ન આવે તો અનર્થ થવાની શક્યતા છે. જેમ કે બાબુભાઈએ જ લખ્યું છે : 'મને લાગે છે કે આપણે આપણી ચર્ચા ઉપર મેં મૂકેલાં એવાં વિધાનોના સંદર્ભમાં પણ કરવી જોઈએ.' અહીં 'ઉપર' કોને લાગુ પડે? 'ચર્ચા ઉપર'ને કે 'ઉપર મૂકેલાં' ? જો 'ઉપર મૂકેલાં' હોય તો 'ઉપર'નું સ્થાન બદલવું ન જોઈએ? કે જેમ અનુસ્વાર કે અન્ય ઈ-ઉ જોડણીની ભૂલો હોવા છતાં ખરો અર્થ સમજી લેવાનો એમ અહીં પણ?

અને હા વિપુલભાઈ, દીપક બારડોલીકરની નવી શરૂ થયેલી નવલ 'બખ્તાવર'ને અનહદ રીતે માણી તે હું ન જણાવું તો બેઈમાની કરેલી ગણાય. એ વાંચતાં આંખો બે રીતે અશ્રુભીની થઈ, ભાગલા વખતની મરી પરવારેલી માનવતાના દુ:ખથી અને ભગત અને સાંઈના અદ્‌ભૂત પ્રેમના દિલ પર થયેલા સ્પર્શથી આનંદવિભોર બનીને. 'સાંઈ ભગતના મિત્ર હતા ને! સત્ત્વગુણી! સજ્જન!'

લેખકની વર્ણનશૈલી અને સુંદર બોધને વણી લેવાની ફાવટ સરસ છે. આગળના હપ્તાની રાહ જોઉં છું.

– ગાંડાભાઈ વલ્લભ
e.mail : gandabhaiv@gmail.com

'મંટોને થોડો ખુલ્લો, થોડો બંધ પત્ર' ઉચિત ન લાગ્યો

હાશ! "ઓપિનિયન"નો આખ્ખો અંક વાંચી ગયો. બાબુભાઈ સુથારનો લેખ ખૂબ ગમ્યો.

ઋતુલ જોશીનો 'મંટોને થોડો ખુલ્લો, થોડો બંધ પત્ર' ઉચિત ન લાગ્યો. જે વ્યક્તિની વિશ્વભરમાં શતાબ્દી ઉજવાઈ રહી હોય, ત્યારે તેને વ્યંગભર્યા સવાલ પૂછવા જરૂરી છે? હવે મંટો ઋતુલ જોશીના પત્રનો જવાબ ક્યારે આપશે?

થોડા વખત અગાઉ મેં મહાત્મા ગાંધીની નવી જીવન કથા GREAT SOUL - Mahatma Gandhi and His Struggle With India By Joseph Lelyveldને ગુજરાતીમાં લખાયેલો ખુલ્લો પત્ર વાંચ્યાનુ યાદ છે. આવા પત્રો, અભિપ્રાયો મૂળ લેખકને અથવા તે પુસ્તકના પ્રકાશકને તેમને સમજાય તેવી ભાષામાં લખી મોકલી, ત્યાર બાદ ગુજરાતીમાં "ઓપિનિયન"માં પ્રકાશિત થયો હોત, તો વધુ સારુ થાત. સાથે સાથે પ્રકાશકનો કે લેખકનો પ્રત્યુત્તર પણ પ્રકાશિત કરી શકાત ... આવા આવા 'ખુલ્લા પત્રો' મેં અન્ય પ્રકાશનોમાં પણ જોયા છે. આવા 'ખુલ્લા પત્રો' મૂળ લેખક કે અભિનેતા કે નવલકથાકારને નહિ, પરંતુ તેમને ન સમજાય અથવા તે ન વાંચતા હોય તેવા પ્રકાશનોમાં છપાય તે યોગ્ય લાગે છે?

પંચમ શુક્લની 'ડાબલા હટાવી' શીર્ષકવાળી ગઝલ ગમી. હવે તો પંચમ શુક્લની કવિતા મારા must read લિસ્ટમાં છે. કુમારપાળ દેસાઈ અને દીપક બારડોલીકરના લેખ પણ ખૂબ ગમ્યા.

દીપક મહેતાનો 'સમાજ સુધારક, પત્રકાર, કવિ મલબારી' વિષેનો લેખ વાંચ્યો. કવિ મલબારી, તે જમાનામા મુંબઈના શિક્ષિત વર્ગમાં પ્રવર્તતા 'રિવાજ' પ્રમાણે અંગ્રેજોની ટીકા કરતા અચકાતા. ૧૮૫૭ના 'બળવા' કે 'સ્વતંત્રતાના યુદ્ધ' વિષે આ બધાએ મૌન સેવ્યું હતું, તેમાં મલબારી પણ એક હતા. નર્મદે પણ રાણી વિક્ટોરિયાના વખાણ કરતી કવિતા અંગ્રેજીમાં લખી/છાપી હતી.

પણ બહેરામજી મલબારી તેમના પત્રકારના સ્વાંગમાં બધા કરતા એક ડગલું આગળ વધ્યા. તેમણે દાનવીર, સમાજ સુધારક અને ૧૯મી સદીના મુંબઈના ઘડવૈયામાંના એક મોખરી, મુંબઈમાં રેલ ગાડી લાવનાર આગેવાન રાવ બહાદુર જગન્નાથ શંકરશેઠે નાનાસાહેબ પેશ્વાને પૈસાની મદદ કરી હતી અને હુંડી દ્વારા પૈસા મોકલ્યા હતા તેવો આક્ષેપ તેમના સંચાલિત અખબારમાં પ્રસિદ્ધ કર્યો હતો. મુંબઈમાં આ 'સમાચાર'થી હાહાકાર થઈ ગયો. જગન્નાથ શંકરશેઠે અંગ્રેજી ભાષામાં એક સખત જાહેર પત્ર લખ્યો અને તેમાં આ બિનજવાબદાર આક્ષેપ ખોટો છે તેમ જણાવ્યું અને તે પત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યો. (મારી પાસે તે પત્રની નકલ છે અને તેનો મરાઠી ભાષામાં થયેલો અનુવાદ પણ છે.)

તે જમાનામા વખાણાયેલ Gujarat and Gujaratiesની એક નકલ મારી પાસે છે. પુસ્તકમાં મોટે ભાગે Gujarati streo-types કહેવાય તેવા લેખ છે. અને તેનો ધ્વનિ મુખ્યત્વે 'મજાકીયો' છે.

આ થોડું ફક્ત બહેરામજી મલબારીના બીજા પાસાને તાદૃશ કરવા માટે જ લખ્યું છે.

'એતાનશ્રી' વિભાગમાં મારી મંટો વિષેની નોંધ તથા બળવંતભાઈ નાયકને આપેલી અમારી શબ્દાંજલી આ અંકમાં આમેજ કરવા બદલ તમારો આભારી છું. "ઓપિનિયન"ના જૂન ૨૦૧૨ના અંક માટે અભિનંદન ...

- હરીશ ત્રિવેદી
e.mail : harisht895@sbcglobal.net

યોગ્ય સંદર્ભના અભાવે અધૂરેથી શરૂ થતું જણાય

• આ વખતનું "ઓપિનિયન" ભાષાનું સમૃદ્ધ ભાણું લઈને આવ્યું છે. વિનોદભાઈ ગાંધી, દીપકભાઈ મહેતા અને બાબુભાઈ સુથારના વિચારોથી પરિચિત છું. દીપકભાઈ અને બાબુભાઈના લેખ મારા બ્લૉગ 'મારી બારી' પર પ્રસિદ્ધ કરવાનો મને ગર્વ પણ છે.

દીપકભાઈએ 52ના આંકડા વિશે અને અનુસ્વારો વિશે કરેલા સૂચન પર વિચાર કરવા જેવું તો છે જ.

'અભિવ્યક્તિ' બ્લૉગ પરની ચર્ચામાં બાબુભાઈ પણ જોડાયા હતા અને અહીં એમની કૉમેન્ટ્સનું સંકલન છે. ક્યાંક યોગ્ય સંદર્ભના અભાવે અધૂરેથી શરૂ થતું જણાય છે. જેમ કે, રમણ પાઠકનો મૂળ લેખ તો છે જ નહીં. જુગલકિશોરભાઈનો એક જગ્યાએ ઉલ્લેખ આવે છે, પણ એમના પ્રતિભાવના સંદર્ભ વિના બાબુભાઈના પ્રતિભાવની કસોટી કેમ કરવી તે સમજાતું નથી. રમણભાઈના લેખ અને જુગલભાઈની કૉમેન્ટ વિના તો આ રજૂઆત એકપક્ષી રહે છે.

આ સાથે મારે એ પણ કહેવું જોઈએ કે રમણભાઈનો એક લેખ "ગુજરાતમિત્ર"માં છપાયો હતો અને અભિવ્યક્તિ બ્લૉગ પર એ ફરી પ્રકાશિત થયો, ત્યારે બાબુભાઈ પણ ચર્ચામાં જોડાયા હતા અને રમણભાઈના દૃષ્ટિબિંદુનો વિરોધ કર્યો હતો. રમણભાઈએ એનો જવાબ બ્લૉગ પર ન આપ્યો, પણ "ગુજરાતમિત્ર"માં બીજો લેખ લખીને બાબુભાઈએ બ્લૉગ પર લખેલા વિચારોની ટીકા કરી! એ વખતે રમણભાઈની આ રીત સામે વાંધો લેનારા ઉંઝકોમાં કદાચ જુગલકિશોરભાઈ હતા અને અન-ઉંઝકોમાં હું હતો. એ જ કારણસર આજે મારે બાબુભાઈના લેખના સંકલનની રીત સામે વાંધો લેવાનો રહે છે. એ વખતે રમણભાઈએ કર્યું તે જ આ વખતે ફરી થયું છે. આ બન્ને બનાવો સૂચવે છે કે આપણે સામા પક્ષને ખબર પણ ન હોય તેવા મંચ પરથી દલીલો કરીએ છીએ. આ લોકશાહી વિરોધી અને શિષ્ટાચાર વિરુદ્ધનો વ્યવહાર છે અને એથીયે મોટી વાત એ છે કે આપણે ચર્ચા નથી કરતા. અને કરીએ છીએ તે પણ અંદરોઅંદર. વિરોધી મત હોય તેની સાથે તો ચર્ચા જ નહીં કરીએ. તો ચર્ચાનો અર્થ પણ શું?

આ ઉપરાંત બાબુભાઈ લખે છે કે "મને 'રેડિયામાં' રસ પડી ગયો." વચ્ચે આવે છે કે "તમારાં બાએ..." સવાલ અવશ્ય થાય કે કોનાં બા?. હકીકતમાં આ મારી એક કૉમેન્ટનો જવાબ છે. સંકલન વખતે આવી બાબતો ધ્યાનમાં રહી હોત તો અકારણ પ્રશ્નો ઊભા ન થાત. કારણ કે થોડા સુધારા છતાં લેખ બરાબર સમતોલ રહ્યો હોત.

આટલું કહ્યા પછી, મારે ઉમેરવું જ જોઈએ કે બાબુભાઈ પાસેથી ભાષા વિજ્ઞાન વિશે ઘણું શીખવા મળે છે. આ મારો અંગત અનુભવ છે.

બાબુભાઈ ઉંઝા જોડણી અભિયાનના વિરોધી છે. અથવા તો જોડણી સુધારાની વાત જે રીતે રજૂ થઈ છે તે એમને પસંદ નથી. અને જોડણી આયોજનના હિમાયતી છે, એ તો સ્પષ્ટ છે, પરંતુ અભ્યાસપૂર્વક આ દિશામાં આગળ વધવાનો એમનો આગ્રહ છે. હું આને ટેકો આપું છું. જો કે ગુણવંત શાહ જેમ 'ગુજરાતી બચાવો'ની કાગારોળ મચાવીને પદયાત્રાએ નીકળી પડવાની પણ જરૂર નથી.

બાબુભાઈની વાત સાચી છે કે આપણા શિક્ષકો અને શિક્ષણકારોનો પણ વાંક છે જ, પરંતુ, શિક્ષક થયા એટલે સર્વસામાન્ય ભાષા પરંપરાથી બહાર આવી જાય એમ માની ન શકાય. એટલે હુ શિક્ષકોને દોષ નથી આપતો. જે પરંપરામાંથી અશિક્ષકો આવે છે, તે જ પરંપરામાંથી શિક્ષકો આવે છે. આજનો ડૉક્ટર કે આજનો શિક્ષક બાળપણમાં એક જ શિક્ષક પાસે ભણ્યા હોય એવું બને. જે ઉચ્ચારો ભાષામાં ન હોય પણ લિપિમાં પ્રતિબિંબિત થતા હોય તે તો એ શિક્ષક પણ ક્યાંથી શીખવી શકવાનો છે?

આથી સવાલ એ રહે છે કે લિપિ, ઉચ્ચારો અને શબ્દો પર પચીસ-પચાસ વર્ષે નજર નાખવાની જરૂર ખરી કે નહીં. આમાંથી કશું સ્થિર નથી રહેતું અને રહેવાનું પણ નથી. આવા ફેરફારો ક્યારેક સભાનપણે અને ક્યારેક અભાનપણે થતા હોય છે. આ વાત લિપિ અને જોડણીને ખાસ લાગુ પડે છે. ઉચ્ચાર તો હંમેશાં પ્રાદેશિક રહ્યા છે. એના માટે કદી નિયમ ન બનાવી શકાય કે અમુક જ સાચું, અને અમુક ખોટું.

ગુજરાતીમાં કેટલાયે નવા શબ્દો પ્રવેશ્યા છે. દેખીતું છે કે મોટા ભાગના શબ્દો અંગ્રેજીમાંથી આવે છે. આમાં કમ્પ્યુટરને કારણે અપલોડ, ડાઉનલોડ, ડિલીટ, સેન્ડ, સેવ વગેરે ક્રિયાપદો પણ આવ્યા છે. મને પણ ગુજરાતી માટે પ્રેમ હોવા છતાં એના અનુવાદો શોધવાની મહેનત નથી કરતો. મારું કહેવાનું છે કે નવા શબ્દો આવે તેના કારણે આપણી ભાષા મરી જાય તે ન માની શકાય. અહીં મેં દર્શાવેલા શબ્દો મૂળ સ્વરૂપે, અને નામ તરીકે વપરાય છે. ક્રિયાપદ તરીકે વપરાય તો એ ગુજરાતીના બની જાય, કારણ કે એ ક્રિયાપદો છે. એટલે અપલોડવું, ડાઉનલોડવું. સેન્ડવું, સેવવું, ડિલીટવું વગેરે વાપરીએ તો એ ગુજરાતીકરણ થયેલું ગણાય. જો ભાષાનું વ્યાકરણ એના પર લાગુ પડે તો એ ગુજરાતીના શબ્દ બની જાય.

પરંતુ આપણે અંગ્રેજીના શબ્દોની આમન્યા જાળવીએ છીએ, કારણ કે એ આપણા શાસક હતા. એ પહેલાં ફારસીની પણ એ જ સ્થિતિ હતી. પણ 1857 પછી એનું પતન થયું. (ભાષાના શબ્દોમાં આપણા ઈતિહાસનું પ્રતિબિંબ મળતું હોય છે). આ જ સંદર્ભમાં મેં અભિવ્યક્તિ બ્લૉગ પર લખ્યું હતું કે હું એનાઉંસર બન્યો ત્યારે બા એમ કહેતી કે 'રેડિયામાં બોલે છે'. પહેલાં તો અમે બાની મશ્કરી કરતા કે રેડિયાને ડબ્બો બનાવી દીધો. પણ પછી સમજાયું કે બાએ તો રેડિયાને ગુજરાતી બનાવીને વ્યાકરણનો ઉપયોગ કર્યો છે, આપણે ભણેલા માણસો જ એની હજી પણ બહારના મહેમાન શબ્દ તરીકે આમન્યા જાળવીએ છીએ! બાબુભાઈએ આમાં એક છુપા સ્વરનો નિયમ બહુ સારી રીતે સમજાવ્યો છે.

લખવા બેસીએ તો ઘણું લખી શકાય, ભાષા વિશેના નિયમો ઘડનારા વિદ્વાનો પ્રત્યે આદર દર્શાવવાની સાથે હું એટલું જ કહીશ કે મોટા ભાગના જોડણીના નિયમો

આકાશ

• ભરત ત્રિવેદી

ક્યારનો મથી રહ્યો છું
રાત્રે ભરાઈ ગયેલા આકાશને
અગાશીમાંથી ભગાડવા માટે, પણ

તે એવું તો સામે ઘૂરકે છે કે
પગથિયામાં ઊભો હું મારા બંને હાથ
ફેલાવીને ધમકી આપતો હું
હવે આજીજી કરતો હોઉં એમ લાગે છે!

અગાસીમાં તે કેવી રીતે ભરાઈ ગયું
તે પ્રશ્ન જ નિરર્થક લાગે છે
કે તેની આંખમાં જે જોવા મળે છે
તે તો છે કેવળ અને કેવળ માલિકી ભાવ

આકાશને પણ આવો ભાવ જાગે તે
ઘટના જ એક રીતે જોવા જઈયે તો
ડરામણી ના લાગે તો બીજું શું ?

આકાશ પર તો
કોણ હકુમત કરવા જવાનું છે
પણ
તે પણ આમ ઘૂસી આવીને આમ
હક જતાવે અને લાખ ધમકાવે/મનાવે
પણ એક તસુ ભર પણ ખસવાની
ના ભણે ત્યારે
કોઈ કરે પણ શું ?

આકાશ અગાસીમાં ભરાઈ જાય
ત્યારે આપણે આપણા બધા જ હક
ભૂલી જવા પડતાં હોય છે.

કશું હોય તેના કરતાં
ના હોય તેનો હક કાયમ વિશેષ હોય છે
એવું તે કેમ હશે ?

7/14/2012
https://www.facebook.com/bharat.trivedi.5/

જૂનાં પુસ્તકોના આધારે તૈયાર થયા છે. વિદ્વાનોએ ગુજરાતમાં ઠેકઠેકાણે ફરીને ઉદાહરણો એકઠાં કર્યાં હોય એવું નથી. જે નિયમો બન્યા તે પણ એનાથી દોઢેકસો વર્ષ પહેલાં જે રીતે બોલાતું કે લખાતું તે પ્રમાણે બન્યા છે, જીવંત ભાષાની આધારે નહીં આનો જ અર્થ એ કે જે પ્રચારમાં હતું તે જ નિયમ તરીકે સ્થાન પામ્યું. આથી એમાં કશું દૈવી તત્ત્વ નથી. આવા નિયમોમાં ફેરફાર કરી શકાય. જુગલકિશોરભાઈએ આ દિશામાં કામ કર્યું છે. … નિયમો સુધારવાથી એ વિદ્વાનોનું અપમાન નથી થતું માન-અપમાન વિજ્ઞાનમાં હોતાં જ નથી. દરેક સાચું કે ખોટું પગલું નવા સિદ્ધાંત તરફ લઈ જાય છે.

૨૧મી ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન છે. આ વર્ષે એના સંદર્ભમાં મારા બ્લૉગ પર બાબુભાઈનો 'વૈશ્વીકરણ: પ્રાદેશિક ભાષાઓ માટે મૃત્યુઘંટ' લેખ પ્રકાશિત થયો છે. દીપકભાઈ મહેતાનો લેખ પણ પ્રકાશિત થયો છે. એમણે ભાષા મરવાની અણીએ હોવાના દાવાઓનો જીવંત ઉદાહરણ સહિત ઈન્કાર કર્યો છે. આમ ભાષા વિશેની ચર્ચા છેલ્લા છ મહિના જેટલા સમયથી ચાલે છે. આવતી ૨૧મી ફેબ્રુઆરી સુધી ચર્ચા ચાલે તો એ ભાષા માટે સારી નિશાની ગણાશે. પરંતુ નિશાનીઓને કાર્ય ન ગણાવી શકાય.

–દીપક ધોળકિયા

e.mail : dipak.dholakia@gmail.com

એ બે તદ્દન જુદી બાબતો નહીં કે ?

• "ઓપિનિયન"નો જૂન 2012 અંક ખૂબ રસપ્રદ રહ્યો. બાબુ સુથાર અને દીપક બારડોલીકરને વાંચવાની મજા પડી.

તમે 'તમારી' રાણીના માનમાં આ અંકના થોડાં પાનાં ફાળવ્યાં તે સમજી શકાય તેમ છે, પણ ગુલમ દેશના જાણીતા અને માનીતા કવિઓ એક colonising અને શોષણકર્તા બ્રિટનની સત્તાના માનમાં હરખાતા કવિતાઓ રચતા તે અક્ષમ્ય અને ધૃણાસ્પદ લાગે છે.

રાણીનાં 60 વર્ષ જોવાની બીજી બારી પણ આપણી પાસે છે, અને ત્યાં શું દેખાય છે ? 1952માં ચર્ચિલે બ્રિટનનો પ્રથમ આણુવિસ્ફોટ કર્યો અને 2012માં Larry Elliott અને Dan Atkinson નામના બ્રિટિશ લેખકોએ એક પુસ્તક લખ્યું, જેનું નામ છે, 'Going South : Why Britain Will Have A Third World Economy By 2014'. બંને લેખકો નામાંકિત અર્થશાસ્ત્રીઓ અને પત્રકારો છે. લેરી "ધ ગાર્ડિયન"ના અને ડેન "ધ મૈલ ઑન સન્ડે"ના અર્થશાસ્ત્ર સંબંધી તંત્રીઓ છે. આ પુસ્તકના અમુક અંશ અહીં અંગ્રેજીમાં જ પ્રસ્તુત કરું છું જેથી ગેરસમજ ન થાય.

'On 21st March 2012, Chancellor George Osborne in his budget speech, acknowledged that the United Kingdom was now not in competition with Germany or the United States but with emerging economies.'

'Elsewhere he said we are working to develop London as the new off-shore market for the Chinese currency.'

'The United Kingdom is going backwards, de-developing, heading for third world states.'

આ પુસ્તક ગંભીર અને વિદ્વાન વ્યક્તિઓએ લખેલું છું, જેમણે અનેક વાચકોની કે ખુદ સરકારની ટીકાઓનો જવાબ આપવાો રહેશે.

મારા આ પત્રનો હેતુ બ્રિટનના રાજકર્તાઓ કે નાગરિકોની ઠઠ્ઠા કરવાનો નથી, પણ એ પૂછવાનો છે કે આ પરિવર્તનશીલ સંસારમાં લાંબા ટકી જવું અને વિજય તરફ આગળ વધવું એ બે તદ્દન જુદી બાબતો છે કે નહીં ?

– ચેતન શાહ

e.mail : chetan.gshah@gmail.com

• "ઓપિનિયન" નો અંક મળે છે. વાંચી ખૂબ આનંદ થાય છે. વૈવિધ્ય સારું જળવાય છે. તમારી મહેનત પ્રશંસાપાત્ર છે. અભિનંદન.

- જય ગજ્જર

e.mail : jaygajjar26@gmail.com

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

પ્રિન્શુના કાને ઓવા પ્રોડક્શન એન્ડ ફર્ટિલાઈઝેશન, ફેલોપિયન ટ્યુબ, યુટરસ, સર્વાઈક્ષ જેવા શબ્દો પડઘાતા રહ્યાં. છેલ્લે વાતનો સારાંશ આપતા તેમણે જણાવ્યું, 'મિસ પ્રિન્શુ, આઈ એમ સોરી ટુ સે પણ તમારા માટે ગર્ભધારણ કરવું અશક્ય બનશે એવું મને લાગે છે.' અને તેમણે એ રિપોર્ટને પ્રિન્શુના ડૉક્ટરને મોકલી આપવાનું કહ્યું અને સાથે બીજી એક-બે સૂચના પણ આપી પણ પ્રિન્શુ હજી આઘાતમાં જ હતી માટે તેને તે સંભળાયું નહિ. 'મિસ ખોટારી, આર યુ ઓ'રાઈટ?' ડૉક્ટરે તેના બંને ખભા પર પોતાના હાથ મૂકીને હમદર્દીથી પૂછ્યું. હવે આભાસી સ્મિત આપવાનો વારો પ્રિન્શુનો હતો.

હોસ્પિટલની બહાર નીકળી ત્યારે મગજ વિચારશૂન્ય હતું. તે ઘર તરફ ચાલવા લાગી. બસસ્ટોપ પસાર કરીને જ્યારે તે મુખ્ય રસ્તા પર આવી ત્યારે તેની નજર ફરી વાર હેરો પાર્કમાં પડી. આ વખતે તેને માત્ર ઘાસ ચરતી ગાય જ દેખાઈ, વાછડું ક્યાંક જતું રહ્યું હતું અથવા તેને દેખાતું નહોતું. થોડી વાર પછી તેની નજર ગોલ્ફ ક્લબમાં ગોલ્ફ શીખી રહેલાં નાનાં બાળકો પર પડી અને તેના વિચારોની દિશા એ તરફ દોડવા લાગી. ચોવીસ વર્ષની ઉંમરે આમ પણ તેણે પોતાના લગ્ન વિષે ગંભીરતાથી વિચારવાનું જ હતું. શું આ સમસ્યા સાથે પરણવું તેના માટે યોગ્ય હતું? શું બાળપ્રાપ્તિ વિના લગ્નજીવનની સાર્થકતા ખરી? તેનો પ્રિયતમ આ બાબત જાણવા છતાં પોતાનું ભવિષ્ય તેની સાથે જોડી શકશે? તેને પેલું વાક્ય યાદ આવ્યું, 'ધેર ઈઝ ઓન્લી વન બ્યૂટિફુલ ચાઈલ્ડ ઈન ધ વર્લ્ડ એન્ડ એવરી મધર હેઝ ઈટ.' જહોન લાયન રાઉન્ડ અબાઉટ પર પેલાં ફૂલો વાળાની દુકાને ગુલદસ્તા જોયા અને તેને વિચાર આવ્યો માતૃત્વ વિહીન સ્ત્રી તો જાણે નકલી ફૂલોના ગુલદસ્તા જેવી! ગુડ ફોર નથીંગ.

ઘરે પહોંચતાં જ તેને તોફાન આવી ગયા બાદની નિરવતા પથરાયેલી લાગી. રનીલા તેના ઓરડામાં હતી અને મમ્મી-પપ્પા બંને ચાલુ ટી.વી. સામે શૂન્ય આંખે બેઠાં હતાં. રીવના રમકડા ચારે તરફ વિખરાયેલા પડ્યાં હતાં પણ રીવ ક્યાં ય દેખાતો નહોતો. 'શું થયુ મોમ?' રીવની ગેરહાજરીની નોંધ લેતાં પ્રિન્શુએ પૂછ્યું.

'બિલવ આવ્યા હતા..' મોમે જવાબ આપ્યો, 'એ લોકોએ ડિસાઈડ કરી લીધું છે.'

'શું ડિસાઈડ કર્યું?'

મોમ કંઈ બોલી નહિ, બોલી શકી નહિ. છેવટે પ્રિન્શુના ડેડ ગળું ખોંખારીને બોલ્યા, 'તે બંને ડિવોર્સ માટે એગ્રી થઈ ગયા છે. અને …'

'અને …' પ્રિન્શુ માટે આ અપેક્ષિત આઘાત હતો.

'અને તેઓએ ટર્મ્સ પણ નક્કી કરી લીધા છે. બિલવનું ઘર રનીલા લેશે. દુકાન અને રીવ બિલવ પાસે રહેશે. બિલવ અત્યારે જ રીવને લઈ ગયા.'

પ્રિન્શુથી એક વાર આકાશ તરફ જોવાઈ ગયું. તેને ફરીથી પેલું વાક્ય યાદ આવ્યું, 'ધેર ઈઝ ઓન્લી વન બ્યૂટિફુલ ચાઈલ્ડ ઈન ધ વર્લ્ડ બટ …'

e.mail : chiragthakkar.jay@gmail.com

સામે કાસ્કેટમાં સૂતેલ આ હૉલમાં સૌથી વધું નસીબદાર છે…,
એમને આટલી બધી લાંબી સ્પીચો તો નહીં સાંભળવી પડેને!

વન બ્યૂટિફુલ ચાઈલ્ડ

• ચિરાગ ઠક્કર 'જય'

હોસ્પિટલની ઈમારત વિશાળ હતી. એકદમ સામે જ 'મેઈન એન્ટ્રન્સ' લખેલું દેખાતું હતું. જમણી બાજુની વિંગ પર લાલ બેકગ્રાઉન્ડમાં પીળા મોટા અક્ષરે લખાયેલું 'એક્સિડન્ટ એન્ડ ઈમર્જન્સી' અરુચિકર લાગતું હતું. થોડુંક આગળ વધતા ડાબી બાજુની વિંગની આગળ 'અલ્ટ્રા સાઉન્ડ' લખેલું નાનકડું પાટિયું દેખાયું. એ તેમાં ગઈ અને રિસેપ્શનીસ્ટ પાસે જઈને તેણે પર્સમાંથી અપોઈન્ટમેન્ટ લેટર કાઢીને આપ્યો. રિસેપ્શનીસ્ટે તેને યાંત્રિક સ્મિત આપીને આગળ વધવાની દિશા બતાવી. ભૂલભૂલામણી જેવા રસ્તાઓ પસાર કરીને તે સ્કેનિંગ રૂમ્સની બહારના વેઈટિંગ એરિયામાં જઈને બેઠી.

પ્રિન્શુને હોસ્પિટલમાં જવું ગમતું નહિ. તેને દર્દીઓના ચહેરા પરની પીડા અને ડૉક્ટર-નર્સના છેતરામણા સ્મિત અકળાવી મૂકતા. વધારે પડતી સ્વચ્છતા અને સફેદ રંગને લીધે તેને બધું આભાસી-નકલી લાગતું પણ અહીં તેને એવું લાગ્યું નહીં. અહીં સ્કેનિંગમાં મોટાભાગે ગર્ભવતી મહિલાઓ જ હતી અને તેઓના ચહેરા પર ખુશી ઝલકતી હતી. બે 'વુડ-બી' ડેડી પણ આવ્યા હતા. એક ડેડી સામેની દીવાલ પર લગાવેલ એક તસવીરને નિરખી રહ્યા હતા. તસવીરમાં માના ગળે વળગેલ નાનકડા બાળકની નીચે લખ્યું હતું 'ધેર ઈઝ ઓન્લી વન બ્યુટિફુલ ચાઈલ્ડ ઈન ધ વર્લ્ડ એન્ડ એવરી મધર હેઝ ઈટ.' પ્રિન્શુ એ 'મોમ એન્ડ ડેડ'ના ખુશહાલ માહોલમાં થોડીક વાર માટે પોતાની અંદર ઉતરી ગઈ.

એ ઘરથી હોસ્પિટલ જવા નીકળી ત્યારથી તેના મનમાં કંઈક અજીબ સંવેદન થતું હતું. કદાચ ઘરમાં ચાલી રહેલ ઝઘડાને કારણે તેની માનસિક પરિસ્થિતિ આવી હશે અથવા હોસ્પિટલમાં કંઈક થવાનું હશે તેવું પ્રિન્શુને લાગતું હતું. તે જન્મી ત્યારથી પપ્પા તેને પોતાની પ્રિન્સેસ કહેતા અને તેમાંથી તેનું નામ જ પ્રિન્શુ પડી ગયું હતું. તેને એક મોટી બહેન પણ હતી, રનીલા જે મમ્મીની લાડકવાયી હતી અને ઘરમાં વાતાવરણ પણ રનીલાના કારણે જ તંગ હતું.

રનીલાના લગ્નને આજકાલ કરતાં સાત વર્ષ થઈ ગયાં અને તેને એક સુંદર નખરાળો ચાર વર્ષનો છોકરો હતો, રીવ. રનીલાને તેના પતિ સાથે મનમેળ નહોતો. સાચું કારણ તો કોઈ જાણતું નહિ, અને કોઈની અંગત બાબતમાં માથું મારવું અસભ્યતા લેખાતી માટે લોકો ધારણાથી જ કામ ચલાવી લેતા. પણ ડિલિવરી માટે ઘરે આવ્યા બાદ રનીલા અવારનવાર તેના પિયર અચાનક આવી ચડતી અને પછી મહિના-બે મહિના સુધી તેના ઘેર પાછું જવાનું નામ લેતી નહિ. તેનો પતિ બિલવ આમ તો સારો જ હતો અને કોઈને તેનામાં કોઈ ખોટ પણ લાગતી નહિ. બધાને એમ જ લાગતું કે બંને વચ્ચે મનમેળ નથી તેનું કારણ કદાચ એકબીજાથી વિપરીત સ્વભાવ હોઈ શકે. પણ આ તો સ્નેહીઓની ધારણા હતી, કારણ નહિ. બિલવની નોર્થ વેમ્બલીમાં હાઈ રોડ પર જ એક કોર્નર શોપ હતી. લગ્ન બાદ તેણે આ શોપ લીધી હતી અને તેણે અને રનીલાએ ખૂબ મહેનત કરીને ધંધો વિકસાવ્યો હતો. બંને આખો દિવસ સાથે જ હોય એમની શોપમાં અને સાથેને સાથે રહેવાથી નાની-નાની વાતો મોટું સ્વરૂપ પકડતી ગઈ અને સાચું કારણ એ હતું કે અતિ પરિચયે અનાદર કરાવ્યો હતો. બિલવ હજી પણ એમ માનતો કે તેમની સમસ્યાનું સમાધાન થઈ શકે છે પણ રનીલા કદાચ એ બાબતમાં વિશ્વાસ રાખતી નહિ. પ્રેગનેન્સી બાદ રનીલાએ શોપમાં એક વાર પણ પગ નહોતો મૂક્યો જ્યારે બિલવ હજી પણ આખો દિવસ તેમાં જ રચ્યો-પચ્યો રહેતો, અને બિલવે તેની કોઈ ફરિયાદ પણ નહોતી કરી. પણ છેલ્લા એકાદ વર્ષથી રનીલા પિયર આવ્યા બાદ, પાછી જવા જ નહોતી માંગતી અને તેમની વચ્ચે ફોન પર પણ ઝઘડા થયે રાખતા. તેઓ છેવટે ડિવોર્સની વાત સુધી પહોંચ્યા હતાં. હવે ડિવોર્સના ટર્મ્સ નક્કી કરવા બાબતે બંને વચ્ચે ટસલ થયે રાખતી. પ્રિન્શુ ઘરેથી નીકળી ત્યારે પણ ફોન પર તેમની આવી જ દલીલો ચાલુ હતી.

'પ્રિન્શુ કોઠારી'નો 'પ્રિન્સુ ખોટારી' જેવો રમૂજી ઉચ્ચાર કરતી એક યુરોપિયન લાગતી ડૉક્ટર ત્રીજા નંબરના સ્કેનિંગ રૂમમાંથી બહાર આવી અને તે સાંભળીને પ્રિન્શુ ઝબકી ગઈ. યાંત્રિક રીતે ઊભી થઈને તે ધીમેથી સ્કેનિંગ રૂમમાં પ્રવેશી. 'હાય મિસ ખોટારી' ડૉક્ટરે તેને આવકારી અને પછી તેને એક ઊંચા બેડ જેવા કાઉચ પાસે લઈ ગઈ. 'પ્લીઝ લાઈ ડાઉન હિયર.' આંગળી ચીંધીને તેને કાઉચ બતાવતા ડૉક્ટરે કહ્યું અને પછી તે પોતાની તૈયારીઓમાં લાગી ગઈ. થોડી જ વારમાં આવીને તેણે પ્રિન્શુના લો રાઈઝ જિન્સ-પેન્ટને થોડુંક વધારે નીચે સરકાવ્યું અને વાઈપ્સ વડે તેની નાભિની નીચેનો ભાગ સાફ કર્યો. પછી એક ટ્યુબમાંથી મેડિકલ જેલનો મોટો લચકો લઈને એ ભાગ પર ચોપડ્યો અને તેની પર અલ્ટ્રા સાઉન્ડ સ્કેનર ફેરવવા લાગી. બિલોરી કાચ લઈને બારીકાઈથી હાથની રેખાઓ જોતા નજૂમીની જેમ તે પેટના એ ભાગને ખૂબ બારીકાઈથી તપાસતી રહી. એ મિનિટો દરમ્યાન પ્રિન્શુ ડોકટરના ચહેરા સામે અને સ્કેનિંગ મશીનની સ્ક્રીન સામે વારાફરતી જોઈ રહી પણ તેને બેમાંથી એક પણ લિપિ ઉકેલાઈ નહિ અને આ અકળાવી નાખનારી શાંત ક્ષણોમાં પ્રિન્શુને ઘર અને રનીલા અને રીવ યાદ આવી ગયાં.

ઘરથી નોર્થવિક પાર્ક હોસ્પિટલ બહુ દૂર નહોતી અને ઈસ્ટરની બેંક હોલી-ડે હોવાથી બસની ફ્રિક્વન્સી પણ ઓછી હતી એટલે પ્રિન્શુએ ચાલીને જવાનું નક્કી કર્યું. તેના પેટના નીચેના ભાગમાં, કિડનીની આસપાસના ભાગમાં તેને દુખાવો થયે રાખતો હતો. બે અઠવાડિયાં પહેલા તે તેના ડૉકટર પાસે પણ જઈ આવી હતી. ડૉકટરને પ્રાથમિક તપાસથી સંતોષ ન થયો માટે તેમણે પ્રિન્શુને નોર્થવિક પાર્ક હોસ્પિટલમાં અલ્ટ્રા સાઉન્ડ સ્કેનિંગની અપોઈન્ટમેન્ટ આપી હતી.

સડબરી કોર્ટ ડ્રાઈવ પરથી તે ચાલતી-ચાલતી જ્હોન લાયન રાઉન્ડ અબાઉટ પર પહોંચી. ત્યાંથી ડાબી બાજુ વોટફોર્ડ રોડ પર વળતી વખતે તેની નજર ફૂલોવાળાની દુકાન પર પડી. આજે તેને બધાં જ ફૂલ ખુશ લાગતા હતાં. કેમ ન હોય? તેમનો પ્રિયતમ સૂર્ય આજે લંડન પર પ્રસન્ન હતો ને! 'ચોવીસ ડિગ્રી તાપમાન વાળા કેટલા દિવસ તમને લંડનમાં જોવા મળશે?' એમ વિચારતી તે આગળ વધી. એ દુકાનની પાછળ જ આવેલી મુંબઈ જંક્શન રેસ્ટોરાં વ્યસ્ત લાગતી હતી. મુંબઈ જંક્શન પછી, ડાબી બાજુ આવેલા હેરો પાર્કમાં હરિયાળી લહેરાતી હતી. તેની ઊંચી વાડને કારણે અંદર શું ચાલે છે તે દેખાતું નહોતું. પ્રિન્શુએ પગની પાની પર ઊંચા થઈને જોયું તો એક ગાય લીલું ઘાસ ચરતી હતી અને તેનું વાછડું તેને ધાવતું તેની આસપાસ ઊછળકૂદ કરતું હતું. જમણી બાજુ દેખાતો નોર્થવિક પાર્ક ગોલ્ફ ક્લબનો નઝારો નયનરમ્ય હતો. કેટલાંક બાળકો પટર લઈને ગોલ્ફ શીખવાની કોશિશ કરી રહ્યાં હતાં અને તેમનો કોચ તેમને બારીકાઈથી જોઈ રહ્યો હતો. રસ્તાની બંને બાજુ હરિયાળી હતી માટે આ ગરમી થોડીક સહ્ય લાગતી હતી. સાતેક મિનિટમાં તો તેને સામેની તરફ હોસ્પિટલ દેખાવા લાગી હતી.

'રાઈટ!' દસેક મિનિટની તપાસના અંતે ડૉકટરે પોતાનું કામ પૂરું કર્યું અને પ્રિન્શુને તેણે ડૉકટરોનું પેટન્ટેડ અભાસી સ્મિત આપ્યું. તેની વિચારધારા પાછી ખંડીત થઈ અને તેણે ડૉકટર સામે જોયું. ડૉકટર તેને રૂમના ખૂણામાં રહેલો એક દરવાજો બતાવતા બોલી, 'યુ કેન યુઝ ધ ટોયલેટ નાઉ.' સ્કેનિંગના એકાદ કલાક પહેલાં ખૂબ પાણી પીવાની અને પેશાબ નહિ કરવાની સૂચના તેને અગાઉથી આપી દેવામાં આવી હતી માટે તેને ખરેખર એ ઈચ્છા હતી જ. ડૉકટરના ચહેરા પરની મુસ્કાનથી પોતાના સ્કેનિંગનો શું રિપોર્ટ હશે તેનો અંદાજ મેળવતા તે અંદર ગઈ અને ચારેક મિનિટ પછી જ્યારે તે બહાર આવી ત્યારે ડૉકટર સ્કેનિંગ મશીનની સ્ક્રીન પર કશુંક ગંભીરતાથી અવલોકી રહી હતી અને તેની સાથે જ એક એશિયન લાગતી બીજી ડૉકટર પણ હતી. બંને મેડીકલ ટર્મિનોલોજીમાં તેની જ ચર્ચા કરી રહ્યાં હતાં. થોડોક સમય બંને એ ચર્ચા કરી અને પછી એશિયન લાગતી ડૉકટર પ્રિન્શુ તરફ એક આભાસી સ્મિત વેરતી બહાર ચાલી ગઈ.

'તમારા ઓવેરિયનમાં પ્રોબ્લેમ છે.' ડૉકટરે પોતાનો મૌખિક રિપોર્ટ આપવો શરૂ કર્યો. પછી

(અનુસંધાન પાન 35 પરે)

પ્રકાશક : Vipool Kalyani, 'Holly Cottage', 13 Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.] · [26.07.2012]